
# પુણિયો શ્રાવક

-વિમલકુમાર મોહનલાલ ધામી



# પુણિયો શ્રાવક

: લેખક :
વિમલકુમાર મોહનલાલ ધામી

પ્રકાશક

નવયુગ પુસ્તક ભંડાર
બુકસેલર્સ . પબ્લિશર્સ
નવા નાકા રોડ, ૧ લે માળે
રાજકોટ-૩૬૦ ૦૦૧ : : : (સૌરાષ્ટ્ર)

: પ્રકાશક :
નવિનચંદ્ર મોહનલાલ મહેતા
નવયુગ પુસ્તક ભંડાર
નવા નાકા રોડ, ૧લે માળે
રાજકોટ-૩૬૦ ૦૦૧ [સૌરાષ્ટ્ર]

●

(c) વિમલકુમાર મોહનલાલ ધામી

●

પ્રથમ આવૃત્તિ
[ ૧૯૯૩ ]

●

કિંમત
રૂા. ૫૧-૦૦

●

મુદ્રક :
બિપીન નાનાલાલ શાહ
સર્વોદય મુદ્રણાલય
મુ. સાદરા – ૩૮૨૩૨૦
જિ. અમદાવાદ
ફોન : ( ૦૨૭૧૨ ) ૭૪૨૩૧



મુરબ્બીવર્ય

ડૉ. શ્રી. રસિકલાલ લલ્લુભાઈ શાહને

સાદર અર્પણ

—વિમલ ધામી

# વિમલકુમાર મોહનલાલ ધામી રચિત પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| પુણિયો શ્રાવક | ૫૧-૦૦ | ધન્ના શાલિભદ્ર | ૩૬-૦૦ |
| આતું નામ સંસાર | ૪૬-૦૦ | અભયકુમાર | ૩૭-૦૦ |
| ચોવીશ તીર્થંકર | ૬૦-૦૦ | અમરકુમાર | ૩૦-૦૦ |
| રત્નપાળ | ૪૫-૦૦ | ઝાંઝણ શાહ | ૨૫-૦૦ |
| સુદર્શના | ૪૪-૦૦ | મદનરેખા | ૨૫-૦૦ |
| અચલકુમાર | ૩૯-૦૦ | બે ડગલાં આગળ | ૨૭-૫૦ |
| ધમ્મિલકુમાર | ૪૬-૦૦ | અમર બલિદાન | ૨૩-૦૦ |
| પુણ્યના તેજ | ૪૩-૭૫ | જંબૂકુમાર | ૩૪-૦૦ |
| શ્રીપાળ મયણાસુંદરી | ૪૧-૦૦ | વિધિના વર્તુળ | ૪૦-૦૦ |
| ભરતેશ્વર બાહુબલી | ૪૩-૦૦ | ચિત્રસેન પદ્માવતી | ૨૮-૦૦ |
| કયવન્ના શેઠ | ૩૩-૦૦ | નેમ રાજુલ | ૩૦-૦૦ |
| વસ્તુપાલ તેજપાલ | ૪૩-૦૦ | સુખની ભ્રમણા | ૨૦-૦૦ |
| કર્મ બંધન | ૨૪-૦૦ | રૂપનંદિની | ૯-૦૦ |
| પુણ્યની પરીક્ષા | ૩૨-૦૦ | સાર આ સંસારનો | ૧૮-૦૦ |
| દાનવીર જગડૂશાહ | ૩૬-૦૦ | | |

## -: સંગીતનાં પુસ્તકો :-

| | |
|---|---|
| સરગમ ( ૭૫ રાગોનો પરિચય ) | ૨૭-૦૦ |
| સૂર અને સ્વર ( ૪૦ સંગીતકારોનાં જીવન ચરિત્રો ) | ૨૪-૦૦ |
| સૂર સમાગમ ( ૪૫ સંગીતકારોનાં જીવન ચરિત્રો ) | ૨૬-૦૦ |
| *સાજ સરગમ ( વિવિધ વાદ્યોના પરિચય )* | *૨૨-૦૦* |

**નવયુગ પુસ્તક ભંડાર : બુકસેલર્સ : પબ્લિશર્સ**

**નવા નાકા રોડ, ૧લે માળે, રાજકોટ-૩૬૦૦૦૧ [સૌરાષ્ટ્ર]**

## બે શબ્દો

પ્રસ્તુત કથા 'પુણિયો શ્રાવક'માં ત્રણ રસપ્રચૂર કથાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં પ્રથમ પુણિયો શ્રાવક, બીજી સુનંદા-રૂપસેનનું ચરિત્ર તથા ત્રીજી કથા સુલસ-સુભદ્રાનું કથાનક આપેલ છે. ત્રણેય કથાઓ ધર્મ પ્રત્યે શ્રદ્ધા વધારનારી છે.

ચોવીશમાં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના સમયમાં રાજગૃહી નગરીમાં અત્યંત દીન અવસ્થામાં પોતાનું જીવન વ્યતીત કરતાં પુણિયા શ્રાવકનું નામ ઇતિહાસમાં તેના સામાયિકના કારણે અમર બન્યું છે. એનું સાચું નામ તો ઇતિહાસમાં જોવા મળતું નથી. પરંતુ તે પુણીઓ કાંતતો હોવાથી લોકો તેને પુણિયા શ્રાવક તરીકે જ ઓળખતા. સ્થિરતા અને સમતાભાવથી થતું પુણિયા શ્રાવકનું સામાયિક અપૂર્વ હતું. ભગવાન મહાવીર સ્વામીએ પણ શ્રેણિક રાજાને જણાવ્યું હતું કે પુણિયો શ્રાવક તેના એક સામાયિકનું પુણ્ય આપે તો નરકગતિ ટળે. આથી એવો વિચાર સ્વાભાવિકપણે આવે કે પુણિયા શ્રાવકનું સામાયિક કેટલું અદ્ભૂત અને અપૂર્વ હશે ?

બીજી કથા રૂપસેન અને સુનંદાની છે. માત્ર આકર્ષણ અને મોહના કારણે રૂપસેને સુનંદાને પ્રાપ્ત કરવા ખાતર કેટલા ભવ કર્યાં અંતે સુનંદાના સદ્બોધથી તેને ભારે પસ્તાવો થયો. આ રસિક કથાનક પણ વાચકોને ગમશે.

જ્યારે ત્રીજી કથા સુલસ-સુભદ્રાની આપવામાં આવી છે. આ

કથામાં શ્રેષ્ઠીપુત્ર સુલસને ધર્મના રંગે રંગાયેલો જોઈને તેના માતા-પિતાએ તેના વિવાહ કરાવ્યા છતાં સુલસની વૈરાગ્ય ભાવના અકબંધ રહી ત્યારે માતાપિતાએ નરકાગાર સમા ગણિકાને ત્યાં મોકલ્યો અને સુલસ ગણિકાને ત્યાં સોળ-સોળ વર્ષ સુધી રહ્યો. સુલસના માતાપિતા મૃત્યુ પામ્યા તો પણ ગણિકાના રૂપ પાછળ અંધ બનેલા સુલસને તેની ખબર પણ ન રહી. જ્યારે સુલસના પિતાની સંપત્તિ નષ્ટ થઈ ગઈ ત્યારે ગણિકાની ફોઈએ તેને કાઢી મૂક્યો. સુલસ નગરી છોડીને પરદેશ કમાવા ગયો અને વિપત્તિઓની પરંપરા શરૂ થઈ. એક વિપત્તિમાંથી બહાર આવે ત્યાં બીજી વિપત્તિ તેની પ્રતીક્ષા કરતી ઊભી જ હોય. છેવટે સુલસને પૂર્વ જન્મમાં આચરેલા કર્મોનું જ્ઞાન જ્ઞાની ભગવંતમુનિના મુખેથી થતાં પ્રવજ્યા અંગીકાર કરીને સર્વ કર્મોનો ક્ષય કરીને તેનો આત્મા સિદ્ધિપદનો સ્વામી થયો.

મારી દરેક કથાઓને વાચકોએ પ્રેમથી અને આદરપૂર્વક આવકારી છે. આ કથાને પણ એવો જ પ્રેમભાવ પ્રાપ્ત થશે તેવી મારી શ્રદ્ધા અસ્થાને નથી.

સંવત ૨૦૪૯ : સંવત્સરી
૩૮, કરણપરા, ધામી નિવાસ
કિશોરસિંહજી રોડ રાજકોટ-૧

વિમલકુમાર મોહનલાલ ધામી

# પુણિયો શ્રાવક

[ ઐતિહાસિક કથા ]

●

●

ધર્મમાં સ્થિરતા અને જીવનમાં
સમતાનો સંગાથ માનવી ગ્રહણ
કરે તો માત્ર જીવન જ નહિ પરંતુ
મૃત્યુ પર પણ વિજય મેળવે છે.

# અનુક્રમ


| પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|
| ૧. સામાયિકનો મહિમા | ૧ |
| ૨. સાધાર્મિક ભક્તિ | ૧૫ |
| ૩. નર્તકી દેવાંગના | ૨૭ |
| ૪. પુણિયાનું મંથન | ૪૦ |
| ૫. શ્રી વીરપ્રભુની વાણી | ૫૨ |
| ૬. એક સામાયિકનું પુણ્ય | ૬૬ |

● ● ●

| સુનંદા રૂપસેન | |
|---|---|
| ૧. રાજકુમારી સુનંદા | ૮૩ |
| ૨. દૃષ્ટિમિલન | ૯૭ |
| ૩. વિધિની રમત | ૧૧૧ |
| ૪. તસ્કર મહાબલ | ૧૨૪ |
| ૫. કર્મની સત્તા | ૧૩૪ |
| ૬. ઉદ્યાનમાં | ૧૪૬ |
| ૭. અજ્ઞાનનું આવરણ | ૧૫૫ |
| ૮. જ્ઞાનનો પ્રકાશ | ૧૬૫ |
| ૯. પાગલ હાથી | ૧૭૭ |

● ● ●

સુલસ-સુભદ્રા ૧૮૯

## ૧ : : સામાયિકનો મહિમા

અતિ સમૃદ્ધ અને દર્શનીય રાજગૃહી નગરીની જાહોજલાલી માત્ર મગધ દેશ પૂરતી મર્યાદિત નહોતી, પરંતુ સમગ્ર ભારતવર્ષમાં અજોડ હતી. મહારાજા શ્રેણિકના કુશળ રાજ્યસંચાલનને કારણે નગરીની પ્રજા સુખી અને ભયમુક્ત હતી. કોઈ જગ્યાએ દુઃખનો પરિતાપ જોવા મળતો નહોતો. સૌના મુખ પર સંતોષનું સ્મિત ફરકતું હતું. જો રાજા પ્રજાના કલ્યાણ પ્રત્યે સજાગ રહેતો હોય, તો તેની પ્રજાને સુખ, સંતોષ અને શાંતિ પ્રાપ્ત થાય એ નિર્વિવાદ છે. મહારાજા શ્રેણિક એક પ્રજાવત્સલ રાજવી તરીકેની ઓળખ પ્રજામાં ઊભી કરી શકયા હતા. શ્રેણિક રાજા પ્રજાના કાર્યોમાં, પ્રજાના ઉત્કર્ષમાં પૂરતો રસ લેતા હતા. તેમજ મંત્રીમંડળ પર એમની પક્કડ ખૂબ હતી. રાજગૃહી નગરીમાં શ્રેણિક રાજાએ વિકાસનાં કાર્યો કર્યાં હતાં.

રાજગૃહી નગરી જોવાલાયક અને સુમનોહર હોવાના કારણે પરગામના લોકો, પ્રવાસીઓ તથા વટેમાર્ગુઓ વગેરે આ નગરીની ભવ્યતા અને સમૃદ્ધિના દર્શનાર્થે પધારતા. રાજગૃહી નગરીની ભવ્યતા જોતાં જ સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ જતા અને અપાર હર્ષ અનુભવતા હતા. રાજગૃહી નગરી અનેક કોટયાધિપતિઓ, લક્ષાધિપતિઓ,

સાર્થવાહો તથા શ્રેષ્ઠીઓથી સમૃદ્ધ હતી. એ દરેકનાં ભવનો કલા-કારીગીરીથી સમૃદ્ધ હતાં. એમનાં ભવનો, એમની ભવ્યતા, સમૃદ્ધિનાં દર્શન કરાવતાં હતાં.

પ્રજાકલ્યાણની ઉચ્ચ ભાવનાને મૂર્ત કરવા માટે મહારાજા શ્રેણિકે વિવિધ યોજનાઓ મંત્રીઓ સાથે બેસીને ઘડી હતી અને તે યોજનાઓ તત્કાળ અમલમાં આવે તેનો સુયોગ્ય પ્રબંધ પણ કર્યો હતો.

એ સિવાય નગરીને સુશોભિત કરવા માટે વિવિધ સ્થળે કૃત્રિમ ફૂવારા, ઉદ્યાનોની રચના કરવામાં આવી હતી. દરેક ઉદ્યાનોમાં વિવિધ વૃક્ષોની શ્રૃંખલાઓ, સુંદર લતાઓ, વિવિધ રંગબેરંગી સુગંધી પુષ્પો ઉગાડવામાં આવ્યાં હતાં.

રાજગૃહી નગરીના દરેક માર્ગો, રાજમાર્ગો, સુઘડ અને સ્વચ્છ રહે તે માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. રાજગૃહીની પ્રજા પણ મહારાજાના દરેક કાર્યોમાં સુંદર સહકાર આપતી હતી. રાજા અને પ્રજા વચ્ચે સુમેળ સધાયો હોય ત્યારે રાજ્યનો વિકાસ ઝડપભેર થવા લાગે છે.

રાજગૃહી નગરીમાં શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવંતનું ભવ્ય જિનાલય કલાત્મક અને મનોહર હતું. નગરના અનેક લોકો સેવાપૂજા અર્થે પધારતા અને પ્રભુની ભાવભરી ભક્તિ કરતા. તેમાંય મૂળ નાયકની પ્રતિમાજી અતિ તેજસ્વી અને દૈદિપ્યમાન હતી.

રાજગૃહી નગરીમાં ભગવાન નટેશ્વરનું પ્રાચીન મંદિર શૈવપંથીઓ માટે આંતરિક પ્રેરણા સમું હતું. શૈવપંથીઓ નિયમિત ભગવાન શંકરના પ્રાચીન મંદિરે જતા અને ભાવભરી ભક્તિ કરતાં. પરગામના લોકો પણ અત્રે આવતા અને ભગવાન શંકરનાં દર્શન કરીને પોતાની જાતને ધન્ય માનતા.

રાજગૃહી નગરીમાં દરેક બજારો વ્યવસ્થિત રીતે રચવામાં આવી

હતી. ઝવેરી બજાર, કરિયાણા બજાર, વસ્ત્ર બજાર એ પ્રમાણે વિવિધ બજારો આખો દિવસ ધમધમતી રહેતી. આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોના વેપારીઓ અને ગ્રામજનો ખરીદી અર્થે આવતા. નગરીમાં સુંદર પાંથશાળાઓ પણ આવેલી હતી. પરગામના પ્રવાસીને કોઈપણ જાતની અગવડ ન પડે તેની સંભાળ પાંથશાળાનો મુનિમ રાખતો હતો. સાવ નજીવા દરે પાંથશાળામાં રહેવાની વ્યવસ્થા થતી હોવાથી પરગામના લોકો પાંથશાળામાં ઉતરવાનો લાભ બહોળા પ્રમાણમાં લેતા હતા.

રાજગૃહી નગરીનું રક્ષકદળ કસાયેલું અને મજબૂત હોવાથી ચોરી, લૂંટફાટના બનાવો જવલ્લે જ બનતા હતા. રાત્રીકાળે રક્ષકોની ટુકડી જુદાજુદા રાજમાર્ગો પર ફરતી અને કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ ન બને તેનું ધ્યાન રાખતી. તેમજ નગરરક્ષકે નગરીની રક્ષણવ્યવસ્થા ખૂબ સુંદર રીતે ગોઠવી હતી. નગરીના મુખ્ય દ્વારો પાસે દ્વારરક્ષકો દ્વારા અજાણ્યા અને શંકાસ્પદ જણાય તેવા લોકોની બરાબર રીતે તપાસ કરવામાં આવતી અને કંઈક શંકાસ્પદ જણાય તો એને તરત જ નગરરક્ષક પાસે લઈ જવામાં આવતો. નગરરક્ષક તેની ઊલટ-તપાસ કરતા અને એવું લાગે તો કારાગારમાં મોકલી દેવામાં આવતો. પરંતુ આવું જવલ્લે જ બનતું. છતાંય રક્ષક ટુકડી તેની ફરજ પ્રત્યે પૂરી સભાન હતી. ઘણી વાર મહારાજા શ્રેણિક પોતે અંધારપછેડો ઓઢીને નગરીના સુખદુઃખ જોવા નીકળતા. નગરીની રક્ષણવ્યવસ્થાનો પણ અભ્યાસ કરતા.

પ્રજાવત્સલ રાજવીનું કર્તવ્ય છે કે પોતે પ્રજાજનો વચ્ચે ફરવું જોઈએ અને તાગ મેળવવો જોઈએ કે મારી પ્રજામાં અસંતોષ તો નથી ને ? દુઃખનો પરિતાપ તો નથી ને ? લોકહૈયામાં મારા પ્રત્યે અસદ્‌ભાવ, અજંપો કે અવિશ્વાસ તો નથી ને ? પરંતુ જ્યાં રાજા પોતે જ સદાચારી, સંસ્કારી, સદ્‌ગુણી અને ન્યાયી હોય ત્યારે પ્રજામાં અસંતોષનો અગ્નિ પ્રગટતો નથી.

મહારાજા શ્રેણિકની રાજસભામાં અનેક મહાન પંડિતો, મંત્રીઓ,

શાસ્ત્રજ્ઞો, કલાકારો, ન્યાયાચાર્યો, તેમજ ચારણભાટોની હાજરીથી રાજસભા શોભાયમાન બની ઊઠતી. કોઈપણ જાતનો વિકટ પ્રશ્ન હોય, અણઉકેલ રાજકીય પ્રશ્ન હોય તો તે અંગેની ચર્ચા રાજસભામાં કરવામાં આવતી. ગુપ્ત પ્રશ્નોની ચર્ચા કરવા માટે મંત્રણાગૃહની વ્યવસ્થા પણ હતી. ક્યારેક એવા ગંભીર પ્રશ્નો ઊભા થતા હોય ત્યારે નગરોના અગ્રણીઓ, સેનાપતિ, મહામંત્રી વગેરેને બોલાવીને મંત્રણાગૃહમાં ઉદ્ભવેલા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવતી હતી. મહારાજા રસપૂર્વક દરેકનાં મંતવ્યો સાંભળતા અને સમાધાનકારી ઉકેલ સૂચવતા, જેનો સહર્ષ સ્વીકાર થતો.

મહારાજાધિરાજ શ્રેણિકની પ્રતિષ્ઠા માત્ર મગધ પૂરતી જ ફેલાયેલી નહોતી પરંતુ સમગ્ર ભારતમાં માલતી પુષ્પની સુગંધ માફક પ્રસરાયેલી હતી. મહારાજા શ્રેણિકના હૈયામાં સમકિતરૂપી રત્નનો પ્રકાશ પ્રસરતો હતો. તેથી તેમાં મિથ્યાત્વરૂપી અંધકારને જરા પણ અવકાશ નહોતો. મહારાજા શ્રેણિકની કીર્તિની યશગાથા સુધર્મસભામાં અપ્સરાઓ પણ મુક્ત કંઠે પ્રસન્ન સ્વરે ગાતી.

મહારાજા શ્રેણિકના શાસનમાં નગરીના એક વિસ્તારમાં પુણિયો શ્રાવક એની પત્ની શ્રી ( ઇતિહાસમાં પુણિયા શ્રાવકની પત્નીનો નામ્મોલેખ નથી પરંતુ કથાનો પ્રવાહ જળવાઈ રહે તેથી 'શ્રી' નામનો ઉપયોગ કરેલ છે) રહેતા હતા.

પુણિયો શ્રાવક.

સાત્વિક અને સાદાઈથી જીવન પસાર કરનાર સંતોષી જીવ.

એની પત્ની પણ સ્વામીના પગલે પગલે ચાલનારી ગુણિયલ, સંસ્કારી અને ધર્મ પ્રત્યે અડગ શ્રદ્ધા દાખવનારી હતી.

પતિ–પત્નીમાં સાદાઈ અને સંતોષ એટલો હતો કે તેઓ વધુ ધન એકત્રિત કરવાનો વિચાર પણ કરતા નહોતા.

પુણિયો શ્રાવક રૂની પુણીઓ કાંતીને પોતાનું જીવન વ્યતીત

કરે. એની પત્ની શ્રી પણ સ્વામીના સુખ:દુખમાં સહભાગી બનીને રહેતી.

એક દિવસની વાત છે.

પ્રાત:કાળે બન્ને પૂજાનાં વસ્ત્રો ધારણ કરીને સેવાપૂજા અર્થે શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવંતના જિનાલય તરફ ગયા. શ્રી જિનપૂજા અર્થે બન્ને પતિ-પત્ની વહેલી સવારે નીકળી જતા. રોજની જેમ આજે પણ પુણિયો શ્રાવક અને એની પત્ની શ્રી સેવાપૂજા અર્થે જિનાલય તરફ જવા રવાના થયા.

માર્ગમાં ચાલતાં ચાલતાં પુણિયા શ્રાવકે એની પત્નીને કહ્યું : 'શ્રી જિનાલયમાં પ્રવેશતાં જ હૈયું ગદ્‌ગદ્‌ થઈ જાય છે. અંતરની ઊર્મિઓ નૃત્ય કરવા લાગે છે. સ્તુતિ કરતાં તો અપૂર્વ આનંદ પ્રાપ્ત થાય છે.'

'સ્વામી, અંતરમાં જ્યારે પ્રભુનું રટણ હોય અને સંસારની અસારતાની સમજણ હોય ત્યારે હૈયું ગદ્‌ગદિત થઈ જાય.' શ્રી બોલી.

'શ્રી મુનિસુવ્રત સ્વામીજીની પ્રતિમાજી જોતાં જ મસ્તક ઝુકી પડે છે. અંતરમાં ઝણઝણાટી થાય છે. ભવ્ય અને દર્શનીય પ્રતિમાજીને જોતાં જ ભાવનાના પૂર અંતરમાં ઉમટવા લાગે છે.

'સ્વામી, અંતરમાં ઉદ્‌ભવતા ભાવ અને એમાંથી થતો અવર્ણનીય આનંદનો અનુભવ અદ્‌ભુત હોય છે.'

'શ્રી, તારા શબ્દોમાં પણ ગજબની તાકાત છે...' પુણિયા શ્રાવકે કહ્યું.

'સ્વામી, આપની સાથે રહીને મને પણ કંઈક જાણવાનું મળ્યું તે જણાવું છું...' શ્રી બોલી.

'શ્રી, મને ઘણીવાર કેટલાક ન સમજાતા પ્રશ્નો અંતરમાં ઉદ્‌ભવે છે. મને એમ થાય છે, કે આજે સેવાપૂજા કરીને નગરી બહાર આવેલા જ્ઞાની ભગવંત મુનિ શ્રી ધર્મઘોષ મહારાજને

અંતરમાં ઊભા થયેલા પ્રશ્નો પૂછીએ.'

'એમજ કરીએ. સેવાપૂજાથી નિવૃત્ત થઈને સીધા મુનિ ભગવંત પાસે જઈએ...' શ્રી બોલી.

અને ત્યાં તો દૂરથી શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવંતના ભવ્ય જિનાલયના શિખર પર લહેરાતો ધ્વજ દેખાયો. સુવર્ણનો કળશ સૂર્યના આછા કિરણોના કારણે ઝગારા મારી રહ્યો હતો.

પુણિયો શ્રાવક અને એની પત્ની શ્રી બન્ને જિનાલયના મુખ્ય દ્વારેથી પ્રવેશીને હાથપગ સ્વચ્છ કરીને સેવાપૂજા અર્થે જિનાલયમાં આવ્યા. સૌ પ્રથમ બન્નેએ ભાવથી મૂળનાયક તથા અન્ય પ્રતિમાજીઓનાં દર્શન કર્યાં. ત્યારપછી બન્ને જિનાલયના ગર્ભગૃહમાં જઈને મૂળ પ્રતિમાજી સહિત અન્ય પ્રતિમાજીની પૂજા કરી. બન્નેએ સ્તુતિ કરી. પુણિયા શ્રાવકનો કંઠ મધુર હતો અને એની પત્ની પણ સાથ પૂરાવતી હતી.

લગભગ એક ઘટિકા બાદ બન્ને જિનાલયમાંથી બહાર આવ્યા અને ચાલતાં ચાલતાં નગરીના પાદરે આવ્યા. ત્યાં એક વૃક્ષ નીચે મુનિ ધર્મઘોષ બેઠા હતા.

પુણિયા શ્રાવકે મુનિરાજ પાસે જઈને વંદન કર્યાં.

પુણિયા શ્રાવકની પત્ની શ્રીએ પણ વંદન કર્યાં.

મુનિરાજે ધર્મલાભ જણાવ્યા.

મુનિ ભગવંત ધર્મઘોષ મુનિએ જ્ઞાનસભર વાણીમાં કહ્યું: 'સંસાર અસાર છે. સંસારમાં દેખાતું સુખ એ નર્યો સુખાભાસ છે. ક્ષણિક સુખનો આનંદ સંસારીઓને અપૂર્વ જણાતો હોય તો પરમ સુખનો આનંદ કેવો લાગે? પરમ આનંદ પ્રાપ્ત કરવા માટે, મુક્તિની આરાધના અર્થે, આત્મકલ્યાણ અર્થે માનવીએ પ્રયત્નશીલ બનવું જોઈએ અને એના માટે સર્વ ત્યાગ વગર બીજો કોઈ માર્ગ નથી.'

મુનિરાજે ધર્મ અને તેનું સ્વરૂપ સમજાવ્યું. એકત્રિત શ્રાવકો મુનિરાજની ભાવભરી વાણીથી પ્રભાવિત થયા. વ્યાખ્યાન પૂરું થયું. શ્રાવકો પોતપોતાના સ્થાને જવા લાગ્યા.

પુણિયો શ્રાવક તથા શ્રી પોતાના સ્થાનેથી ઊભા થઈને મુનિરાજ પાસે આવ્યા અને વંદન કરતાં કહ્યું: 'મુનિભગવંત, મારા અંતરમાં કેટલાક પ્રશ્નો રમી રહ્યા છે. આપ મને પ્રશ્નોનું નિરાકરણ કરી આપો...'

'ભાઈ, તારા અંતરમાં રમતા પ્રશ્નો હું જાણી ગયો છું. તું અહીં આવતી કાલે ઉપસ્થિત થજે. તારા અંતરમાં ઉદ્દભવેલા બધા પ્રશ્નોના ઉત્તરો મળી જશે...'

પુણિયો શ્રાવક કશું ન બોલ્યો. તેણે વંદન કર્યાં.

પુણિયા શ્રાવકની પત્નીએ પણ મુનિરાજને ભાવથી વંદન કર્યાં.

બન્ને પતિ-પત્ની ચાલતાં ચાલતાં પોતાના સ્થાને આવ્યાં. પુણિયા શ્રાવકનું મકાન સાવ નાનું હતું. એક નાનકડા ખંડમાં બેસીને પુણિયો શ્રાવક પુણીઓ કાંતે. પતિ-પત્નીનું એક દિવસનો ખર્ચ નીકળે તેટલી જ પુણીઓ કાંતે. પુણિયો શ્રાવક સંતોષી જીવ હતો એટલે એના અંતરમાં વધારે ધન ઉત્પન્ન કરવાની ઇચ્છા ક્યારેય થઈ નહોતી.

પુણિયો શ્રાવક તથા એની પત્નીએ વસ્ત્રો બદલાવ્યાં. પુણિયો શ્રાવક રૂની પુણીઓ કાંતવા બેસી ગયો અને શ્રી રસોઈગૃહમાં ગઈ.

પુણીયો શ્રાવક શ્રી જિનેશ્વર ભગવંતની સ્તુતિ ગાતો ગાતો પુણીઓ કાંતતો હતો. શ્રી સ્વામીના કંઠનું રસપાન કરતી હતી.

પુણીયા શ્રાવકનો આ નિત્યક્રમ હતો.

મધ્યાહ્ન સમયે શ્રી પુણિયા શ્રાવક પાસે આવી અને કહ્યું: 'સ્વામી, ચાલો ભોજન અર્થે...!'

'હા. ચાલો...' કહીને પુણિયો શ્રાવક ઊભો થયો અને

હાથ-મોં સ્વચ્છ કર્યા. તે ભોજનગૃહમાં આવ્યો. શ્રી તેની પ્રતીક્ષા કરી રહી હતી.

નાનકડા મકાનમાં પતિ-પત્ની સિવાય અન્ય કોઈ હતું નહિ.

શ્રી દરરોજ એના સ્વામીને જમાડીને પછી જ જમતી.

શ્રીએ પુણિયા શ્રાવક માટે પાત્ર મૂકયું અને પાત્રમાં એ એ સામગ્રી મૂકી.

પુણિયો શ્રાવક ધનિક હતો નહિ. પુણીઓ કાંતીને રોજે-રોજનું કમાનાર પુણિયાને અસંતોષ હતો નહિ. એણે ધનિકોનાં ભવનો જોઈને એવાં ભવનો ઊભા કરવાની કયારેય કામના કરી નહોતી.

પુણિયા શ્રાવકે શ્રીએ પીરસેલી ખાદ્યસામગ્રી ખાવા માંડી અને થોડી વારમાં ભોજન પૂરું કર્યું. સંતોષનો ઓડકાર ખાધો. ત્યારબાદ એની પત્નીએ ભોજન કર્યું.

ભોજન પૂરું કરીને શ્રીએ બધાં પાત્રો સ્વચ્છ કર્યાં. જ્યારે કામકાજમાંથી નવરાશ મળી ત્યારે શ્રી સ્વામી પાસે આવી અને સામાયિક કરવા કયારે બેસવું છે તે પૂછવા લાગી

પુણિયો કહે 'દિવસના ચોથા પ્રહરે બેસીશું.'

એમ જ થયું.

દિવસના ચોથા પ્રહરની પ્રથમ ઘટિકાએ પુણિયો અને શ્રી બન્ને સામાયિક કરવા બેઠાં.

પુણિયો શ્રાવક નિયમિત સામાયિક કરતો હતો. એની પત્ની પણ પતિની સાથે જ સામાયિક કરવા બેસતી.

સામાયિક એ આવશ્યકનું મૂળ છે. તેમાં પ્રથમ સામાયિક, ચતુર્વિંશતિસ્ત, ગુરૂવંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન વગેરે સમાવિષ્ટ છે. શ્રી જિનશાસનનું પ્રધાન અંગ છે. એનો પ્રભાવ અને પ્રતાપ અદ્દભુત અને અપૂર્વ છે. એનાથી આધિ, વ્યાધિ અને

ઉપાધિના સઘળા તાપ અને સંતાપ શમે છે. સામાયિક ચિત્તના રાગ અને દ્વેષ ભણીના ઝુકાવને ' સમ ' કરી આપે છે.

* **સામાયિક** એટલે સમભાવ રાખવો તે.

* **સમયિક** એટલે સર્વ જીવો પ્રત્યે દયાભાવ રાખવો તે.

* **સમવાદ** એટલે રાગદ્વેષને ત્યાગીને યથાસ્થિત વચન કહેવું તે.

* **સમાસ** એટલે થોડા જ અર્થમાં તત્ત્વ જાણવું તે.

* **સંક્ષેપ** એટલે થોડા જ અક્ષરમાં કર્મનાશ થાય એવી દ્વાદશાંગીનો ઘણો અર્થ કરવો તે.

* **અનવદ્ય** એટલે પાપ વગરનું આદરવું તે.

* **પરિજ્ઞા** એટલે તત્ત્વનું જાણપણું જેમાં હોવું તે.

* **પ્રત્યાખ્યાન** એટલે નિષેધ કરેલી વસ્તુનો ત્યાગ કરવો તે.

૧ સમભાવ સામાયિક કરવું એટલે મધ્યસ્થભાવનું સેવન કરવું અથવા મધ્યસ્થ ભાવમાં સ્થિર રહેવું તે. મધ્યસ્થ પુરુષો અંતરાત્મા વડે શુદ્ધ આશયમાં સ્થિત રહે છે. પ્રસંગે પણ રાગદ્વેષને ધારણ કરતા નથી. તથા તત્ત્વાતત્ત્વનો નિર્ણય કરી યોગ્યને ગ્રહણ કરે છે અને અયોગ્યનો ત્યાગ કરે છે. પરભાવમાં ચિત્ત લાગી જાય તો આત્મવિચારણામાં સ્થિત થાય છે. મધ્યસ્થપણું પ્રાપ્ત કરવા માટે અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આશ્રવ, સંવર, નિર્જરા, ધર્મસ્વાખ્યાતતા, લોકસ્વરૂપ તથા બોધિદુર્લભ ભાવના સહિત બારેય ભાવનાઓનું યથાર્થ સ્વરૂપ વિચારવું જોઈએ. એથી જ મધ્યસ્થભાવ પ્રગટ થઈ શકે છે. મધ્યસ્થ પરિણામી જીવ સમભાવમાં તલ્લીન રહી સર્વકર્મનો વિચ્છેદ કરી ક્ષીણમોહી થઈને કેવળજ્ઞાન પામે છે.

૨—સમયિક સામાયિક એટલે જીવો પ્રત્યે સમદૃષ્ટિ ભાવ.

સમવચનામૃત વડે જેનું હૃદય રાત્રી–દિવસ આર્દ્ર રહે છે તેને રાગરૂપ સર્પના વિષની ઊર્મિ ક્લેશ પમાડવા સમર્થ થઈ શકતી

નથી. તે હર્ષ અને શોકને સમાન ગણે છે. જગતના તમામ પદાર્થો જ્યારે નિઃસાર જણાય છે, ત્યારે જ આ સમદષ્ટિ ઉત્પન્ન થાય છે તથા આત્મજ્ઞાન પ્રાપ્ત થયા વિના જગતના પદાર્થો નિઃસારરૂપે અનુભવાતા નથી. આ આત્મજ્ઞાન, દષ્ટિમર્યાદા સન્મુખ સંપૂર્ણ આત્મજ્ઞાનધારી પરમાત્માની મૂર્તિ ધ્યેયરૂપે ઊભી કરીને તેની સ્તવનામાં, ભક્તિમાં, ધ્યાનમાં મગ્ન થવાય છે, ત્યારે જ પ્રાપ્તિ થાય છે.

—સમવાદ સામાયિક એટલે રાગદ્વેષ છોડીને યથાસ્થિત વચન કહેવું તે. ' આણાએ ધમ્મો ' આ પ્રભુકથિત સોનેરી સૂત્રના યથાર્થ જ્ઞાનથી સ્થિરતા અનુભવાય છે અને સમકિતની પ્રાપ્તિ થાય છે.

—સમાસ સામાયિક એટલે થોડા જ અર્થમાં તત્ત્વને જાણવું તે. સમુદ્રની અંદર જ્યાં સુધી મોજાં ઉછળતા હોય ત્યાં સુધી તેની અંદર રહેલ રત્નરાશિ દેખાય નહિ, તેમ ચિત્તસમુદ્રની અંદર જ્યાં સુધી વિષય-કષાય અને રાગદ્વેષરૂપી મોજાં ઉછળતા હોય ત્યાં સુધી વાસનામય અશાંત ચિત્તમાં તત્ત્વનું યથાર્થ દર્શન થાય નહિ. સામાયિક કરતી વખતે ચિત્તવૃત્તિ શાંત કરવી આવશ્યક છે. ઔપશમિક, ક્ષાયિક તથા ક્ષાયોપશમિક આ ત્રણ તથા ઔદયિક અને પારિણામિક એ બે મળીને પાંચ ભાવો જીવના સ્વતત્ત્વ છે એટલે કે જીવને તે ભાવો હોય છે. તેનું યથાસ્થિત સ્વરૂપ વિચારવાથી ચિત્તવૃત્તિ શાંત થાય છે.

—સંક્ષેપ સામાયિક એટલે થોડા જ અક્ષરોમાં કર્મનાશ થાય એવી દ્વાદશાંગીનો ઘણો અર્થ કરવો તે. સમતારસના આસ્વાદ વડે આત્મા અતીન્દ્રિય તૃપ્તિને પામે છે અને તે આત્મિક ગુણથી થયેલી તૃપ્તિ ચિરઃકાળ સ્થિત રહે છે. આત્માનંદમાં મગ્ન જીવ નિરંતર ઇન્દ્રિયોના સમૂહને પોતાના કબજામાં રાખે છે, તેમજ મનની નિશ્ચલતા મેળવી ફક્ત જ્ઞાન ગ્રહણ કરવામાં જ ઉદ્યમી હોય છે.

—અનવદ્ય સામાયિક એટલે પાપ વગરનું આચરણ કરવું તે.

જીવમાં જ્યારે વિશ્વદૃષ્ટિ જાગૃત થાય છે ત્યારે પાપાચરણ અટકી જાય છે. વિશ્વદૃષ્ટિવાળા જીવો કર્મની વિચિત્રતાને નહિ ઇચ્છતા પ્રાણીમાત્રને ચૈતન્ય દૃષ્ટિએ જુએ છે. સમગ્ર જગત આત્મભાવે અભેદરૂપ છે તેમ તેઓ જાણે છે કે એવી સમદૃષ્ટિવાળા આત્માઓ જ મોક્ષ મેળવી શકે છે.

જેઓ પોતાના આત્માની સમાન સર્વ જીવોને જોઈ શકે છે તેઓજ વિશ્વદૃષ્ટિધારક ગણાય છે. એને ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયોનો નાશ કરવો પડે છે. જ્યારે તમામ જીવો પ્રત્યે સમભાવની દૃષ્ટિ જાગૃત થાય છે ત્યારે તે જીવ સમય પ્રાપ્ત થતાં પરજીવોને દુઃખરૂપ ન થતાં ક્ષુદ્રમાં ક્ષુદ્ર જીવને માટે પણ પોતાના પ્રાણોનું બલિદાન આપવા તત્પર થાય છે.

૬ — પરિજ્ઞા સામાયિક એટલે તત્ત્વનું જાણપણું. પૌદ્‌ગલિક વિષયોના ચિંતનથી – વિચારથી આત્માને કદી પણ તૃપ્તિ થતી નથી. પરંતુ અતૃપ્તિ વધતી જાય છે. આત્મિક વિચારણાથી થયેલી તૃપ્તિ શુદ્ધ છે અને તે શુભધ્યાનની ધારાને વિસ્તારે છે.

આત્મજ્ઞાનમાં પ્રવેશ કરવા ઇચ્છનાર ઉપાસકે હમેશા સદ્‌વિચારોનું સેવન કરવું લાભદાયી છે. કારણકે વિચાર મુજબ આચરણ ઘડાય છે. સદ્‌વિચારથી ઈન્દ્રિયનિગ્રહ થાય છે અને ઈન્દ્રિયનિગ્રહથી મનોનિગ્રહ થાય છે, મનોનિગ્રહથી ધ્યાન થઈ શકે છે. ધ્યાનથી મોક્ષપ્રાપ્તિ થાય છે. આથી સદ્‌વિચારો એ ઉત્તરોત્તર મોક્ષપ્રાપ્તિનું કારણ છે.

૭ — પ્રત્યાખ્યાન સામાયિક એટલે નિષેધ કરેલી વસ્તુનો ત્યાગ કરવો તે. અંતરમાં ક્ષણે ક્ષણે અનેક પ્રકારની આશાઓ, તૃષ્ણાઓ સ્ફુરાયમાન થાય છે અને તે માત્ર મૃગતૃષ્ણા સમાન છે. ઇચ્છાઓ, વાસનાઓ અને તૃષ્ણાઓનું ઉન્મૂલન કરનાર તપ છે. બાહ્ય અને અભ્યંતર તપશ્ચર્યામાં સંલગ્ન રહીને ઉત્તમ આત્માઓ મૂળ અને

ઉત્તરગુણની શ્રેણીરૂપ સમૃદ્ધિ મેળવે છે. માટે તૃષ્ણાના રોધકે પ્રત્યાખ્યાન કરવું જરૂરી છે.

સામાયિક એ સમતાનું વાહક, સરખાપણાના ભાવનું પ્રેરક તથા જ્ઞાન, દર્શન અને ચારિત્રના સામર્થ્યનું ઉત્પાદક છે.

પુણિયો શ્રાવક અને એની પત્ની શ્રી ચિત્તને સ્થિર રાખીને નિયમિત સામાયિક કરતાં હતાં.

બન્નેએ સામાયિક કર્યું.

પુણિયો શ્રાવક કહે : 'શ્રી, આવતીકાલે મુનિરાજ ધર્મઘોષ ભગવંત પાસે જવાનું છે...'

'સ્વામી, મને યાદ છે. આપ કંઈક પ્રશ્નો પૂછવાના હતા ને ?' શ્રીએ પ્રશ્નભરી નજરે જોયું.

'હા...દેવી, મારે આત્મા વિષેની સાચી સમજ જોઈએ છે. મને શ્રદ્ધા છે કે મારા અંતરમાં રમતા પ્રશ્નોના ઉત્તરો મુનિભગવંત જરૂર આપશે.'

'સ્વામી, મુનિરાજ તો જ્ઞાની છે. તેઓ જરૂર આપના અંતરમાં ઊભા થયેલા પ્રશ્નોને વાચા આપશે અને સંતોષ આપશે.'

'શ્રી, આવતીકાલે વહેલા સેવાપૂજા કરીને સીધા મુનિરાજ પાસે જઈશું.'

'હા...અને આવતીકાલથી નગર બહાર મેળો ભરાવવાનો છે. ત્યાં જઈશું ને ?'

'દેવી, મને હવે મેળાનું કોઈ આકર્ષણ રહ્યું નથી છતાં તારી ઇચ્છાને ઠુકરાવીશ નહિ. આપણે થોડીવાર માટે ત્યાં જઈશું.' પુણિયો શ્રાવક બોલ્યો.

સૂર્યાસ્ત પહેલાં બન્નેએ ચોવિયારના પચ્ચખાણ ધારી લીધા. ત્યાર પછી બન્ને નજીકના શ્રી જિનમંદિરે દર્શનાર્થે ગયા. બન્નેનો આ નિત્યક્રમ હતો.

બીજે દિવસે પુણિયોશ્રાવક અને એની પત્ની શ્રી જિનેશ્વર

ભગવંતની ભાવથી સેવાપૂજા કરીને મુનિરાજ ધર્મઘોષ મહારાજ પાસે આવ્યા.

ધર્મઘોષ મુનિએ ભાવવાહી સ્વરોમાં સંસારની અસારતાનું રૂપ એકત્રિત લોકોને સમજાવ્યું. વ્યાખ્યાન પૂરું થયા પછી સૌ પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

ધર્મઘોષ મુનિએ પુણિયા શ્રાવક સામે જોઈને કહ્યું: 'ભાઈ, તું શું પૂછવા માગે છે?'

પુણિયા શ્રાવકે વંદન કરીને પૂછ્યું: 'મુનિવર, આત્મા શું છે?'

મુનિરાજ કહે: 'આત્મા તે એક પદાર્થ છે, વસ્તુ છે. તે ગુણ, ક્રિયા કે ભાવરૂપ નથી કે કાળરૂપ નથી. આમ છતાં તેનામાં આ સર્વ છે પણ તે આ સર્વરૂપ નથી. દ્રવ્ય અને પર્યાયની અભેદતાની અપેક્ષાએ આત્મા તે સર્વરૂપ પણ છે.'

પુણિયો શ્રાવક કહે: 'આત્મા ક્યાં છે?'

'પ્રત્યેક પ્રાણીઓના શરીરમાં છે અને શરીર વગરના મોક્ષમાં છે.'

'આત્મા કેવો છે?' પુણિયો શ્રાવક કહે.

'આત્મા રસ, ગંધ, રંગ, સ્પર્શ અને શબ્દરહિત પદાર્થ છે; તેથી અરૂપી પદાર્થ છે. કારણ કે રૂપરંગ રહિત છે. જુદીજુદી મુખ્ય પાંચ આકૃતિઓ તથા અનંત પેટા આકૃતિઓ પણ ધરાવતો હોય છે.'

'આત્મા શેનો બનેલો છે?'

મુનિરાજે સ્વસ્થ ચિત્તે કહ્યું: 'તે કોઈમાંથી બનેલો પદાર્થ નથી. અનાદિનો જે રૂપમાં છે, તે રૂપમાં અનંતકાળ સુધી રહેનારો પદાર્થ છે. તેમાં કદી વધઘટ કે ફેરફાર થતો નથી. તે અનંત સ્વરૂપો ધારણ કરી શકે છે. તેની જે મૂળભૂત સ્વરૂપ સ્થિતિ છે તેમાં કોઈ પ્રકારનો ફેરફાર થતો નથી, થઈ શકતો નથી કે કરી શકાતો નથી, કોઈ પણ કાળે કે સંયોગે તેમાં વધઘટ પણ થતી નથી.'

'આત્મા શું નથી ?' પુણિયા શ્રાવકે પ્રશ્ન કર્યો.

'ભાઈ, આત્મા જડ નથી. આત્મા રંગ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ સ્વરૂપ નથી. આકાશરૂપ નથી. પરમાણું રૂપ નથી. વગેરે ઘણા સ્વરૂપે નથી. સદા સચેતન છે. અત્થની આવૃત્ત સ્થિતિમાં પણ તે અત્થની અલ્પ અંશે – અલ્પમાં અલ્પ અંશથી પણ ખુલ્લી સચેતનતા ધરાવતો હોય છે...' મુનિરાજે કહ્યું.

પુણિયા શ્રાવકે બીજો પ્રશ્ન કર્યો : 'મુનિવર, ઈન્દ્રિયો શું છે ?'

મુનિ ભગવંતે પુણિયા શ્રાવકના પ્રશ્નનો ઉત્તર સવિસ્તારથી જણાવતાં કહ્યું : 'શરીરના અવયવોમાંથી ઉત્પન્ન થયેલ વિશેષ પ્રકારની શક્તિ ધરાવતા શરીરના નાના નાના અવયવો છે. ખોરાકથી બંધાતા શરીરમાં ઉત્પન્ન થયેલી સાત ધાતુઓના પણ સારરૂપ સ્વચ્છ, સૂક્ષ્મ અને તીવ્ર ક્રિયાશીલ જે અવયવો ઉત્પન્ન થાય છે તેને ઈન્દ્રિયો કહેવામાં આવેલ છે. તે અવયવોમાં પણ આત્મા તો હોય જ છે. નહિ તો ઇન્દ્રિયો કશું કાર્ય કરી શકે નહિ. કામ આપી શકે નહિ.'

મુનિ ધર્મઘોષના ઉત્તરોથી પુણિયા શ્રાવકને ભારે સંતોષ થયો એના અંતરમાં જે દ્વિધા હતી તે નષ્ટ થઈ.

પુણિયો શ્રાવક અને એની પત્ની મુનિરાજને વંદન કરીને પોતાના સ્થાને જવા વિદાય થયા.

આજે પુણિયા શ્રાવકનું હૃદય પુલકિત બન્યું હતું. મુનિરાજના ઉત્તરોથી તે સંતુષ્ટ થયો હતો.

## ૨ : : સાધર્મિક ભક્તિ

પુણિયો શ્રાવક અને એની પત્ની શ્રી પોતાના સ્થાને આવીને વસ્ત્રપરિવર્તન કરીને રાજગૃહી નગરી બહાર ભરાયેલો મેળો નીહાળવા અર્થે ગયા. પુણિયો શ્રાવક એની પત્નીની ઇચ્છાને વશ થઈ ને ગયો હતો. પુણિયા શ્રાવકને રાગના બંધનો સ્પર્શતા નહોતા. પુણિયો શ્રાવક સમતાભાવમાં પોતાનું જીવન વ્યતીત કરતો હતો.

પુણિયો શ્રાવક અને એની પત્ની નગરી બહાર ભરાયેલો મેળો મહાલવા ગયા

નગરી બહાર ભરાયેલા મેળામાં અંગકસરતના દાવો રમાતા હતા. ઠેકઠેકાણે આનંદપ્રમોદનાં સાધનો ઊભાં કરવામાં આવ્યાં હતા. મેળો મહાલવા આવનારનું હૈયું આનંદિત અને ખુશખુશાલ બને તેવી હાટડીઓ આવેલી હતી.

પુણિયો શ્રાવક અને શ્રી બન્ને મેળામાં એક ઘટિકા પર્યંત ઘૂમીને પોતાના સ્થાને પાછા ફર્યા.

પાછા ફરતાં શ્રી બોલી : 'સ્વામી, આપને મેળામાં જવાનું ગમ્યું નહિ...?'

'નહિ...એવું નથી...' પુણિયા શ્રાવકે કહ્યું.

'સ્વામી, ચિત્તની પ્રસન્નતા માટે ક્યારેક આવા મનોરંજનના સ્થળે જવું જોઈએ...'

'શ્રી, તું તારી રીતે સાચી વાત કરે છે પરંતુ ચિત્તની પ્રસન્નતા સદાય રહેતી હોય એને આવાં મનોરંજનનાં સ્થળો શી રીતે આકર્ષી શકે ?'

'એટલે...?'

'શ્રી, સંસારનું સ્વરૂપ સમજાયા પછી ધર્મ-આરાધનામાં ચિત્તને મગ્ન કર્યું હોય પછી સંસારના આ બધા આકર્ષણો તુચ્છ લાગે છે...'

'સ્વામી, આપની વાત સત્ય છે...' શ્રી બોલી.

બન્ને પોતાના સ્થાને આવ્યા.

પુણિયો શ્રાવક રૂની પુણીઓ કાંતવા બેસી ગયો અને શ્રી રસોઈગૃહમાં જઈને રસોઈ કરવા લાગી.

લગભગ એક ઘટિકા બાદ બન્ને ભોજન કરવા બેઠાં. સાત્વિક અને સાદો આહાર...! બન્નેએ ભોજન કર્યું.

પુણિયો શ્રાવક પોતાના ખંડમાં આવ્યો. શ્રી થોડી વાર રહીને અંદર આવી.

શ્રીએ ખૂબ જ વિનમ્રતાથી કહ્યું, 'સ્વામી, મારા અંતરમાં રમતી એક વાત કહેવા મન અધીરું બન્યું છે...'

'કહે...! વિના સંકોચે તારા હૈયાની વાત જણાવ...'

'સ્વામી, આપણા લગ્નજીવનને સાત વર્ષ પસાર થઈ ગયાં છતાં આંગણું સૂનું છે. આ વાત અગાઉ આપને કરેલી છતાં આપે કશો ઉત્તર આપ્યો નહોતો. આપ બીજા વિવાહ કરી લો...'

'પ્રિયે, સંતતિ થવી એ પૂર્વકર્મના યોગનું જ ફળ છે. એમાં ચિંતા કરવાથી શું વળે ?'

'સ્વામી, આપ સ્ત્રીના હૃદયને શી રીતે જાણો ? પરિણિત સ્ત્રીના

હૈયામાં માતૃત્વની મંગલ કામના હંમેશા રમતી હોય છે. જ્યારે સ્ત્રી માતૃત્વ ધારણ કરે છે ત્યારે તેના અંગેઅંગમાં આનંદ, વાત્સલ્ય, પ્રેમ છવાય જાય છે. આથી જ તો સ્ત્રીને વાત્સલ્યની મૂર્તિ કહેવામાં આવે છે. પૂર્વકર્મના કોઈ દોષો ઉદય પામ્યા હોય તો આમ બને છે તે વાત હું બરાબર સમજું છું. પરંતુ દરેક દોષના નિવારણનો ઉપાય તો મળતો જ હોય છે.' શ્રીએ હૈયાની ભાવના ઠાલવી.

'શ્રી, તારી ભાવના, લાગણી હું બરાબર સમજું છું. સંસારમાં સામાન્ય દોષોનું નિવારણ થઈ શકે પરંતુ પૂર્વકર્મના દોષનો માર્ગ મળવો દુર્લભ છે. આપણે અહીંના વૈદ્યને બતાવ્યું તો તેઓએ જણાવ્યું કે બીજ તથા ભૂમિમાં કોઈ પ્રકારનો શારીરિક દોષ નથી. હવે તો પૂર્વકર્મના દોષ દૂર થાય ત્યાં સુધી ધૈર્ય જ રાખવું રહ્યું.'

'સ્વામી, ધૈર્યની પણ એક મર્યાદા હોય છે. સ્ત્રી ક્યાં સુધી ધૈર્ય રાખી શકે ?'

'પ્રિયે, તું તારા મનને શાંત કર. તારા હયામાં જે વેદના છે તે મારી વેદના છે.' પુણિયા શ્રાવકે કહ્યું.

'સ્વામી, મને ક્ષમા કરો...' શ્રીની આંખમાં અશ્રુઓ ઉમટી આવ્યાં.

'શ્રી તું ચિંતા ન કર...ધર્મ પ્રત્યે અડગ શ્રદ્ધા રાખ...એજ સાચી મૂડી છે. એ જ સાચો માર્ગ છે.'

શ્રી એના સ્વામીના તેજોમય મુખ સામે જોઈ રહી. કશું બોલી નહિ.

પુણિયા શ્રાવકે કહ્યું : 'શ્રી, સંતાનનું સુખ આપણા ભાગ્યમાં હશે તો કશી ચિંતા કરવા જેવું નથી અને ભાગ્યમાં સંતાનસુખનો યોગ ન હોય તો પણ ચિંતા કરવી નહિ. આત્મચિંતનમાં મગ્ન બનવાનો

પ્રયત્ન કરીશ તો તારા હૈયામાં અન્ય કશા વિચારોને પ્રવેશ મળશે નહિ.'

'સ્વામી, બે દિવસ પહેલાં આપણી બાજુમાં રહેતી રંભા કોઈની સાથે વાતો કરી રહી હતી. એમની વાતોમાં એક-બે વાર મારા નામનો ઉલ્લેખ થયો ત્યારે હું ચમકી અને મેં ધ્યાનથી સાંભળ્યું ત્યારે જાણ્યું કે રંભા આપણે ત્યાં સંતાન નથી તે અંગે બીજી સ્ત્રીને જણાવી રહી હતી...'

પુણિયો શ્રાવક હસી પડચો અને કહ્યું : 'પ્રિયે, આ સંસારમાં ભાતભાતના માણસો રહે છે. બધાના સ્વભાવ સરખા ન હોય...! આપણે કોઈની વાતોમાં લક્ષ આપવાનું જ નહિ...તેમજ એમની વાતો અંગે વિચાર પણ કરવાનો નહિ...'

'ભલે...હવેથી હું આપના સૂચન પ્રમાણે જ વર્તીશ.' શ્રી બોલી.

'પ્રિયે, મારી વાતથી તને દુઃખ પહોંચ્યું નથી ને ?'

'ના...સ્વામી, આપની વાત સત્ય છે. મેં રંભાની વાતમાં લક્ષ આપ્યું તો મને ચિંતા થઈ અને આપને ચિંતામાં મૂકી દીધા. પરંતુ મારે બહારના લોકોની વાતોમાં જરા પણ રસ દાખવવો ન જોઈએ. જેથી મારું મન અસ્થિર ન બને...!'

પુણિયા શ્રાવકને થયું કે શ્રીને મારી વાત સમજાઈ ગઈ છે.

પુણિયા શ્રાવકે કહ્યું : 'શ્રી, આપણે સામાયિક કરી લઈએ...'

'હા...સ્વામી...'

અને બન્ને પતિ-પત્ની સામાયિક કરવા બેઠાં.

સામાયિક કરીને ઊભા થયા પછી બન્નેએ ચોવિયારના પચ્ચખાણ ધારણ કર્યાં.

પુણિયો શ્રાવક અને એની પત્ની દિવસમાં એક જ વાર ભોજન કરતા હતા. પુણિયા શ્રાવકની આવક જ એટલી હતી કે બન્ને એક

જ ટંકનું ભોજન કરી શકે છતાંય બન્નેને પૂર્ણ સંતોષ હતો. વિષાદના કોઈ ભાવ એમના મુખ પર જોવા મળતા નહોતા.

પુણિયો શ્રાવક સંસારના સ્વરૂપને સમજી ચૂક્યો હતો એટલે જ તે દરેક બાબતોમાં સમતાભાવ રાખતો હતો.

પુણિયા શ્રાવકના અંતરમાં એક વાત તો કોતરાઈ ગઈ હતી કે ધર્મ એક સર્વોત્કૃષ્ટ, નિર્મળ અને આનંદપ્રદ અમૃત છે. ધર્મને શરણે જનારાઓ કર્માનુસાર પડતી વિપત્તિઓને પણ પચાવી જાય છે. કારણ કે ધર્મ પોતે જ તેનું રક્ષણ કરે છે. ધર્મની તાકાત સંસારના કોઈપણ તત્ત્વ કરતાં અપરિચિત છે, અનંત છે, અચિંત્ય છે.

પુણિયો શ્રાવક આ વાત સમજતો હતો અને પત્નીને પણ સમજાવતો હતો.

પુણિયો શ્રાવક આર્થિક રીતે જરાયે સદ્ધર નહોતો. છતાં એનો કોઈપણ પ્રકારનો રંજ એના અંતરમાં નહોતો. એ રીતે શ્રીને પણ કોઈ ફરિયાદ નહોતી. એક ટંકના ભોજનથી બન્ને સંતુષ્ટ હતાં, ખુશખુશાલ હતાં.

બન્ને નિર્લોભી અને સંતોષી જીવન પસાર કરતાં હતાં. પુણિયો શ્રાવક પ્રભુ મહાવીર સ્વામીનો અનન્ય ભક્ત.

સંસારની પ્રવૃત્તિઓથી વિરમીને રાગદ્વેષના પરિણામો ન ઉપજે એ રીતે મનને અંતર્મુખ બનાવીને બન્ને પતિ–પત્ની પોતાનું જીવન સમભાવમાં વ્યતીત કરતાં હતાં.

એક દિવસ પુણિયો રાજગૃહી નગરીની બજારમાં કામ અર્થે ગયો ત્યારે એને સમાચાર સાંપડ્યા કે ભગવાન મહાવીર સ્વામી નગરી બહાર સંમોસર્યા છે. પુણિયો શ્રાવક આનંદિત થઈ ગયો. એનું અંગેઅંગ પુલકિત બની ઊઠ્યું. પુણિયો શ્રાવક બધા કામ પડતા મૂકીને સીધો પોતાના નિવાસસ્થાને આવ્યો અને પોતાની

પત્નીને આનંદના સમાચાર આપ્યા.

પુણિયા શ્રાવકની પત્ની પણ આનંદિત બની ગઈ.

બન્ને ભગવાન મહાવીરની વાણી સાંભળવા આતુર બન્યા. થોડીવારમાં પુણિયો શ્રાવક અને શ્રી સમવસરણમાં જવા નીકળી ગયાં.

સમગ્ર રાજગૃહી નગરીમાં સર્વજ્ઞ ભગવંત સમોસર્યાના સમાચાર ફેલાઈ ચૂકયા હતા. લોકો દર્શન અને મંગલમય વાણીનો રસાસ્વાદ માણવા માટે ઉમટી પડ્યા.

દિવસનો પ્રથમ પ્રહર પૂરો થયો નહોતો.

નિરભ્રમાં પક્ષીઓને મધુર કલરવ ગુંજતો હતો.

લોકોનાં ટોળેટોળાં સર્વજ્ઞ ભગવંતની ધર્મસભામાં સ્થાન મેળવવા અર્થે ઊમટી પડ્યાં.

સુમનોહર ઉદ્યાનમાં ઈન્દ્રાદિ દેવોએ સમવસરણની રચના કરી. આ ઉદ્યાન અતિ વિશાળ અને મનને પ્રસન્ન કરી મૂકે તેવું હતું. સુંદર વૃક્ષો, લતાઓ, પુષ્પો, રંગબેરંગી સુગંધી પુષ્પોથી વાતાવરણ મન-મોહક બન્યું હતું. એક તરફ સરોવર હોવાથી ઉદ્યાન સુંદર રીતે શોભી ઊઠ્યો હતો.

ઈન્દ્રાદિ દેવોએ સમવસરણની રચના કરી.

સૂર અને અસૂરના પરિવાર સહિત શ્રી મહાવીર પ્રભુ ઉદ્યાનમાં સમવસર્યા.

તે વખતે તે સ્થાને દેવોએ રૂપ્ય, સુવર્ણ અને મણિમય ત્રણ પ્રકાર વડે વિભૂષિત સમવસરણ રચ્યું.

તેની મધ્યમાં વ્યંતર દેવોએ અશોકવૃક્ષની રચના કરી અને તે સુંદર અશોકવૃક્ષ, વાયુના સ્પર્શ માત્રથી હલાવેલા પાંદડા વડે ભવ્ય પ્રાણીઓને જાણે બોલાવતું ન હોય તેમ જણાતું હતું.

આકાશ સ્વચ્છ હતું.

દિવસનો પ્રથમ પ્રહર ચાલુ હતો.

રાજગૃહી નગરીના લોકો સર્વજ્ઞ ભગવંતના દર્શનાર્થે આવી રહ્યા હતા.

ત્યારબાદ સર્વજ્ઞ ભગવંત મહાવીર દેવ પૂર્વદ્વારે થઈને તે સમવસરણમાં પ્રવેશ કર્યો. ઉત્તમ સુવર્ણની સમાન કાંતિયુક્ત સુમેરુ પર્વત જેવા શરીરધારી શ્રી મહાવીરદેવ પ્રભુના સમવસરણમાં મંગલ પ્રવેશ થવાથી સર્વત્ર શાંતિ પ્રસરી ગઈ.

જેમ સરોવરમાં રાજહંસ કમળ પુષ્પ પર બિરાજે તે રીતે અશોકવૃક્ષ નીચે દેવચ્છંદા ( પીઠિકા ) ઉપર શ્રી વીર પ્રભુ ' નમો તિથ્થસ્સ ' કહીને સિંહાસન પર બિરાજ્યા.

અને એક વિશાળ, મનોરમ્ય ઉદ્યાનમાં દેવ, દાનવ, મનુષ્ય, તીર્યંચની એક ધર્મસભા ભરાઈ ગઈ.

જાણે એમ લાગતું હતું કે એક મહાનગર મનોરમ્ય વનમાં ભરાયું છે.

ચતુર્વિધ સંઘ યથાસ્થાને બેઠો.

પુણિયો શ્રાવક અને એની પત્ની શ્રીએ યોગ્ય સ્થાન મેળવી લીધું હતું.

મહારાજા શ્રેણિક અને રાજપરિવારે યથાયોગ્ય સ્થાન ગ્રહણ કર્યું.

મહામંત્રી અભયકુમારે પણ સ્થાન ગ્રહણ કરી લીધું હતું.

અને ભગવાન મહાવીરદેવ અમૃતની વૃષ્ટિ સમાન મંગલ દેશનાનો પ્રારંભ કરે તે પહેલાં દેવગણોએ મસ્તક નમાવીને ભગવાન મહાવીર દેવની સ્તુતિ કરી.

સમવસરણમાં પ્રભુએ ભાવવાહી સ્વરે માલકૌંષ રાગમાં દેશના આપવાનો પ્રારંભ કર્યો.

સર્વજ્ઞ ભગવંત શ્રી વીર પ્રભુ સર્વ જીવો પ્રત્યે સમતાભાવ કેળવીને પ્રસન્ન સ્વરે સંબોધી રહ્યા હતા.

'જ્યાં સુધી કર્મનાં બંધનો ન તૂટે ત્યાં સુધી ભવભ્રમણમાંથી મુક્તિ મળતી નથી. કર્મનાં બંધનો તોડયા વગર સંસારના ભ્રમણનો અંત આવતો નથી. જેને સુખ માનો છો તે સુખ નથી પરંતુ બંધન છે અને બંધન માત્ર દુઃખ છે. બંધન તોડયા વગર આત્મસુખની મસ્તી લાધતી નથી. આત્મચેતનાને જાગૃત કરવા માટે બંધનને દૂર કરવાં અત્યંત આવશ્યક છે. તપ, ત્યાગ, જ્ઞાન, દર્શન, વગર બંધનોમાંથી મુક્ત થવાતું નથી...'

માનવીને નષ્ટ અને નિર્બળ કરનારા શત્રુઓ બહારના કોઈ નથી. માનવીના અંતરમાં જ છૂપાયેલા છે. એ શત્રુઓ છે: કામ, ક્રોધ, લોભ અને માન. પરંતુ જેની આંખમાં અજ્ઞાનનું અંજન ભર્યું છે તે પોતાના સાચા શત્રુને જોઇ શકતો નથી. જો જ્ઞાનનો પ્રકાશ લાધે તો આત્મજાગૃતિ દૂર નથી.

સુખ અને દુઃખ આ બન્ને વિરોધી બાબત નથી. જ્યારે આપણે સુખને ઇચ્છીએ છીએ ત્યારે આપોઆપ દુઃખ ચાલ્યું જ આવે છે. આત્મિક સુખ પ્રાપ્ત કરવા માટે માનવીએ રાગથી પર બનવું જોઈએ. રાગમાંથી મુક્ત થવું સહેલું કે સરળ નથી. માનવીને ઝકડી રાખવા માટે રાગનાં અનેક સાધનો ઉપલબ્ધ છે. તેમાંથી મુક્તિ મેળવવી કઠિન કાર્ય છે. એ કારણે જ રાગનાં બંધનો જન્મજન્માંતર સુધી વળગ્યાં રહે છે. એ પ્રમાણે વિતરાગની મસ્તી અનોખી અને અકલ્પ્ય સુખ આપનારી છે. પરંતુ આ માર્ગમાં જે માનવી જાગૃતિ ગુમાવે તે વળતી જ પળે ગબડી પડે છે.

સંસારનો પ્રત્યેક જીવ કર્મના બંધન વડે ઝકડાયેલ હોય છે. કર્મના બંધનો તોડીને આત્મસુખ પ્રાપ્ત કરવા માટેનો પ્રયત્ન કરવો જોઈએ.

પ્રભુ મહાવીરદેવની અમૃતમય વાણીનો લાભ મેળવવો એ પૂરા પુણ્યની નિશાની ગણાતી.

સર્વજ્ઞ ભગવંતે અસ્ખલિત વાણીમાં સ્વામી વાત્સલ્યનો તથા સાધર્મિક ભક્તિનો મહિમા વર્ણવ્યો. મંગલમય વાણીના પ્રભાવથી સર્વ જીવોને શાતા વળી અને સૌના હૈયામાં એમ જ થતું હતું કે આવી અનુપમ, અદ્વિતીય મંગલમય વાણીનો ક્યારેય અંત ન આવે. સર્વજ્ઞ ભગવંતની વાણી સાંભળ્યા જ કરીએ અને આત્મસુખ મેળવવા પ્રયત્ન કરીએ.

ચતુર્વિધ સંઘ સાથે પધારેલા સર્વના નયનોમાં હર્ષના આંસુ છલકી ઊઠ્યા હતા.

પશુપક્ષીઓના હૈયા દ્રવિત બની ગયા હતા.

દેવગણ પણ શ્રી મહાવીર પ્રભુની વાણી સાંભળીને હર્ષ પામી ઊઠ્યા હતા. મહારાજા શ્રેણિકના હૈયામાં અપાર આનંદ છવાયો હતો અને આંખમાંથી હર્ષનાં આંસુ વહેવા લાગ્યાં.

પુણિયો શ્રાવક પણ ભાવવિભોર બની ઊઠયો હતો. એની આંખમાંથી હર્ષનાં આંસુ વહેવા લાગ્યાં હતાં. સ્વામીવાત્સલ્ય અને સાધર્મિક ભક્તિનો મહિમા એના અંતરમાં રમવા લાગ્યો હતો.

પુણિયા શ્રાવકની પત્ની પણ સાધર્મિક ભક્તિનો મહિમા સાંભળીને અતિ પ્રસન્ન બની ગઈ હતી.

સર્વજ્ઞ ભગવંતની વાણી કેવી અનુપમ અને મંગલમય હશે...! જે વાણી સાંભળીને સર્વનાં ચિત્ત પ્રસન્ન બની ગયાં અને સંસારના સઘળા સુખનાં સાધનોને તુચ્છ માનવા લાગ્યા. સર્વના હૈયામાં કેવો અપાર હર્ષ રમતો હશે કે જે માત્ર આંસુઓ વડે જ વ્યક્ત કરી રહ્યા હતા...!

સર્વજ્ઞ ભગવંતની ધર્મદેશના પૂરી થઈ.

ધર્મદેશના સાંભળી પોતાના સ્થાને આવ્યા બાદ પુણિયા શ્રાવકના અંતરમાં વિચારોનું વર્તુળ ઉત્પન્ન થયું.

પુણિયો શ્રાવક પોતાના ખંડમાં બેસીને વિચારમગ્ન બન્યો.

સર્વજ્ઞ ભગવંતે સ્વામી વાત્સલ્ય અને સાધર્મિક ભક્તિનો મહિમા વર્ણવ્યો એ વાત પુણિયાના અંતરને સ્પર્શી ગઈ હતી.

પુણિયો શ્રાવક વિચારતો હતો કે હું ક્યારે સાધર્મિક ભાઈઓની ભક્તિ કરી શકીશ? આવક વધારવા ગમે તેટલો પુરુષાર્થ કરું છું છતાં પૂર્વના કોઈ અંતરાય કર્મના ઉદયે મહેનત કરતાં આવક ઓછી છે. રોજની આવક સાડા બાર દોકડા છે. એમાંય કંઈક બચાવીને શ્રી જિનેશ્વર ભગવંતની સેવાભક્તિ માટે ભાવથી ફૂલો ચઢાવું છું. શ્રી જિનેશ્વર ભગવંતને પુષ્પ ચઢાવતાં અપૂર્વ આનંદની અનુભૂતિ થાય છે. પરંતુ આજે સર્વજ્ઞ ભગવંતના કથન અનુસાર સાધર્મિકની ભક્તિ કરવાની ભાવના અંતરમાં પ્રબળ બની છે. પણ આર્થિક પરિસ્થિતિ એટલી સદ્ધર નથી કે મારી ભાવના સાકાર બને...શું કરવું ? શું કરવું ?

પુણિયો શ્રાવક વિચારોમાં ગરકાવ બન્યો હતો. સાધર્મિક ભક્તિ કરવાની ભાવના કઈ રીતે સાકાર બને? કઈ રીતે શક્ય બને?

પુણિયો શ્રાવક ક્યારેક વધારે પુરુષાર્થ કરતો પણ અંતરાય કર્મના કારણે આવક વધતી ન હતી. છતાં એને એ વાતનો રંજ ન હતો. પુણિયો શ્રાવક સંતોષી જીવ હતો. એની પત્ની શ્રી પણ સ્વામીના દરેક વિચારોને સમર્થન આપતી હતી.

થોડી વાર રહીને શ્રી ખંડમાં આવી અને સ્વામીને વિચારમગ્ન દશામાં જોઈને આશ્ચર્ય પામી ઊઠી.

શ્રી બોલી : ‘સ્વામી...’

પુણિયો શ્રાવક તો સાધર્મિક ભક્તિ શી રીતે કરવી એના વિચારોમાં ખોવાયો હતો. કશો માર્ગ સૂઝતો નહોતો...

શ્રી ફરીને બોલી : ‘સ્વામી...’

ત્યારે પુણિયા શ્રાવકનું ધ્યાન પત્ની સામે ગયું.

પુણિયો શ્રાવક કહે : ‘શ્રી, શું વાત છે ?’

## સાધર્મિક ભક્તિ

'સ્વામી, મેં આપને બે વાર બોલાવ્યા પણ આપ કોઈ ગંભીર વિચારમાં ખોવાઈ ગયા હતા. શેનો વિચાર કરતા હતા?'

'પ્રિયે, સર્વજ્ઞ ભગવંતની વાણી અંતરને ચોટ મારે તેવી હતી ..ખરેખર અદ્ભુત...!

'હા...સ્વામી...' શ્રી બોલી.

'પ્રિયે, એમાંય જ્યારે સર્વજ્ઞ ભગવંતે સ્વામી વાત્સલ્ય અને સાધર્મિક ભક્તિનો મહિમા વર્ણવ્યો ત્યારે મારા અંતરમાં પણ એક ભાવનાનું બીજ રોપાયું...'

'હું સમજી ગઈ...સ્વામી...આપ સાધર્મિક ભક્તિ કરવા ઇચ્છો છો ને? આ તો ઘણી ઉત્તમ વાત છે...એમાં આટલો વિચાર કેમ કરવાનો?'

'પ્રિયે, વાત એમ નથી પરંતુ આપણી પરિસ્થિતિ એટલી સદ્ધર નથી. ગમેતેટલો પુરુષાર્થ કરું છતાંય આવકમાં કશો વધારો નથી. કોઈ અંતરાય કર્મો ઉદય પામ્યાં હશે...હાલ આપણે બન્ને એક ટંક માંડ ભોજન કરી શકીએ છીએ ત્યારે સાધર્મિકને કઈ રીતે ભોજન કરાવી શકીશું?'

શ્રીને સ્વામીની વાત સાચી લાગી. થોડીવાર વિચાર કરીને શ્રીએ એક ઉપાય સૂચવ્યો: 'સ્વામી, મારા મનમાં એક વિચાર સ્ફૂર્યો છે...'

'કહે...જો આપણને અનુકૂળ આવશે તો જરૂર અમલમાં મૂકીશું...' પૂણિયો શ્રાવક હર્ષ પામતાં બોલ્યો.

'સ્વામી, આપણી જે આવક છે તેમાંથી ત્રણનું પૂરું થાય તેમ નથી અને દરરોજ આપણે સાધર્મિકને સપ્રેમ ભોજન માટે નોતરવો છે. એટલે એક દિવસ મારે ઉપવાસ કરવો અને એક દિવસ તમે ઉપવાસ કરો. આ રીતે વારાફરતી ઉપવાસ કરતાં રહીશું એટલે સાધર્મિકની ભક્તિનો લ્હાવો જરૂર લઈ શકીશું...'

'વાહ...ખૂબ સરસ...! ખૂબ જ સરસ ઉપાય શોધી કાઢયો છે. પણ પ્રિયે, તું તો આ માટે સહમત છેને?' પુણિયા શ્રાવકે પૂછ્યું.

'સ્વામી, આંગણે સાધર્મિક ભક્તિનો લાભ મળતો હોય તો અંતરમાં ઉલ્હાસ જ રમતો હોય છે...' શ્રી બોલી.

પુણિયો શ્રાવક પત્નીના ગૌર વદન સામે જોઈ રહ્યો.

આમ બન્ને પતિ-પત્નીએ વારાફરતી ઉપવાસ કરીને પણ ધર્મના સગાને આંગણે નોતરવાનો નિર્ણય કર્યો.

અને બીજા જ દિવસથી બન્નેએ નિર્ણયને નિયમમાં બદલી નાખ્યો.

પહેલા દિવસે પુણિયા શ્રાવકે ઉપવાસ કરીને સાધર્મિક ભાઈને ઘેર તેડી લાવીને ભોજન કરાવ્યું.

પુણિયાના અંતરમાં આનંદ માતો નહોતો.

અને આ નિત્યક્રમ બની ગયો.

એક દિવસ પુણિયો શ્રાવક ઉપવાસ કરે.

બીજા દિવસે પુણિયા શ્રાવકની પત્ની ઉપવાસ કરે.

બન્ને પતિ-પત્ની રોજ એક સાધર્મિકને જમાડીને અંતરની આશા પૂરી કરતાં હતાં.

એક દિવસ પુણિયો શ્રાવક કહે: 'શ્રી, ખરેખર સાધર્મિક ભક્તિ કરવાથી અંતરમન પ્રસન્નતા અનુભવે છે.'

શ્રી બોલી: 'સ્વામી, આપ સત્ય કહો છો...!'

આમને આમ દિવસો પસાર થવા લાગ્યા.

એક દિવસ એવું બન્યું કે...!

## ૩ : નર્તકી દેવાંગના

પુણિયો શ્રાવક અને એની ધર્મપત્ની શ્રી નિર્લોભી અને પરમ સંતોષવાન હતાં. ધીરે ધીરે સામાયિકમાં તે બન્નેનું મન એવું તલ્લીન બની ગયું કે તેમની તુલનામાં અન્ય કોઈ આવી ન શકે.

તેઓ બન્ને પૂર્વ દિશામાં બેસીને સામાયિક કરતાં અને આ પવિત્ર ક્રિયા કરતી વખતે આત્મા સાથે એકરૂપ બનતા.

આ રીતે તેઓ બન્ને સમતા રસનું અખંડ પાન કરવા લાગ્યા.

પુણિયા શ્રાવકને મન કટાસણું એ હાલતીચાલતી સિદ્ધ શિલા હતી. સામાયિકનું દરેક ઉપકરણ એમને મન તો મહામૂલ્ય સમાન હતું.

એક દિવસ એવું બન્યું કે પુણિયા શ્રાવકને ત્યાં એક અતિથિ આવ્યા. તેનામાં અપૂર્વ સિદ્ધિ હતી. તે મંત્રપ્રયોગથી ધાર્યું ધન પ્રાપ્ત કરી શકતો હતો.

પુણિયા શ્રાવકે આંગણે આવેલા અતિથિનો ભાવથી સત્કાર કર્યો.

અતિથિ પુણિયા શ્રાવકના ભાવ જોઈને ગદ્‌ગદિત થયો. તે અંદર આવ્યો.

પુણિયા શ્રાવકે અતિથિને બેસવા માટે એક આસન બિછાવ્યું અને પુણિયા શ્રાવકની પત્ની એક પાત્રમાં ભોજન લઈને આવી. બન્નેએ ખૂબ જ પ્રેમથી અતિથિને ભોજન કરાવ્યું.

અતિથિને પુણિયા શ્રાવકની દશા જોઈને દયા ઉપજી. તેથી આંગણામાં પડેલ લોહની તવીને અદ્ભુત મંત્રબળથી સુવર્ણની કરી દીધી. અતિથિ તરત જ ચાલ્યો ગયો.

પરંતુ પુણિયા શ્રાવકને તો સુવર્ણની તવી પરિગ્રહરૂપ થઇ. તે પોતે અપરિગ્રહ વ્રતધારી હતો. આથી સુવર્ણની તવી જોઇને આનંદ થવાને બદલે એને કંઈક દુઃખ થયું. પોતાની આવકમાંથી બીજી માટીની નવી તવી ન આવી ત્યાં સુધી આ બન્ને રોટલી ખાધા વગરના રહ્યા. સુવર્ણની તવી વહેંચી અને જે કંઈ રકમ મળી તે જનકલ્યાણ અર્થે વાપરી નાખી.

કેવી ભવ્ય ત્યાગવૃત્તિ !

આમ દિવસો પસાર થતા હતા.

બન્ને પતિ-પત્ની ધર્મઆરાધનામાં દિવસો પસાર કરતા હતા. બન્ને ચુસ્ત રીતે શ્રાવક ધર્મનું પાલન કરતા હતા.

શ્રાવકનાં છત્રીશ કર્તવ્યો છે.

જેમાંનું પ્રથમ કર્તવ્ય શ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞાનો સ્વીકાર. આજ્ઞા ધર્મનો સ્વીકાર અને તેનું પાલન આરાધકને એક એવી ઉચ્ચ કક્ષાએ લાવી મૂકે છે. જ્યાંથી પરમપદની પ્રાપ્તિ હાથવેંતમાં છે.

આજ્ઞાધર્મનું રહસ્ય છે આશ્રવ છોડવા લાયક અને સંવર આદરવા લાયક.

કર્મના પરમાણુઓ આત્મા તરફ ખેંચાઈ આવે એ પ્રક્રિયાને આશ્રવ કહેવાય છે. રાગદ્વેષના ચિંતનમાં લીન થવાથી કર્મ આત્મા ભણી ધસી આવે છે. આજ્ઞાધર્મ ઉપર ચિંતન, શ્રવણ અને તેનો અમલ કરવો જરૂરી છે. આજ્ઞાધર્મની આરાધનાથી જીવન મંગલમય બને છે.

જ્યારે શ્રાવકનું બીજું કર્તવ્ય છે, મિથ્યાત્વનો ત્યાગ. અનાદિના

સંસાર ભ્રમણના કારણે જે ભ્રામક ધારણાઓ ચિત્તભૂમિ પર છવાઈ ગઈ છે તેનો ત્યાગ કરવો.

શ્રાવકનું ત્રીજું કર્તવ્ય છે **સમકિત**. જયણાના રહસ્યોથી જ્યારે પરિચિત થવાય, આરાધના અને વિરાધનાની ભેદરેખા જ્યારે સ્પષ્ટ બને ત્યારે હૃદય એ તત્ત્વોને ઉપદેશનાર ભગવંતો પ્રત્યે પૂર્ણ આસ્થાથી ઝૂકી રહે છે; જે તત્ત્વો પરની શ્રદ્ધાને સમકિત કહેવાય છે. ચેતન અને જડની ભેદરેખાનું સ્પષ્ટ દર્શન કરાવી આપે તે **સમકિત**.

સમત્વ મુક્તિનો રાજમાર્ગ છે. સામાયિક **સમભાવની સાધના** છે. મન, વચન અને કાયાને સાધવાના છે. સમતાનો રંગ અંતરમાં રંગવાનો છે. સામાયિકની પવિત્ર ક્રિયા અપૂર્વ નિર્જરા કરાવે છે. વચનના દસ દોષ તથા કાયાનાં બાર દૂષણ, મનના દસ દોષને સમજવાથી સામાયિકની પવિત્ર ક્રિયા શુદ્ધ બને છે. શ્રાવકનું ચોથું કર્તવ્ય છે.

શ્રાવકનું પાંચમું કર્તવ્ય નામસ્મરણ. પરમાત્માના નામસ્મરણનો મહિમા અપાર છે. વંદનનો પ્રભાવ અને મહિમા અપરંપાર છે. એ વાત શ્રાવકના છઠ્ઠા કર્તવ્ય તરીકે પ્રચલિત છે. વિનયનું મહાત્મ્ય અપૂર્વ છે. ગુરૂમહારાજનો વિનય કરવાથી શ્રુતજ્ઞાન મળે છે. જ્ઞાનનું ફળ વિરતિ છે. વિરતિનું ફળ આશ્રવ નિરોધ. આશ્રવ નિરોધ ( સંવર )નું ફળ, તપ, તપથી નિર્જરા મળે. નિર્જરાથી ક્રિયાનિવૃત્તિ દ્વારા યોગ-નિરોધ. યોગનિરોધથી જન્મોના પ્રવાહનો ક્ષય અને પરિણામે મોક્ષની પ્રાપ્તિ થાય છે.

જ્યારે શ્રાવકનું સાતમું કર્તવ્ય છે **પ્રતિક્રમણ**. પાપ-નાશની અણમોલ પ્રક્રિયા. ભૂતકાળના પાપોનું નિંદન, વર્તમાનકાળમાં થઈ રહેલ પાપોનો અટકાવ અને ભવિષ્યમાં પાપો ન થાય એ માટેનો સંકલ્પ. આ સંકલ્પ તે જ પ્રત્યાખ્યાન. પ્રતિક્રમણ એટલે સંવરણ, પાછા વળવું. પાપોથી એ રીતે પાછા ફરવાનું કે જેથી નવાં પાપો બંધાય નહિ. પ્રતિક્રમણમાં છ આવશ્યક: સામાયિક આવશ્યક, ચતુર્વિંશતિ

સ્તવ આવશ્યક, વંદન આવશ્યક, પ્રતિક્રમણ આવશ્યક, કાયોત્સર્ગ આવશ્યક, પચ્ચખાણ આવશ્યક વગેરે ક્રિયા સમજીને આચરવાની હોય છે.

શ્રાવકનું આઠમું કર્તવ્ય છે કાયોત્સર્ગ ધ્યાન. કાયોત્સર્ગ સધાય છે ત્યારે એક બિંદુ આવે છે, એક એવી ક્ષણ આવે છે જ્યારે કાયા અને ચૈતન્યના અલગાવને સાધક અનુભવી શકે છે. અત્યાર સુધીની અભેદ અનુભૂતિ એ ક્ષણે ભેદ અનુભૂતિમાં બદલાય છે.

શ્રાવકનું નવમું કર્તવ્ય પ્રત્યાખ્યાનની આવશ્યકતા. એક છે જ્ઞપરિજ્ઞા, એક છે પ્રત્યાખ્યાન પરિજ્ઞા. જ્ઞપરિજ્ઞા વડે પાપો કઈ રીતે બંધાય તે જાણવાનું. પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે તે પાપો બાંધતા અટકાવવાનો નિયમ લેવાનો, પચ્ચખાણ કરવાનું.

શ્રાવકે સમકિત સહિત બાર વ્રતો ઉચ્ચારવા જોઈએ. પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત. આ બાર વ્રતો શ્રાવકના જીવનને સુશોભિત બનાવે છે.

પહેલું અણુવ્રત : જાણીજોઈને નિરપરાધી ત્રસ જીવોને મારવાની બુદ્ધિથી નહિ મારવા આવો નિયમ લેવાનો હોય છે.

બીજું અણુવ્રત : મોટું જૂઠું વર્જવાનું.

ત્રીજું અણુવ્રત : મોટી ચોરી નહિ કરવાની. નીતિપરાયણ જીવન જીવવાનો પ્રયત્ન કરવો.

ચોથું અણુવ્રત : જીવનમાં સદાચારને સ્થાન આપવું.

પાચમું અણુવ્રત: વધુ પડતી સંઘરાખોરી ન કરવી.

જ્યારે ગુણવ્રતનો અર્થ છે પાંચ અણુવ્રતોને માટે ગુણકારી વ્રતો. અણુવ્રતોમાં વધારે પડતી લીધેલી છૂટોને સંકોચવી તે ગુણવ્રત.

પહેલું ગુણવ્રત : ગમન અને આગમનને સંયમિત કરવું, નિયંત્રિત કરવું.

બીજું ગુણવ્રત : ભોગ અને ઉપભોગને સંયમિત કરવો.

ત્રીજું ગુણવ્રત : નિરર્થક, બિનજરૂરી પાપો પર નિયંત્રણ મૂકવું તે. ત્રીજું, અનર્થદંડ વિરમણ નામનું ગુણવ્રત છે.

જ્યારે સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આદિની શિક્ષા પ્રાપ્ત કરાવે તે શિક્ષાવ્રતો.

પ્રથમ શિક્ષાવ્રત : સામાયિક.

બીજું શિક્ષાવ્રત : દસ સામાયિક એક સાથે અથવા જુદીજુદી એક દિવસમાં કરી જીવનને સમભાવથી વ્યાપ્ત બનાવવું. જેને દેશાવગાસિક વ્રત કહેવાય.

ત્રીજું શિક્ષાવ્રત : પૌષધ.

ચોથું શિક્ષાવ્રત : અતિથિ સંવિભાગ વ્રત, મુનિરાજો, વ્રતધારી-ઓની આહાર-પાણી વગેરે દ્વારા ભક્તિ કરવી.

શ્રાવકનું દસમું કર્તવ્ય છે : પૌષધ વ્રત. સંસાર સાથેનું જોડાણ તોડીને નિજની સાથે જોડાણ સાધી આપે તે પૌષધ વ્રત. પૌષધ એટલે પોતાની સાથે રહેવું.

અગીયારમું કર્તવ્ય છે આપો અને પામો. પરંતુ એ આપવું મેળવવાની ઇચ્છા વગરનું હોવું જોઈએ. હૃદય આપવાની ભાવનાથી એવું ભરાઈ જાય કે બીજો કોઈ વિચાર જ ન આવવો જોઈએ. હૈયામાં ભાવની સરિતા વહેતી હોવી જોઈએ.

શ્રાવકનું બારમું કર્તવ્ય છે બ્રહ્મચર્ય. તેરમું કર્તવ્ય છે તપ. જ્યારે ચૌદમું કર્તવ્ય છે ભાવધારા. શુભ ભાવો અંતરમાં જાગે પરંતુ એ ભાવોની સરિતા અંતરમાં નિરંતર વહેતી રહેવી જોઈએ. શ્રાવકનું પંદરમું કર્તવ્ય છે સ્વાધ્યાય. શ્રાવકનું સોળમું કર્તવ્ય છે નવકારનું આરાધન. સત્તરમું કર્તવ્ય છે પરોપકાર. શ્રાવકનું અઢારમું કર્તવ્ય છે એક એક પગલું જયણાપૂર્વક ભરવું. નીચે બરાબર જોઈને ચાલવું જેથી વિરાધના ન થઈ જાય.

શ્રાવકનું ઓગણીશમું કર્તવ્ય છે શ્રી જિનપૂજા. વીસમું કર્તવ્ય

છે જિનસ્તવનાથી પાપ-નિન્દના સુધી. એકત્રીસમું કર્તવ્ય છે સદ્‌ગુરૂ કૃપા. બાવીસમું કર્તવ્ય છે સાધર્મિક ભક્તિ. ત્રેવીસમું કર્તવ્ય છે વ્યવહાર શુદ્ધિ. ચોવીસમું કર્તવ્ય રથયાત્રાનું આયોજન, પરમાત્મા-ભક્તિનું એક શ્રેષ્ઠ અંગ છે. પચ્ચીસમું કર્તવ્ય છે તીર્થયાત્રા. છવ્વીસમું કર્તવ્ય છે ઉપશમ, સ્વભાવ. ઉપશમ એ આપણો સ્વભાવ છે જ્યારે ક્રોધ વિભાવ છે. અંદર ધમ્મસ્વલોણું લઈ રહેલા આરાધક-ભાવનું ઉપર આવેલું માખણ તે ઉપશમ.

શ્રાવકનું સત્તાવીસમું કર્તવ્ય છે વિવેક. વિવેક હશે તો પરમાત્મભક્તિ સાચી પરાત્મભક્તિ હશે. અઠ્ઠાવીસમું કર્તવ્ય છે અનુપ્રેક્ષણ. ઓગણત્રીસમું કર્તવ્ય છે વચન. ત્રીસમું કર્તવ્ય કરુણા. એકત્રીસમું કર્તવ્ય છે સંગત. બત્રીસમું કર્તવ્ય છે ઈન્દ્રિયવિજયી બનવા માટેના પ્રયત્ન. તેત્રીસમું કર્તવ્ય છે સંયમની ભાવના થવી. ચોત્રીસમું કર્તવ્ય છે બહુમાન દ્વારા ધર્મપ્રાપ્તિ. પાંત્રીસમું કર્તવ્ય શ્રુતભક્તિ છે. જ્યારે શ્રાવકનું છત્રીસમું કર્તવ્ય શાસન મળ્યાનો અંતરમાં આનંદ થવો. એવો ભાવ સતત અંતરમાં વહેતો રહેવો જોઈએ.

(ઉપરોક્ત શ્રાવકનાં છત્રીસ કર્તવ્યોની ટૂંક નોંધ આ. દેવ શ્રીમદ્ વિજય ૐકાર સૂરિશ્વરજી મહારાજાના ‘ શ્રાવકનાં છત્રીસ કર્તવ્યો ’ પુસ્તકમાંથી આભાર ઉદ્ધૃત કરેલ છે.)

રાજગૃહી નગરીમાં આનંદોત્સવ હતો.

સર્વત્ર આનંદ છવાયો હતો. લોકો નગરજનોના મુખ પર પ્રસન્નતાનું સ્મિત ફરકતું હતું.

પુણિયો શ્રાવક અને તેની પત્ની શ્રી પણ નગરજનોના હર્ષોલ્લાસમાં જોડાયાં હતાં.

અભયકુમાર અને તેનો અંગતમંત્રી રત્નભદ્ર રાજગૃહી આવી ગયા. મહારાજા ચેટકની પુત્રી ચેલ્લણાનું અપહરણ કરીને રાજગૃહી લાવવામાં આવી હતી. મહારાજા શ્રેણિકે ચેલ્લણાને

મહાદેવીનું ગૌરવ પ્રદાન કર્યું. ચેલ્લણા મગધની મહારાણી બની.

અભયકુમારના બુદ્ધિકૌશલ્યની ચારેકોર પ્રશંસા થતી હતી.

ચેલ્લણાને મહારાણીના પદે સ્થાપી તેના સંદર્ભમાં નગરીમાં આનંદોત્સવ રચવામાં આવ્યો હતો.

રાજગૃહીના વિશાળ માર્ગો પર તોરણદ્વાર, પુષ્પદ્વાર ઠેર ઠેર લગાડવામાં આવ્યાં હતાં.

છેલ્લા ત્રણ દિવસથી રાત્રીના સમયે નગરમાં થતી ભવ્ય દીપાવલી અને નાટ્યગૃહોમાં ભજવાતાં વિવિધ નાટકોમાં વધારો કરાયો હતો.

નગરીના લોકો પ્રસન્ન હૃદયે ઉત્સવનો આનંદ લઈ રહ્યાં હતાં.

જનમનોરંજન અર્થે અંગ કસરતના દાવ, મલ્લયુદ્ધ, તલવારબાજી વગેરે વિવિધ સ્પર્ધાઓ યોજાવામાં આવી હતી.

ભદ્ર કુમારિકાઓ અને યુવતીઓ ચેલ્લણા રાણીના સૌંદર્યના અને મગધપતિના શૌર્યનાં વખાણ કરતાં થાકતી નહોતી.

મગધ રાજ્યના મહામંત્રી અભયકુમારનું નામ સૌના હોઠે રમી રહ્યું હતું. તેના બુદ્ધિકૌશલ્યની વાતો ચોરેચૌટે થતી હતી. મહારાજા શ્રેણિકે દાનની સરિતા વહેતી કરી હતી.

પુણિયો શ્રાવક અને એની પત્ની શ્રી પણ ચેલ્લણારાણીની વાતો કરતાં હતાં.

શ્રી બોલી : 'સ્વામી, કહે છે કે મગધપતિએ ચેલ્લણા રાણીને મહાદેવીનું સ્થાન આપ્યું છે. ચેલ્લણા રાણીનું સૌંદર્ય અદ્ભુત છે. સમગ્ર નગરીમાં આનંદ છવાઈ ગયો છે.'

પુણિયો શ્રાવક કહે : 'શ્રી, હું આજે બજારમાં ગયો હતો ત્યારે સૌના મુખ પર ઉત્સવનો આનંદ વરતાતો હતો.'

'સ્વામી, આપણે પરમ દિવસે રાજસભામાં જઈશું. ત્યાં નગરીની શ્રેષ્ઠ નર્તકી દેવાંગનાના નૃત્યનો કાર્યક્રમ છે.'

'પ્રિયે, મને તો આવી બાબતોમાં કોઈ રૂચિ નથી છતાં તારે ખાતર હું આવીશ.'

'ભલે...સ્વામી...' શ્રી બોલી.

એ દિવસ બાદ ભવ્ય રાજસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજસભા નિહાળવા માટે પરગામના લોકો પણ આવતાં રહેતા. નગરીમાં ચાલતા ઉત્સવ નિમિત્તે અનેક રાજવીઓને નિમંત્રણો મોકલવામાં આવ્યાં હતાં. તેના અનુસંધાને રાજગૃહીમાં અનેક રાજાઓ ઉત્સવમાં ભાગ લેવા માટે આવ્યા હતા.

આજની રાજસભા વિશેષ પ્રકારે બોલાવવામાં આવી હોવાથી નગરીના લોકો, પરગામના લોકો ઊમટી પડ્યા હતા. નગરીના અગ્રણીઓ, કોટ્યાધિપતિઓ, શ્રેષ્ઠીઓ, સાર્થવાહો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આજની રાજસભા ખીચોખીચ ભરાઈ હતી.

ચારસોને નવ્વાણું મંત્રીઓ પોતપોતાના સ્થાને બિરાજ્યા હતા.

નગરજનોનો વર્ગ એક તરફ બિરાજમાન હતો. એક તરફ બહારથી આવેલા રાજવીઓ, ભાયાતો, સામંતો બેઠા હતા.

રત્નજડિત સુવર્ણમય આસન પર મહાદેવી ચેલ્લણા અન્ય રાણીઓ વચ્ચે બેઠી હતી. મહાદેવી ચેલ્લણાનું આસન સૌથી આગળ પડતી હરોળમાં રાખવામાં આવ્યું હતું. પાછલી હરોળમાં અન્ય રાજપરિવારની સ્ત્રીઓ બેઠી હતી.

પુણિયો શ્રાવક અને એની પત્ની જનસમૂહની વચ્ચે બેઠા હતા અને રાજસભાની કાર્યવાહીને જોઈ રહ્યા હતા.

સૌ મહારાણી ચેલ્લણાની વાતો કરતાં હતાં. ચેલ્લણાના મસ્તક પર મહાદેવીનું પદગૌરવ આપતો રત્નમુગટ શોભી રહ્યો હતો.

જેમ ચંદ્રને પણ શરમાવે તેવું તેજસ્વી મુખડું અને કમળને પણ શરમાવે તેવા નયનોમાંથી ઝરતું અમૃત સૌના હૈયામાં શીતળતા બક્ષી રહ્યાં હતાં.

મહાદેવી ચેલ્લણા અત્યંત સુંદર લાગી રહ્યાં હતાં. કમળદંડ જેવા સુંવાળા કોમળ હસ્ત પર રત્નકંકણ શોભી રહ્યાં હતાં. વિશાળ અને અતિ દીર્ઘ કેશકલાપને અંબોડામાં ગુંથ્યો હતો અને તેને ફરતી માલતી પુષ્પોની ગુંથણી કરી હતી. ખીલતી કળી સમા નાજુક પયોધર નવયૌવનના રસમાં તરબોળ બનેલી દેહલત્તાના ઉપવનમાં શોભી ન રહ્યાં હોય તેમ જણાતું હતું.

મહાદેવી ચેલ્લણાએ અત્યંત સ્વચ્છ, સુઘડ અને શ્રેષ્ઠત્તમ વસ્ત્રો ધારણ કર્યાં હતાં. કંઠમાં રત્નમાલા સહિત અન્ય બહુમૂલ્ય માળા શોભી રહી હતી. કર્ણ પર રત્નજડિત કુંડલ ધારણ કર્યાં હતાં. આ સિવાય અન્ય અલંકારો વસ્ત્રોની પાછળ છૂપાઈ ગયા હતા. તેથી સ્પષ્ટ રીતે નજરે નહોતા પડતા.

જ્યારે મહારાજા શ્રેણિક ચેલ્લણાનું હરણ કરીને આવ્યા ત્યારે તે પ્રસંગને ઉજવી શકયા નહોતા. તેથી એક માસના અંતે આ પ્રસંગને ઉજવવાનું નક્કી કર્યું હતું.

મહારાજા શ્રેણિક પોતાના સુવર્ણના રાજસિંહાસન પર બિરાજ્યા હતા.

રાજસભાની કાર્યવાહી આરંભાઈ.

રાજપુરોહિતે આશીર્વચન કહ્યાં. ત્યારબાદ ભાટ–ચારણોએ ગુણગાન ગાયા.

મહામંત્રી અભયકુમાર પોતાના આસન પરથી ઊભા થયા અને મધુર સ્વરે કહ્યું : ' આજે રાજગૃહી નગરીમાં બે પ્રસંગો નિમિત્તે ઉત્સવ રચાયો છે. એક તો મહારાજાધિરાજનો જન્મદિવસ છે અને બીજો મહત્ત્વનો પ્રસંગ મહાદેવી ચેલ્લણાદેવી મગધદેશનાં મહારાણી બન્યાનો. આ બન્ને પ્રસંગોને ગૌરવવંતુ રૂપ નગરીના લોકો આપી રહ્યાં છે અને ઉત્સવમાં ઉમંગભેર ભાગ લઈ રહ્યાં છે. આજ પ્રથમવાર મહાદેવી ચેલ્લણા રાજસભામાં ઉપસ્થિત થયા છે. આ મંગલ ઘડી પ્રસંગે નૃત્યનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે. નર્તકી દેવાંગના

પોતાની નૃત્યકલા પીરસશે અને લોકોને મનોરંજન પૂરું પાડશે.'

મહામંત્રી અભયકુમાર એના સ્થાન પર બેસી ગયા.

રાજસભામાં ઉપસ્થિત સર્વજન નૃત્ય નિહાળવા આતુર બન્યા હતા.

રાજસભાની વચ્ચોવચ્ચ નૃત્યમંચની રચના કરવામાં આવી હતી. નર્તકી દેવાંગના અને તેના વાદ્યકારો આવી ગયાં હતાં.

નર્તકી દેવાંગનાએ મહારાજા શ્રેણિક પાસે નૃત્ય દર્શાવવાની આજ્ઞા માગી.

મહારાજા શ્રેણિકે પ્રસન્ન હૃદયે મસ્તક હલાવ્યું.

અને...

નર્તકી દેવાંગનાએ શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં હતાં. જાણે સાક્ષાત મા સરસ્વતી જ જોઈ લો.

દેવી દેવાંગનાએ માતા સરસ્વતીની એક સુંદર પ્રાર્થના મધુર સ્વરે રજૂ કરી. દેવાંગનાના હાથમાં વીણા હતી. એ પળ તો જોનારાને એમ જ લાગે કે સાક્ષાત મા સરસ્વતીદેવી જ બિરાજ્યાં છે.

દેવાંગનાનો કંઠ મધુર હતો. વાદ્યોનો સંગાથ હતો. સૌ દર્શકોનાં હૈયાં મંગલમય પ્રાર્થનાથી હર્ષિત બન્યાં.

પ્રાર્થના લગભગ અર્ધઘટિકા પર્યંત ચાલી.

રાજસભામાં એકત્રિત સર્વ પ્રેક્ષકોએ દેવાંગનાની કલાને હર્ષનાદ વડે વધાવી લીધી.

તરત જ રાજસભાની વચ્ચોવચ્ચ તૈયાર કરવામાં આવેલા નૃત્યમંચ પર ધૂમ્રાવરણ છવાય તે પહેલાં નર્તકી દેવાંગનાના નૃત્યગુરુએ ઊભા થઈને કહ્યું : 'હવે નર્તકી દેવાંગના 'ચરણરજ' નૃત્ય રજૂ કરશે. ચરણરજના ભાવોથી અંકિત આ નૃત્ય સૌ દર્શકોને મોહિત કરશે...'

*આટલું કહીને નૃત્યગુરુ પોતાના સ્થાન પર બેસી ગયા.*

*નૃત્યમંચ પર ધૂમ્રાવરણ છવાયું.*

ત્યાં તો સૌના આશ્ચર્ય વચ્ચે મૃદંગનો ધીરગંભીર ધ્વનિ સૌના કર્ણપટ પર અથડાયો.

વિવિધ વાદ્યોની સુમધુર સુરાવલીઓ વાતાવરણમાં છવાઈ ગઈ. સૌની દૃષ્ટિ નૃત્યપીઠ પર સ્થિર બની.

વાદ્યમંડળીએ શ્રૃંગારપ્રધાન રાગની સુરાવલીઓ છેડવા માંડી.

સૌના આશ્ચર્ય વચ્ચે નર્તકી દેવાંગનાએ નૃત્યમંચ પર પ્રવેશ કર્યો.

નર્તકી દેવાંગના...!

બારીક શુભ્ર વસ્ત્રોમાં તેની સ્ફટિક સમી કાયા કમળના ફૂલ સમી કુમાશભરી શોભી રહી હતી. તેના જમણા હાથમાં નાના નાજુક કમળના ફૂલની દાંડી શોભી રહી હતી.

નર્તકી દેવાંગનાએ આછેરો દૃષ્ટિપાત પ્રેક્ષકગણ પર કર્યો.

પુણિયા શ્રાવકને કુતૂહલતા નહતી પરંતુ પત્નીના આગ્રહને વશ થઈને તે આવ્યો હતો એથી શાંતભાવે તે જોઈ રહ્યો હતો.

સામાન્ય રીતે પ્રેક્ષકો નૃત્ય જોવા આતુર બન્યા હોય તેવું લાગતું હતું.

અને...!

નૃત્ય આરંભાયું.

વાદ્યો પર સુમધુર ધ્વનિનો મીઠો રણકાર શરૂ થયો.

ખીચોખીચ ભરેલી રાજસભા નૃત્ય અને નર્તકીના હાવભાવને માણવા સ્તબ્ધ બની ગઈ.

સુષિરવાદ્યો તથા તંતુવાદ્યોના ધ્વનિથી વાતાવરણમાં પ્રસન્નતા છવાઈ ગઈ હતી, મૃદંગનો ભારેખમ અવાજ સંગીતની ગંભીરતા તેમજ નૃત્યના ભાવને રજૂ કરતો હતો.

સંગીતના લય-વિલય સાથે તેના હાથપગની અંગુલિઓ નૃત્યના રંગે રંગાવા લાગી.

અર્ધ ઘટિકા પસાર થઈ ગઈ.

દેવાંગનાના નયનોમાં મદભર્યા નર્તન સ્વર્ગની અપ્સરાઓના કલાપૂર્ણ લલિત નૃત્યનો આભાસ કરાવવા લાગ્યા.

નૃત્ય અને નર્તકી...

કલા અને કલાકાર...!

પ્રશંસા કોની કરવી ?

ચક્ષુઓ તો હંમેશા નવીનતાને જ જોવામાં આનંદ પામતી હોય છે. પુરબહારમાં ખીલી ઊઠેલા નૃત્યમાં કવિની કલ્પના સમાઈ જવા લાગી.

ચંદ્રની શીતળતા અર્પતી નર્તકીના પ્રત્યેક અંગોપાંગમાંથી સૌંદર્યના રસકાવ્ય ઝરવા લાગ્યા.

શંખાકાર જેવા જણાતા નયનોમાં વિદ્યુતનું તેજ ચમકવા લાગ્યું. અનિદ્ય રૂપ સૌંદર્ય અને અપૂર્વ વેશભૂષાને કારણે સ્વર્ગની પરી સમાન શોભી રહી હતી.

નાકની દાંડી પર શુક અને કપોલપ્રદેશ પર ગુલાબે વાસ કર્યો.

મુખમંડળમાં કમળ અને અધરોમાં પલ્લવ આવીને વસ્યાં.

નર્તકી દેવાંગના કલાનું કેન્દ્ર બની.

પ્રેક્ષકો નર્તકીના નૃત્યમાં રસતરબોળ બની ઊઠયાં.

વાહ...વાહ...ના પોકારોથી રાજસભાનો વિશાળ ખંડ ગાજી ઊઠયો હતો. સૌના મુખ પર પ્રસન્નતાનું માધુર્ય છલકાતું હતું.

અને...

નૃત્ય હળવું બનવા લાગ્યું.

વાદ્યોનો ધ્વનિ, લય, તાલ વગેરેમાં હળવાશ આવી ગઈ.

પ્રેક્ષકોમાં ઉત્તેજના વ્યાપી ગઈ.

પણ આ શું ?

નર્તકી દેવાંગનાએ પોતાના હળવા બનતા નૃત્યમાં એક અભિનવ પ્રયોગ કર્યો.

પ્રેક્ષકોનાં અતૃપ્ત નયનો ફરીને સચેત બન્યાં.

દેવાંગનાના નવીન અભિનવ પ્રયોગથી પ્રેક્ષકો વાહવાહ પોકારી ઊઠયા.

સૌ પ્રેક્ષકો આનંદવિભોર બની ગયાં.

સૌ કોઈએ પ્રસન્નતાનો સૂર વાતાવરણમાં વહાવ્યો.

વાદ્યોનો સુમધુર ધ્વનિ પણ વિલય પામ્યો.

નૃત્ય પૂરું થયું હતું.

સૌના ચહેરા પર પ્રસન્નતા જણાતી હતી.

મહારાજા શ્રેણિકે નર્તકી દેવાંગનાને ઉપહારમાં અમૂલ્ય રત્નોનો હાર તથા એક પાત્રમાં સુવર્ણમુદ્રાઓ, વસ્ત્રો વગેરે આપ્યાં. જેનો નર્તકી દેવાંગનાએ સહર્ષ સ્વીકાર કર્યો.

ત્યારબાદ સૌ પોતપોતાના સ્થાને જવા વિદાય થયા.

પુણિયો શ્રાવક પણ એની પત્નીને લઈને પોતાના સ્થાને જવા વિદાય થયો.

પુણિયા શ્રાવકની પત્ની બોલી : 'સ્વામી, નર્તકીની રજૂઆત સરસ હતી...નર્તકીએ નૃત્યની કઠોર સાધના કરી હોય તેવું જણાયા વિના ન રહે...'

'શ્રી, મને એમાં શી ખબર પડે ? તું કહે છે એટલે હું માની લઉં છું...'

'સ્વામી, કલાની દૃષ્ટિએ નૃત્ય સર્વોત્તમ હતું. કલાકાર જ્યારે કલાસાધનામાં ઓતપ્રોત થઈ જાય ત્યારે તેની કલા દીપી ઊઠે છે...'

'પ્રિયે, તારી વાત સાચી છે. કોઈપણ કલા પ્રત્યે એકાગ્રતા કેળવવામાં આવે અને સાધના કરવામાં આવે તો અવશ્ય સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ધર્મક્રિયામાં સભાનતા કેળવવામાં આવે તો અવશ્ય મન પર જીત મેળવી શકાય છે...' પુણિયા શ્રાવકે કહ્યું.

અને બન્ને પોતાના સ્થાને પહોંચ્યાં.

પુણિયો શ્રાવક પુણિઓ કાંતવા બેસી ગયો.

જ્યારે પુણિયા શ્રાવકની પત્ની ગૃહકાર્યમાં ગુંથાઈ ગઈ.

પૂજાના મુખ્ય બે પ્રકાર છે.

એક પૂજા દ્રવ્યથી થાય છે અને બીજી પૂજા ભાવથી થાય છે.

બંને પૂજા મંગલદાયક છે. આવશ્યક છે, અને પ્રેરક છે. પરંતુ એટલું ચોક્કસ કે દ્રવ્ય પૂજા કરતાં ભાવપૂજા વધારે બળવાન છે, તેજસ્વી છે. ભાવથી માણસ તરે છે, અને ડૂબે પણ છે. ભાવથી તો માનવી મુક્તિનો મંગળ માર્ગ દર્શાવનારું કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

પુણિયો શ્રાવક.

એની પત્ની શ્રી.

બન્ને નિયમિત પ્રાતઃકાળે શ્રી જિનેશ્વર ભગવંતની સેવાપૂજા અર્થે જતાં.

પુણિયો શ્રાવક અને એની પત્ની અંતરના ભાવથી સેવાપૂજા કરતાં. શ્રી જિનેશ્વરની પ્રભુની સેવાભક્તિ માટે ભાવથી ફૂલો ખરીદીને ચઢાવતાં.

જેમ પુણિયો શ્રાવક રે, સંતોષ ભાવ ધરે,
નિત્ય જિનવર પૂજી રે, ફૂલના પગર ભરે.

પુણિયા શ્રાવકનું અંતર શ્રી જિનેશ્વર ભગવંતની સેવાપૂજા કરતાં દ્રવી ઊઠતું હતું. પ્રતિમાજીનાં દર્શન કરતાં પુણિયો શ્રાવક

ભાવવિભોર બની જતો. અંતરમાં રણકાર થતો. આ જીવને ભવના ફેરામાંથી ક્યારે મુક્તિનો પ્રકાશ લાધશે? મુનિ મહારાજાઓ પોકારી પોકારીને જણાવે છે કે સંસારના ભૌતિક સુખો પાછળ દોડો નહિ. જે સુખ ક્ષણ માત્રનું છે. જે સુખ મૃગજળ સમાન તેની પાછળ દોડો નહિ. સંસારનો માર્ગ ગમે તેટલો સુંવાળો હોવા છતાં, સુખસમુદ્ધિ બક્ષનારો હોવા છતાં પણ તેમાં આત્મતૃપ્તિ પ્રાપ્ત થતી નથી અને આત્મતૃપ્તિ કે આત્મદર્શન માટે આ સાંસારિક સુખોનો ત્યાગ જ એક શ્રેષ્ઠ માર્ગ છે. રાગના બંધનોથી મુક્ત થવું અને વિરાગના પંથે ચાલવું એમાં જ આત્માનું શ્રેય રહેલું છે.

પુણિયો શ્રાવક જ્યારે જિનાલયના ગર્ભગૃહમાં બેસીને શ્રી જિનેશ્વર ભગવંતની સ્તુતિ ગાતો ત્યારે એની આંખમાંથી દડદડ આંસુડા વહેતા. પુણિયો શ્રાવક ભાવાવેશમાં આવી જતો. એનું અંતરમન પ્રભુની સ્તુતિ ગાતાં પ્રસન્ન બની જતું.

પુણિયો શ્રાવક સમગ્ર વિશ્વને સંસારને સમદષ્ટિથી જોવા લાગ્યો હતો. એના હૈયામાં ન તો કોઈ પ્રત્યે વૈર હતું કે ન તો કોઈ પ્રતિ ઈર્ષાભાવ...!

પુણિયો શ્રાવક સર્વ જીવ પ્રત્યે સમતાભાવ કેળવતો હતો. પુણિયો શ્રાવકના જેવા વિચારો હતા એવા જ એના આચાર હતા. એની વાણીમાં સંયમ હતો.

એક દિવસ જે વિદ્યાસિદ્ધ પુરુષ પુણિયા શ્રાવકને ત્યાં આવ્યો હતો અને આંગણે પડેલી તરીને સુવર્ણની કરી હતી. તે વિદ્યાસિદ્ધ પુરુષ ફરીને પાછો પુણિયા શ્રાવકને ત્યાં આવ્યો. એણે મનમાં કલ્પના કરી હતી કે પુણિયાની સ્થિતિમાં સુધારો થયો હશે પણ એણે પુણિયા શ્રાવકને ત્યાં આવીને જોયું તો પુણિયાની સ્થિતિમાં કશો ફેરફાર નહોતો.

વિદ્યાસિદ્ધ પુરુષને આશ્ચર્ય થયું અને એના મનમાં થયું કે સુખે જીવવા માટે લખલૂંટ સંપત્તિની નહિ પરંતુ સંતોષની જરૂર છે. એ વાત પુણિયા શ્રાવકે સિદ્ધ કરાવી બતાવી છે.

વિદ્યાસિદ્ધ પુરુષે પુણિયા શ્રાવકને અંતઃકરણથી આશીર્વાદ આપીને વિદાય લીધી.

પુણિયા શ્રાવક જ્યારે સામાયિક લઈને બેસતા એટલે બીજી જ પળે આત્મસમભાવમાં એકાકાર બની જતા. આત્મા વડે આત્મામાં ઓતપ્રોત બની જતા. જ્યારે અંતરમાં જ્ઞાનનો પ્રકાશ લાધે છે ત્યારે માનવીમાં સમતાભાવના ગુણનો વિકાસ થાય છે. સંસારના કોઈપણ બંધનો તેને આડખીલીરૂપ થતાં નથી. તે માનવી સરળતાથી અને સંતોષ ધારણ કરીને પોતાનું જીવન વીતાવે છે.

આજે પુણિયા શ્રાવકને ત્યાં એક સાધર્મિક મધ્યાહ્ન સમયે આવી ચડયો. પુણિયા શ્રાવકે ઉમળકાથી સાધર્મિકનો સત્કાર કર્યો. બેસવા માટે આસન આપ્યું. પુણિયો શ્રાવક અને આંગણે આવેલો સાધર્મિક વાતો કરવા લાગ્યા.

વાતવાતમાં પુણિયા શ્રાવકે પૂછ્યું : 'ભાઈ, તમારું નામ શું છે?'

'મારું નામ જયદેવ છે...અને હું બહારથી આવું છું...' જયદેવે કહ્યું.

'તમારું ગામ કયું?'

'હું શ્રીપુર ગામેથી આવું છું. રાજગૃહી નગરીમાં આવવાનું કારણ માત્ર નગરી દર્શન છે...અહીંના જિનાલયમાં કોઈએ મને આપનું નામ આપ્યું એથી અહીં આવી ચડયો.'

'ભાઈ, ઘણું સારું કર્યું...સાધર્મિક ભક્તિનો અનેરો લાભ મળશે...' પુણિયા શ્રાવકે કહ્યું.

'અહીંના ભવ્ય પ્રાસાદો, દર્શનીય જિનાલય તેમજ સુઘડ માર્ગો

જોઈને હું અત્યંત ખુશ થયો છું. અહીંની બજારોની શોભા પણ અપૂર્વ છે...'

'ભાઈ, તમારી વાત સાચી છે. રાજગૃહી નગરી ખરેખર દર્શનીય છે. આપ શ્રીપુર ગામમાં શું કરો છો ?'

'શ્રીપુર ગામમાં મારે કરિયાણાની નાનકડી હાટડી છે. કરિયાણાના વેપારથી મારા પરિવારનું ગુજરાન ચાલે છે...'

'તમે ખરીદી અર્થે રાજગૃહી નગરીમાં આવતા નથી ?'

'ના...અમારા ગામથી નજીક એક મધ્યમ કક્ષાનું નગર આવેલું છે. હું ત્યાંથી ખરીદી કરું છું...' જયદેવે કહ્યું.

બરાબર...ચાલો આપણે ભોજન કરી લઈએ...' પુણિયા શ્રાવકે કહ્યું.

પુણિયો શ્રાવક અને જયદેવ ઊભા થયા.

બન્ને આંગણામાં આવ્યા અને હાથમુખ સ્વચ્છ કર્યાં.

પુણિયા શ્રાવકની પત્નીએ અંગલુંછણું આપ્યું. બન્નેએ વારાફરતી હાથ-મોં અંગલુછણાથી સ્વચ્છ કર્યાં.

બન્ને નાનકડા ખંડમાં આવ્યા.

પુણિયા શ્રાવકનું મકાન બે ખંડ અને આગળ નાનકડું આંગણું હતું. એનું મકાન જર્જરીત હાલતમાં હતું. પુણિયા શ્રાવકની આવક એટલી નહોતી કે તે પોતાનું મકાન સરખું કરવા માટે ખર્ચ કરી શકે. પરંતુ પુણિયા શ્રાવકને એ બાબત માટે જરા પણ રંજ નહોતો. પુણિયા શ્રાવકને સંતોષ એજ જીવન મંત્ર હતો.

પુણિયા શ્રાવકની પત્નીએ સ્વામી અને અતિથિ માટે પાથરણા મૂકયા હતા.

પુણિયો શ્રાવક અને જયદેવ પાથરણા પર બેસી ગયા.

પુણિયા શ્રાવકની પત્ની શ્રીએ તરત જ પાત્રો મૂકયા. રસોઈમાં ખાસ કોઈ વસ્તુ બનાવવામાં આવી નહોતી. સાદું અને સાત્વિક ભોજન

હતું. શ્રીને આજે ઉપવાસ હતો.

થોડી વારમાં પુણિયા શ્રાવકની પત્ની ભાણામાં ભોજનસામગ્રી પીરસી ગઈ. બન્નેએ ભોજન ગ્રહણ કરવું શરૂ કર્યું. ભોજન સાદું હોવા છતાં સ્વાદિષ્ટ હતું. સાત્વિક હોવાથી આરોગ્યને કશી હાનિ પહોંચે તેમ નહોતી.

બન્નેએ ખૂબ જ નિરાંતથી ભોજન કર્યું.

લગભગ અર્ધ ઘટિકા બાદ બન્ને ભોજનકાર્યથી નિવૃત્ત થયા અને હાથમુખ સ્વચ્છ કરીને ખંડમાં આવ્યા.

જયદેવે થોડીવાર સુધી પુણિયા શ્રાવક પાસે બેસીને પછી વિદાય લીધી.

દિવસના ચોથા પ્રહરે પુણિયો શ્રાવક અને તેની પત્ની શ્રી સામાયિક ક્રિયા અર્થે કટાસણું લઈને બેઠાં.

પણ આ શું ?

કોઈ દિવસ નહિ ને આજે આમ કેમ ?

પુણિયો શ્રાવક વિચારે ચડ્યો.

પુણિયા શ્રાવકને થયું કે આજ સામાયિકમાં મન સ્થિર કેમ થતું નથી ? અંતરમાં અસ્થિરતાનાં આંદોલનો કેમ જાગૃત થયાં છે ?

પુણિયા શ્રાવકનું અંતરમન વ્યગ્ર બન્યું અને થયું કે કોઈ દિવસ નહિને આજે ચિત્તમાં સ્થિરતા કેમ આવતી નથી...?

પુણિયા શ્રાવકે નવકારના આરાધનમાં લીન થઈ જવાનો પ્રયત્ન આદર્યો...પણ પરિણામ શૂન્ય...!

પુણિયા શ્રાવકને થયું કે પોતાના સામાયિકમાં આ કેવી કચાશ ? આ કચાશનું કારણ મારે શોધવું જ પડશે.

આમ વિચારીને પુણિયા શ્રાવકે પોતાની સમગ્ર દિનચર્યાની ઝીણવટભરી તપાસ આદરી.

પુણિયા શ્રાવકે વિચાર્યું કે સવારથી અત્યાર સુધીમાં મેં કોઈ

જીવનું અશુભ તો ચિંતવ્યું નથી ને ?

પુણિયા શ્રાવકને થયું કે મારાથી જાણતા કે અજાણતાં અનીતિનું સમર્થન તો થયું નથી ને? આવક વધારવા માટે રૂની પુણીઓ વધુ બાંધવાનો દુર્વિચાર તો નથી સુઝયો ને ?

પુણિયો શ્રાવક વિચારતો હતો કે આજે આંગણે આવેલા અતિથિ સાથે મારાથી કોઈ દુર્વ્યવહાર તો થયો નથીને ? એના આત્માને કોઈ દુઃખ તો પહોંચાડયું નથી ને ?

ના...ના...ના...પુણિયાના અંતરમાંથી અવાજ ઊઠયો.

તો પછી આજે સામાયિકમાં મનની સ્થિરતા કેમ ન આવી ?

મારાથી કયો દોષ થયો કે જે હું જાણતો નથી !

પુણિયા શ્રાવકની મુંઝવણ વધી ગઈ. સામાયિક કરતાં જે અપૂર્વ આનંદની અનુભૂતિ થતી ત્યાં આજે ચિત્તમાં અસ્થિરતા પ્રગટતા મન વ્યગ્ર બની ઊઠયું હતું. પુણીયા શ્રાવકને ચિંતા સતાવી રહી હતી.

પુણિયા શ્રાવકને કોઈ કારણ સમજાતું નહોતું.

માનવીના ચિત્તમાં જ્યારે અસામાન્ય બાબત જાગૃત થાય ત્યારે એનું ચિત્ત વિહ્વળ બની જાય છે.

પુણિયો શ્રાવક.

આજે સામાયિકમાં ચિત્ત પરોવાતું ન હોવાથી વિહ્વળ બની ઊઠયો હતો. એના અંતરમાં અનેક પ્રશ્નો જાગૃત થયા હતા.

પુણિયા શ્રાવકે આજનો પોતાનો દૈનિકક્રમ તપાસ્યો, એના પર મંથન કર્યું પરંતુ કશું પરિણામ ન આવ્યું.

પુણિયો શ્રાવક કશું સમજી શકતો નહોતો.

એના માટે મુંઝવણભરી પરિસ્થિતિ સર્જાણી હતી.

પુણિયા શ્રાવકને થયું કે આજે સામાયિકમાં ચિત્તની સ્થિરતા કેમ આવી નહીં હોય...! મારાથી શો અપરાધ થયો હશે ?

છેવટે કચવાતા મને ઊંડા નિસાસા સાથે પુણિયા શ્રાવકે સામાયિક

પાર્યું. પરંતુ પુણિયા શ્રાવકની વ્યથાનો પાર નહોતો.

સામાયિક પાર્યા પછી પુણિયાએ પોતાની પત્ની શ્રીને બોલાવી અને વ્યથિત સ્વરે કહ્યું: 'શ્રી, ગમે તેમ હોય પરંતુ આજ આપણા ઘરમાં એવો કોઈ અજુગતો બનાવ બની ગયો છે. જેની માઠી અસરના કારણે સામાયિક સમયે ચિત્તની સ્થિરતા ન લાધી. આત્મા સાથેનું અનુસંધાન ન થયું. આજે આમ કેમ બન્યું તે મારા માટે અનહદ આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. આથી મારે તમને પૂછવાનું કે એવી કોઈ ભૂલ થઈ ગઈ હોય તો આપણે તેને શોધી કાઢવી જ જોઈએ. હું મારી દિનચર્યા તપાસી ગયો, હવે તમારી દીનચર્યા તપાસી જુઓ...'

પુણિયા શ્રાવકની પત્ની થોડીવાર માટે ગંભીર બની ગઈ.

પુણિયા શ્રાવકની પત્ની સવારથી અત્યાર સુધી શું શું કામ કર્યું તે યાદ કરવા લાગી ત્યાં જ એને આંચકો લાગ્યો.

પુણિયા શ્રાવકની પત્ની વિચારોના વર્તુળમાં ગુંથાઈ હતી. એને એક વાત યાદ આવતાં આંચકો લાગ્યો.

જે પુણિયા શ્રાવકની પત્ની વિચારતી હતી કે સવારે જ્યારે હું છાણા લેવા ગઈ ત્યારે મારા છાણાંની જોડે બીજી એક બેનનાં છાણાં પડેલાં હતાં. તે પૈકી એક છાણું કદાચ મારું ન હોય એવો સંશય છાણાં લઈ ઘેર આવી ત્યારે મનમાં ઉદ્ભવ્યો હતો. પરંતુ હવે નક્કી થાય છે કે એ છાણું મારું નહિ પણ એ બેનનું જ હતું અને એ પરાયા ધનરૂપી એ છાણાના તાપમાં મેં જે રસોઈ કરી તે આજે મારા સ્વામીએ તથા સાધર્મિકે વાપરી. એટલે સ્વામીના મનને તેની અવળી અસર થઈ અને તેમનું મન પણ અણકહ્યાગરા સેવકની જેમ આત્માની સેવામાં ન જોડાતાં તોફાનના માર્ગે ચડી ગયું.

અણહકનું એક છાણું પણ આરાધનામય જીવનનો નિર્મળ નિરભ્રમાં પાપના શ્યામ વાદળ રૂપે કેવો આકાર ધારણ કરે છે તેની ગંભીરતાને, તેના રૂપને સમજીને પુણિયા શ્રાવકની પત્નીએ કહ્યું :

'સ્વામી, મને ક્ષમા કરો...મારા હાથે જ ગંભીર ભૂલ થઈ ગઈ છે. મેં આણેલા અણહકના છાણાંએ જ આજ આપને સામાયિકમાં સ્થિર થવા ન દીધા...'

આમ કહીને પુણિયા શ્રાવકની પત્નીએ સવારના બનેલી ઘટના સ્વામીને કહી સંભળાવી.

પુણિયા શ્રાવકની પત્નીએ ક્ષમા માગતાં કહ્યું : 'સ્વામી, મને ક્ષમા પ્રદાન કરો. મારાથી જ ભૂલ થઈ ગઈ છે. મેં આણેલા અણહકના છાણાએ આજ આપને સામાયિકમાં સ્થિર બનવા ન દીધા.

પુણિયો શ્રાવક કશું ન બોલ્યો. એના અંતરમાં જે ચિંતા સતાવી રહી હતી તેનું નિરાકરણ થઈ ગયું. પુણિયા શ્રાવકનું ચિત્ત વ્યાકુળ બન્યું હતું તે પત્નીની વાતથી શાંત થયું.

રૂમાંથી કપાસિયા કાઢીને પુણિયો બનાવનાર આ શ્રાવક પોતાના જીવનમાં દુર્વિચારોનો પ્રવેશ ન થાય તે માટે કેટલો સજાગ રહેતો હશે?

આત્માની શુદ્ધિ માટેની પુણિયો શ્રાવકની સભાનતા અપૂર્વ હતી.

ધન્ય છે પુણિયા શ્રાવકને...!

એક વાર વિહાર કરતાં કરતાં શ્રી સુધર્મા સ્વામી રાજગૃહી પધાર્યા અને રાજગૃહીના ઉદ્યાનમાં સમવસર્યા.

આ સમાચાર વાયુવેગે રાજગૃહી નગરીમાં પ્રસરી જતાં લોકોનાં ટોળેટોળાં રાજગૃહીના ઉદ્યાનમાં ઊમટી પડયા.

લોકોની સાથે પુણિયો શ્રાવક અને તેની પત્ની પણ હતાં.

મહારાજા શ્રેણિક અને રાજપરિવાર પણ શ્રી સુધર્માસ્વામીના દર્શનાર્થે જવા નીકળી ગયાં હતાં.

સૂર્યનાં કિરણોથી ધરતી થનગની રહી હતી. મંદમંદ વહેતો વાયુ વાતાવરણને મધુરતા બક્ષી રહ્યો હતો. ધર્મસભામાં દરેકે યોગ્ય સ્થાને બેઠક ગ્રહણ કરી.

મહારાજા શ્રેણિક અને રાજપરિવારના સભ્યો અગ્ર ભાગે બેઠા હતા. જ્યારે પુણિયો શ્રાવક અને તેની પત્ની લોકોની વચ્ચે બેઠાં હતાં.

શ્રી સુધર્મા સ્વામીની ભવ્ય આકૃતિ, તેજસ્વી વદન અને ભવ્ય લલાટ પર તપતું તેજ જોઈને દરેકનું મસ્તક આપોઆપ નમી પડ્યું.

આર્યશ્રી સુધર્મા સ્વામીએ દેશનાની દિવ્ય કવિતા લલકારી.

'હે ભદ્રજનો, ઘટવા અને વધવારૂપ કાર્યોથી પણ ભયંકર એવી લક્ષ્મીના ચંચળરૂપ મોજાં ન હોય તો આ સંસાર સમુદ્ર લોકોને તરવો ઘણો સરળ રહેત પરંતુ ભૌતિક સુખ, માયા-મરિચિકાના આકર્ષણમાં માનવી વિશેષ આનંદ પ્રાપ્ત કરે છે. વધુ સુખ મેળવે છે તે માત્ર ભ્રમણા જ છે. આ ભવસાગરના વિષે માનવીનું આયુષ્ય મેઘની જેમ ગળ્યા કરે છે. લક્ષ્મી ચંચળ છે એ વાત ભૂલવા જેવી નથી. આથી આયુષ્ય અને લક્ષ્મી અર્થે સ્થિરાત્મા એવા વિવેકી પુરુષે ચિરઃકાળ સ્થિર છે એવા ત્રણ રત્નો ગ્રહણ કરવા જોઈએ. રત્નત્રયીની આરાધના કરવી જોઈએ.

'ઉપાશ્રય, ઔષધ, પુસ્તક અને આહાર, વસ્ત્ર આદિથી જ્ઞાનીઓની ભક્તિ કરવાથી ગૃહસ્થ જ્ઞાનને આરાધે, સ્વામી વાત્સલ્ય, શ્રી જિનમંદિર, યાત્રાપૂજા, શ્રી જિનેશ્વર ભગવંતના તીર્થની પ્રભાવના કરવાથી ગૃહસ્થ સમકિતનું ઉપાર્જન કરે છે. ચારિત્રના પાત્ર એવા ઉત્તમ સાધુ ભગવંતોની ભક્તિ કરવાથી તપશ્ચર્યા કરીને ગૃહસ્થ ચારિત્ર્યનું ઉપાર્જન કરે...આમ રત્નત્રયીની આરાધના કરવી જોઈએ. માનવી મોહવશ બનીને આત્મકલ્યાણનો માર્ગ મેળવી શકતો નથી. પ્રમાદ ખંખેરવાની જરૂર છે. જે પ્રમાદમાં મોહાંધ બનીને રહે છે, તેઓ અશરણ એવી ભવરૂપી અટવીમાં ભ્રમણ કર્યા કરે છે...'

શ્રી સુધર્મા સ્વામીની વાણી અસ્ખલિત રીતે વહેતી હતી.

'આ અનાદિ સંસારમાં જન્મ, કર્મ અને કષાયની રૌદ્ર ભૂતાવળમાં અટવાતા આત્માઓને માનવજન્મ, આર્યત્વ તેમજ શ્રી વીતરાગ દેવ પ્રણીતશ્રુત ચરિત્રધર્મની પ્રાપ્તિ કરવી અતિશય દુર્લભ છે. કારણ અનંત પુણ્યરાશિની કમાણી પર તે સાધનો નિર્ભર છે. આથી આ સાધનોનું મહત્ત્વ વચનાતીત છે. સમ્યગ્‌દર્શન, સમ્યગ્ ચારિત્ર્યને દૃઢ તેમજ સમૃદ્ધ શ્રી સમ્યગ્‌જ્ઞાન બનાવે છે.

શ્રદ્ધા સમ્યકત્વનું પવિત્ર બીજ છે. તેનાથી મુક્તિ થાય છે ધર્મશ્રદ્ધા પ્રગટાવવા માટે ધર્મજ્ઞાનની આવશ્યકતા છે. કેવળ માનવભવ મળવાથી આત્માનો વિકાસ સાધી શકાતો નથી. તેના માટે પ્રયત્નશીલ થવું જોઈએ.

આત્મકલ્યાણના માર્ગને ગ્રહણ કરવા માટે સંસારના સુખોને ત્યજવા પડે છે. સંસાર ત્યાગ કરવો પડે છે. જ્ઞાન ગમે તેટલું લઈએ પરંતુ સાચા જ્ઞાન માટે શ્રદ્ધા ન જન્મે તો એ જ્ઞાન શા કામનું ? આથી શ્રદ્ધા એ સંયમદ્વાર છે.

સંયમની ભાવના જાગતાં પ્રત્યાખ્યાનની શરૂઆત થાય છે. એનાથી સંવર થાય છે. એટલે કર્મોને આવવાનાં દ્વાર બંધ થાય છે. આત્મા પર જે મલિન રજ લાગે છે તે રોકાઈ જાય છે. એ રોકાયા પછી આત્મા પર લાગેલાં પહેલાંના કર્મોને દૂર કરવા માટે નિર્જરા કરાય છે.'

જ્યારે નિર્જરાની પ્રક્રિયા તપ દ્વારા કરવામાં આવે છે. તપથી જ્યારે આત્મા પર લાગેલા પહેલાંના કર્મો વિખરાઈ જાય છે ત્યારે આત્મા નિર્મળ બને છે. આત્માની આવી નિર્મળતાને જ મુક્તિ કહેવામાં આવે છે. સઘળાં કર્મોનો નાશ કરીને આત્મા જે સ્થળે જાય અને ફરી વખત જન્મ ન લેવો પડે તે મુકિતનું સ્થાન.'

શ્રી સુધર્માસ્વામીની મધુર વાણીનો રસાસ્વાદ રાજગૃહી નગરીના લોકો ખૂબ એકાગ્ર ચિત્ત રાખીને માણી રહ્યા હતા.

શ્રી સુધર્માસ્વામીએ મંગલમય વાણીમાં જણાવ્યું : 'માનવ-જીવનનો સાચો અને મંગલમય માર્ગ ત્યાગ સિવાય અન્ય કોઈ નથી. ત્યાગ વગર મુક્તિ નથી અને મુક્તિ વગર શાશ્વત સુખની પ્રાપ્તિ નથી. ત્યાગ પાછળ જ્ઞાન, વિશ્વાસ અને શ્રદ્ધાનો પ્રદીપ પ્રગટવો જોઈએ. એ વગરનો ત્યાગ શું કામનો ? ભૌતિક સુખની લાલસામાં મગ્ન બનેલા જીવોને ત્વરિત ત્યાગનો માર્ગ દેખાતો નથી. તેઓ તો સુખની ભ્રમણામાં રચ્યાપચ્યા રહે છે. રાગની આરાધનામાં જ પોતાનું જીવન પસાર કરતા રહે છે પરંતુ જ્યારે વિરાગની મસ્તી અંતરમાં જાગી ઊઠે છે ત્યારે સંસારના બધા સુખોને પળમાત્રમાં ત્યજીને કલ્યાણકારી સંયમના પંથે પ્રયાણ કરે છે અને રત્નત્રયીની આરાધનામાં મન પરોવે છે.

મુક્તિની ઝાંખી અને પ્રાપ્તિ ત્યાગ સિવાય અન્ય સંભવિત નથી. મોહ, માયા, પ્રેમ, અહંકાર, સ્નેહ, ક્રોધ, વૈરથી ભરેલા આ સંસારના રસોને ત્યજીને આત્મમંગલ અર્થે સર્વ જીવોએ પ્રયત્ન આદરવો જોઈએ.'

આર્યશ્રી સુધર્મા સ્વામીના ધર્મોપદેશથી દરેકના અંતરમાં પરમ શાંતિ પથરાઈ ગઈ, સૌના હૈયા નાચી ઊઠ્યા હતા.

આર્યશ્રી સુધર્માસ્વામીનું મંગલમય પ્રેરક પ્રવચન પૂર્ણ થયું.

ધર્મસભામાં પધારેલ શ્રોતાગણ તથા ધર્મીજનો પોતપોતાના સ્થાને જવા વિદાય થવા માંડ્યા.

પુણિયો શ્રાવક અને તેની પત્ની પણ આર્યશ્રી સુધર્માસ્વામીની વાણીને અંતરમાં ઉતારીને પોતાનાં સ્થાને જવા વિદાય થયા.

જતાં જતાં માર્ગમાં પુણિયા શ્રાવકની પત્ની બોલી : 'સ્વામી, આજે આર્યશ્રી સુધર્માસ્વામીનું પ્રવચન સાંભળીને અંતરમાં

ખળભળાટ મચી ગયો...'

'શ્રી, આર્યશ્રી સુધર્માસ્વામીનું પ્રવચન સચોટ અને મંગલમય હતું. એમણે મુક્તિનો મંગલમય પંથ સરળ ભાષામાં બતાવ્યો...'

પુણિયો શ્રાવક અને તેની પત્ની વાતો કરતાં કરતાં પોતાના સ્થાને આવ્યા.

પુણિયો શ્રાવક રૂની પુણિઓ કરવા બેસી ગયો.

મધ્યાહ્ન સમયે પુણિયો શ્રાવક રૂની પુણિઓ વેચવા અર્થે બજારમાં ગયો. પુણિયો શ્રાવક એક વેપારીને પુણિઓ આપી દેતો અને જે કંઈ રકમ થતી તે લઈને પોતાના ઘેર પાછો ફરતો.

આમ પુણિયા શ્રાવકના દિવસો ધર્મમય રીતે પસાર થતા હતા.

## ૫ : : શ્રી વીરપ્રભુની વાણી

મગધ દેશના સત્તાધીશ મહારાજા શ્રેણિક રાજસભામાં જવા માટે રાજભવનના મુખ્ય દ્વાર પાસે આવ્યા ત્યારે સુવર્ણમય રત્નજડિત રથ મહારાજાની પ્રતીક્ષા કરતો ઊભો હતો. મહાપ્રતિહાર મહારાજની સાથે હોવાથી તે મહારાજા શ્રેણિક રથમાં બેઠા પછી તરત જ રથ પર ચડયો.

રથમાં બેસતાં મહાપ્રતિહારે મહારાજાને શુભ સંદેશો આપતાં કહ્યું : 'કૃપાનાથ, આજે હૈયું પ્રસન્ન બને તેવા સમાચાર સાંભળ્યા છે: શ્રી મહાવીરદેવ ભગવંત આવતી કાલે ગુણશીલ ઉદ્યાનમાં પધારી રહ્યા છે...'

'ઓહ, આ તો અત્યંત આનંદજનક સમાચાર છે...શ્રી મહાવીર પ્રભુની વાણીનો લાભ લેવાનું કોણ ચૂકે?' મહારાજા શ્રેણિકે કહ્યું.

થોડી વારમાં રથના સારથિએ રથને રાજસભાના મુખ્ય દ્વાર પાસે સ્થિત કરી મૂકયો.

મહારાજાધિરાજ શ્રેણિક મહારાજ પધારી રહ્યા છે તે માટે આગમનસૂચક ધ્વનિની છડીદારે છડી દ્વારા જાણ કરી. રાજસભામાં સૌ મહારાજાની પ્રતીક્ષા કરવા લાગ્યા. પરંતુ સભાજનોને વધુ વાર પ્રતીક્ષા કરવી ન પડી. થોડી જ વારમાં મહારાજા શ્રેણિકે મંથર ગતિએ રાજ-

સભાના વિશાળ ખંડમાં પ્રવેશ કર્યો ત્યારે સભાજનોએ ઊભા થઈને મહારાજાધિરાજનો જયનાદ પોકાર્યો. સર્વ સભાજનોના મુખ પર મહારાજા શ્રેણિકના આગમનથી હર્ષ છવાયો હતો.

મગધરાજ શ્રેણિક ધીમે પગલે રાજસિંહાસન તરફ જઈ રહ્યા હતા. મહારાજા શ્રેણિક સર્વ લોકોનું અભિવાદન સ્વીકારતા સિંહાસન પર આવીને બેઠક ગ્રહણ કરી. રાજા શ્રેણિકનું સિંહાસન સુવર્ણમય અનેક રત્નોથી મઢેલું અદ્વિતીય હતું. સિંહાસનના હાથા પર સુંદર નકશીકામ કરેલું હતું. તેમાં જુદાં જુદાં રત્નો જડ્યાં હતાં. સમગ્ર સભાખંડમાં સિંહાસનની તેજસ્વિતા, ભવ્યતા કંઈક અલગ જ ભાત પાડતી હતી. સિંહાસનની બાજુમાં મહામંત્રીશ્વરનું આસન શોભતું હતું. રાજપુરોહિતનું આસન પણ ત્યાં જ ગોઠવવામાં આવ્યું હતું. ન્યાયાધિકારીઓનાં આસન થોડે દૂર હતાં. મંત્રીઓની ટૂકડી એક તરફ બિરાજી હતી અને તે રાજસભામાં ચાલતી કાર્યવાહીમાં પૂર્ણ રસ લેતી હતી. નગરશેઠ અને નગરીના અન્ય મુખ્ય આગેવાનોનાં આસન સભાખંડમાં અગ્રસ્થાને હતા. પ્રજાજનો પણ રાજસભાની કાર્યવાહી બરાબર રીતે નિહાળી શકે તે માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. રાજપરિવારનો સ્ત્રી વર્ગ એક તરફ બિરાજ્યો હતો. નગરીની સ્ત્રીઓ પણ રાજસભાના મુખ્ય પ્રસંગે ઉપસ્થિત રહેતી. રાજસભામાં દરેક આસનો વ્યવસ્થિત રીતે ગોઠવાયેલાં હતાં. પરગામથી અનેક લોકો મગધરાજની રાજસભા જોવા આવતા.

પુણિયો શ્રાવક અને તેની પત્ની પણ રાજસભામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

મગધરાજ શ્રેણિકે રત્નજડિત સુવર્ણનો સુંદર નકશીવાળો રાજમુગટ ધારણ કર્યો હતો. એમણે શુભ્ર વસ્ત્રો ધારણ કર્યાં હતાં. બન્ને હાથમાં બાજુબંધ શોભી ઊઠ્યાં હતાં. કંઠમાં મુક્તાની માળા તેમજ સુંદર અમૂલ્ય રત્નોની માળા શોભી ઊઠી હતી. મહારાજા શ્રેણિકનો

પ્રભાવ અકલ્પ્ય હતો.

મહારાજા શ્રેણિકે આસન ગ્રહણ કર્યા પછી દરેક સભાજનો પોતપોતાની બેઠક પર બેસી ગયા. દરેકના મુખ પર સભાની કાર્યવાહી શરૂ થાય તેવાં આતુરીનાં ચિહ્નો જણાતાં હતાં. સ્ત્રીવર્ગમાં ધીમો ગણગણાટ હતો તે શાંત પડી ગયો.

સમગ્ર રાજસભાના ખંડમાં નીરવ શાંતિ પ્રસરી ગઈ.

રાજપુરોહિત પોતાના આસન પરથી ઊભા થયા. સ્વસ્થ બનીને મધુર સ્વરે સ્વસ્તિવાચન કર્યું. મહારાજા શ્રેણિકને શુભાશીર્વાદ આપ્યા.

ત્યારબાદ ભાટચારણોએ બિરદાવલી ગાઈ. પ્રારંભિક વિધિ પૂર્ણ થયા પછી મહારાજા શ્રેણિકે મહામંત્રી અભયકુમારની સામે જોયું.

મહામંત્રી અભયકુમાર પોતાના આસન પરથી ઊભા થયા અને મહારાજને નમન કરીને સભાજનો સામે એક દૃષ્ટિ ફેંકીને મધુર સ્વરે કહ્યું : 'મહારાજાધિરાજ, રાજપુરોહિતજી, તથા પ્રિય સભાજનો, મગધ રાજ્યનું રાજ્ય સંચાલન મહારાજની સીધી દેખરેખ હેઠળ થાય છે. આપણા રાજ્યની રક્ષણ વ્યવસ્થા સુદૃઢ છે. આજે કોઈને કશી ફરિયાદ રજૂ કરવી હોય તો વિના સંકોચે અત્રે રજૂ કરી શકે છે.'

આટલું કહીને મહામંત્રી અભયકુમાર મૌન બનીને ઊભા રહ્યા.

પરંતુ કોઈ ઊભું ન થયું. જ્યાં સુદૃઢ, વ્યવસ્થિત અને ન્યાયી રાજતંત્ર પ્રવર્તતું હોય ત્યાં ફરિયાદને અવકાશ રહેતો નથી. નાના-મોટા પ્રશ્નો ઘરમેળે જ પતી જતા. મહાજન પાસે પ્રશ્ન આવે તો તેનો ઉકેલ ત્વરિત આવી જતો. આથી રાજસભામાં ક્યારેક જ ફરિયાદી ફરિયાદ કરવા માટે આવતો.

મહામંત્રી અભયકુમારે પ્રસન્ન સ્વરે માહિતી આપતાં જણાવ્યું : 'આવતી કાલે પ્રભુ મહાવીરદેવ આપણી નગરી બહાર ગુણશીલ નામના

ઉદ્યાનમાં પધારશે. તો ભાવિકજનોને દર્શનાર્થે તથા એમની અમૃતમય વાણીનો લાભ લેવાનું કહેવામાં આવે છે.'

મહામંત્રી અભયકુમારના શબ્દોને સભાજનોએ હર્ષનાદ કરીને વધાવી લીધા.

અભયકુમાર પોતાના આસન પર બેસી ગયા.

મહારાજા શ્રેણિક સિંહાસન પરથી ઊભા થયા. સભાજનો સામે જોઈને પ્રસન્ન સ્વરે કહ્યું : 'મારા પ્રિય સભાજનો, આવતી કાલે આપણી નગરી બહાર ગુણશીલ ઉદ્યાનમાં શ્રી મહાવીરદેવ પ્રભુ પધારે છે તે અતિ ઉલ્હાસ અને આનંદદાયક સમાચાર છે. એમની અમૃતમય વાણીનો લાભ મેળવવો તે અતિ સૌભાગ્યની વાત છે.'

થોડીવાર સુધી મગધરાજે ભાવવાહી શૈલીમાં સભાજનો સમક્ષ પોતાના હૈયાની વાત કરી, ત્યાર પછી તેઓ પોતાના આસન પર બેસી ગયા.

અને રાજસભાની કાર્યવાહી શરૂ થઈ. રાજકીય, આર્થિક, સામાજીક તેમજ અન્ય પ્રશ્નો મહારાજાની સમક્ષ રજૂ થતાં ઉકેલ આવવા લાગ્યો. સમય થતાં રાજસભાનું કાર્ય પૂરું થયું. મહારાજા શ્રેણિક રાજભવન તરફ જવા વિદાય થયા.

બીજે દિવસે પ્રાતઃકાળે રાજગૃહી નગરીના લોકો તેમજ જ્યાં જ્યાં સર્વજ્ઞ ભગવંતના સમાચાર પહોંચ્યા હતા તે તે સ્થળેથી લોકો દર્શન અને મંગલમય વાણીનો રસાસ્વાદ માણવા માટે ઉમટી પડ્યા.

હજુ સૂર્યોદય પણ થયો નહોતો. નિરભ્રમાં પક્ષીઓનો મધુર કલરવ પણ ગુંજતો નહોતો તેવા સમયમાં લોકોનાં ટોળેટોળાં સર્વજ્ઞ ભગવંતની ધર્મસભામાં સ્થાન મેળવવા અર્થે ઉમટી પડ્યાં.

ગુણશીલ નામના સુમનોહર ઉદ્યાનમાં ઈન્દ્રાદિ દેવતાઓએ સમવસરણની રચના કરી છે. વાતાવરણમાં પ્રસન્નતાનું માધુર્ય છલકાતું હતું.

સૂર અને અસૂરના પરિવાર સહિત શ્રી મહાવીર પ્રભુ ગુણશીલ ઉદ્યાનમાં સમવસર્યા. તે વખતે તે સ્થાને દેવોએ રૂપ્ય, સુવર્ણ અને મણિમય ત્રણ પ્રકાર વડે વિભુષિત સમવસરણ રચ્યું. તેની મધ્યમાં વ્યંતર દેવોએ અશોકવૃક્ષની રચના કરી અને તે સુંદર અશોકવૃક્ષ વાયુના સ્પર્શ માત્રથી હલાવેલાં પાંદડા વડે ભવ્ય પ્રાણીઓને જાણે બોલાવતું ન હોય તેમ શોભતું હતું.

આકાશ સ્વચ્છ હતું.

પ્રાતઃકાળનો સમય થઈ ગયો હતો. સૂર્યોદય હમણાં જ થયો હોવાથી પ્રત્યેક જીવમાં નવસંચાર થતો જોઈ શકાતો હતો.

ત્યારબાદ સર્વજ્ઞ ભગવંત મહાવીરદેવ પૂર્વદ્વારે થઈને સમવસરણમાં પ્રવેશ કર્યો. ઉત્તમ સુવર્ણની સમાન કાંતિયુક્ત સુમેરુ પર્વત જેવા શરીરધારી શ્રી મહાવીરદેવ પ્રભુના સમવસરણમાં મંગલ પ્રવેશ થવાથી સર્વત્ર શાંતિનું સામ્રાજ્ય સ્થપાયું.

જે રીતે સરોવરમાં રાજહંસ કમળ પુષ્પ પર બિરાજે તે રીતે અશોકવૃક્ષ નીચે દેવચ્છંદા ( પીઠિકા ) ઉપર શ્રી મહાવીરદેવ પ્રભુ બિરાજ્યા.

ગુણશીલ જેવા મોટા, વિશાળ ઉદ્યાનમાં દેવ, દાનવ, મનુષ્ય અને તિર્યંચની એક ધર્મસભા ભરાઈ ગઈ.

ચતુર્વિધ સંઘ યથાસ્થાને બેઠો હતો.

મહારાજા શ્રેણિક, મહામંત્રી અભયકુમાર તથા રાજપરિવારના તમામ સભ્યો આવી પહોંચ્યા હતા. સમવસરણમાં જાણે સમગ્ર રાજગૃહી નગરી ઉમટી ન પડી હોય તેમ જણાતું હતું.

મહારાજા શ્રેણિક જ્યારે સમવસરણમાં આવવા માટે રાજભવન પરથી નીકળ્યા ત્યારે માર્ગમાં ધ્યાનસ્થ મુનિ શ્રી પ્રસન્નચંદ્રને નિહાળીને હાથી પરથી નીચે ઉતર્યા અને નતમસ્તકે વંદન કર્યા હતા.

*મુનિવરને ઊંચા હાથ રાખેલા, એક પગે ઊભેલા અને*

આતાપના લેતાં જોઈને મગધેશ્વર અતિ હર્ષ પામ્યા હતા અને અનુમોદના કરવા લાગ્યા. તેમના તપોબળનું ચિંતન કરતા મહારાજા શ્રેણિક ગુણશીલ ઉદ્યાનમાં આવ્યા હતા અને શ્રી મહાવીરદેવ પ્રભુના સાંનિધ્યમાં યોગ્ય સ્થાને બિરાજ્યા હતા.

સમવસરણમાં શ્રી મહાવીર પ્રભુએ ભાવવાહી સ્વરે માલકૌંષ રાગમાં દેશના આપવા માંડી. મહારાજા શ્રેણિક સર્વજ્ઞ ભગવંતનું દિવ્ય સ્વરૂપ જોઈને હર્ષના આંસુ વહાવી રહ્યા હતા. જ્યારે દેવગણો મસ્તક નમાવીને ભગવાન મહાવીરની સ્તુતિ કરી રહ્યા હતા.

મહારાજા શ્રેણિકે પદ્મકોશના જેવી અંજલિ કરીને યોગ્ય સ્થાને બેઠક ગ્રહણ કરી હતી.

સર્વજ્ઞ ભગવંત શ્રી વીર પ્રભુ પ્રસન્ન સ્વરે દેશના આપી રહ્યા હતા.

જેના અંતઃકરણને આધ્યાત્મિક આરાધના સ્પર્શી જાય છે તેના હૈયામાં દીવડો પ્રગટી ઊઠે છે અને તપ, દર્શન, જ્ઞાન, અહિંસા, જાગરણ વગેરે શુભ તત્ત્વોના પ્રભાવે સમદષ્ટિનું અતિ સુખદ અજવાળુ પ્રસરવા માંડે છે.

સુખ પ્રત્યે રાગ ન હોય, દુઃખ પ્રત્યે દ્વેષ ન હોય, શત્રુ પ્રત્યે ક્રોધ ન હોય, મિત્ર પ્રત્યે મોહ ન હોય અર્થાત્ સર્વ જીવો પ્રત્યે સમદષ્ટિ હોય, મનની વૃત્તિઓ પર વિજય મેળવ્યા વગર સમભાવ સ્થિર બની શકતો નથી.

જ્યાં સુધી મનની વૃત્તિઓ દાસીરૂપ ન બને અને સમભાવ જાગૃત ન થાય ત્યાં સુધી આત્મદર્શન થવું અશકય છે. સંસારના પ્રત્યેક જીવ કર્મના બંધન વડે ઝકડાયેલા હોય છે. કર્મના બંધનો તોડીને આત્મસુખ પ્રાપ્ત કરવા માટેનો પ્રયાસ કરવો જોઈએ.

શ્રી મહાવીર દેવ પ્રભુની અસ્ખલિત રીતે વહેતી અમૃતમય વાણીના પ્રભાવથી સર્વ જીવોને શાતા વળી.

ચતુર્વિધ સંઘ સાથે પધારેલા સર્વના નયનોમાં હર્ષનાં આંસુ છલકી ઊઠ્યાં. પશુપક્ષીઓનાં હૈયાં દ્રવિત બની ગયાં.

થોડી વાર રહીને મહારાજા શ્રેણિકે સર્વજ્ઞ ભગવંતને પ્રશ્ન કર્યો : 'હે ભગવન્, જે સમયે હું અહીં આવવા નીકળ્યો ત્યારે પ્રસન્નચંદ્ર મુનિને ધ્યાનાવસ્થામાં જોયા હતા. તે વખતે કદી તે કાળ કરે તો કઈ ગતિ પામે ?'

સર્વજ્ઞ ભગવંતે ઉત્તર આપ્યો: 'રાજન, જો તે સમયે તેમણે કાળ કર્યો હોત તો તે પ્રસન્નચંદ્ર રાજર્ષિ સાતમી નરકે જાત...'

'ઓહ...ઉગ્ર તપસ્વી મહામુનિની આ શી ગતિ !' રાજા શ્રેણિકે મનમાં વિચાર કર્યો.

મહારાજા શ્રેણિકે ફરીને પ્રશ્ન કર્યો: 'ભગવન્, આ સમયે જો તે મહામુનિવર કાળ કરે તો કઈ ગતિ પામે ?'

પ્રભુએ નમ્ર સ્વરે કહ્યું: 'રાજન, તે મહાતપસ્વી અત્યારે કાળ કરે તો સર્વાર્થસિદ્ધ વિમાનમાં જાય.'

આ સાંભળીને મહારાજા શ્રેણિકને ભારે આશ્ચર્ય થયું અને મનમાં વિચાર આવ્યો કે ભગવંતે આમ બે પ્રકારે વાત કેમ કરી...?

સર્વજ્ઞ ભગવંત મહારાજા શ્રેણિકના અંતરમાં ઉપસ્થિત થયેલો પ્રશ્ન જાણી ગયા.

મગધરાજે વિનયભર્યા સ્વરે કહ્યું: 'ભગવન, આપની વાણીથી મારા હૈયામાં આશ્ચર્ય શમતું નથી. આપે આમ બે પ્રકારનું ઉદ્બોધન કેમ કર્યું ? પ્રભુ, હું અજ્ઞાની છું માટે મારી પ્રાર્થનાને લક્ષમાં લઈને મારા અજ્ઞાનને દૂર કરો. સર્વજ્ઞની વાણી અન્યથા કેમ હોય...?'

ત્યારે પ્રભુ મહાવીર દેવે ખૂબ જ સ્વસ્થ ચિત્તે ઉત્તર પાઠવ્યો : 'હે રાજન, તેં જ્યારે એ રાજર્ષિને વંદન કર્યા ત્યારે તે મુનિવર રાજર્ષિ રૌદ્રધ્યાનમાં હતા. પરંતુ હમણાં તે મુનિરાજ શુક્લ

ધ્યાનમાં પ્રવેશ્યા છે. આથી તે રૌદ્રધ્યાનની પરંપરાએ પડ્યા હતા ત્યારે તે મુનિવર નારકીમાં જવાને યોગ્ય હતા. પરંતુ હવે તે શુકલ ધ્યાનની શ્રેણીમાં પ્રવેશવાથી તેઓ સર્વાર્થસિદ્ધિએ જવાને યોગ્ય થયા છે...'

સર્વજ્ઞ ભગવંતની વાણી સાંભળીને મગધરાજે વિશેષ જાણવા હેતુસર પૂછ્યું : 'ભગવન્, હું જ્યારે આપના દર્શનાર્થે આવતો હતો ત્યારે માર્ગમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિ મુનિને જોયા અને દર્શન કર્યા ત્યારે તેઓ રૌદ્રધ્યાની કેમ હતા? અને આપે દર્શાવ્યું તેમ હમણાં શુકલધ્યાની થયા. આપ મારા પર કૃપા વરસાવીને વિસ્તારમાં જણાવશો...'

તીર્થંકર ભગવંત શ્રી મહાવીર દેવ પ્રભુએ મહારાજા શ્રેણિકના અંતરમાં રમતા પ્રશ્નનું નિરાકરણ કરતા પ્રસન્ન સ્વરે કહ્યું : 'રાજન્, તું જ્યારે રાજર્ષિ મુનિવર પાસેથી પસાર થતો હતો ત્યારે તારા બે સુભટો મુનિવરની નજીક વાર્તાલાપ કરી રહ્યા હતા. બે સુભટોના સંવાદ માત્રથી રાજર્ષિ મુનિવરે જાણ્યું કે રાજ્યના મંત્રીઓ મારા પુત્રનો નાશ કરવા તૈયાર થયા છે. દુરાચારી મંત્રીઓના હાથમાં રાજ્યની રક્ષા અને પુત્રને સાચવવાની જવાબદારી સોંપીને પોતે ચાલી નીકળ્યા હતા. પુત્ર પ્રત્યેના પ્રેમના કારણે પ્રસન્નચંદ્ર મુનિ પોતાનું વ્રત ભૂલી ગયા. વેષ ભૂલાઈ ગયો અને અંતરમનમાં ક્રૂર મંત્રીઓ સાથે યુદ્ધ કરવા લાગ્યા. તેઓ ત્યારે ખૂબ જ ક્રોધી બનીને દુરાચારી મંત્રીઓને સજા આપતા હતા. ક્રોધમાં શસ્ત્રો છોડવા લાગ્યા અને છેવટે પોતાના શસ્ત્રો ખુટી ગયા છે એ વાત જાણવામાં આવતાં પ્રસન્નચંદ્ર મુનિના મુખ પર અપ્રસન્નતાના ભાવ ફેલાયા. તરત જ તેમણે પોતાની જાતને બખ્તરવાળા માનીને ક્રોધિત મન વડે વિચાર્યું કે મારા મસ્તક પર વજ્રના બનેલા લોખંડી ટોપ વડે આ દુરાચારી મંત્રીઓને હણી નાખું. રાજન્, પરાક્રમીઓને યુદ્ધ

કરતી વેળાએ દરેક વસ્તુ શસ્ત્ર રૂપે જ હોય છે. આથી પ્રસન્નચંદ્ર મુનિએ મસ્તક પરથી ટોપ લેવાની ઇચ્છાથી માથે હાથ ફેરવ્યો. ત્યાં તરત જ લોચ કરેલું મસ્તક જોઈને તેમને પોતાનું ચારિત્ર્ય યાદ આવ્યું. આથી તેમણે વિચાર્યું કે રૌદ્રધ્યાનનો મેં અનુબંધ કર્યો છે...ધિક્કાર છે મને...! હું તો સઘળું છોડીને આવ્યો છું. સંસારના સંબંધો ત્યજીને આવ્યો છું. મમતારહિત બન્યો છું. આથી મારે પુત્ર અને તે દુરાચારી મંત્રીઓ જોડે શું સંબંધ...? આમ વિચારતાં વિચારતાં પ્રસન્ન ચંદ્ર મુનિનો મોહાંધકાર દૂર થયો અને ફરીથી અંતરમાં તેજસ્વી છાયા પથરાઈ ગઈ. એમનું ઉદ્વિગ્ન મન શાંત થયું. સ્વચ્છ થયું. ત્યારબાદ અમે જાણે તેમની પાસે જ રહ્યાં હોઈએ તે રીતે તેમણે અમને ભક્તિભાવ પૂર્વકનું વંદન કરીને તે દુષ્ટ ધ્યાનની આલોચના કરી તેમજ પ્રતિક્રમણ કરી તેઓ પ્રસન્ન ધ્યાનને પામેલ છે...'

શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિ મુનિવરનું ઉત્તમ પ્રકારનું ચરિત્ર સાંભળીને મહારાજા શ્રેણિક ગદ્‌ગદિત થઈ ગયા.

તીર્થંકર ભગવંત મહાવીરદેવે રાજર્ષિ પ્રસન્નચંદ્ર મુનિ વિષેની વાત પૂરી કરી ત્યાં શ્રેણિક મહારાજાએ પ્રભુને વંદન કર્યા અને ભાવવાહી સ્વરે કહ્યું : 'ભગવન્, આકાશને આવો સુંદર પ્રકાશિત કરતો દેવોનો સમૂહ આ તરફ આવતો જણાય છે. આ દેવોનો સમૂહ શા કારણે આવતો દેખાય છે ?'

શ્રી વીર પ્રભુએ કહ્યું : 'રાજન્ પ્રસન્નચંદ્ર મુનિવરને હમણાં જ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે. તેથી તેનો મહિમા કરવા માટે આ દેવો આ તરફ આવી રહ્યા છે.'

શ્રેણિક રાજાએ બીજો પ્રશ્ન પૂછ્યો : 'ભગવન્, કેવળજ્ઞાન ક્યારે વિચ્છેદ થશે ?'

સર્વજ્ઞ ભગવંત શ્રી મહાવીર દેવે મધુર ભાષામાં મંગલ સ્વરોમાં

સર્વ જીવો સામે દૃષ્ટિપાત કરીને કહ્યું : 'રાજન્, આ બ્રહ્મેન્દ્રનો સામાનિક દેવતા પોતાની ચાર દેવીઓ સાથે અહીં બિરાજેલ છે. તે આજથી સાતમે દિવસે ચ્યવીને તારી જ નગરી રાજગૃહીમાં ઋષભદત્ત શ્રેષ્ઠીને ત્યાં જંબૂ નામના પુત્ર રૂપે આવશે. તે ચરમ કેવળી થશે. ત્યારબાદ કેવળજ્ઞાન વિચ્છેદ થશે.'

શ્રેણિક રાજાએ પ્રશ્ન કર્યો : 'પ્રભુ, આ દેવનું ચ્યવન નજીકમાં હોવા છતાં તેનું તેજ, પ્રકાશ વગેરે ક્ષીણ કેમ થતો નથી?'

સર્વજ્ઞ ભગવંતે કહ્યું : 'રાજન્, જે દેવો એકાવતારી હોય છે તેઓને તેજનો ક્ષય થવાનાં ચિહ્નો હોતાં નથી.'

તેવામાં કુષ્ટ રોગથી જેની કાયા ગળી ગઈ છે એવો કોઈ પુરુષ ત્યાં આવ્યો. તે પ્રભુને નમસ્કાર કરીને તેમની આગળ બેઠો. પ્રભુની ભક્તિથી તે રોમાંચિત થયેલા તે દેવે ગોશીર્ષચંદન વડે ભગવંતના ચરણ પર જેમતેમ લેપ કર્યો.

પાસે બેઠેલા મહારાજા શ્રેણિક આ જોતાં જ ક્રોધાયમાન થયા. અને વિચારવા લાગ્યા કે આ મહાપાપી જગતસ્વામીની આવી મહા આશાતના કરે છે. તેથી તે અહીંથી ઊઠે ત્યારે જરૂર વધ કરવા યોગ્ય છે. જે ભગવંત સર્વ દેવોને પૂજ્ય છે. વિશ્વના સર્વ રાજાઓને વંદનીય છે. તેમને આ મૂર્ખ પરુથી વિલેપન કરે છે...પરાભવ પામતા ગુરૂને જોઈને જેઓ નિરાકુલ બેસી રહે છે તેવા પાપકર્મી પ્રાણીઓનો જન્મ ન થાઓ. હમણાં જ મારી તલવાર ખેંચીને મારા હસ્તથી તેને હણી નાખું...પણ ત્રિલોકનાથ સમક્ષ અત્યારે આમ કરવું હિતાવહ નથી. જે જિનેશ્વરના સાંનિધ્યમાં મારા વૈરાદિ ઉપદ્રવો અને સર્વ પાપો જલદી દૂર ચાલ્યા જાય છે. માટે આ પાપી જ્યારે આ સ્થાનેથી દૂર જશે ત્યારે તેને પાપરૂપ વિષવૃક્ષનું ફળ બતાવું...'

મહારાજા શ્રેણિકના અંતરમાં ભારે ક્રોધ હતો પણ કશું

બોલ્યા નહિ. પરંતુ મનોમન નક્કી કરી લીધું કે તે અહીંથી ઊઠે ત્યારે જરૂર વધ કરવા યોગ્ય છે.

ત્યાં એ વખતે શ્રી વીર ભગવંતને છીંક આવી.

એટલે તે કુષ્ટ રોગથી પીડાતો દેવ બોલ્યો : ‘ મૃત્યુ પામો...’

ત્યારબાદ મહારાજા શ્રેણિકને છીંક આવી.

ત્યારે તે કુષ્ટી બોલ્યો : ‘ ઘણું જીવો...’

થોડીવાર પછી મહામંત્રી અભયકુમારને છીંક આવી ત્યારે તે કુષ્ટીએ કહ્યું : ‘ જીવો કે મરો...’

ત્યાર પછી તરત જ કાલસૌરિકને છીંક આવી.

ત્યારે તે કુષ્ટી દેવતા બોલ્યો : ‘ જીવ નહિ અને મર પણ નહીં.’

તીર્થંકર ભગવંતે છીંક ખાધી તે સમયે કુષ્ટ રોગથી પીડાતા દેવે ‘ મૃત્યુ પામો ’ એમ કહ્યું. એ વચન સાંભળીને ક્રોધ પામેલા શ્રેણિક રાજાએ પોતાના સુભટોને આજ્ઞા કરી કે જ્યારે આ કુષ્ટી અહીંથી ઊઠે ત્યારે તેને બંધનગ્રસ્ત કરી લેજો.

દેશના સમાપ્ત થઈ એટલે તે કુષ્ટી પ્રભુને વંદન કરીને ઊભો થયો અને બહાર નીકળ્યો ત્યારે મહારાજા શ્રેણિકના સુભટોએ તેને ઘેરી લીધો. પરંતુ તેઓના દેખતાં જ તે કુષ્ટ દેવતા ક્ષણવારમાં દિવ્ય રૂપ ધારણ કરીને આકાશમાં ઊડી ગયો.

સુભટોને આશ્ચર્યનો પાર ન રહ્યો. તેઓ તરત જ મહારાજા શ્રેણિક પાસે આવ્યા અને નમ્ર સ્વરે કહ્યું : ‘ રાજન, તે કુષ્ટ રોગથી પીડાતો કુષ્ટી તો સુંદર રૂપ ધારણ કરીને આકાશમાં ચાલ્યો ગયો.’

આ આશ્ચર્ય સાંભળીને મહારાજા શ્રેણિક વિસ્મય પામ્યો. મહારાજા શ્રેણિકે શ્રી વીરપ્રભુને પૂછ્યું : ‘ હે પ્રભુ, તે કુષ્ટી કોણ હતો ?’

શ્રી વીર ભગવંતે કહ્યું : ‘ તે દેવ હતો...’

મહારાજા શ્રેણિકે બીજો પ્રશ્ન કર્યો : ‘ તો પછી પ્રભુ, તે કુષ્ટી શા માટે થયો હતો ? કયા નિમિત્તથી તે આપના ચરણ પાસે બેઠો ?

અને અતિશય આકરા કોઢ રોગનો તથા પરુનો ભ્રમ કેમ ઉત્પન્ન કર્યો? એણે "મૃત્યુ પામો" એવું વચન શા માટે કહ્યું?'

ત્યારે શ્રી વીર ભગવંતે કહ્યું : 'શ્રેણિક, આ સર્વ આશ્ચર્ય-ચર્યાનું એક કારણ છે તે સાંભળ...'

વત્સ નામના દેશમાં કૌશાંબી નામની નગરી આવેલી હતી. આ નગરીમાં શતાનિક નામનો રાજા રાજ્ય કરતો હતો. તે નગરીમાં સેડુક નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તે અત્યંત દરિદ્ર હતો. અને મૂર્ખપણાનો અવધિ હતો. એકવાર તેની સ્ત્રી સગર્ભા થઈ તેથી તે બ્રાહ્મણીએ સેડુકને કહ્યું, 'આપ નિશ્ચિંત બનીને બેસી રહેશો તો કેમ ચાલશે? મારે હવે ઔષધ અને ઘીની જરૂર પડશે માટે કંઈ ધન ઉપાર્જન કરો...'

ત્યારે બ્રાહ્મણ સેડુકે કહ્યું : 'મારામાં એવી કોઈપણ કુશળતા કે કલા નથી જેથી મને કોઈ ધન આપે.'

'તો પછી તમે કોઈ રાજાની પાસે યાચના કરો.' તેની પત્નીએ કહ્યું.

બ્રાહ્મણ તરત જ મહારાજા શતાનિકની સેવામાં ઉપસ્થિત થયો અને ભક્તિભાવથી મહારાજાની સેવા કરવા લાગ્યો. તેની અખંડ સેવા જોઈને રાજાએ સેડુકને કહ્યું : 'હે વિપ્ર, તારી સેવાથી હું પ્રસન્ન થયો છું. તું જે ઇચ્છશે તે આપીશ.'

બ્રાહ્મણ કહે : 'કૃપાળુ, હું પછીથી પ્રાર્થના કરીશ. મારી પત્ની જે કહેશે તેની હું માગણી કરીશ.'

મહારાજા શતાનિકે કહ્યું : 'તું તારે ઘેર જા અને તારી પત્નીને પૂછીને આવ...'

આથી સેડુક બ્રાહ્મણ ખુશ થતો પોતાના ઘેર ગયો અને બ્રાહ્મણીને કહ્યું : 'દેવી, મહારાજા શેતાનિક મારા પર પ્રસન્ન થયા છે મહારાજા પાસે શેની માગણી કરવી છે?'

બ્રાહ્મણની પત્ની ચતુર હતી. તે વિચારવા લાગી : ' અત્યારે તો મારો સ્વામી મારે સ્વાધીન છે પરંતુ જો હું રાજા પાસેથી ગામ-ગરાસ મગાવીશ તો વૈભવના મદથી આ બ્રાહ્મણ જરૂર બીજી સ્ત્રી પરણશે.'

આવો વિચાર કરીને બ્રાહ્મણ પત્ની બોલી : ' નાથ, તમારે પ્રતિદિન જમવાને ભોજન અને દક્ષિણામાં એક સોનામહોર રાજા પાસે માગી લેવી.'

બ્રાહ્મણ પત્નીએ પોતાના પતિને સમજાવ્યું. એટલે તેણે જઈને તે પ્રમાણે રાજા પાસેથી માગી લીધું. રાજાએ તે આપ્યું.

હવે બ્રાહ્મણ પ્રતિદિન તેટલો જ લાભ અને સન્માન મેળવવા લાગ્યો. નગરીના લોકોને થયું કે સેડુક બ્રાહ્મણ રાજાનો માનીતો છે. આથી નગરજનો સેડુક બ્રાહ્મણને પોતાને ત્યાં ભોજન અર્થે નોતરવા લાગ્યા.

સેડુક બ્રાહ્મણને એકથી વધારે આમંત્રણો મળતાં રહેવાથી તે પ્રથમ જમ્યો હોય તો પણ દક્ષિણાના લોભથી દરરોજ પહેલાં જમેલું વમી નાખીને પાછો અનેકવાર ભોજન કરતો હતો.

આમ વિવિધ દક્ષિણાના દ્રવ્યથી તે બ્રાહ્મણનો વૈભવ ધન વધ્યું. તેમજ પુત્રપૌત્રાદિથી પણ વૃદ્ધિ પામ્યો. પરંતુ નિત્ય અજીર્ણ અન્નના વમનથી આમરસ ઊંચે જતાં તેની ત્વચા દુષિત થઈ ગઈ. તે વ્યાધિગ્રસ્ત બન્યો. પરિણામે સેડુક બ્રાહ્મણના નાક, પગ, હાથ સડી ગયા. અને તે કુષ્ટી થઈ ગયો. છતાંય તે રાજાની પાસે જઈને રોજ ભોજન કરતો.

એકવાર મંત્રીઓએ રાજાને કહ્યું : ' રાજન, સેડુક બ્રાહ્મણ કુષ્ટ રોગથી પીડાય છે. આ રોગ ફેલાશે તો મુશ્કેલી ઊભી થશે. તેને જમાડવાને બદલે તેના નિરોગી પુત્રોમાંથી કોઈને ભોજન માટે તેડાવો.'

મહારાજાને મંત્રીઓની વાત યોગ્ય લાગી. મંત્રીઓએ બ્રાહ્મણને

વાત કરી આથી સેડુક બ્રાહ્મણે પોતાને સ્થાને પોતાના પુત્રનું સ્થાપન કર્યું અને પોતે ઘેર રહ્યો.

કુષ્ટ રોગથી પીડાતા સેડુક બ્રાહ્મણ માટે તેના પુત્રોએ એક અલગ પર્ણકુટિર બાંધી અને સેડુક બ્રાહ્મણ ત્યાં રહેવા લાગ્યો. પછી બ્રાહ્મણના પુત્રો તેના પિતાની કોઈ પણ આજ્ઞા માનતા નહોતા. તેમજ પુત્રો તથા પુત્રવધૂઓએ સેડુક બ્રાહ્મણ પ્રત્યે તિરસ્કારભર્યું વર્તન આચરવા માંડયું.

એકવાર સેડુક બ્રાહ્મણને થયું કે મેં આ પુત્રોને શ્રીમંત કર્યા ત્યારે તેઓએ મને ત્યજી દીધો છે. તેઓ મારી સારસંભાળ લેતા નથી તેમજ મને બોલાવતા પણ નથી. મારો તિરસ્કાર કરે છે.

આવું વિચારીને સેડુક બ્રાહ્મણે નિશ્ચય કર્યો કે જે રીતે મારા પુત્રો મારા પ્રત્યે જેવો વ્યવહાર કરે છે તેમ તેઓને પણ આવી પરિસ્થિતિ આવે તેવું કરીશ.

આમ મનોમન નક્કી કરીને સેડુક બ્રાહ્મણે પોતાના પુત્રોને બોલાવ્યા અને કહ્યું : 'પુત્રો, હું હવે જીવવાથી ઉદ્વેગ પામી ગયો છું પરંતુ આપણા કુળનો એવો આચાર છે કે જે મૃત્યુની ઇચ્છા રાખે તેણે પોતાના કુટુંબને એક પશુ આપવો. માટે મને એક પશુ લાવી આપો.'

સેડુકનું આવું વચન સાંભળીને તેના પુત્રો હર્ષ પામતાં એક પશુ લઈ આવ્યા. બ્રાહ્મણે પોતાના અંગ ઉપરથી પરૂ લઈલઈને તેના સાથે અન્નને ચોળી તે પશુને ખવરાવ્યું. જેથી તે પશુ પણ કુષ્ટી થઈ ગયો.

ત્યારબાદ તે વિપ્રે તે પશુનો ઉપયોગ કરવા પોતાના પુત્રને જણાવ્યું. તેના પુત્રોએ પિતાના કથન મુજબ કર્યું. સેડુક બ્રાહ્મણ તરત જ તીર્થયાત્રા પર ચાલ્યો ગયો. રસ્તામાં એક જળનો ધરો જોવામાં આવ્યો. તે ઘણો જ તૃષાતુર થયો હતો. એણે જળપાન કર્યું. ધરાનું જળ પીતાં થોડા દિવસોમાં તે રોગથી મુક્ત થઈ ગયો. સ્વસ્થ આરોગ્ય પ્રાપ્ત થવાથી સેડુક બ્રાહ્મણ હર્ષ પામતો પોતાના ઘર તરફ પાછો ફર્યો.

મગધનરેશ મહારાજા શ્રેણિકે કુષ્ટી રોગથી પિડાતા દેવતા વિષે જાણવાની ઉત્કંઠા શ્રી વીર પ્રભુ પાસે પ્રગટ કરી ત્યારે શ્રી મહાવીર દેવ ભગવંતે કુષ્ટી દેવતા સંબંધી કથાનક જાળવી રાખતાં મધુર સ્વરે કહ્યું: રાજન, સેડુક વિપ્ર ધરાના જળથી રોગમુક્ત બનીને પોતાના સ્થાને પાછો ફર્યો.

જ્યારે સેડુક વિપ્ર નિરોગી અને સ્વસ્થ દેહ ધારણ કરીને નગરીમાં પાછો ફર્યો ત્યારે નગરીના લોકોને ભારે આશ્ચર્ય થયું.

નગરજનો સેડુક વિપ્રને પૂછતાં : 'અરે...! તારું સ્વાસ્થ્ય કઈ રીતે સુધર્યું ?'

ત્યારે તે સેડુક વિપ્ર સૌને કહેતો : 'દેવતાના આરાધનથી મારું શરીર નિરોગી બન્યું છે...'

આમ નગરજનોને ઉત્તર આપતો સેડુક બ્રાહ્મણ પોતાના ઘેર ગયો ત્યારે ત્યાં તેણે પોતાના બધા પુત્રોને કુષ્ટી થયેલા જોયા. આથી હર્ષ પામીને સેડુક વિપ્ર કહે: 'મારી આજ્ઞા ઉલ્લંઘન કરી તેનું તમને લોકોને કેવું ફળ મળ્યું ?'

પિતાના મુખે આવી વાત સાંભળીને પુત્રો બોલ્યા : 'અરે *નિર્દયી પિતા, તમે દ્વેષીની જેમ અમારા જેવા વિશ્વાસી ઉપર* આ શું કર્યું ?'

સૌ સેડુક વિપ્ર પર આક્રોશ ઠાલવવા લાગ્યા. સેડુક બ્રાહ્મણ ત્યાંથી નાસી જઈને તારી નગરી રાજગૃહીમાં આવ્યો અને તારા દ્વારપાળના આશ્રયે આવીને રહ્યો. રાજન, તેવામાં અમારે અહીં આવવાનું થયું એટલે દ્વારપાળ પોતાના કામ ઉપર તે બ્રાહ્મણને જોડી દઈને અમારી ધર્મદેશના સાંભળવા આવ્યો. પેલો વિપ્ર દરવાજા પાસે બેઠો ત્યાં દુર્ગદેવીની આગળ મૂકવામાં આવેલ પ્રસાદ જોઈને અત્યંત ક્ષુધાથી કષ્ટ પામતાં તેણે પુષ્કળ ખાધું. ગ્રીષ્મઋતુની ઉષ્ણતાથી તેને ઘણી તૃષા લાગી. તે ખૂબ જ આકુળવ્યાકુળ બન્યો. સેડુક બ્રાહ્મણ પેલા દ્વારપાળના ભયથી તે દ્વારનું સ્થાન છોડીને કયાંય જળપાન કરવા માટે જઈ શક્યો નહિ. તે વખતે તે જળચર જીવોને ખરેખર ધન્ય માનવા લાગ્યો. છેવટે તે સેડુક બ્રાહ્મણ 'જળ જળ' એમ પોકારતો તૃષાર્તપણે મૃત્યુ પામ્યો અને આ નગરના દ્વાર પાસેની વાવમાં દેડકો થયો. અમે વિહાર કરતા કરતા પાછા આ નગરીમાં આવ્યા. એટલે લોકો અમને વાંદવા માટે આવવા લાગ્યા. તે વખતે પેલી વાવમાંથી જળ ભરતી સ્ત્રીઓના મુખેથી અમારા આગમનનો વૃત્તાંત સાંભળીને તે વાવમાં રહેલો પેલો દેડકો વિચારવા લાગ્યો કે, ' મેં આવું પહેલું કયાંય સાંભળ્યું છે...' વારંવાર વિચાર કરતાં તેને તત્કાળ જાતિસ્મરણ જ્ઞાન થયું.

એટલે તે દેડકાએ ચિંતવ્યું કે પૂર્વે દ્વાર પર મને રાખીને દ્વારપાળ જેને વંદન કરવા ગયો હતો, તે ભગવંત જરૂર અહીં આવ્યા હશે. તેમને વંદન કરવા જેમ આ લોકો જાય છે તેમ હું પણ જઉં.'

આમ વિચારીને તે દેડકો અમને વંદન કરવા માટે વાવમાંથી બહાર આવ્યો. ત્યાંથી અહીં આવતા માર્ગમાં તારા અશ્વની ખરીથી ચગદાઈને મૃત્યુને આધીન થયો. પરંતુ અમારી તરફના ભક્તિભાવ સાથે મૃત્યુ પામવાથી તે દર્દૂરાંક નામે દેવતા થયો.

રાજન, આજે જ ઈંદ્રે સભામાં કહ્યું કે, 'રાજા શ્રેણિક જેવો શ્રદ્ધાળુ કોઈ શ્રાવક નથી.' તે કથન પર શ્રદ્ધા ન આવવાથી દર્દુરાંક દેવ તમારી પરીક્ષા લેવા માટે અહીં આવ્યો હતો. તેણે ગોશીર્ષ ચંદન વડે મારા ચરણને ચર્ચિત કર્યા હતા પરંતુ તમને દૃષ્ટિ-મોહના કારણે તે સઘળું જુદું જ જોવામાં આવ્યું હતું.

શ્રી વીર ભગવંતે શ્રેણિકના મનનું સમાધાન કર્યું.

મહારાજા શ્રેણિકે વિનમ્ર સ્વરે પૂછ્યું: 'ભગવંત, આપે છીંક ખાધી તે વખતે તે અમંગલિક બોલ્યો અને બીજાની છીંકો વખતે તે મંગલિક બોલ્યો. તેનું શું કારણ?'

શ્રી વીર પ્રભુએ શ્રેણિકના મનમાં ઉદ્ભવેલી શંકાનું નિવારણ કરતાં કહ્યું: 'રાજન, તે દેવે ઉચ્ચારેલા શબ્દો યથાર્થ છે. તેણે મને એમ કહ્યું કે 'મૃત્યુ પામો' એનો કહેવાનો ભાવાર્થ એ હતો કે તમે હજુ સુધી આ સંસારમાં કેમ રહ્યા છો. શીઘ્ર મોક્ષે જાઓ...'

રાજન, તારા માટે એ દેવે 'ઘણું જીવો' એમ જણાવ્યું તે પાછળનો આશય તને જીવતાં જ સુખ છે. કારણ કે મૃત્યુ પછી તારી ગતિ નરકમાં થવાની છે.'

જ્યારે અભયકુમાર મહામંત્રી માટે તે દેવે 'જીવો કે મરો' એવું જણાવ્યું એનો અર્થ એ છે કે જો તે જીવતો હશે તો ધર્મ કરશે અને મૃત્યુ પછી અનુત્તર વિમાનમાં જશે.'

જ્યારે કાલસૌરિક માટે તે દેવે 'તું જીવ નહિ અને મર પણ નહિ' એવા શબ્દો ઉચ્ચાર્યા હતા. કારણ કે તે જો જીવે તો પાપકર્મ કરશે અને મૃત્યુ પામે તો સાતમી નરકે જશે. તે દેવનો કહેવાનો ભાવાર્થ આ પ્રમાણેનો હતો.

રાજા શ્રેણિકના મનનું સમાધાન થઈ ગયું. મહારાજા શ્રેણિકે ભગવંતને વંદન કરીને કહ્યું: 'ભગવંત, આપના જેવા જગત્પતિ મારા સ્વામી હોવા છતાં મારી ગતિ નરકમાં કેમ થાય...?'

ત્યારે શ્રી વીર પ્રભુએ જણાવ્યું : 'રાજન, તે પૂર્વે નરકનું આયુષ્ય બાંધેલું છે તેથી તું અવશ્ય નરકમાં જઈશ. કારણ કે પૂર્વે શુભ કે અશુભ જેવાં કર્મ બાંધ્યા હોય તેવું ફળ અવશ્ય ભોગવવું જ પડે છે. અમે પણ તેને અન્યથા કરવા માટે સમર્થ નથી. તેમજ ભાવિ ચોવીશીમાં તું પદ્મનાભ નામે તીર્થંકર થઈશ. રાજન, તું જરા પણ વૃથા ખેદ કરીશ નહિ.'

મહારાજા શ્રેણિકે નમ્ર સ્વરે કહ્યું : 'ભગવંત, આપ મને એવો કોઈ ઉપાય બતાવો કે જેથી નરકમાંથી મારી રક્ષા થાય...!'

શ્રી વીરપ્રભુ બોલ્યા : 'રાજન, કપિલા બ્રાહ્મણી પાસે જો સાધુઓને હર્ષથી ભિક્ષા અપાવ અને કાલસૌરિક પાસે કસાઈનું કામ મુકાવ તો નરકમાંથી તારો મોક્ષ થાય. તે સિવાય થાય તેમ નથી.'

મહારાજા શ્રેણિકે શ્રી વીરપ્રભુનો ઉપદેશ અંતરમાં ધારણ કરીને પોતાના સ્થાને પાછો ફર્યો.

રાજભવનમાં આવ્યા પછી મહારાજા શ્રેણિકે કપિલા બ્રાહ્મણીને પોતાની પાસે બોલાવી અને મધુર સ્વરે કહ્યું : 'તું સાધુ ભગવંતોને શ્રદ્ધાથી ભિક્ષા આપ. હું તને પુષ્કળ ધન આપીને ન્યાલ કરી દઈશ. તારા અંતરની તમામ મનોકામના પૂર્ણ કરી દઈશ.'

ત્યારે કપિલા બ્રાહ્મણીએ કહ્યું : 'રાજન, આપ મને સુવર્ણથી લાદી દો અથવા તો મારી હત્યા કરો તો પણ હું એ અકૃત્ય કદિ નહિ જ કરું...'

મહારાજા શ્રેણિકે કપિલા બ્રાહ્મણીને રવાના કરી.

ત્યાર પછી રાજા શ્રેણિકે કાલસૌરિકને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું : 'હે કાલસૌરિક, તું આ કસાઈપણું ત્યાગી દે તો હું તને પુષ્કળ દ્રવ્ય આપીશ કારણ કે તું ધનના લોભથી કસાઈ થયો છે.'

કાલસૌરિકે મહારાજા શ્રેણિક સામે જોઈને કહ્યું : 'રાજન, આ

કસાઈના કાર્યમાં મને કોઈ દોષ જણાતો નથી. જેનાથી અનેક મનુષ્યો જીવે છે તેવા કસાઈના કાર્યને કયારેય છોડીશ નહિ.'

કાલસૌરિક અભવ્ય હોવાથી રાજા શ્રેણિકનું વચન ન સ્વીકાર્યું.

એટલે મહારાજા શ્રેણિકે કાલસૌરિકને અંધારા કૂવામાં ઉતાર્યો.

શ્રેણિકે મનમાં વિચાર્યું કે એક દિવસની હિંસા બળજબરીથી બંધ કરાવું. મગધનરેશ બીજા દિવસે શ્રી વીર પ્રભુ પાસે આવ્યા અને કહ્યું : 'ભગવંત, આપે જણાવેલ બે વાતમાંથી એક વાતનું પાલન કર્યું છે.'

ત્યારે શ્રી વીરપ્રભુએ કહ્યું : 'રાજન, તારી વાત સાચી નથી. કાલસૌરિકે અંધારા કૂવામાં રહીને માટીના પાડાની આકૃતિ કરીને તેટલી સંખ્યા પ્રમાણ પાડાના રૂપો કરીને હણી નાખ્યા છે. તું ત્યાં જઈને જોઈ લે.'

તરત જ મહારાજા શ્રેણિકે અંધારા કૂપમાં જોયું તો તે પ્રમાણે જોવામાં આવ્યું એટલે તેને બહુ ઉદ્વેગ થયો કે મારા પૂર્વકર્મને ધિક્કાર છે. તેવા દુષ્કર્મના યોગથી ભગવંતની વાણી અન્યથા થશે નહિ.

બીજે દિવસે મહારાજા શ્રેણિક શ્રી વીરપ્રભુ પાસે આવ્યા અને નમ્ર સ્વરે કહ્યું : 'ભગવંત, આપની વાણી અન્યથા હોઇ શકે નહિ. આનો બીજો કોઈ ઉપાય છે ?'

ત્યારે શ્રી વીર ભગવંતે મહારાજા શ્રેણિકને જણાવ્યું : 'રાજન, તારી નગરીમાં પુણિયો શ્રાવક રહે છે એ શ્રદ્ધાપૂર્વક સામાયિક કરે છે. જો તને તેના એક સામાયિકનું પુણ્ય આપે તો તું નરકમાંથી ઉગરી શકે.'

મહારાજા શ્રેણિકે વિચાર્યું કે પુણિયા શ્રાવક પાસેથી એક સામાયિકનું પુણ્ય આસાનીથી પ્રાપ્ત થઈ શકશે. આ કાર્યમાં કોઇ વિપદા આવશે નહિ.

મહારાજા શ્રેણિક રાજભવનમાં આવ્યા. એમણે અભયકુમારને પુણિયો શ્રાવક નગરીમાં ક્યાં રહે છે તે તપાસ કરવા જણાવ્યું.

એ રાત્રે મહારાજા શ્રેણિક પોતાના ખંડમાં વિચારમગ્ન દશામાં એક આસન પર બિરાજ્યા હતા. મૃત્યુ પછી નરકગતિ પ્રાપ્ત થવાની છે એ જાતના વિચારોની શૃંખલા એમના અંતરને કોરી ખાતી હતી. શું પુણિયો શ્રાવક પોતાના એક સામાયિકનું પુણ્ય પ્રદાન કરશે ખરો? શું પુણિયો શ્રાવક મારી ભાવનાને સાકાર કરશે ખરો?

બીજે દિવસે પ્રાતઃકાળ પછી મહામંત્રી અભયકુમારે મહારાજા શ્રેણિકને કહ્યું: 'પિતાજી, આપની આજ્ઞા મુજબ નગરીમાં રહેતા પુણિયા શ્રાવકનો પત્તો મળી ગયો છે. પુણિયો શ્રાવક નિર્ધન અવસ્થામાં સાદાઈથી પોતાનું જીવન ધર્મમય રીતે પસાર કરે છે.

'અભયકુમાર, આજે દિવસના પ્રથમ પ્રહર બાદ તેના ઘેર જઈશું અને તેની સાથે વાત કરીશું.' મહારાજા શ્રેણિકે કહ્યું.

'ભલે...પિતાજી, હું તૈયાર થઈને આવું છું...' અભયકુમારે કહ્યું.

'હું ત્યાં એકલો જ જવા ઇચ્છું છું...તું મહાપ્રતિહારને પુણિયો શ્રાવક ક્યાં રહે છે તે સમજાવી દે...'

'ભલે...જેવી આપની આજ્ઞા...' અભયકુમારે કહ્યું.

મહામંત્રી અભયકુમારે તરત જ મહાપ્રતિહારને પુણિયો શ્રાવક ક્યાં રહે છે તે સમજાવી દીધું. ત્યારબાદ મહામંત્રીએ વિદાય લીધી.

મહારાજા શ્રેણિક સ્નાનકાર્યથી નિવૃત્ત થઈને નૂતન વસ્ત્રો પરિધાન કરીને મુખ્ય ખંડમાં આવ્યા. ત્યાં એમણે શીરામણ કર્યું અને ઉપર દુગ્ધપાન કર્યું. ત્યારબાદ મુખવાસ ગ્રહણ કર્યો.

મહારાજા શ્રેણિકે મહાપ્રતિહારને બોલાવીને રથ તૈયાર કરવાની સૂચના આપી.

દિવસના પ્રથમ પ્રહર બાદ મહારાજા શ્રેણિક, મહાપ્રતિહાર તથા બે સુભટો રથમાં બેસીને પુણિયા શ્રાવકના નિવાસસ્થાન તરફ જવા વિદાય થયા.

માર્ગમાં જતાં મહાપ્રતિહારે મહારાજા શ્રેણિકને જણાવ્યું કે કે પુણિયો શ્રાવક કંગાળ છે- સૂતર કાંતીને પ્રાપ્ત થતી આવકમાં તે અને તેની પત્ની જેમતેમ દિવસો પસાર કરે છે. શ્રાવકાચાર પ્રમાણે તે પ્રતિદિન એક અતિથિને ભોજન કરાવે છે. એના ઘરમાં માંડમાંડ બે માણસોનું ભોજન રંધાતું હોય છે. અતિથિના ભોજન બાદ એક દિવસ પુણિયાને અને એક દિવસ એની પત્નીને ઉપવાસ કરવો પડે છે.

મહાપ્રતિહારની વાત સાંભળીને મહારાજા શ્રેણિકને થયું કે આવા કંગાળ પુણિયા પાસેથી એક જ શું પણ અનેક સામાયિક મેળવી શકીશું.

મહારાજા શ્રેણિક આવા આત્મવિશ્વાસ સાથે પુણિયા શ્રાવકના ઘેર પહોંચ્યા. ત્યારે પુણિયો શ્રાવક સામાયિક કરીને ઊભો જ થતો હતો. મગધનરેશને પોતાના ઘરમાં પધારેલા જોઈને ભારે અચંબો થયો.

પુણિયો શ્રાવક ગદ્‌ગદિત થઈ ગયો.

પુણિયા શ્રાવકે મગધનરેશને મીઠો આવકાર આપીને કહ્યું : 'કૃપાનાથ, આજે આપે મારું આંગણું પવિત્ર કર્યું. આપના અચાનક આગમનનું કારણ જાણવા હું અશક્તિમાન છું...'

મગધનરેશે પ્રસન્ન સ્વરે કહ્યું : 'પુણિયા શ્રાવક, ઘણીવાર સંસારમાં એવા પ્રસંગો ઉપસ્થિત થતા હોય છે જેથી આશ્ચર્ય થયા વિના ન રહે. હું તારી પાસે એક આશા લઈને આવ્યો છું'

'કૃપાળુ, મારા જેવા કંગાળ પાસે આપ આશા લઈને આવ્યા છો. મને કંઈ સમજાતું નથી...'

'પુણિયા શ્રાવક, મને તારા એક સામાયિકનું પુણ્ય આપ.' મહારાજા શ્રેણિકે કહ્યું.

મહારાજા શ્રેણિકે પુણિયા શ્રાવક સમક્ષ એક સામાયિકનો પ્રસ્તાવ મૂક્યો.

આ સાંભળીને પુણિયો શ્રાવક કશું બોલ્યો નહિ અને વિચારમાં પડી ગયો.

મહારાજા શ્રેણિકને થયું કે પુણિયો શ્રાવક એક સામાયિકના કેટલાં નાણાં લેવા એવા વિચારમાં તે દિગ્મૂઢ થયો હશે.

થોડીવાર સુધી મૌન છવાયું.

મહારાજા શ્રેણિકે કહ્યું : 'પુણિયા શ્રાવક, તું કેમ કશું બોલતો નથી? બોલ પુણિયા, તને કેટલી સુવર્ણ મુદ્રાઓ આપું ? કેટલાં ગામ તારા નામે કરી આપું? એક સામાયિકનું તું જે ઇચ્છે તે મૂલ્ય આપીશ...'

પ્રશ્નોના મારાના કારણે મુંઝાઈ ગયેલો પુણિયો શ્રાવક બોલ્યો : 'રાજન, આપ માગો અને આ પામર ન આપે એવો અજબ પ્રસંગ મારા પર આવી પડ્યો છે. મહારાજ, સામાયિક અથવા સામાયિકનું પુણ્ય એ આપવા જેવી વસ્તુ હોત તો એક જ શું કામ ? અત્યાર સુધીનાં મેં કરેલાં તમામ સામાયિકો મેં મારા રાજાધિરાજને અર્પણ કર્યા હોત. પરંતુ મહારાજ, દક્ષિણા લઈને કરાવવા જેવી આ પૂજા અર્ચના નથી. તે સમભાવ જગાડનારી એક સાધના છે. જે પોતે પોતાની જાતે કરવાની હોય છે. એમ છતાં જો હું તે આપું અને તમે તે લઈ લો તો આપને સંતોષ થશે નહિ. એટલે અત્યાર સુધીની જ નહિ પરંતુ આ પછી થનારા સામાયિકો મેં તમને અર્પણ કર્યા છે એવું માની લેજો...'

પુણિયા શ્રાવકે આટલુંબધું આપ્યું તો ખરું પણ શ્રેણિક મહારાજના હાથમાં કંઈ જ આવ્યું નહિ.

મહારાજા શ્રેણિકને ક્ષણભર તો લાગ્યું કે કોયડાની ભાષા બોલનારા આ માનવીનું મસ્તક ઉડાડી દઉં પરંતુ શ્રી વીરપ્રભુએ પ્રશંસા કરીને જેના ઘરનો માર્ગ બતાવ્યો તેના ઘેર જ તેની ઉપર પ્રહાર કરવો અજુગતો લાગવાથી તેઓ પાછા રાજભવન પર આવ્યા.

મહારાજા શ્રેણિક રાજભવન પર પાછા ફર્યા ત્યારે મહાદેવી ચેલ્લણા સામાયિક લઈને બેઠા હતા.

ક્ષણાર્ધમાં મહારાજા શ્રેણિકના મનમાં પ્રકાશ પથરાયો.

ચેલ્લણાનું સામાયિક માગવાનું કહેવાને બદલે પુણિયા શ્રાવકનું સામાયિક માગવાનો બોધ શ્રી વીર પ્રભુએ શા માટે આપ્યો હતો ?

રાજાનો એક પ્રજાજન કેવી રીતે રહે છે વર્તે છે, એ રાજાએ જોયું અને તેમાંથી કોઈ બોધ લેવો આવો આશય તો શ્રી વીર પ્રભુનો નહિ હોય ને ?

સમભાવ જાગૃત કરાવવાની શ્રી વીર પ્રભુની અપૂર્વ રીત મહારાજા શ્રેણિકને ભારે વિલોભનીય અને માનનીય લાગી.

પુણિયા શ્રાવકે કંઈ આપ્યું નહોતું તો પણ એક જ શું તેના અનેક સામાયિકો અને તેના પુણ્યો પોતાને પ્રાપ્ત થયા છે એવું મહારાજા શ્રેણિકને લાગ્યું.

[ સમાપ્ત ]

# સામાયિક સંબંધી જાણકારી

કરેલાં કર્મોનું વિસ્મરણ અને ભાવિ સુખોની અપેક્ષાઓનો ત્યાગ કરીને વર્તમાન સમયમાં સ્થિર થવું એ એક સાધના છે. ક્રોધ, માન, માયા, આકાંક્ષા જેવી તૃષ્ણામાંથી વિમુક્ત થવા માટે દિવસમાં એક વાર થોડો સમય એક સ્થાને બેસીને કરવામાં આવતાં ધ્યાન-ધારણાને જૈનદર્શનમાં સામાયિક કહ્યું છે.

સામાયિક શબ્દ સમય અને સમતા સાથે સંબંધ હોવાથી આ સંજ્ઞા દ્વારા જ સામાયિક સાધનાનો પરિચય થાય છે.

આત્મશુદ્ધિ માટે કરવામાં આવતી આ આંતરિક તપશ્ચર્યા શરણભાવ ઉત્પન્ન કરે છે અને એમાંથી જ વિશ્વના તમામ પ્રાણીમાત્ર તરફ સમભાવ અને તેમાંથી પ્રેમભાવ નિર્માણ થાય છે. ત્યારપછી વૈરભાવને, ઊંચ-નીચ, મારું-તારું વગેરે ભેદભાવને અવસર મળતો નથી

સામાયિક એ કેવળ ક્રિયાકાંડ નથી પરંતુ ધ્યાનનું લક્ષ્ય બદલનારી ઉપાસના છે. જેને લીધે ઉપાસકની ઉન્નતિ અને ઉર્ધ્વગમનનો માર્ગ મોકળો થાય છે.

સામાયિક એ સમતાનું વાહક, સરખાપણાના ભાવનું પ્રેરક તથા જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યના સામર્થ્યનું ઉત્પાદક છે.

સામાયિક સૂત્રના અર્થથી પ્રરૂપક શ્રી તીર્થંકર ભગવંત છે અને તેની શબ્દરચના શ્રી ગણધર મહારાજા કરે છે. અર્થાત્ તે સર્વજ્ઞ કથિત છે.

સામાયિક વ્રત એટલે આર્ત્ત અને રૌદ્રધ્યાનનો જેણે ત્યાગ કરેલો છે, તથા વચન અને શરીરસંબંધી પાપવ્યાપારનો ત્યાગ કરેલો છે, એવા મનુષ્યે એક મુહૂર્ત પર્યંત સમભાવમાં રહેવું તે સામાયિક વ્રત છે.

સામાયિક એ સર્વ સાવદ્યયોગની વિરતિરૂપ છે અને તેનાથી ચારિત્રાચારની શુદ્ધિ થાય છે, તેથી સામાયિક ક્રિયા અવશ્ય કરવી જોઈએ.

સામાયિકના બે પ્રકાર છે. એક ઈત્વર અને બીજું યાવત કથિત. ઈત્વર એટલે થોડા સમય સુધીનું ( મર્યાદિત ) સામાયિક, આ ગૃહસ્થનું વ્રત છે. યાવત્કથિત એટલે જે સામાયિક પૂર્ણ જિંદગી સુધી રહે તે, આ સામાયિક મુનિભગવંતોને હોય છે.

સમતા, સંયમ, શુભ ભાવના અને આર્ત-રૌદ્રધ્યાનનો ત્યાગ, એ સામાયિકના ચાર અંગ છે.

સામાયિકની ચાર શુભ ભાવનાઓ મૈત્રી, કારૂણ્ય, પ્રમોદ અને માધ્યસ્થ છે. અન્ય જીવોના હિતની ચિંતા કરવી તે મૈત્રીભાવના છે. અન્ય જીવોના દુઃખોને ટાળવાની ભાવના એ કરુણા ભાવના છે. અન્ય જીવો સુખ પામે તેમાં સંતોષ પામવો તે પ્રમોદ ભાવના છે. અને બીજાના અસાધ્ય દોષોની ઉપેક્ષા કરી તેમના પ્રત્યે રાગદ્વેષ ન કરવો તે માધ્યસ્થ ભાવના છે. આ ભાવનાઓથી આર્ત્ત અને રૌદ્રધ્યાન જે અપ્રશસ્ત છે, તેમાંથી જીવ નિરાળો છે. આ બે અપ્રશસ્ત ધ્યાનનો ત્યાગ કર્યા વિના અનાદિ કાળથી ધર્મધ્યાન થતું નથી.

સામાયિકમાં (૧) આચારશુદ્ધિ (૨) શરીરશુદ્ધિ (૩) વસ્ત્રશુદ્ધિ (૪) ઉપકરણશુદ્ધિ જાળવવી તથા સ્થાનશુદ્ધિ પણ જાળવવી. કારણકે સ્થાનશુદ્ધિ જાળવવાથી અપવિત્ર પરમાણુનો સ્પર્શ થતો નથી અને તેથી મનની પવિત્રતા જળવાય છે. આથી ઉપાશ્રયમાં સામાયિક કરવાનું ઉત્તમ સ્થાન છે.

સામાયિકમાં પુસ્તક, ચરવળો, કપડાં આદિ જે વસ્તુઓ જોઇએ

તેટલાની જ મર્યાદા રાખવી અર્થાત્ તેટલી જ છૂટમાં રાખીને બાકીની વસ્તુનું પચ્ચક્ખાણ કરવું તે દ્રવ્યથી સામાયિક કહેવાય.

ક્ષેત્રથી સામાયિક એટલે સામાયિક કરવા માટે જેટલી જગ્યા રોકી હોય, તેટલી જગ્યાની મર્યાદા બાંધી બાકીનાનો ત્યાગ કરવો તે.

કાળથી સામાયિક એટલે બે ઘડી અથવા ૪૮ મિનિટ. જે સામાયિકના કાળનું માપ છે. ત્યાં સુધી સામાયિક કરવું તે.

ભાવથી સામાયિક એટલે રાગ-દ્વેષથી રહિતપણે સામાયિક કરવું તે ભાવથી સામાયિક જાણવું.

સામાયિક કરવાની વિધિમાં ચાર દોષો વર્જવા. (૧) અવિધિ દોષ, (૨) અતિ પ્રવૃત્તિ-ન્યૂન પ્રવૃત્તિદોષ (૩) દગ્ધદોષ અને (૪) શૂન્યદોષ.

(૧) અવિધિ એટલે જે વિધિ શાસ્ત્રમાં જણાવી છે તે પ્રમાણે વિધિથી સામાયિક કરવામાં ન આવે તો અવિધિ દોષ લાગે છે.

(૨) અતિ પ્રવૃત્તિ-ન્યૂન પ્રવૃત્તિ દોષ એટલે શાસ્ત્રમાં લખ્યા કરતાં અધિક કે ન્યૂન કોઈપણ પ્રવૃત્તિ થાય તે.

(૩) દગ્ધદોષ એટલે સામાયિકમાં ઈહલોક-પરલોકનાં સાંસારિક સુખોની વાંછના કરવી તે.

(૪) શૂન્ય દોષ એટલે ઉપયોગ વિના ધાર્મિક ક્રિયા કરવી તે. આત્મહિતાર્થી જનોએ સામાયિક કરતી વખતે અવિધિના આ ચારેય દોષોનો ત્યાગ કરવો જોઈએ.

સામાયિક કરતી વખતે અતિચારના પાંચ દોષ વર્જવા.

(૧-૨-૩) મન, વચન અને કાયાનું દુષ્ટ પ્રણિધાન એટલે મન, વચન અને કાયાથી પાપકર્મમાં પ્રવર્તન કરવું તે.

(૪) અનાદર એટલે પ્રમાદના દોષથી જેમતેમ સામાયિક પૂરું કરવું એટલે સમય પૂરો ન થયો હોય તો પણ વહેલું પારવું તે.

(૫) સ્મૃતિનો નાશ એટલે અવસર ઉચિત સામાયિક કરવું નહિ તે. આ પાંચ અતિચારથી ભવભીરૂ આત્માએ વિરમવું જોઈએ.

કેવળી ભગવંતોએ સામાયિક માટે કહ્યું છે કે સામાયિક સહિત જીવ, નિંદા-પ્રશંસામાં સમપરિણામી હોય, વળી માન-અપમાન કરવા-વાળા ઉપર પણ સમપરિણામવાળો હોય તથા ત્રસ અને સ્થાવર જીવો ઉપર પણ સમપરિણમી હોય એવા જીવને સામાયિક હોય.

સામાયિક એ જીવનું પ્રયોજન છે અને આત્મા એજ સામાયિક છે એ વાત ભગવતી સૂત્રમાં દર્શાવવામાં આવી છે.

*

**બાણુવઈ કોડીઓ લકખા, ગુણસટ્ઠી સહસ પણવિસં**
**નવસય પણવિસાયે, સતિહા અડભાગ પલિયસ્સ-૧**

**—: અર્થ :—**

એક સામાયિક કરવાથી બાણું કરોડ ઓગણસાઠ લાખ, પચ્ચીસ હજાર નવસો અને પચ્ચીસ તથા એક પલ્યોપમના આઠ ભાગ કરીએ તેવા ત્રણ ભાગ એટલે ૯૨૫૯૨૫૯૨૫ $\frac{3}{8}$ આટલા પલ્યોપમનું દેવાયુષ્ય બંધાય છે.

**સામાયિકં દ્વિઘટિકં ચિરકર્મભેદિ**
**ચન્દ્રાવતંસકવદુચ્ચવિધિયોઽત્ર કિન્તુ**
**સ્પર્શોઽપિ સત્યમુદકં મલિનત્વનાશિ,**
**ઘોરં તમો હરતિ વા કૃત એવ દીપ- ૨**

**—: અર્થ :—**

જેમ જલસ્પર્શ મલિનપણાને નાશ કરે છે અને દીવો કરતાંની સાથે જ ભયંકર ઘણા કાળના અંધકારનું હરણ કરે છે, તેમ ચંદ્રાવતંસક રાજાની પેઠે બે ઘડીવાર આદરેલું સામાયિક અનેક કર્મોનો નાશ કરે છે.

**પ્રણિહન્તિ ક્ષણાર્ધેન, સામ્યમાલમ્બ્ય કર્મ તત્**
**યન્ન હન્યાન્નરસ્તીવ્રતપસા જન્મકોટિભિઃ—૩**

—: અર્થ :—

માણસ જે કર્મને કોટી જન્મની કઠીન તપશ્ચર્યાથી પણ નાશ ન કરી શકે, તે કર્મને સમભાવનો આશ્રય લઈને અર્ધા ક્ષણમાં નાશ કરે છે.

**અયં પ્રભાવ: પરમ: સમત્વસ્ય પ્રતીયતામ્**
**યત પાપિન: ક્ષણેનાપિ પદમિટરતિ શાશ્વતમ—૪**

—: અર્થ :—

જેનાથી પાપીઓ પણ ક્ષણમાત્રમાં શાશ્વતપદ પામે છે, તે આ સમભાવનો પરમ પ્રભાવ છે.

## એક સામાયિકનું મૂલ્ય

**દિવસે દિવસે લકખં, દેઈ સવન્નસ્સ ખંડિયં એગો;**
**એગો પુણ સામાઈયં કરેઈ, ન પહુપ્પએ તસ્સ.**

—: અર્થ :—

એક મનુષ્ય રોજ લાખ ખાંડી સોનાનું દાન દે અને બીજો મનુષ્ય રોજ સામાયિક કરે તો દાન દેનારો તેની બરોબરી કરી શકે નહિ.

લાખ ખાંડીના ૨૦ લાખ મણ થાય. ૨૦ લાખ મણના ક્રોડ શેર થાય અને ૮ ક્રોડ શેરના ૩૮૦ ક્રોડ તોલા થાય.

*

'સામાયિક' એ આવશ્યકનું મૂળ છે. શ્રી જિનશાસનનું પ્રધાન અંગ છે. એનો પ્રભાવ અને પ્રતાપ અપૂર્વ છે. એનાથી આધિ, વ્યાધિ અને ઉપાધિના સઘળા તાપ, પરિતાપ, સંતાપ શમે છે.

(સંકલિત)

*

# સુનંદા રૂપસેન

[ ઐતિહાસિક નવલકથા ]

●

●

માનવી જ્યારે મોહની જાળમાં ફસાય છે ત્યારે ભવભ્રમણના ફેરા શરૂ થઈ જાય છે. મોહના વર્તુળમાં ફસાયેલા રૂપસેનને અનેક ભવના ફેરા ફરવા પડ્યા અને છેવટે જ્ઞાન થતાં મુક્તિ મળી એ વાતને સમજાવતી આદર્શ નવલકથા.

## ૧ : : રાજકુમારી સુનંદા

પૃથ્વીભૂષણ નગરસમૃદ્ધિ, વૈભવ અને ધનધાન્યથી સભર હતું. આ નગરીનો રાજવી કનકધ્વજ ઉદાર, ન્યાયપ્રિય અને દયાળુ હતો. જે નગરીનો રાજા સત્યનિષ્ઠ, ન્યાયપ્રિય અને નીતિવાન હોય તો તે નગરીની પ્રજા પણ અત્યંત સુખી અને સંતોષી હોય છે.

મહારાજા કનકધ્વજની ન્યાયપ્રિયતાની પ્રશંસા ચોમેર ફેલાયેલી હતી.

મહારાજા કનકધ્વજ પ્રજાવત્સલ રાજવી હતો. પ્રજાના સુખ-દુઃખમાં પોતે ભાગીદાર બનતો. પ્રજાનું યોગ્ય રીતે પાલન કરતો હતો. પૃથ્વીભૂષણ નગરીના લોકોના મુખ પર વિષાદની છાયા કે દુઃખનો પરિતાપ જોવા મળતો નહોતો. નગરજનોના મુખ પર સંતોષનું સ્મિત સદાય જોવા મળતું.

પૃથ્વીભૂષણ નગરના મહારાજા કનકધ્વજે મંત્રીઓ સાથે બેસીને પ્રજાકલ્યાણની ઉચ્ચ ભાવના સાકાર કરવા માટે વિવિધ યોજનાઓ ઘડી હતી અને તે ઉત્તમ યોજનાઓનો અમલ તાત્કાલિક થાય તે માટે સુયોગ્ય પ્રબંધ પણ કરવામાં આવ્યો હતો. આ અંગે મહારાજા કનકધ્વજ હંમેશા જાગૃત રહીને ચકાસણી પણ કરતા હતા. આથી અધિકારી ગણ સદાય પોતાના કાર્યમાં ચોકસાઈ સેવતો હતો.

મહારાજા કનકધ્વજે નગરને સુશોભિત કરવા માટે વિવિધ સ્થળે કૃત્રિમ ફુવારાઓ, ઉદ્યાનોની રચના કરી હતી. ઉદ્યાનોમાં સુંદર લતાઓ, વિવિધ રંગબેરંગી સુગંધી પુષ્પો ઉગાડવામાં આવ્યાં હતાં.

નગરના દરેક માર્ગો સ્વચ્છ અને સુઘડ રહે તે માટે સુંદર આયોજન પણ કરવામાં આવ્યું હતું. નગરના લોકો પણ નગરને સ્વચ્છ અને સુઘડ રાખવા માટે પૂરો સાથ અને સહકાર આપતા હતા.

પૃથ્વીભૂષણ નગરમાં જિનાલય, શૈવમંદિર ભાવિકોની આસ્થાના મંગલસ્થાન સમા હતા. નગર વિવિધ પ્રકારની બજારોથી અલંકૃત હતું. ઝવેરી બજાર, વસ્ત્ર બજાર, કરિયાણા બજાર, સુવર્ણ-કારોની બજાર વગેરે આખો દિવસ ધમધમતી રહેતી હતી. આજુ-બાજુના ગ્રામ્ય પ્રદેશના વેપારીઓ મોટી ખરીદી અર્થે આ નગરમાં આવતા રહેતા. ગ્રામ્યજનો ખરીદી અને નગરદર્શન અર્થે આવતા હતા.

પૃથ્વીભૂષણ નગરમાં પ્રવાસીઓ માટેની સુંદર પાંથશાળાઓ આવેલી હતી. પાંથશાળામાં આવનાર પ્રવાસીઓની પૂરી સગવડ જળવાય તે અંગે પૂરતી કાળજી લેવામાં આવતી હતી. એ સિવાય નગરમાં લોકોના મનોરંજન માટે પાનાગાર, નાટયગૃહો પણ હતાં. એ સિવાય ગણિકાવાડ પણ હતો જ્યાં સંધ્યા પછી ધમધમાટ વધી જતો.

નગરમાં લૂંટફાટનો ઉપદ્રવ નહોતો. એનું કારણ એ હતું કે નગરીનું રક્ષકદળ કસાયેલું અને સજાગ હતું. રાત્રીકાળે રક્ષકોની અલગ અલગ ટુકડીઓ જુદાજુદા રાજમાર્ગો પર ફરતી અને કોઈ પણ જાતનો અનિચ્છનીય ઘટના ન બનવા પામે તે અંગે પૂરતી તકેદારી રાખવામાં આવતી હતી. નગરરક્ષકે નગરની રક્ષણ–

વ્યવસ્થા ખૂબ સુંદર રીતે ગોઠવી હતી. નગરના મુખ્ય દ્વારો પાસે દ્વારરક્ષકો અજાણ્યા અને શંકાસ્પદ જણાય તેવા લોકોની બરાબર રીતે તપાસ કરતાં, શંકા જેવું જણાય તો તેને તરત જ નગરરક્ષક પાસે રજૂ કરવામાં આવતો હતો. નગરરક્ષક એવી વ્યક્તિની પૂરી ઊલટતપાસ કરતા અને શંકાસ્પદ લાગે તો તેને કારાગારમાં મોકલી દેવામાં આવતો. પરંતુ આવા કિસ્સાઓ જવલ્લે જ બનવા પામતા, છતાંય રક્ષક-ટુકડી સદાય જાગૃત રહીને નગરીની રક્ષણવ્યવસ્થાનો ભાર બરાબર રીતે ઝીલતી હતી.

મહારાજા કનકધ્વજ ઘણીવાર અંધારપછેડો ઓઢીને નગરચર્યા અર્થે રાતના નીકળી પડતા અને લોકોના સુખદુ:ખનો અભ્યાસ કરતા.

મહારાજા કનકધ્વજ ખરા અર્થમાં પ્રજાના પાલનહાર હતા.

મહારાજા કનકધ્વજને ગુણચંદ્ર તથા કીર્તિચંદ્ર નામના બે પુત્રો હતા અને સુનંદા નામની અતિ રૂપવતી પુત્રી હતી.

રાજકુમારી સુનંદા કિશોરાવસ્થા પસાર કરીને યૌવનકાળમાં પ્રવેશી હતી. યૌવનના મધુર ગીતોનો ગુંજારવ એના અંતરમાં થતો હતો. રાજકુમારી સુનંદા ચોસઠ કલામાં પારંગત બની ચૂકી હતી. રાજકુમારી સુનંદા વીણાવાદનમાં નિપુણ હતી. તેને જ્યારે નવરાશ મળતી ત્યારે વીણાવાદન કરવા બેસી જતી. રાજકુમારી સુનંદાને ચિત્રા, તરલિકા તથા મેઘના નામની ત્રણ સખીઓ હતી. જે રાજકુમારીની સાર-સંભાળમાં સદાય ઉપસ્થિત રહેતી, એટલું જ નહિ પરંતુ સખીપણાનો પાઠ પણ બરાબર રીતે ભજવતી રહેતી. રાજકુમારી સુનંદા ઘણીવાર મનમાં રમતી વાત તેની સખીઓ સમક્ષ હૈયું ખોલીને બતાવતી.

પ્રાતઃકાળનો સમય હતો.

સૂર્યનો ઉજ્જવલ પ્રકાશ હજુ પૃથ્વીપટને ભીંજવવા આવ્યો નહોતો. વાતાવરણ શાંત અને પ્રસન્ન હતું. પક્ષીઓનો મધુર કલરવ વાતાવરણને પ્રસન્નતાની માધુરીથી અભિનંદી રહ્યું હતું.

પૃથ્વીભૂષણ નગરમાં સૌ કોઈ કામે ચડી જવા માટે તૈયારી આદરી રહ્યાં હતાં. રાજભવનમાં દાસ-દાસીઓ જાગૃત થઈને પ્રાતઃકાર્ય વિધિમાં ગૂંથાઈ ગયાં હતાં.

મહારાજા કનકધ્વજ પ્રાતઃવિધિ પતાવીને નગરી ભ્રમણ અર્થે રોજના ક્રમ મુજબ નીકળી ચૂકયા હતા.

જ્યારે રાજકુમારી સુનંદા શય્યા પર ગુલાબી નિદ્રા માણી રહી હતી. પ્રાતઃકાળની ઝાલરી ક્યારનીય વાગી ચૂકી હતી. છતાં તે હજુ જાગૃત બની નહોતી. વાદ્યકારો વાદ્યો દ્વારા પ્રાતઃકાળની રાગિણી બજાવી રહ્યાં હતાં અને દિવસને સત્કારી રહ્યાં હતાં. સૂર્યનો સુકોમળ પ્રકાશ વાતાયન દ્વારા ખંડમાં પ્રવેશ્યો. સૂર્યનો તેજસ્વી છતાં ગુલાબી વાતાવરણ વચ્ચેનો પ્રકાશ સુનંદાના સુકોમલ મુખને સ્પર્શ કરી રહ્યો હતો. મંદમંદ વહેતો વાયુ અને તેમાંય સૂર્યના પ્રકાશનું આગમન... અતિ કોમલાંગી યુવતિ...સ્નિગ્ધ ચહેરો ધરાવતી અનિંદ્ય રૂપની સામ્રાજ્ઞી સુનંદા ધીરેધીરે જાગૃત થઈ. સુનંદાએ અમૃત સમી આંખો ખોલી. વાતાયન તરફ દષ્ટિ કરતાં સુનંદાને થયું કે આજે મને જાગૃત થવામાં વાર થઈ છે.

રાજકુમારી સુનંદાએ તરત જ શય્યાત્યાગ કર્યો. વસ્ત્રો સરખાં કર્યાં. જળ વડે હાથમુખને સ્વચ્છ કર્યાં. થોડી વારમાં તે સ્વસ્થ થઈ. સુનંદાએ તરત જ ચિત્રાને બોલાવી લાવવા માટે એક દાસીને મોકલી.

થોડી વારમાં ચિત્રા આવી અને વંદન કરતાં બોલી: 'રાજકુમારી-બા, કહો, શી આજ્ઞા છે?'

'ચિત્રા, આજે જાગૃત થવામાં વિલંબ થયો છે.'

'રાજકુમારીબા, શું કોઈ મીઠા મધુર સ્વપ્નમાં ડૂબી ગયા હતા?'

'ના...એવું કશું નથી...તું પ્રાતઃકાર્યની તૈયારી કર...' રાજકુમારી સુનંદાએ કહ્યું.

'જી...જેવી આપની આજ્ઞા...' કહીને ચિત્રા ચાલી ગઈ.

રાજકુમારી શયનકક્ષમાંથી બહાર આવી અને સીધી સ્નાનગૃહ તરફ વળી ત્યાં ચિત્રા, તરલિકા અને મેઘના રાજકુમારી માટે સ્નાનની વ્યવસ્થામાં પરોવાયાં હતાં.

રાજકુમારી સુનંદાને આવેલી જોતાં જ તરલિકા બોલી : ' રાજકુમારીબા, સ્નાનગૃહમાં તમામ પ્રકારની વ્યવસ્થા થઈ ગઈ છે...!'

રાજકુમારી સુનંદાએ કશો ઉત્તર ન આપ્યો પણ સ્નાનગૃહ તરફ આગળ વધી. સ્નાનગૃહમાં મેઘનાએ સુગંધિત દ્રવ્યોથી યુક્ત તૈલ તૈયાર જ રાખ્યું હતું.

રાજકુમારી સુનંદા સ્નાનગૃહમાં આવી ત્યાં ચિત્રા તથા તરલિકાએ રાજકુમારીની ફરતી કાયા પર સુગંધિત દ્રવ્યોથી યુક્ત તૈલમર્દન કરવા માંડયું. તૈલમર્દન ઉબટન પૂર્ણ થયા પછી સુનંદાની કાયા હળવી ફૂલ જેવી બની ગઈ.

ચિત્રા, તરલિકા અને મેઘના રાજકુમારી સુનંદાની કાયાને જોઈને પળવાર મુગ્ધ બની ગયાં. અતિ નાજુક અને કોમળ કાયા સુનંદાની હતી. ઓહ્...! આવું અપાર રૂપ...! અંગની આટલી બધી કોમળતા...!

સુનંદાએ મધુર સ્વરે કહ્યું : ' અરે ચિત્રા, તમે ત્રણેય બોલતાં કેમ નથી ? શું મૌન ધારણ કર્યું છે ?

' રાજકુમારીબા, અમે આપનો વિચાર કરતાં હતાં...' ચિત્રા બોલી.

' મારા વિષે વિચારતાં હતાં...! શું...? ' રાજકુમારી સુનંદાને આશ્ચર્ય થયું.

' રાજકુમારીબા, આપ ખરેખર અપૂર્વ અને અપાર રૂપનાં સ્વામિની છો. આપને જોઈને મનમાં એક જ પ્રશ્ન ઊભો થાય છે કે આપના જેનું સર્વોત્કૃષ્ટ અને અપાર રૂપ કોઇ નારીનું હશે ખરું...! ' ચિત્રા બોલી.

' હવે પ્રશંસા કરવાની રહેવા દે, આજે આમેય વિલંબ થઈ

ગયો છે.' સુનંદા બોલી.

ત્યારપછી ચિત્રા તથા તરલિકાએ સુનંદાને સામાન્ય ઉષ્ણ જળ વડે સ્નાન કરાવ્યું. ત્યારબાદ સુનંદા સ્નાનગૃહના હોજમાં લગભગ અર્ધ ઘટિકા પર્યંત પડી રહી.

અર્ધ ઘટિકા બાદ સુનંદા હોજમાંથી બહાર આવી.

ચિત્રા, તરલિકાએ અંગલુછણ વડે રાજકુમારીની કાયાને કોરી કરી. ત્યારબાદ સમગ્ર અંગને લપેટાય તેવું ઉપવસ્ત્ર મેઘનાએ રાજકુમારી સુનંદા સામે ધર્યું.

રાજકુમારી સુનંદાએ મેઘનાએ આપેલું વસ્ત્ર કાયા ફરતું વીંટાળી લીધું અને તેની સખીઓ સાથે વસ્ત્રપરિવર્તન ખંડમાં આવી.

દિવસના પ્રથમ પ્રહરની બે ઘટિકા પસાર થઈ ગઈ.

વસ્ત્રપરિવર્તન ખંડમાં આવીને સુનંદાએ થાળમાં કાઢેલાં સર્વોત્તમ વસ્ત્રો ધારણ કર્યાં. ગુલાબી કાયાને શોભી ઊઠે તેવાં સુંદર, મુલાયમ કૌશેય વસ્ત્રો હતાં.

રાજકુમારી સુનંદા દર્પણ સામે બેસી ગઈ.

સુવર્ણના બાજોઠ પર બેસતાં સુનંદા બોલી: 'ચિત્રા, હવે જરા પણ વિલંબ ન થાય...પિતાજી મારી પ્રતીક્ષા કરતા હશે...'

'રાજકુમારીબા, હવે વાર નહિ લાગે...' ચિત્રા બોલી.

મેઘનાએ તરત જ રાજકુમારી સુનંદાનો દીર્ઘ કેશકલાપ ગૂંથવા માંડ્યો. કેશને વેણીબંધ કરીને સુંદર ગુલાબનાં પુષ્પોની વેણી પહેરાવી.

સુનંદાના હાથમાં, પગમાં સુવર્ણના મૂલ્યવાન અલંકારો ધારણ કરાવ્યાં.

થોડી વાર પછી રાજકુમારી સુનંદા પિતા પાસે આવી ત્યારે ત્યાં માતાજી અને બન્ને ભાઈઓ પણ હતા.

સુનંદાને જોતાં જ રાજા કનકધ્વજે કહ્યું: 'પુત્રી, અમે તારી

ઉત્કંઠાપૂર્વક પ્રતીક્ષા કરી રહ્યાં છીએ...આજે આટલો વિલંબ કેમ થયો ?'

'પિતાજી, આજે જાગૃત થવામાં વિલંબ થયો એના કારણે વાર થઈ...' રાજકુમારી સુનંદાએ એક આસન ગ્રહણ કરતાં કહ્યું.

મહાદેવીએ કહ્યું : 'પુત્રી, તેં અલ્પાહાર કરી લીધો ?'

'હા...માતાજી, સ્નાનાર્થે ગઈ તે પહેલાં અલ્પાહાર કરી લીધો હતો...'

'સુનંદા, તારા વીણાવાદનનો અભ્યાસ કેવોક ચાલે છે ?' મહારાજાએ પૂછ્યું.

'પિતાજી, હું વીણાવાદનનો નિયમિત અભ્યાસ કરું છું.' સુનંદાએ કહ્યું.

'એકવાર તારું વીણાવાદન સાંભળીશું. નગરીના કેટલાક અગ્રણીઓને આમંત્રણ પણ આપીશું...' મહારાજ બોલ્યા.

મહાદેવીએ કહ્યું : 'સ્વામી, સુનંદાનું વીણાવાદન રાજભવનમાં જ ગોઠવજો.'

'એ તો એમ જ થશે...'

થોડી વાર સુધી સામાન્ય વાતો કરીને મહારાજ અને મહાદેવી રાજસભામાં ગયાં. રાજકુમાર ગુણચંદ્ર અને રાજકુમાર કીર્તિચંદ્ર અન્યત્ર ચાલ્યા ગયા જ્યારે રાજકુમારી સુનંદા પોતાના ખંડમાં આવી.

રાજકુમારી સુનંદાએ તરત જ પોતાની ત્રણેય સખીઓને પોતાની પાસે બોલાવી.

ચિત્રા, તરલિકા અને મેઘના તરત જ રાજકુમારી સુનંદાની સેવામાં હાજર થઈ ગઈ.

ચિત્રાએ મધુર સ્વરે પૂછ્યું : 'રાજકુમારીબા, ચોપાટ રમીશું ?'

'ના...અત્યારે ચોપાટ રમવી ના ગમે...'

'તો પછી ઝરૂખામાં બેસીને માર્ગ પર આવતા-જતા લોકોને

નિહાળીએ.' મેઘના બોલી.

સુનંદાએ કહ્યું : ' મેઘના, તારી વાત બરાબર છે. બહારના માણસોને જોવાથી ચિત્તને આનંદ મળશે...'

રાજકુમારી સુનંદા પોતાની ત્રણેય સખીઓને લઈને રાજભવનના ઝરૂખામાં આવી ત્યાં આસનો ગોઠવાયેલાં જ હતાં. સૌએ આસન ગ્રહણ કર્યું.

ચિત્રાએ મધુર સ્વરે રાજકુમારી સુનંદા સામે જોઈને કહ્યું : ' રાજકુમારીબા, આપનો વીણાવાદનનો અભ્યાસ અપૂર્વ છે. આપની સાધનામાં એક કલાકારનાં દર્શન થાય છે. આપનું વીણાવાદન સાંભળવા મન ઉત્સુક રહ્યા કરે છે...'

સુનંદા આછું હસી અને કહ્યું : ' ચિત્રા, તારામાં એક વિશેષતા છે. જ્યારે તક મળે ત્યારે મારી પ્રશંસા કર્યા વગર રહી શકતી નથી. હું તો તને એટલું જ કહીશ કે કોઈ પણ કલાને સિદ્ધહસ્ત કરવી હોય તો સૌ પ્રથમ એકાગ્રતા કેળવવી પડે છે. એકાગ્રતાથી મન સ્થિર રહે છે અને અંતરમાં જે ભાવો રમી રહ્યા હોય તે કલા દ્વારા રજૂ થાય છે. સંગીત એ અંતરના ભાવોને વ્યક્ત કરતું સબળ માધ્યમ છે.'

' વાહ...રાજકુમારીબા...વાહ...! આપના શબ્દોમાં પણ સંગીતનો ગુંજારવ થાય છે.' મેઘના બોલી.

ત્યાં તરલિકાએ મમરો મૂક્યો : ' મેઘના, રાજકુમારીબાના શબ્દોમાં યૌવનનો રણકાર છે. યૌવનના આંદોલનો હંમેશા સદાય વહેતા અને ગુંજતા ઝરણા જેવા છે.'

સુનંદાએ કહ્યું : ' સંગીતની વાતો થતી હતી ત્યાં યૌવન વચ્ચે શી રીતે આવ્યું ? '

ચિત્રા બોલી : ' જે રીતે સંગીતના સૂરો મનની પ્રસન્નતા આણે છે તે રીતે યૌવનનાં ગીત યૌવન પ્રવેશે સંભળાય છે. કોકિલના

મીઠા કલરવ સમો...!'

રાજકુમારી સુનંદાની ત્રણેય સખીઓ મીઠો વાર્તાલાપ સુનંદા સાથે કરી રહી હતી ત્યાં અચાનક સુનંદાની આંખોમાં એક ભયભીત દૃશ્ય જોવામાં આવ્યું. એ દૃશ્ય નિહાળીને સુનંદા થોડી પળો માટે અવાચક બની ગઈ. તેના અંગેઅંગમાં ભય વ્યાપી ગયો.

—રાજમાર્ગ પર આવેલા એક નાનકડા ઘરમાં એક સ્વરૂપવાન સ્ત્રીને એનો સ્વામી જોર જોરથી દંડપ્રહાર કરી રહ્યો હતો.

આ વાત રાજકુમારી સુનંદા માટે આશ્ચર્યભરી અને ભયભીત કરી મૂકનારી હતી.

રાજકુમારી સુનંદાની ત્રણેય સખીઓ પણ અપલક નયને સ્વરૂપવાન સ્ત્રીને દંડપ્રહાર કરતા તેના સ્વામીને જોઈ રહી હતી.

રાજકુમારી સુનંદા અને તેની સખીઓ મૌન ધારણ કરીને રાજમાર્ગ પર થતી ઘટનાને નિહાળી રહ્યાં હતાં.

રાજકુમારી સુનંદાએ જોયું કે તે સ્ત્રીનો સ્વામી હાથમાં તેનો ચોટલો પકડીને રાજમાર્ગ પર આમથી તેમ ઘસડી રહ્યો હતો.

તે સ્વરૂપવાન સ્ત્રીનું આક્રંદ ભલભલાને પીગળાવી મૂકે તેવું હતું.

રાજકુમારી સુનંદાના અંતરમાં પ્રશ્ન ઊભો થયો કે આ પુરુષ શા માટે એની સ્ત્રી પર આવો અત્યાચાર કરતો હશે? તે સ્ત્રીએ એવો તે શું અપરાધ કર્યો હશે કે એનો સ્વામી આટલી હદે અત્યાચાર કરવા તત્પર થયો...!

રાજકુમારી સુનંદાના અંતરમાં ઉદ્‌ભવેલા પ્રશ્નોના ઉત્તર થોડી વારમાં મળી ગયા.

—પેલી સ્ત્રી તેના સ્વામીના પગમાં પડીને બે હાથ જોડીને નયનોમાંથી અશ્રુઓ વહેવડાવીને વિનંતીભર્યા સ્વરે કહી રહી હતી...

તે સ્ત્રીની આંખોમાં લાચારી અને વેદના સ્પષ્ટપણે વરતાતી હતી.

તે સ્વરૂપવાન સ્ત્રી વેદનાભર્યા સ્વરે તેના સ્વામીને કહી રહી હતી : ' હે સ્વામી, આપ નાહકની મારા પર શક કરો છો. મેં કોઈ અપરાધ કર્યો નથી. કોઈ હિત શત્રુએ મારા માટે આપને ખોટી વાતો જણાવી છે. એની વાત આપે સાચી માની લીધી. આપ જરા વિચાર કરો કે આપ મારા પર જે આળ લગાવી રહ્યા છો તે ખરેખર સત્ય હોઈ શકે? સ્વામી, હું ઉત્તમ કુળમાં જન્મેલી છું. આપની ઇચ્છા-વિરૂદ્ધ કોઈ પણ કાર્ય આજ સુધીમાં કર્યું નથી અને ભવિષ્યમાં ક્યારેય કરવાની નથી. જ્યારે આપને સત્ય હકીકતની જાણ થશે ત્યારે આપને અત્યંત દુઃખ થશે. મારી આપને વિનંતી છે કે સૌ પ્રથમ તપાસ કરાવો. જો હકીકત સાચી ઠરશે તો આપ જે સજા આપશો એ હું હસતા મોઢે સ્વીકારી લઈશ...આપ મારા પર દંડપ્રહાર કરો નહિ...મને છોડી દો...! મારા પર દયાભાવ રાખો...! '

પરંતુ તે સ્ત્રીનો સ્વામી સરળતાથી સમજે તેવો થોડો હતો. તે પુરુષ નિર્દયી બનીને પોતાની સ્ત્રીને દંડપ્રહાર કરતો જ રહ્યો. ત્યાં સુધી કે તેની સ્ત્રી મૂર્છાવશ ન બની ત્યાં સુધી.

રાજમાર્ગ બનેલી ઘટના જોવા અનેક લોકો એકત્રિત થયાં હતાં પરંતુ કોઈ સ્ત્રીના પતિને રોકવા આગળ ન વધ્યું. ન તો કોઈ સ્ત્રીની વેદનાના આંસુ લૂછવા આગળ આવ્યું...!

એકત્રિત લોકો એક અબળા નારી પર થતો અત્યાચાર નિહાળતા રહ્યાં. મૂક પ્રેક્ષક બનીને...

એક લાચાર અને વેદનાગ્રસ્ત સ્ત્રીના આંસુ પોંછનાર કોઈ ન હોતું.

પોતાની નજર સામે બનેલી ઘટનાથી રાજકુમારી સુનંદા એકદમ ભયભીત થઈ ગઈ. એના હૈયામાં થડકાર ઉત્પન્ન થયો. થડકો શાંત થયો પછી સુનંદાએ ત્રણેય સખીઓ સામે જોયું. ચિત્રા, તરલિકા અને મેઘનાને આ વાતનું આશ્ચર્ય વધુ જણાતું નહોતું.

પરંતુ ભયભીત થયેલી રાજકુમારી સુનંદાએ તેની સખીઓ સામે જોઈને કહ્યું : 'ચિત્રા, શું સંસારમાં પુરુષો આવા જ હોય છે ! તે સ્ત્રીના સ્વામીએ કેવું નિર્દયતાથી સભર વર્તન કર્યું ! અરે... પેલી ભલી સ્ત્રી કેટલી વિનંતી કરી રહી પણ એનો નિર્દયી પતિ કંઈ સાંભળવા તૈયાર જ નહોતો અને દંડપ્રહાર કરતો રહ્યો. તે અબળા સ્ત્રી કેવી આજીજી કરી રહી હતી...! કેવું આક્રંદ કરી રહી હતી...! છતાં તેનો સ્વામી દયાહીન થઈને તે સ્ત્રી પર અત્યાચાર ગુજારતો જ રહ્યો. સંસારમાં દરેક પુરુષો આવા જ હોય છે. આવા પુરુષોની છત્રછાયામાં સ્ત્રીને વેદના, દુઃખ અને પરિતાપ સિવાય કશું ઉપલબ્ધ થતું નથી. જે પુરુષ સ્ત્રીના મનોભાવને સમજી ન શકે, એની વેદનાને જાણી ન શકે તે પુરુષ નિષ્ઠુર જ ગણાય. આજે નજર સમક્ષ બનેલી ઘટનાથી મારું હૈયું ઘવાયું છે પુરુષજાત પ્રત્યે દ્વેષ થયો છે. ભલે હું ભવિષ્યમાં પુરુષદ્વેષિણી કહેવાઉં પણ હું લગ્નબંધનમાં પડીને આવો અત્યાચાર, આવી વેદના સ્વીકારવા તૈયાર નથી. ચિત્રા, તું મારા માતાપિતા પાસે જા અને એમને કહી આવજે કે સુનંદાના લગ્ન માટે કોઈપણ જાતના પ્રયાસો ન કરે. હું લગ્નના બંધનમાં પડીને મારું જીવન નષ્ટ કરવા માગતી નથી.'

રાજકુમારી સુનંદાની વાત સાંભળીને ચિત્રા આછું હસવા લાગી અને બોલી : 'રાજકુમારીબા, સંસારમાં આવું તો ચાલ્યા જ કરે છે. દરેક પુરુષો સરખા થોડા હોય છે. આપે માત્ર એક ઘટનાથી લગ્ન ન કરવાનો નિશ્ચય કરી લીધો તે બરાબર નથી. હજુ તો આપે યૌવનનાં મીઠાં ગીત સાંભળ્યાં નથી. યૌવનના સ્પંદનો માણ્યા નથી. ત્યારે આવા વિચારો કરીને મનમાં સ્થાન આપવું ન જોઈએ. સ્ત્રીઓ માટે તો પુરુષ જ જીવન છે. પુરુષ વિના સ્ત્રીને જીવન પસાર કરવું આકરૂ અને દુષ્કર છે.'

'ચિત્રા, તારા વિચારો તારી પાસે રાખ. મેં જે મનમાં

સંકલ્પ કર્યો છે તેમાં ફેરફારનો જરાય અવકાશ નથી. તું અત્યારે જ મારી માતા પાસે જઈને કહી આવ કે રાજકુમારી સુનંદાના લગ્ન માટે કોઈ પણ જાતની તૈયારી ન કરે. મારી ઇચ્છા થશે તો સામેથી જણાવીશ અને એક બીજી વાત, મારા ખંડ પાસે કે મારી આસપાસ કોઈ પણ પુરુષનો પ્રવેશ ન જોઈએ, મારે કોઈ પણ પુરુષનું મુખ જોવું નથી.'

ચિત્રાને થયું કે અત્યારે રાજકુમારી સુનંદા સાથે ચર્ચામાં ઊતરવું યોગ્ય નથી, આમ વિચારીને ચિત્રાએ કહ્યું; 'ભલે રાજકુમારીબા જેવી આપની આજ્ઞા. આપ કહો છો તે રીતે હું મહાદેવીને વાત કરું છું...'

આટલું કહીને ચિત્રા સીધી મહાદેવી પાસે આવી.

ચિત્રાએ મહાદેવી સામે જોઈને વિનમ્ર સ્વરે કહ્યું : 'મહાદેવી, રાજકુમારી સુનંદાનો સંદેશો લઈને આવી છું.'

'આવ ચિત્રા, સુનંદાએ શું સંદેશો પાઠવ્યો છે ?' મહાદેવીએ સ્વાભાવિક સ્વરે કહ્યું.

'મહાદેવી, રાજકુમારી સુનંદાદેવીને જણાવ્યું છે કે મારી માતાને જણાવી દો કે પોતે લગ્નના બંધનમાં પડવા માગતી નથી અને આ અંગે કોઈ પણ જાતનો પ્રયત્ન ન કરે...' ચિત્રા બોલી.

ચિત્રાની વાત સાંભળતાં મહાદેવીને ભારે આશ્ચર્ય થયું.

'ચિત્રા, મને તારી વાત સમજાતી નથી. રાજકુમારીના મનમાં આવી વાત કોણે ઉતારી છે ? એવો તે શું પ્રસંગ બન્યો છે કે રાજકુમારી લગ્ન કરવા માગતી નથી ?'

ત્યારે ચિત્રાએ જણાવ્યું : 'મહાદેવી, અમે ત્રણ સખીઓ રાજકુમારીબા સાથે રાજમાર્ગ પર પડતા ઝરૂખામાં બેઠાં હતાં. અમે અલકમલકની વાતો કરતાં હતાં ત્યાં એક સ્વરૂપવાન સ્ત્રીને તેનો સ્વામી બહાર ધસડીને દંડપ્રહાર કરતો હતો. આ દૃશ્ય રાજકુમારીબા

મગ્ન બનીને નિહાળતાં હતાં. તે સ્વરૂપવાન સ્ત્રી તેના સ્વામીને દંડપ્રહાર ન કરવા માટે ખૂબ આજીજી કરતી હતી પરંતુ તે સ્ત્રીનો નિર્દયી સ્વામી કોઈ વાતમાં સમજતો નહોતો. તેની સ્ત્રી દંડ-પ્રહારના મારથી મૂર્છાવશ બની એ પછી જ એ પુરુષે દંડ ઉગામવાનું બંધ કર્યું.'

'પણ તે પુરુષ તેની પત્ની પર દંડપ્રહાર શા માટે કરતો હતો ?'

'મહાદેવી, તે સ્ત્રી એવું બોલી રહી હતી કે મને સજા ન કરો...મેં કોઈ અપરાધ કર્યો નથી. કોઈ હિતશત્રુએ મારા વિષે આપના કાન ભંભેર્યા છે. અને એની વાત સાચી માની લીધી. તમે ચારિત્ર્ય અંગે જે આગ લગાવી રહ્યાં છો તે તદ્દન અસત્ય છે. હું ઉત્તમ કુળમાં જન્મેલી છું. આપની ઇચ્છાવિરુદ્ધ કોઈ પણ કાર્ય આજ સુધીમાં કર્યું નથી જ્યારે આપને સત્ય હકીકતની જાણ થશે ત્યારે આપને અત્યંત દુઃખ થશે. આ પ્રમાણે કહીને તે સ્ત્રી ખૂબ કરૂણ આક્રંદ કરતી હતી...'

'ઓહ્...આ ઘટનાની અસર રાજકુમારી પર પડી છે ?'

'હા...મહાદેવી, બીજું એ કે રાજકુમારીબાએ અમને આજ્ઞા કરી છે કે કોઈ પણ પુરુષને મારી સમક્ષ લાવવો નહિ. હું કોઈ પણ પુરુષનું મોઢું જોવા માગતી નથી...'

'ચિત્રા, સુનંદા હજુ બાળક છે પરંતુ એના અંતરમાં આવા વિચારોને પ્રોત્સાહન મળે તેવું કશું કરવું નહિ.'

'મહાદેવી, આપ લગીરે ચિંતા કરશો નહિ. ધીરે ધીરે બધું થાળે પડી જશે. ભાવિના ભીતરમાં શું છૂપાયેલું છે તેની જાણ કોઈને હોતી નથી...'

'ચિત્રા, તારી વાત સાચી છે. સુનંદાના અંતરમાં પુરુષજાતિ તરફ નફરત જાગે નહિ તેવા પ્રયત્નોમાં તમે ત્રણેય સખીઓ કાર્યરત રહેજો...'

‘મહાદેવી, અમે એવા જ પ્રયત્નમાં છીએ. રાજકુમારીબાના અંતરમાંથી પુરુષદ્વેષ કાઢીને જ જંપીશું...’

‘બરાબર...તું સુનંદાને કહેજે કે માતાજી યાદ કરે છે...” મહાદેવીએ કહ્યું.

ચિત્રા તરત જ મહાદેવીને વંદન કરીને રાજકુમારી સુનંદા પાસે આવી ગઈ.

રાજકુમારી સુનંદાએ ચિત્રાને જોતાં જ પ્રશ્ન કર્યો : ‘ચિત્રા, તું મહાદેવી પાસે જઈ આવી? શું વાત થઈ?’

‘રાજકુમારીબા, આપની આજ્ઞા મુજબ મેં મહાદેવીને માહિતગાર કર્યા છે. તેઓએ કશો પ્રતિભાવ આપેલ નથી. આપને ત્યાં જવાનું છે...’

‘ભલે...હું માતાજીને મળી લઈશ...’ સુનંદાએ જણાવ્યું.

સુનંદાના અંતરમાં હજુ નિર્દયી પુરુષના સ્ત્રી પરના અત્યાચારની ઘટના તાદ્રશ્ય બનીને સામે આવતી હતી. આજની ઘટનાથી એનું હૈયું ઘવાયું હતું.

સુનંદાને થતું હતું કે શું પુરુષ આટલો નિર્દયી થઈ શકતો હશે? શું પુરુષના હૈયામાં પ્રેમ, દયા, મમતા કે સ્નેહ જેવા ભાવોને સ્થાન નહિ હોય?

પૃથ્વીભૂષણ નગરની રાજસભામાં નગરની શ્રેષ્ઠ નર્તકી દેવલતાના નૃત્યનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાત્રીના પ્રથમ પ્રહર બાદ નર્તકી દેવલતા રાજસભામાં નૃત્ય કલાના કામણ બિછાવવાની હતી.

મહારાજા કનકધ્વજ કલારસિક હતા. સંગીત અને નૃત્યના કલાકારોને તેઓ હંમેશા પ્રોત્સાહિત કરતા. રાજસભામાં જ્યારે કાર્યક્રમ ગોઠવાયો હોય ત્યારે નગરજનોને કાર્યક્રમ માણવા માટેનું જાહેર આમંત્રણ અપાતું. એ નિયમાનુસાર નગરમાં ઢંઢેરો પીટાવીને નગરના લોકોને નૃત્યના કાર્યક્રમ સંબંધિત જાણ કરવામાં આવી હતી.

રાજસભાના વિશાળ ખંડમાં તમામ પ્રકારની વ્યવસ્થા હતી. અગ્રભાગે મંત્રીઓ, રાજ્યના કર્મચારીઓ તથા નગરીના અગ્રણીઓ બેઠક ગ્રહણ કરતાં ત્યાર પછી નગરજનો માટેની વ્યવસ્થા હતી. સ્ત્રીઓ માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવી હતી.

મહામંત્રીએ રાજસભા ખંડની વચ્ચોવચ્ચ નૃત્યમંચની વ્યવસ્થા કરી હતી.

જે રીતે સંગીતની સુમધુર સુરાવલિથી અંતરની ઊર્મિઓ પ્રદર્શિત થઈ શકે છે. તે રીતે નૃત્યના અંગમરોડ અને મુદ્રાથી હૈયાના ભાવ રજૂ થાય છે. નૃત્યકલામાં સંગીત, અભિનય, અંગમરોડ

તથા મુદ્રાનો સંગમ જોવા મળે છે. હલનચલન દ્વારા ભાવની અભિવ્યક્તિ થાય છે. લય અને તાલનું પણ એટલું જ મહત્ત્વ નૃત્યકલામાં છે. પગના ચોટદાર ઘાની અદ્ભુત ચોકસાઈ વગેરે આ કલાનાં મહત્ત્વનાં અંગો છે. નૃત્ય પછી ભલે ભક્તિનું હોય કે શૃંગારપ્રધાન હોય, દેવની આરાધનાનું હોય કે પ્રિયત્તમનું વશીકરણ હોય, વિરહજડિત ભાવો વ્યક્ત કરતું નૃત્ય હોય કે સમર્પણ ભાવોથી અંકિત નૃત્ય હોય, માનવહૃદયના સહસ્ત્રભાવ નૃત્યના અંગમરોડમાં, તેની વિવિધ મુદ્રામાં જોવા મળે છે. નૃત્યની દરેક મુદ્રાનો અર્થ હોય છે. કંઈક વાત હોય છે. દરેક અભિનય પાછળનું રહસ્ય હોય છે. નૃત્ય એ જીવનનું કલાત્મક પ્રતિબિંબ છે.

આજે રાજસભા ખીચોખીચ ભરાઈ ગઈ હતી.

રાજસભાનો ખંડ અતિ વિશાળ હતો. રાજસભા ખંડમાં આરામથી બે હજાર માણસો બેસી શકે તેવી વ્યવસ્થા હતી. મહામંત્રીએ અન્ય વધુ આસનો ગોઠવી દીધાં હતાં. છતાં નગરના અનેક લોકો પાછળના ભાગે ઊભા રહ્યા હતા.

સભાગૃહના મુખ્ય દ્વારની બરાબર સામે મહારાજા કનકધ્વજનું વિશાળ રત્નજડિત સુવર્ણમય સિંહાસન આવેલું હતું. મહામંત્રીનું સ્થાન મહારાજાની બાજુમાં જ હતું. જ્યારે એક તરફ મહારાજાના બે પુત્રો ગુણચંદ્ર અને કીર્તિચંદ્રનાં આસનો હતાં. મહામંત્રીના આસન પાસે રાજપુરોહિત, ન્યાયાવતારો, મંત્રીઓ, સામંતો, ભાયાતો, પંડિતો તથા અતિથિઓ અને રાજકર્મચારીઓનાં બેસવાનાં આસનો હતાં.

આજે રાજસભામાં નર્તકી દેવલતાના સંગીતવેત્તાઓ માટે અલગ ગોઠવણ કરવામાં આવી હતી.

આજે રાજસભાની મધ્યમાં નૃત્યમંચ તૈયાર કરવામાં આવ્યો તા. સૌ પ્રેક્ષકો દેવી દેવલતાનું નૃત્ય જોવા ઉત્સુક બન્યા હોય

તેમ જણાતું હતું.

રાજસભાની દરેક બેઠકો ખીચોખીચ ભરાઇ ગઈ હતી.

આ તરફ નૃત્યાંગના દેવલતા તેના વાદ્યકારો તથા નૃત્યગુરૂ સાથે આવી ગઈ હતી અને તે પણ મહારાજના આગમનની પ્રતીક્ષા કરી રહી હતી.

સભાજનો પણ મહારાજાની પ્રતીક્ષા કરતા હતા.

ત્યાં થોડી વારમાં સૌની ધીરજનો અંત આવ્યો.

રાજસભાના મુખ્ય દ્વાર પાસે ઊભેલા છડીદારે મહારાજાના આગમનની છડી પોકારી.

મહારાજા કનકધ્વજે જેવો સભામંડપમાં પગ મૂકયો કે તરત જ દરેક સભાજનો પોતાની બેઠક પરથી ઊભા થઈ ગયા અને મહારાજ કનકધ્વજનો જયનાદ પોકાર્યો.

વાતાવરણમાં પ્રસન્નતાનું માધુર્ય છલકાઈ ઊઠયું.

મહારાજા કનકધ્વજ મંથર ગતિએ સિંહાસન ભણી પહોંચ્યા અને સિંહાસન પર બેઠક ગ્રહણ કરી. મહારાજાએ આસન ગ્રહણ કર્યા પછી દરેક સભાજનોએ પોતપોતાની બેઠક ગ્રહણ કરી.

મહારાજા કનકધ્વજે મહામંત્રી સામે જોયું.

તરત જ મહામંત્રી પોતાની બેઠક પરથી ઊભા થયા અને સર્વ સભાજનો પ્રતિ દૃષ્ટિપાત કરીને કહ્યું : 'મહારાજાધિરાજ તથા સર્વ સભાજનો, આજે નગરની નૃત્યાંગના દેવી દેવલતા પોતાની નૃત્યકલા મહારાજ તથા સભાજનો સમક્ષ પ્રસ્તુત કરશે. દેવી દેવલતાનો વિશેષ પરિચય આપવાની જરૂર નથી કારણ કે કલાકારનો પરિચય તેની કલા મારફત જ મળતો હોય છે. આજે દેવલતા આપણી વચ્ચે ભાવવાહી નૃત્ય કરશે. આપ સૌ શાંતચિત્તે નૃત્યને, કલાને અને કલાકારને નિહાળજો અને કલાકારને પ્રોત્સાહન આપજો...'

આટલું કહીને મહામંત્રી પોતાની બેઠક પર બેસી ગયા.

સૌ કોઈ દેવલતાનું નૃત્ય જોવા માટે ભારે ઉત્સુક બન્યા હતા.

સૌની દૃષ્ટિ નૃત્યમંચ પર સ્થિર બની હતી. નૃત્યમંચ પર દેવી દેવલતાના નૃત્યગુરૂ આવ્યા. એમણે મધુર સ્વરે કહ્યું : 'મહારાજ, મહામંત્રીશ્વર તથા દર્શકગણ. થોડી વારમાં દેવી દેવલતાના નૃત્યનો કાર્યક્રમ આરંભાશે. દેવલતાએ નૃત્યની તાલીમ પાંચ વર્ષની વયથી શરૂ કરી છે. આજે તે નૃત્યકલામાં પારંગત બની ચૂકી છે. સૌ પ્રથમ દેવલતા માતા સરસ્વતીની એક પ્રાર્થના રજૂ કરશે. ત્યારબાદ ' મિલન માધુરી ' નૃત્ય રજૂ કરશે.

નૃત્યગુરૂ પોતાના સ્થાને જઈને બેસી ગયા.

નૃત્યમંચ પર બેઠેલા દેવલતા નર્તકીના વાદ્યકારોએ મંગલ ધ્વનિ વાતાવરણમાં વહેતો કર્યો. વાતાવરણ સૂરમય થયું.

સૌ પ્રેક્ષકોના મુખ પર કુતૂહલ હતું.

દેવી દેવલતાને જોવાની તાલાવેલી જાગી હતી.

દેવી દેલતાના નૃત્યમાં આવેલા સભાજનોમાંથી કેટલાક રૂપના રસિયા બનીને આવ્યા હતા. જે દેવલતાના અગાધ રૂપને દૂરથી માણવાની તક જતી કરવા નહોતા માગતા. કેટલાક ખરેખર કલાના રસિકો હતા.

નર્તકી દેવલતા...!

અનિદ્ય રૂપસુંદરી દેવલતાએ નૃત્યકલામાં પ્રવીણતા મેળવી હતી.

અને...!

સૌના આશ્ચર્ય વચ્ચે નૃત્યમંચનો પટ્ટક ધીરે ધીરે ખસેડાતો ગયો. ધૂમ્રાવરણ છવાયું.

પ્રેક્ષકોની આતુરતા વધવા લાગી.

થોડી પળોમાં જ પ્રેક્ષકોની આતુરતાનો અંત આવ્યો.

અરે...! આ નૃત્યમંચની વચ્ચે કોણ બિરાજેલ છે ?

સાક્ષાત મા સરસ્વતી...!

ના...ના...ના...

તો શું કોઈ શાપભ્રષ્ટ કન્યા છે કે શું ?

ના...ના...ના...

એ પળ તો દર્શકગણ વિચારના વમળમાં સપડાઈ ગયો.

નૃત્યમંચ વચ્ચે શ્વેત વસ્ત્રો ધારણ કરીને નૃત્યાંગના દેવલતા બિરાજેલી હતી. દેવલતાએ શ્વેત કમ્મરપટક, શ્વેત કંચુકીબંધ તથા શ્વેતરંગનું ઉત્તરીય ધારણ કર્યું હતું. કંઠમાં મોતીની માળા શોભી રહી હતી. નૃત્યાંગના દેવલતાએ દીર્ઘ કેશનો અંબોડો લીધો હતો. અંબોડાને ફરતી ગુલાબના ફૂલોની વેણી હતી.

અને...દેવલતાએ પ્રેક્ષકો તરફ આછો દૃષ્ટિપાત કરીને મંગલ અને મધુર સ્વરે મા સરસ્વતીની સ્તુતિ ગાવી શરૂ કરી. સ્તુતિના ભક્તિથી સભર શબ્દો પ્રેક્ષકોને આકર્ષી ગયા. તેમાંય સુમધુર સુરીલો કંઠ...!

દેવલતાના મધુર કંઠથી મહારાજા કનકધ્વજ પણ પ્રસન્ન બન્યા હતા.

પ્રાર્થના લગભગ અર્ધ ઘટિકા પર્યંત ચાલી.

દર્શકોએ હર્ષનાદ કર્યો અને દેવલતાની કલાસાધનાને બિરદાવી.

દેવલતા ઊભી થઈ. મહારાજાને વંદન કરીને નૃત્યની તૈયારી અર્થે ચાલી ગઈ.

થોડી વારમાં નૃત્યમંચ પરથી મૃદંગનો ભારેખમ ધ્વનિ સૌના કર્ણપટ પર અથડાયો.

અને સૌ પ્રેક્ષકોની દૃષ્ટિ નૃત્યપીઠ પર સ્થિર બની.

નૃત્યપીઠ પરનું આવરણ દૂર થયું.

નૃત્યાંગના દેવલતાએ ગુલાબી વસ્ત્રો ધારણ કર્યાં હતા. સર્વશ્રેષ્ઠ અલંકારો પહેર્યાં હતાં.

નૃત્યનો આરંભ થયો.

પળે પળે પ્રેક્ષકોની દૃષ્ટિ વધુ ને વધુ આકર્ષાતી જતી હતી.

મિલન માધુરી નૃત્ય...!

પિયુ સાથેનું મનમોહક મિલન...!

જ્યારે પ્રિયાનો પ્રિયતમ આવવાનો હોય ત્યારે પ્રિયાના અંગે-અંગમાં ઊર્મિભાવ જાગૃત થાય છે. પિયુ સાથેના મિલનનું માધુર્ય અપૂર્વ હોય છે.

દેવલતા અંગમરોડની વિવિધ મુદ્રાઓ દ્વારા અભિનય કરવા લાગી.

વાદ્યોનો સુમધુર ધ્વનિ નૃત્યના એક એક ભાવને સંગત કરી રહ્યો હતો. જ્યારે પ્રેક્ષકગણ નૃત્ય અને નર્તકીના હાવભાવને માણવા સ્તબ્ધ બની ગયો હતો.

થોડી વારમાં નૃત્ય પુરબહારમાં ખીલી ઊઠયું.

મિલન માધુરીનો હર્ષ પિયુના આગમન સાથે જ પ્રિયાને થયો.

લગભગ દોઢ ઘટિકા પસાર થઈ ગઈ.

રાત્રીનો ત્રીજો પ્રહર શરૂ થઈ ચૂકયો હતો.

નૃત્ય હળવું બનવા લાગ્યું.

દર્શકો નૃત્ય અને નૃત્યાંગનાની ભરપેટ પ્રશંસા કરવા લાગ્યા.

નૃત્ય પૂરું થયું, વાદ્યોનો સુમધુર ધ્વનિ વિલય પામ્યો.

મહારાજા કનકધ્વજે નૃત્યાંગના દેવલતાને ઉપહારમાં અમૂલ્ય રત્નોનો હાર તથા અન્ય એક પાત્રમાં સુવર્ણમુદ્રાઓ તથા વસ્ત્રો આપ્યાં, જેનો નૃત્યાંગના દેવલતાએ સહર્ષ સ્વીકાર કર્યો.

કાર્યક્રમ પૂરો થયો છે તેની જાણ કરવામાં આવી.

અને સૌ પોતપોતાના સ્થાને જવા વિદાય થયા.

આજના નૃત્યના કાર્યક્રમમાં નગરીના શ્રેષ્ઠી વસુદત્ત શેઠનો સૌથી નાનો પુત્ર રૂપસેન પણ આવ્યો હતો. તેને સંગીત-નૃત્યકલામાં

અભિરુચિ હોવાથી ઘણીવાર તે નગરમાં થતાં નૃત્યના કાર્યક્રમો પણ જોવા જતો.

રૂપસેન......

નગરના ધનાઢ્ય ગણાતા શ્રેષ્ઠી વસુદત્ત શેઠના ચાર પુત્રોમાં સૌથી નાનો પુત્ર. વસુદત્ત શેઠને ધર્મદત્ત, દેવદત્ત, જયસેન અને રૂપસેન નામના ચાર પુત્રો હતા.

રૂપસેન નામ પ્રમાણે રૂપ ધરાવતો હતો. તે ચતુર, સમજુ અને સુશીલ હતો. રૂપસેનને નગરભ્રમણનો ભારે શોખ હતો. તે નૃત્ય સંગીતના કાર્યક્રમો જોવા જતો. તે આખો દિવસ મનોરંજન અર્થે આમતેમ ભટકતો રહેતો.

રૂપસેને હજુ હમણાં જ બાલ્યાવસ્થા પસાર કરીને યૌવનકાળમાં પ્રવેશ કર્યો હતો. સ્વાભાવિક છે કે યૌવનમાં પ્રવેશતા નીતનવા શોખ જાગૃત થાય. એ રીતે રૂપસેનને નવાં નવાં વસ્ત્રો ધારણ કરવાનો તથા નગરમાં ભ્રમણ કરવાનો બેહદ શોખ હતો.

રૂપસેન તેના મિત્રો સાથે હવેલી તરફ જવા રવાના થયો.

રૂપસેને માર્ગમાં ચાલતાં ચાલતાં એના મિત્ર પદ્મનાભને કહ્યું : 'પદ્મનાભ, નૃત્યાંગના દેવલ્લતાનું નૃત્ય શ્રેષ્ઠ હતું. ભાવવાહી મુદ્રાથી નૃત્ય ખીલી ઊઠયું હતું.

પદ્મનાભે કહ્યું : 'રૂપસેન, જેટલું નૃત્ય શ્રેષ્ઠ હતું એટલી નૃત્યાંગના પણ શ્રેષ્ઠ હતી ને...!'

'હા...તારી વાત સાચી છે...દેવલ્લતા અનિદ્ય રૂપ ધરાવતી નૃત્યાંગના છે...' રૂપસેને સહજ ભાવે કહ્યું.

ત્યાં રૂપસેનનો બીજો મિત્ર લલિત બોલ્યો : 'મને તો નૃત્યાંગના વિશેષ પસંદ પડી...'

'એ વાત તું અમને ન કહે તો પણ સમજી જઈએ...' રૂપસેને આછા હાસ્ય સાથે કહ્યું.

આમ ત્રણેય મિત્રો વાતો કરતા કરતા પોતપોતાના સ્થાને જવા ચાલતા હતા. રાત્રીનો ત્રીજો પ્રહર ચાલી રહ્યો હતો. વસુદત્ત શ્રેષ્ઠીની હવેલી આવતાં રૂપસેનના બે મિત્રોએ ત્યાંથી વિદાય લીધી. અને રૂપસેન હવેલીમાં આવ્યો.

વસુદત્ત શેઠની હવેલીમાં સૌ કોઈ નિદ્રાધીન થઈ ગયા હતા. રૂપસેન જરા પણ અવાજ ન થાય તે રીતે પોતાના ખંડમાં ગયો અને વસ્ત્રપરિવર્તન કરીને શૈયાને આધીન થયો.

બીજે દિવસે રાજભવનમાં રાજકુમારી સુનંદા સ્નાનાદિકાર્ય પૂર્ણ કરીને સખીઓ સાથે ઝરુખામાં આવીને બેસી ગઈ.

રાજકુમારી સુનંદાએ પોતાની સખીઓ જોડે અલકમલકની વાતો શરૂ કરી. ત્યાં સુનંદાની દષ્ટિ રાજમાર્ગ પર આવેલા એક ભવન પર પડી. તે ભવનના પ્રાંગણમાં નાનકડું ઉદ્યાન હતું. ઉદ્યાનમાં એક હિંડોળો હતો અને હિંડોળા પર એક નવયુગલ પ્રેમભીનો વાર્તાલાપ કરી રહ્યો હતો.

રાજકુમારી સુનંદાની દષ્ટિમાં નવયુગલનો પ્રેમાલાપ જોવામાં આવ્યો. હિંડોળા પર ઝુલતા એક યુવક અને યુવતી પ્રેમભીની વાતો કરતાં હોય તેવું જણાતું હતું. વાતવાતમાં બન્નેના હોઠે સ્મિત ફરકતું હતું. રાજકુમારી સુનંદાએ જોયું કે આ યુવક-યુવતી જાણે વાસ્તવિક જગતને ભૂલીને પ્રેમની સરિતામાં સ્નાન કરતાં હોય તેમ જણાતું હતું.

રાજકુમારી સુનંદા અપલક નયને યુવક-યુવતીનો પ્રેમાલાપ નીહાળતી રહી. રાજકુમારી સુનંદા નવયુવક અને નવયુવતીની પ્રેમગોષ્ઠિ જોવામાં એવી તલ્લીન બની ગઈ કે તે યંત્રવત્ બની ગઈ.

સુનંદા રાજકુમારીની ત્રણેય સખીઓ રાજકુમારીને યંત્રવત્ નિહાળીને આશ્ચર્ય પામી ઊઠી.

ચિત્રાએ ત્રણ વાર રાજકુમારીને બોલાવી પણ સુનંદા સાંભળે

તો ને ! એ તો યુવક-યુવતીની પ્રેમગોષ્ઠિ નિહાળવામાં તલ્લીન હતી.

ચિત્રા બોલી : 'રાજકુમારીબા, હું આપને ક્યારથી બોલાવું છું...આપ આમ યંત્રવત્ બનીને કેમ બેસી રહ્યાં છો ? શું વિચારમાં પડ્યાં છો ?'

ત્યાં તરલિકાએ કહ્યું : 'ચિત્રા, રાજકુમારીબા તો સામેના ભવનના ઉદ્યાનમાં હિંડોળા પર પ્રેમગોષ્ઠિ કરતા યુગલને જોઈને મોહિત થઈ ગયાં છે...!'

'ઓહ ત્યારે રાજકુમારીબાને આવું સુખ મેળવવાની ઝંખના જાગૃત થઈ છે ?' ચિત્રા બોલી.

'રાજકુમારી સુનંદાએ ચિત્રાને ઉત્તર આપતાં કહ્યું : 'પણ... આવું મારા ભાગ્યમાં ક્યાંથી હોય...?

'રાજકુમારીબા, આપ આવું શા માટે કહો છો ? આ સુખ તો કંઈ જ નથી પરંતુ આનાથી શ્રેષ્ઠ સુખ આપના ભાગ્યમાં કંડારાયેલું છે.'

'મને તો એ વાત માનવામાં આવતી નથી...' રાજકુમારી બોલી.

ત્યાં જ સુનંદાની દષ્ટિ એક પાનઘર પર સ્થિર બની. ત્યાં એક નવયુવાન ઊભો હતો અને પાન ખાવા માટે ઊભો હતો.

તે નવયુવાન અન્ય કોઈ નહોતો પરંતુ વસુદત્ત શેઠનો સૌથી નાનો પુત્ર રૂપસેન હતો. રૂપસેન દેખાવમાં તો સુંદર હતો જ તેમાંય એણે વસ્ત્રો પણ ઉત્તમ ધારણ કર્યાં હતાં.

સુનંદાને રૂપસેનનું રૂપ અને તેનું યૌવન પસંદ પડ્યું. રાજકુમારી સુનંદાને રૂપસેનની મદભરી કાયા ગમવા લાગી. પ્રેમ માટે તલસતી સુનંદાએ રૂપસેનને પોતાના હૈયામાં સ્થાન આપી દીધું.

ચિત્રાએ કહ્યું : 'રાજકુમારીબા, હવે આપણે ખંડમાં જઈશું ?'

સુનંદા બોલી : ' ચિત્રા, આ તરફ જો, ત્યાં પાનઘર પાસે કેવો સોહામણો નવયુવાન ઊભો છે ! એની આંખો અમૃત સમી છે. એની કાયા સોહામણી છે. ચિત્રા, આ નવયુવક સાથે મારું મિલન થઈ જાય તો મારો ભવ સુધરી જાય.'

ચિત્રાએ કહેવાની તક છોડી નહિ. તે બોલી : ' રાજકુમારીબા, આપને તો પુરુષજાત પ્રત્યે નફરત જાગી છે તો પછી પરપુરુષ પ્રત્યે આવી લાગણી, મમતા બતાવવાની શી જરૂર છે ? જે નવયુવાન સાથે આપને ક્યારેય પરિચય થયો નથી એવા નવયુવકને એક વાર માત્ર જોતાંની સાથે હૈયું ધરી દીધું. આપ જે વાત કરો છો તે સમજી વિચારીને કરો છો ને...?

' હા...ચિત્રા, મને તે નવયુવક પસંદ પડી ગયો છે. તું એની સાથે મારો મિલાપ કરાવી દે...' સુનંદાએ કહ્યું.

તરલિકાએ કહ્યું : ' રાજકુમારીબા, આપે નિર્ણય કરી જ લીધો છે પછી અમે શું કહીએ પરંતુ એટલું જરૂર જણાવીશું કે જે કંઈ કરો તે સમજીને કરજો પછી પાછળથી પસ્તાવાનો વારો ન આવે...'

રાજકુમારી સુનંદાએ કહ્યું : ' ચિત્રા, તમે ત્રણેય મારા હૈયાના ભાવને જાણતા નથી. શા માટે મને દુઃખી કરો છો. મારા અંતરમાં તે નવયુવાન માટે ઉદ્‌ભવેલી ઝંખનાને સાકાર કરો...તમે મારી સાથે ખરા હૃદયથી સખીપણું દાખવતા હો તો મારું આ કાર્ય કરી આપવું પડશે. તું કોઈ પણ ઉપાયે એની સાથે મારો મેળાપ ગોઠવી આપ...'

' રાજકુમારીબા, આપ ધૈર્ય રાખો. ઉતાવળથી કોઈ કામ સરે નહિ. આપના માટે તો અમે અમારો જીવ આપી દેવા તૈયાર છીએ. આપ અમને જે કામ સોંપવા માગો છો તે કામ તો સરળ છે પરંતુ એક પ્રશ્ન ઊભો થશે...'

'પ્રશ્ન...?' સુનંદાએ પૂછ્યું.

'હા...રાજકુમારીજી, આપને પુરુષ જાતિ પ્રત્યે દ્વેષ છે. નગરીના લોકો પણ જાણે છે કે આપ પુરુષદ્વેષિણી છો. તેમજ આપે આપના ખંડમાં કોઈ પણ પુરુષને આવવા માટેનો પ્રતિબંધ જાહેર કર્યો છે ત્યારે આ નવયુવાન અહીં સુધી શી રીતે આવી શકે? આપે પુરુષને આવવાનો જે પ્રતિબંધ મૂક્યો છે. આ જાહેરાત આપને આપના માર્ગમાં આડખીલીરૂપ બનશે. એક બીજી વાત, આ નવયુવાન ગમેતેટલો સોહામણો અને રૂપવાન હોય પરંતુ એનામાં બુદ્ધિનો છાંટો ન મળે તો શા કામનું? જો મૂર્ખ હોય તો જીવનભર એની સાથે દિવસો પસાર ન થઈ શકે.'

'ચિત્રા, તારી વાત સાચી છે. મને કોઈ માર્ગ બતાવ કે જેથી હું આ સોહામણા યુવાન સાથે બે વાતો કરી શકું...તું જેમ કહીશ તેમ કરવા તૈયાર છું...' રાજકુમારી સુનંદા વિહ્વળ બની ગઈ.

ચિત્રાએ કહ્યું : 'રાજકુમારીબા, એક કામ કરો...આપ એક સંદેશો લખી આપો જેમાં ગર્ભિત અર્થવાળું અડધું પદ હોય. જેનો ઉત્તર તે નવયુવાન આપશે તો તેની બુદ્ધિની પરીક્ષા થઈ જશે અને પરીક્ષા કર્યા પછી આપણે આગળ વધી શકીશું.'

'ચિત્રા, તારી વાત અત્યંત યોગ્ય છે. ગર્ભિત અર્થવાળું અડધું પદ ઉકેલીને તે પદનો ઉત્તર આપશે એટલે તેના બુદ્ધિ-ચાતુર્યની પરીક્ષા થઈ જશે. ચાલ...હું તને તું કહે છે તેવું બુદ્ધિ-યુક્ત પદ લખી દઉં...' સુનંદા બોલી.

રાજકુમારી સુનંદા ચતુર હતી. એણે તો શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. સુનંદાને ગર્ભિત અર્થયુક્ત પદ લખવા માટે વધારે સમયની જરૂર નહોતી.

તરલિકા તરત જ ઊભી થઈ અને તાડપત્ર લઈ આવી અને

કલમ પણ સાથે લાવી.

તરલિકાએ તાલપત્ર અને કલમ રાજકુમારી સુનંદાના હાથમાં મૂકયા.

સુનંદાએ તરત જ સંદેશો લખ્યો કે, 'એ કમલિનીનો જન્મ નિષ્ફળ કે જે ચંદ્રદર્શનથી વિમુખ રહી છે...'

રાજકુમારીએ બીજું કશું લખ્યું નહિ. સુનંદાએ સંદેશો ચિત્રાના હાથમાં મૂકયો અને કહ્યું: 'ચિત્રા, તું ત્વરિત ત્યાં જા, નહિ તો તે નવયુવાન ચાલ્યો જશે.'

ચિત્રા તરત જ ચાલી ગઈ અને રાજભવનની બહાર આવીને રાજમાર્ગ પર આવેલા પાનઘર પાસે ગઈ અને ત્યાં ઊભેલા રૂપસેનને સંદેશો આપ્યો.

રૂપસેનને આશ્ચર્ય થયું છતાંય એણે ચિત્રાએ આપેલો સંદેશો વાંચ્યો. રૂપસેને સંદેશાનું પદ વાંચીને તરત જ એનો ઉત્તર લખી આપ્યો.

ચિત્રા જેવી ગઈ હતી તેવી જ રાજભવનમાં રૂપસેનનો ઉત્તર મેળવીને પાછી ફરી. તે સીધી રાજકુમારી સુનંદા પાસે આવી.

રાજકુમારીએ પ્રશ્ન કર્યો: 'શું થયું...? ચિત્રા...?'

'રાજકુમારીબા, તે નવયુવાને આપનો સંદેશો વાંચ્યો અને ઉત્તર પણ પાઠવી દીધો. એને ઉત્તર આપવામાં જરા પણ સમય લાગ્યો નહિ. આથી મને પણ થયું કે તે નવયુવાન બુદ્ધિશાળી તો હોવો જોઈએ...' આમ કહીને ચિત્રાએ રૂપસેનનો ઉત્તર સુનંદાના હાથમાં મુકયો.

સુનંદાએ રૂપસેનનો ઉત્તર વાંચ્યો તો રાજીની રેડ થઈ ગઈ. એના હૈયામાં પ્રસન્નતા છલકાઈ ગઈ. એનું મન નાચી ઊઠયું.

સુનંદા રાજકુમારીએ હર્ષ વ્યક્ત કરતાં કહ્યું: 'ચિત્રા, એણે મારા કોયડાનો ઉત્તમ જવાબ પાઠવ્યો છે. હવે તું તેની પાસે જા અને

તેની બધી વિગતો મેળવ તથા એને કહેજે કે રોજ તમારે રાજકુમારીને દર્શન આપવા. જે દિવસે દર્શન નહિ આપો તે દિવસે રાજકુમારી ભોજન કરશે નહિ.'

ચિત્રાને થયું કે રાજકુમારીના અંતરમાં તે નવયુવાને પોતાનું સામ્રાજ્ય સ્થાપી દીધું છે.

ચિત્રા તરત જ રૂપસેન પાસે આવી અને વિનમ્ર સ્વરે રૂપસેનને કહ્યું : 'કુમાર, તમારું નામ શું છે ?'

'મારું નામ રૂપસેન છે અને હું વસુદત્ત શ્રેષ્ઠીનો સૌથી નાનો પુત્ર છું...'

'જુઓ, સામે ઝરૂખામાં બેઠેલાં અમારાં રાજકુમારી તમારા રૂપસૌંદર્યથી મોહિત થયાં છે. તેઓએ જણાવ્યું છે કે તમારે રોજ આ સમયે અહીં અચૂક આવવું, જે દિવસે તમે અહીં આવશો નહિ, તે દિવસે રાજકુમારી બપોરનું ભોજન કરશે નહિ...'

'ઓહ...' આમ કહી રૂપસેને આશ્ચર્ય સાથે ઝરૂખા સામે જોયું. ઝરૂખામાં બેઠેલી રાજકુમારીની દૃષ્ટિ રૂપસેન પર જ હતી.

બન્નેની આંખો મળી...આંખોની ભાષામાં વાત થઈ. રૂપસેનને થયું કે રાજકુમારીની આંખોમાં મારા પ્રત્યેનો સ્નેહ ડોકિયાં કરે છે.

રૂપસેનને આશ્ચર્ય થયું...! એણે મન મનાવ્યું કે જે હોય તે...!

રૂપસેનને તરત જ ચિત્રાને ઉત્તર આપ્યો: 'તમારાં રાજકુમારીને કહેજો કે તમારી આજ્ઞા અનુસાર આ સેવક રોજ આ સમયે આવતો રહેશે. બપોરનું ભોજન તેઓ ન કરી શકે તેવા સંજોગો ઊભા થવા દઈશ નહિ...'

ચિત્રા તરત જ રાજકુમારી સુનંદા પાસે આવી અને રૂપસેને જે શબ્દો ઉચ્ચાર્યા હતા તે કહી બતાવ્યા.

રાજકુમારી બોલી: 'ચિત્રા, એણે બીજું કંઈ કહ્યું હતું ?'

'હા...પહેલાં તો રૂપસેને આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું અને કહ્યું

હતું કે રાજકુમારી તો પુરુષદ્વેષિણી છે તો મારા પર આટલો અનુરાગ શા માટે ?'

'ચિત્રા, ત્યારે તેં શું કહ્યું ?'

'રાજકુમારીબા, મેં જણાવ્યું કે તમારી વાત સાચી છે. તદ્દન સાચી છે. પરંતુ રાજકુમારી ઉપર આપે એવાં તેં શા કામણ કર્યા કે આપને નિહાળ્યા પછી એ આપનું જ રટણ કરી રહી છે. જેમ માછલી જળ વિના તરફડે તેમ અમારાં રાજકુમારી આપના વિના...!'

'ત્યારે રૂપસેને શું ઉત્તર આપ્યો ?' રાજકુમારીએ ઉત્સુકતાથી પૂછ્યું.

રૂપસેને જણાવ્યું કે રાજકુમારીએ મારા પર પ્રેમનો કળશ ઢોળ્યો છે એનાથી શ્રેષ્ઠ વાત બીજી કઈ હોઈ શકે ? રાજકુમારીને કહેજે કે જેવી એમની સ્થિતિ છે, એવી જ મારી સ્થિતિ છે. એમના વિના હું પણ જીવી ન શકું. હું નિશ્ચિત સમયે અહીં આવતો રહીશ અને દૃષ્ટિમિલનથી મળતાં રહેશું. ચિત્રાએ વાત પૂરી કરી.

રાજકુમારી સુનંદા પણ રૂપસેનના ઉત્તરથી અત્યંત આનંદ પામી. સુનંદાને સ્વર્ગનું સુખ હાથવેંત લાગવા માંડયું.

અને પછી તો આ રોજનો ક્રમ બની ગયો.

રાજકુમારી સુનંદા ઝરૂખામાં બેસતી અને રૂપસેનની પ્રતીક્ષા કરતી. રૂપસેન નિયત સમયે આવતો. બન્નેની દૃષ્ટિ મળતી...બન્નેના હૈયામાં પ્રેમની ધારા વહેતી હતી. નયનોની ભાષાથી બન્ને વાતો કરતાં...ક્યારેક સંદેશાઓની આપ-લે પણ થતી.

આમ દિવસો પર દિવસો વીતવા લાગ્યા. બન્ને એકબીજાને મળવા આતુર બનવા લાગ્યાં બન્ને એકબીજાને નજદીકથી જાણવા અને જોવા ઇચ્છતાં હતાં. બન્ને પ્રેમગોષ્ઠિ કરવા માગતાં હતાં પણ કોઈ એવી સોનેરી તક ઉપલબ્ધ થતી નહોતી...

ત્યાં એક દિવસ એ તક આવીને ઊભી રહી.

## ૩ : : વિધિની રમત

શિશિરની કાતિલ ઠંડી પછી વાસંતી વાયરાનો સ્પર્શ મળતાં પ્રકૃતિમાં નવચેતનનો સંચાર થાય છે. વસંતઋતુના આગમને ધરતીના અંગેઅંગમાં અનેરી સ્ફૂર્તિનો સંચાર થાય છે. પ્રકૃતિના માંડવે વસંતને વધાવવા ઉત્સવ જામે છે. નિશ્ચેતન વૃક્ષોમાં નવું ચેતન ઊભરાય છે. વૃક્ષો અને લતાઓમાં નવા પ્રાણ આવે છે. આમ્રઘટાઓમાં મંજરીઓ મ્હોરી ઊઠે છે. કમળફૂલોથી સરોવરો વિભૂષિત બને છે.

વસંતઋતુના આગમને વાતાવરણમાં પ્રસન્નતાનું માધુર્ય છલકાઈ ઊઠે છે. ભ્રમરો પોતાના મધુર ગુંજારવથી અને કોકિલ તેના કર્ણપ્રિય ટહુકાથી વાતાવરણને ભરી દે છે.

વસંતઋતુમાં પ્રકૃતિનું કામણગારું યૌવન પૂર્ણરૂપે ખીલી ઊઠે છે.

વસંતઋતુ જ હૃદય પર અનેરું કામણ કરે છે. વાસંતી બહારની માદક અસરથી માનવમન આનંદવિભોર બને છે. માનવીએ આનંદ વસંતોત્સવ ઉજવીને વ્યક્ત કરે છે.

વસંતોત્સવ...

વસંતઋતુના દિવસોમાં રચાતો ઉત્સવ.

પૃથ્વીભૂષણ નગરના વસંતોત્સવની શોભા અનેરી અને અપૂર્વ

હતી. આ નગરીમાં દર વર્ષે વસંતોત્સવ રચાતો.

વસંતોત્સવમાં ભાગ લેવા માટે દૂર દૂરથી લોકો આવતા હતા.

વસંતોત્સવનું આયોજન નગર બહાર કરવામાં આવતું હતું. વસંતોત્સવમાં અંગકસરતના દાવ, નાટચ, પાનાગાર, વિવિધ રમતો તેમજ અનેક મનોરંજનના કાર્યક્રમો થતા રહેતા. વસંતોત્સવમાં નગરીના મહારાજા કનકધ્વજ પણ સામેલ થતા હતા અને ઉત્સાહભેર ભાગ લેતા હતા.

એ દિવસે તો આખું નગર વસંતોત્સવ માણવા ઊમટી પડતું. વસંતોત્સવના પ્રથમ દિવસે આખી નગરી ઊમટી પડતી.

વસંતોત્સવનો દિવસ નજીક આવેલો જાણીને મહારાજા કનકધ્વજે નગરીમાં ઢંઢેરો પીટાવ્યો. પ્રથમ દિવસે દરેક નગરજનોએ ઉપસ્થિત રહેવું. જે વસંતોત્સવના પ્રથમ દિવસે આવશે નહિ એ રાજનો ગુનેગાર ગણાશે.

રાજભવનનો સમગ્ર રાજપરિવાર તથા ભવનના સર્વ દાસ–દાસીઓ પણ એ મહોત્સવને માણવા ઉત્સાહભેર ઉપસ્થિત રહેતા હતા અને વસંતઋતુના દિવસોને આનંદભેર સત્કારતા હતા.

આ તરફ રાજકુમારી સુનંદા પણ આનંદિત બની ગઈ.

રાજકુમારી સુનંદાના અંતરમાં વિચાર આવ્યો કે આ તક સરસ છે. મારે ગમે તે ભોગે આ તકને સાધી લેવી જોઈએ.

રાજકુમારી સુનંદાએ તરત જ તેની પ્રિય સખી ચિત્રાને બોલાવીને કહ્યું : ' ચિત્રા, તું આજે જ રૂપસેનને મળી લે અને સમાચાર આપી આવ. પરમ દિવસથી આઠ દિવસનો વસંતોત્સવ શરૂ થાય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ વસંતોત્સવના પ્રથમ દિવસે સમગ્ર નગરી ત્યાં ઊમટી પડશે. નગરજનો ઉત્સાહભેર તેમાં ભાગ લેશે. રાજભવનમાં પણ કોઈ નહિ હોય. રાજપરિવારના સભ્યો અને બધા દાસદાસીઓ પણ વસંતોત્સવનો આનંદ માણવા જશે.

હું રાજભવનમાં કોઈ પણ બહાનું કાઢીને રહી જઈશ. કારણ કે તે દિવસે રાજભવનમાં કોઈ નહિ હોય. તું રૂપસેનને જણાવજે કે તમે પણ તમારા ઘેર કોઈ બહાનું કાઢીને રહી જજો. રાત્રીના પ્રથમ પ્રહર બાદ તમે રાજભવન તરફ આવજો અને રાજભવનના પાછળના ભાગમાં મજબૂત રજ્જુ લટકાવેલી હશે તેના દ્વારા તમે ઉપર આવી જજો પછી આખી રાત્રી આનંદપ્રમોદ કરીશું. આવતી વેળાએ સાવચેત રહેવાનું જણાવજે અને સોનેરી તક ગુમાવે નહિ તેવું પણ કહેજે...'

ચિત્રાએ આછા હાસ્ય સાથે કહ્યું : 'રાજકુમારીબા, આપનું હૃદય પ્રેમગોષ્ઠિનો આનંદ માણવા માટે કેટલું વિહ્વળ બની ગયું છે તે આપની યોજના પરથી દેખાય છે. ખૂબ સરસ,..! આપે તો મળેલી તકનો પૂરેપૂરો લાભ ઊઠાવ્યો છે. આમે ઘડેલી યોજના સાકાર થશે એનું કારણ છે કે રાજભવનમાં કોઈ જ નહિ હોય એટલે તમે બન્ને પ્રેમીઓને પ્રેમગોષ્ઠિની પૂરતી તક મળશે. નગર આખું આખી રાત વસંતોત્સવ માણતું હશે ત્યારે આપ અને રૂપસેન અહીં પ્રેમાલાપમાં મસ્ત બનીને ઝુમતા હશો પરંતુ એક વાતનો વિચાર તો કર્યો જ નહિ...!'

'કોઈ વાતનો વિચાર કરવાનો હતો? શું મારી યોજનામાં કોઈ ત્રુટિ રહી ગઈ છે?'

'ના...યોજના તો શ્રેષ્ઠ છે પરંતુ આ યોજનાની વાત હું મહાદેવીના કાને નાખું તો કેમ...?' ચિત્રાએ ગંભીર થઈને કહ્યું.

'ના...તું એવું નહિ જ કરે...એનો મને પાકો વિશ્વાસ છે. તું મારી પ્રિય અને વિશ્વાસુ સખી છે.'

'રાજકુમારીબા, હું તો માત્ર વિનોદ કરી રહી હતી. હું હમણાં જ આપના પ્રિય પાત્રને આપે જણાવેલા સમાચારથી અવગત કરું

છું...' ચિત્રા તેના સ્થાનેથી ઊભી થઈ અને રાજભવનની બહાર ચાલી ગઈ.

રાજભવનની બહાર આવીને ચિત્રા રાજમાર્ગ પર ચાલવા લાગી. રૂપસેન પાનઘર પાસે જ ઊભો હતો.

સામેથી ચિત્રાને આવતી જોઈને રૂપસેન તેની નજીક ગયો અને કહ્યું: ' ચિત્રા, શું સમાચાર છે?'

' કુમાર, રાજકુમારીબાએ એક અગત્યનો સંદેશો પાઠવ્યો છે.'

'અગત્યનો સંદેશો?' રૂપસેનને આશ્ચર્ય થયું.

' હા...તમે જાણુતા જ હશો કે પરમ દિવસે વસંતોત્સવ શરૂ થઈ રહ્યો છે. નગરના સર્વ લોકોના હૈયા આ ઉત્સવને માણવા માટે આનંદી રહ્યાં છે. વસંતોત્સવના પ્રથમ દિવસે નગર આખું પાદરમાં એકઠું થાય છે. જો અશકત, નિર્બળ કે વૃદ્ધ હોય તેઓ જ આ ઉત્સવ માણવા જતાં નથી. બાકી બધાને ત્યાં જવાનું હોય છે. ન જાય તો રાજ્યનો ગુનેગાર ઠરે છે.'

' ચિત્રા, આ વાતની મને જાણ છે. હું પણ વસંતોત્સવમાં જવાનો છું. રાજકુમારી ત્યાં આવશે ને...!' રૂપસેને કહ્યું.

' હું આપને એજ વાત કરવા માટે આવી હતી. રાજકુમારી સુનંદા ઉત્સવમાં ઉપસ્થિત નહિ થાય અને તમે પણ કોઈ પણ બહાનું કાઢીને મહોત્સવમાં જતા નહિ...'

' પણ શા માટે?' રૂપસેને પ્રશ્ન કર્યો.

' કુમારશ્રી, તમે રાત્રીના પ્રથમ પ્રહર બાદ રાજભવનના પાછલા ભાગેથી આવજો ત્યાં એક મજબુત રજ્જુ લટકાવેલું હશે તે રજ્જુ દ્વારા ઉપર આવી જજો અને તમે સીધા રાજકુમારીના ખંડમાં જ આવી શકશો. ત્યારપછી તમે અને રાજકુમારી આખી રાત ખૂબ વાતો કરજો.'

'વાહ...આ તો સર્વશ્રેષ્ઠ યોજના છે. રાજભવનમાં પણ કોઈ

હશે નહિ. બધા વસંતોત્સવ માણવા ગયા હશે...વાહ ! આ યોજના કોણે વિચારી છે?'

'રાજકુમારીબાએ આ યોજના વિચારી છે.'

'રાજકુમારીને સંદેશો આપજો કે તે સમય અનુસાર તમારી પાસે પહોંચી જશે અને હું પણ એમને મળવા માટે ભારે ઉત્સુક છું.' રૂપસેને કહ્યું.

રૂપસેનના અંતરમાં મિલનની પ્રબળ ઝંખના જાગૃત થઈ હતી. રાજકુમારીએ સુંદર તક આપવાથી તે મનોમન અત્યંત હર્ષિત બની ગયો હતો.

ચિત્રા તરત જ ચાલી ગઈ.

ચિત્રાએ રાજકુમારી પાસે જઈને રૂપસેનનો સંદેશો સંભળાવી દીધો. રાજકુમારી પણ રૂપસેન સાથે પ્રેમગોષ્ઠિ યોજાશે તે વાત જાણીને અત્યંત આનંદ અનુભવી રહી હતી.

એ દિવસ પસાર થઈ ગયો.

સુનંદા અને રૂપસેનના અંતરમાં મધુર મિલનની ઝંખના રમતી હતી. કેટલાય દિવસો સુધી દષ્ટિમિલનથી મળનારા બે હૈયાનું મધુર મિલન થવાનું હતું.

આ તરફ રૂપસેને મનમાં વિચાર્યું કે હું રાજકુમારી સાથે આમ વાતો કરીશ. હું એને પ્રેમથી સત્કારીશ. એ રીતે સુનંદાના અંતરમાં પણ રૂપસેનનું સહચર્ય પામવાના ઓરતા જન્મ્યા હતા.

બીજો દિવસ થયો.

આજથી વસંતોત્સવનો પ્રારંભ થવાનો હતો.

નગરમાં ઉલ્લાસ અને ઉમંગનું વાતાવરણ સર્જાયું હતું. વસંતોત્સવમાં ભાગ લેવા માટે નગરજનોનાં હૈયાં થનગની રહ્યાં હતાં.

રૂપસેન અને સુનંદાનો હર્ષ સમાતો નહોતો. આજે કેટલાય દિવસો પછી મિલન થવાનું હતું.

સંધ્યા થતાં નગરજનો વસંતોત્સવમાં ભાગ લેવા જવા લાગ્યા. નગરજનોએ નવાં નવાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં. સૌના મુખ પર હર્ષ વરતાતો હતો. રાજભવનમાં પણ સૌ વસંતોત્સવમાં જવાની તૈયારી કરી રહ્યાં હતાં.

મહાદેવી યશોમતી પણ વસંતોત્સવમાં ભાગ લેવા માટે તૈયારીમાં પડયાં હતાં. એમણે સર્વશ્રેષ્ઠ આભૂષણો ધારણ કર્યાં હતાં. સર્વશ્રેષ્ઠ વસ્ત્રો પહેર્યાં હતાં. મહાદેવી યશોમતી જાજરમાન રાજરાણી સમાં શોભી રહ્યાં હતાં.

મહાદેવી યશોમતીએ એક સેવિકાને બોલાવીને કહ્યું : 'સુનંદા તૈયાર થઈ ગઈ છે? કેટલી વાર છે તે તપાસ કરીને આવ.'

મહાદેવીની પરિચારિકા તરત જ સુનંદા રાજકુમારી પાસે આવી ત્યારે રાજકુમારીએ જણાવ્યું : 'હું વસંતોત્સવમાં ભાગ લઈ શકીશ નહિ...એટલું કહેજે...'

મહાદેવીની પરિચારિકા રાજકુમારી પાસે આવી ત્યારે સુનંદા શૈય્યા પર સૂતી હતી અને તેની સખી ચિત્રા રાજકુમારીના મસ્તક પર લેપ લગાવી રહી હતી.

પરિચારિકા તરત જ રાજકુમારીને વંદન કરીને ચાલી ગઈ અને મહાદેવી યશોમતીને સુનંદા રાજકુમારી મહોત્સવમાં આવનાર નથી તેમ જણાવ્યું.

મહાદેવીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું અને કારણ પૂછ્યું.

ત્યારે પરિચારિકા બોલી : 'મહાદેવી, રાજકુમારીના કપોલ પ્રદેશ પર તેમની સખી લેપ લગાવી રહી હતી. લાગે છે કે રાજકુમારીઆનું સ્વાસ્થ્ય સારું નથી.'

'ઓહ...તો તો મારે ત્યાં જવું પડશે...' એમ કહીને મહાદેવી યશોમતી આસન પરથી ઊભાં થઇને રાજકુમારી સુનંદા પાસે આવ્યાં.

મહાદેવીએ જોયું કે સુનંદા તો શય્યામાં સૂતેલી છે. એણે કપોલ પ્રદેશ પર લેપ કર્યો છે. બાજુમાં એની સખી બેઠી છે.

મહાદેવી યશોમતીને ચિંતા થઈ. એમણે પૂછ્યું : 'સુનંદા, તને શું થયું છે?'

સુનંદાએ કહ્યું : 'માતાજી, આપ ચિંતા કરશો નહિ. કોઈ ગંભીર દર્દ નથી પણ મસ્તકશૂળ ઊપડયું છે તેથી કપોલપ્રદેશ પર લેપ લગાડયો છે.'

'ઓહ...! તો તો મારે હવે વસંતોત્સવમાં જવું નથી. તને આવી સ્થિતિમાં છોડીને મારાથી ન જવાય. હું અહીં તારી પાસે જ રહીશ...'

સુનંદા બોલી : 'ના..ના...માતાજી, આપ એવું કરશો નહિ. આપને ત્યાં જવું અગત્યનું છે. મારી ચિંતા કરવાની જરૂર નથી. મને તો આવું અવારનવાર થાય છે અને ઉપચારથી રાહત પણ થઈ જાય છે. મને જેવી રાહત મળશે કે હું સીધી ત્યાં આવી જઈશ. મારી ત્રણ સખીઓને જ અહીં રાખીશ બાકી બધાને લઈને આપ જાઓ...'

સુનંદાએ વિચાર્યું કે માતા વસંતોત્વમાં ન જાય તો બધી બાજી ઊંધી વળી જાય. આથી જ એણે ચતુરાઈ વાપરીને માતા તથા રાજભવનના અન્ય સભ્યોને રવાના કરવાનો પેંતરો રચ્યો અને સુનંદાની એ યુક્તિ પણ સફળ રહી.

મહાદેવી યશોમતીએ ચિંતિત હૈયે સુનંદા પાસેથી વિદાય લીધી. વિદાય વખતે ચિત્રા, તરલિકા અને મેઘનાને સુનંદાનું ધ્યાન રાખવાની સૂચના આપી.

મહાદેવી યશોમતી રાજ્યપરિવારના સભ્યો સાથે વસંતોત્સવમાં જવા માટે વિદાય થયા. મહારાજા કનકધ્વજ તથા રાજકુમારો ગુણચંદ્ર અને કીર્તિચંદ્ર તો ક્યારના ત્યાં પહોંચી ગયા હતા.

રાત્રીનો પ્રથમ પ્રહર પૂરો થાય તે પહેલાં નગરમાં ગણ્યાગાંઠયા લોકો જ રહ્યાં હતાં.

વસંતોત્સવ...

પૃથ્વીભૂષણનગરના પાદરમાં દર વર્ષે યોજાતો મનોરંજનથી ભરપુર મેળાવડો. રાજ્યના નિયમ પ્રમાણે પ્રથમ દિવસે નગરીના બધા લોકોને ઉપસ્થિત રહેવાનું ફરજિયાત હતું. રાજ્યના નિયમનું લોકો હર્ષથી સ્વાગત કરતા હતા અને બેવડા ઉત્સાહ સાથે મહોત્સવમાં ભાગ લેતાં હતાં.

નગરના પાદરમાં રાવટીઓ, તંબુઓની રચના કરવામાં આવી હતી. દિવસના અજવાળા જેવો પ્રકાશ મળતો રહે તે માટે દીપમાલિકાઓ ગોઠવવામાં આવી હતી. રાજપરિવારના સભ્યો માટે અલગ તંબુની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે મહારાજા કનકધ્વજ અને મહાદેવી યશોમતી માટે તંબુની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. વસંતોત્સવના પ્રથમ દિવસે આખી રાત સંગીત, નૃત્ય, નાટ્ય, તેમજ અન્ય રમતો ચાલતી જ રહેતી. ખાવાપીવાની તમામ પ્રકારની વ્યવસ્થા હતી.

ગુણચંદ્ર અને કીર્તિચંદ્ર તેમના મિત્રો સાથે મેળાવડામાં ભ્રમણ કરવા નીકળી પડયા હતા.

મહાદેવીના મુખ પર વસંતોત્સવનો આનંદ હતો પણ અંતરમાં પુત્રી સુનંદાના સ્વાસ્થ્ય અંગે ચિંતા હતી.

મહારાજા કનકધ્વજે કહ્યું : 'મહાદેવી, વસંતોત્સવમાં ભાગ લેવા માટે આર્ય શ્રીભદ્રને નિમંત્રણ પાઠવ્યું છે. પણ હજુ કોઈ સંદેશો નથી...તેઓ અત્રે આવી પહોંચશે કે કેમ...કંઈ સમાચાર નથી.'

'આર્ય શ્રીભદ્ર...! પ્રખ્યાત બંસરીવાદક..!' મહાદેવીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'હા...મહાદેવી, બંસરીવાદક આપ શ્રીભદ્ર. એમને આમંત્રણ પાઠવ્યું હતું પણ કોઈ સમાચાર નથી...'

મહારાજા અને મહાદેવી વાતો કરી રહ્યાં હતાં ત્યાં એક સેવકે નમન કરતાં કહ્યું: ' મહારાજાધિરાજનો જય થાઓ...'

મહારાજા કનકધ્વજે સેવકની સામે પ્રશ્નભરી નજરે જોયું.

સેવકે કહ્યું : ' કૃપાનાથ, આર્ય શ્રીભદ્ર આપના દર્શન ઇચ્છે છે...'

' એમને સત્વર અહીં માનસહિત લઈ આવ...' મહારાજાએ કહ્યું.

સેવક તરત જ ચાલ્યો ગયો.

મહારાજા કનકધ્વજે મહાદેવીને કહ્યું : ' મહાદેવી, હજુ આપણે આર્ય શ્રીભદ્રની જ વાતો કરી રહ્યા હતા ત્યાં તેઓ જ અહીં આવી ગયા...આજે એમના બંસરીવાદનનો પૂરો લાભ મળશે ..'

' હા...સ્વામી, એમના બંસરીવાદનનો લાભ તો ભાગ્યશાળીને જ પ્રાપ્ત થાય...' મહાદેવી યશોમતીએ કહ્યું.

ત્યાં થોડી વારમાં રાજસેવક આર્ય શ્રીભદ્રને લઈને મહારાજા કનકધ્વજના તંબુમાં આવ્યો.

આર્ય શ્રીભદ્રે મહારાજા કનકધ્વજને ભાવભર્યાં વંદન કર્યાં. પછી ક્ષેમકુશળ પૂછ્યા.

મહારાજા કનકધ્વજે આર્ય શ્રીભદ્રને આસન ગ્રહણ કરવા જણાવ્યું.

આર્ય શ્રીભદ્રે આસન ગ્રહણ કર્યું.

મહારાજાએ કહ્યું : ' આર્ય શ્રીભદ્ર, તમે પ્રવાસના શ્રમથી થાકેલાં હશો...તમે થોડી વાર વિશ્રામ કરી લો...'

' ના...મહારાજ, વસંતોત્સવનો આજ પ્રથમ દિવસ છે. આજના દિવસનું મહત્ત્વ સવિશેષ છે કારણ કે આજે સમગ્ર નગર અહીં ઉમટી પડયું છે. જો હું આપના ચિત્તને મારા બંસીવાદનથી પ્રસન્ન ન કરું તો શું કામનું ? આપ મારો બંસરીવાદનનો કાર્યક્રમ અર્ધ ઘટિકા બાદ યોજી શકાય તે માટે વ્યવસ્થા કરાવી આપશો.'

' ભલે...જેવી તમારી મરજી...' મહારાજાએ તરત જ મહાપ્રતિહારને બોલાવ્યો અને આર્ય શ્રીભદ્રના બંસરીવાદનના કાર્યક્રમ

ગોઠવવા અંગેની સૂચનાઓ આપી.

લગભગ અર્ધ ઘટિકામાં મહારાજાના તંબુથી થોડેક દૂર એક નાનકડો મંચ તૈયાર કરવામાં આવ્યો. શ્રોતાઓ માટે પાથરણાં પાથરવામાં આવ્યા. અર્ધ ઘટિકામાં તમામ પ્રકારની વ્યવસ્થા થઈ ગઈ. વસંતોત્સવમાં ચારેકોર આર્ય શ્રીભદ્રના બંસરીવાદનનો કાર્યક્રમ યોજાઇ રહ્યો છે તેની ઘોષણા કરવામાં આવી.

થોડી વારમાં સંગીતરસિક શ્રોતાઓ બંસરીવાદનનું માધુર્ય પામવા માટે નિયત સ્થળે આવી પહોંચ્યા.

મહારાજા, મહાદેવી, મહામંત્રી, અન્ય મંત્રીવર્ગ તથા રાજના કર્મચારીઓએ બેઠક ગ્રહણ કરી.

આર્ય શ્રીભદ્રના બંસરીવાદનમાં નગરીનો જ મૃદંગવાદક નકુલ સાથ પૂરાવવાનો હતો. નકુલ મૃદંગવાદનમાં પ્રવીણ હતો.

આર્ય શ્રીભદ્ર અને મૃદંગવાદક નકુલ ત્યાં ગોઠવાયેલા મંચ પર બેસી ગયા. એક મંત્રીએ બન્ને કલાકારોના પરિચય આપ્યા. શ્રોતાઓએ હર્ષનાદ વડે બન્ને કલાકારોનું સ્વાગત કર્યું.

અને...!

આર્ય શ્રીભદ્રે બંસરી પર વસંતઋતુને અનુલક્ષીને રાગ 'વસંત' પ્રસ્તુત કર્યો.

રાગ વસંતના સૂરો વસંતઋતુના વધામણીની જેમ શોભી ઊઠ્યા.

આર્ય શ્રીભદ્રે રાગ વસંતનો આલાપ પ્રસ્તુત કર્યો. આલાપના એક એક સૂર શ્રોતાઓને ડોલાવી રહ્યા હતા. આર્ય શ્રીભદ્ર ભારત વર્ષના સમર્થ બંસરીવાદક ગણાતા હતા.

રાગ વસંતના સુમધુર આલાપમાં કલાકારે રાગનું રૂપ, રાગનું બંધારણ અને રાગની પ્રસન્નતા રજૂ કરી...

સર્વ શ્રોતાઓ આલાપ સાંભળીને અતિ પ્રસન્નતા અનુભવવા લાગ્યા.

મહારાજા કનકધ્વજ અને મહાદેવી યશોમતી પણ બંસરીવાદન સાંભળીને વારંવાર હર્ષ વ્યક્ત કરતાં હતાં.

લગભગ અર્ધઘટિકા પર્યંત રાગ વસંતનો આલાપ ચાલ્યો.

આર્ય શ્રીભદ્ર રાગ વસંતના માધુર્યમાં તલ્લીન થઈ ગયો હતો. આમેય કલાકાર જ્યારે કલામાં મગ્ન બને છે, એકાગ્રતા કેળવે છે ત્યારે તેની સાધના સફળ થાય છે.

થોડી વાર પછી આર્ય શ્રીભદ્રે રાગ વસંતમાં વિલંબીત લય શરૂ કરી.

રાગ વસંતમાં તાલ, લય અને સૂરનો સુભગ સમન્વય શ્રોતાઓને આનંદ પમાડી ગયો. મૃદંગવાદક નકુલે મૃદંગ પર શ્રીતાલ બજાવવો શરૂ કર્યો.

શ્રોતાજનો રસમગ્ન બનીને કલાનો આસ્વાદ માણતા હતા.

રાગ વસંતે સર્વના હૈયા હરી લીધા. વાતાવરણમાં પ્રસન્નતાની માધુરી છલકાવી દીધી.

આર્ય શ્રીભદ્રે રાગ વસંતમાં દ્રુતલય શરૂ કરી. રાગ વસંતમાં દ્રુતલયની શરૂઆત થતાં જ શ્રોતાગણ નાચી ઊઠયો.

મહારાજા કનકધ્વજ અને મહાદેવીના મુખ પર પ્રસન્નતા સ્પષ્ટપણે તરવરી ઊઠી હતી અને થોડી વારમાં સૌના આશ્ચર્ય વચ્ચે રાગ વસંતે વિદાય લીધી.

સર્વ શ્રોતાઓએ બન્ને કલાકારને અભિનંદન આપ્યા.

મહારાજા કનકધ્વજે બન્ને કલાકારોને શ્રેષ્ઠ ઉપહારથી નવાજ્યા.

મહારાજા કનકધ્વજે આર્ય શ્રીભદ્ર માટે રહેવાની વ્યવસ્થા કરી દીધી. મહારાજા તથા મહાદેવી મેળાવડામાં એક આંટો મારીને પોતાના તંબુમાં આવ્યા અને વિશ્રામ કરવા લાગ્યા.

વસંતોત્સવમાં યુવાનો અને યુવતીઓ વિશેષ દેખાતાં હતાં. સૌના મુખ પર હાસ્ય રમતું હતું.

જ્યારે આ તરફ રાજકુમારી સુનંદા પ્રાણપ્રિય રૂપસેન પ્રતીક્ષા કરી રહી હતી. સુનંદાની પ્રિય સખી ચિત્રાએ રાજભવનના પાછળના ભાગે મજબૂત રજ્જૂ લટકાવી દીધું. રજ્જૂનો એક છેડો રાજકુમારીના ખંડમાં હતો અને બીજો છેડો નીચે હતો.

રાજકુમારી સુનંદાએ તરલિકાને રજ્જૂ પાસે ઊભી રાખી અને ચિત્રાને પોતાની પાસે બેસાડી.

સુનંદાને અત્યારે એક એક પળ એક એક યુગ સમી ભાસતી હતી...

સુનંદા રાજકુમારી વિચારતી હતી કે હમણાં મારો પ્રિયતમ આવશે...અમારી ઝંખના પૂરી થશે...અમારા મિલનની એ પળ કેટલી આહ્લાદક અને અપૂર્વ હશે !

આવો વિચાર આવતાં રાજકુમારી સુનંદાના અંગેઅંગમાં રોમાંચ ઉત્પન્ન થઈ જતો.

'ચિત્રા, રાત્રીના બીજા પ્રહરની એક ઘટિકા પસાર થઈ ગઈ... મારો પ્રિયતમ હજુ કેમ આવ્યો નથી...!'

'રાજકુમારીબા, કુમારશ્રીએ કહ્યું હતું કે સમયસર આવી જઈશ પરંતુ હજુ તેઓ આવ્યા નથી...શું કોઈ કારણ તો વચ્ચે આવ્યું નહિ હોય ને...!'

'ના...ના...એને એવું શું કારણ વચ્ચે આવવાનું હતું...!' સુનંદાએ કહ્યું.

થોડી વાર સુધી ખંડમાં મૌન જળવાયું.

ત્યાં સુનંદાએ ફરીથી ચિત્રાને કહ્યું : 'ચિત્રા, હવે તો એક એક પળ પસાર કરવી વસમી લાગે છે...રૂપસેન કેમ આવ્યો નથી...!'

'રાજકુમારીબા, આપ નાહકની ચિંતા સેવો છો...! એ આવતા જ હશે...' ચિત્રા બોલી.

રાજકુમારી સુનંદા કશું બોલી નહિ તે ચિંતિત થઈને આમ-તેમ જોઈ રહી હતી. રાજકુમારી સુનંદાના ચિત્તમાં અનેક પ્રશ્નો ઊભા થયા હતા.

પરંતુ વિધિના લેખ કંઈક જુદા જ લખાયા હતા.

શું રાજકુમારી સુનંદા અને રૂપસેનનું મિલન થશે? બન્ને વચ્ચે પ્રેમગોષ્ઠિ થશે?

આ પ્રશ્નોના ઉત્તરો વિધિ જ આપી શકે. વિધિની રમતનો તાગ કોઈ મેળવી શક્યું છે ખરું...!

પૃથ્વીભૂષણ નગરના નગરજનો વસંતોત્સવનો આનંદ લૂંટી રહ્યા હતા ત્યારે આ જ નગરમાં રહેતા તસ્કર મહાબલને આજનો દિવસ ચોરી કરવા જવા માટે અત્યંત શુભ લાગતો હતો. સમગ્ર નગરીના નગરજનો ગામના પાદરે વસંતોત્સવ માણવામાં ગરકાવ હતા ત્યારે તસ્કર મહાબલ આજે નગરીમાં કયાં મોટો હાથ મારવો તેની વિચારણા કરી રહ્યો હતો.

તસ્કર મહાબલ રીઢો ચોર નહોતો પણ તે જ્યારે ચોરી કરવા માટે જતો ત્યારે ખૂબ જ સાવધાની, ચોરસાઈ રાખતો. આ કારણોસર તે આજ દિવસ સુધી પકડાયો નહોતો. તસ્કર મહાબલને પાનાગારમાં જઈને પાના રમવાનો બેહદ શોખ હતો. ચોરીનું ધન લગભગ પાનાગારમાં જ ખર્ચાઈ જતું.

છેલ્લા કેટલાક દિવસોથી મહાબલનું નસીબ બે ડગલાં આગળ હતું. તે પાનાગારમાં મોટી રકમ હાર્યો હતો. હારેલી રકમ ભરપાઈ કરવા માટે તે કોઈ મોટા ભવનમાં જઈને મોટો હાથ મારવાની કામના સેવતો હતો.

તસ્કર મહાબલને આજનો દિવસ ચોરી માટે સર્વશ્રેષ્ઠ જણાતો હતો. કારણ કે નગરીમાં ગણ્યાગાંઠ્યા લોકો જ હતા. આથી એનું

કામ સરળતાથી નિર્વિઘ્ને પતી જશે એવું માનીને તે બેહદ ખુશ થતો હતો.

રાત્રીના પ્રથમ પ્રહર બાદ તે પોતાના ઘેરથી નીકળ્યો. માર્ગ પર તો કોઈ ચકલુંય ફરકતું નહોતું. તે ચાલતાં ચાલતાં રાજમાર્ગ પર આવ્યો અને દૂરથી રાજભવન જોયું અને એના ચિત્તમાં ચમકારો થયો એટલે વિચાર્યું કે આજે તો રાજમહેલમાં જ પહોંચું ત્યાં કોઈ હશે નહિ અને ત્યાંથી મોટો દલ્લો પણ પ્રાપ્ત થશે.

આમ વિચારીને મહાબલે પોતાના પગ તેજગતિથી રાજભવન ભણી ઉપાડયા.

રાજમાર્ગ પર માણસોની અવરજવર નહિવત્ હતી.

અંધકાર હોવા છતાં માર્ગ પર દીપમાલિકાઓનો આછેરો પ્રકાશ ઝબુકતો હતો.

મહાબલ રાજભવનના પાછળના ભાગે ગયો અને ઊંચી દીવાલ ઠેકીને અંદર આવ્યો. તે ખૂબ જ ચોકસાઈથી આગળ વધતો રાજ-મહેલની એકદમ નજદીક આવી પહોંચ્યો. ત્યાં એની દૃષ્ટિ એક રાંઢવા પર ગઈ. મહાબલને આશ્ચર્ય થયું અને મનમાં થયું કે લટકતું રાંઢવું કેમ રાખ્યું હશે...!

તસ્કર મહાબલ ચતુર તો હતો જ. એણે વિચાર્યું કે નક્કી કોઈ યુવાન કે યુવતીએ આજના દિવસનો લાભ લેવા માટે આ યોજના ઘડી છે. અહીં જે યુવાન માટેની પ્રતીક્ષા કરવામાં આવી રહી છે તે હજુ આવ્યો લાગતો નથી. ચાલ ત્યારે મને તો જવા દે...શું થાય છે ? શું પ્રતિભાવ પડે છે તેની ખબર તરત જ પડી જશે. પછી તો જેવા પડશે. એવા દેવાશે. ચોરી કરવા નીકળ્યા છીએ પછી મનમાં ભય રાખવો તે યોગ્ય નથી.

મહાબલે હિંમત કેળવીને આગળ વધ્યો અને રાંઢવું હલાવ્યું. ત્યાં તો ઉપર રહેલી રાજકુમારીની સખી તરલિકાએ મહાબલ પર પુષ્પો

વેર્યાં. પુષ્પોની વર્ષા થયેલી જોઈને મહાબલ મનથી નચિંત બની ગયો. એણે જે મનમાં ધારણા કરી હતી તે સાચી પડતી હોય તેમ લાગ્યું.

રાજકુમારી સુનંદાની સખી તરલિકાને થયું કે રૂપસેનકુમાર આવી ગયા છે. આ સમાચાર આપવા તે રાજકુમારીની પાસે ગઈ.

તરલિકાએ અતિ હર્ષિત સ્વરે કહ્યું : 'રાજકુમારીબા, આપના મનોરથ સાકાર થશે. રૂપસેનકુમાર આવી ગયા છે.'

રાજકુમારી સુનંદા તો આ વાત સાંભળતાં જ ઊછળી પડી. એનું હૈયું પુલકિત બની ગયું.

સુનંદાએ કહ્યું : 'તરલિકા, એમને સન્માનસહિત મારી પાસે લઈ આવ...'

તરલિકા તરત જ નમન કરીને ચાલી ગઈ.

આ તરફ તસ્કર મહાબલ રાંઢવા વાટે ઉપર આવી ગયો હતો.

તરલિકાએ હર્ષ વ્યક્ત કરતાં કહ્યું : 'આપના આગમનની પ્રતીક્ષા થઈ રહી છે...આપ પધારો...અને અમારી રાજકુમારીના સઘળા મનોરથો પૂર્ણ કરો...'

મહાબલને થયું કે મેં જે ધારણા સેવી છે તે યથા યોગ્ય છે...

તે તરલિકાની પાછળ દોરવાયો. એણે તરલિકાની વાતનો કશો ઉત્તર આપ્યો નહોતો.

મહાબલને થયું કે રાજકુમારી જે નવયુવક સાથે ગોષ્ઠિ કરવા માગતાં હશે તે ભાગ્યશાળી નવયુવાન હશે કોણ? જવા દો, તેની મારે શી ચિંતા! મને અત્યારે રાજકુમારી સાથે ગોષ્ઠિ કરવાની તક સાંપડી છે તો શા માટે જતી કરું?

ચાલાક મહાબલ બધી વાત પામી ગયો હતો.

તે રાજકુમારી સુનંદાના ખંડ પાસે આવ્યો.

*જ્યારે આ તરફ મહાદેવી યશોમતીના હૈયામાં પુત્રી સુનંદાની ચિંતા સતાવી રહી હતી. ગમે તેમ તો માનું હૈયું ને!*

મહાદેવી યશોમતી વિચારતાં હતાં કે મારી પ્રિય પુત્રીને આજે જ મસ્તકશૂળ ઊપડયું...! કેવી ભયંકર વેદના થતી હશે...! અરે... આખું નગર અત્યારે વસંતોત્સવનો આનંદ માણી રહ્યાં છે ત્યારે મારી પુત્રી વેદનાથી ત્રસ્ત થઈને શૈયામાં પડી છે...! મારી પ્રિય પુત્રીએ મને અહીં આવવાનો અતિ આગ્રહ કર્યો પરંતુ મારે એને એકલી મૂકીને આવવું નહોતું જોઈતું...હું એના કપોલ પ્રદેશ પર હાથ મૂકી રાખ્યો હોત તો એને ઘણી સાતા વળત...હવે શું કરું..? હું પાછી જાઉં...? ના...ના...પાછા તો ફરાય તેમ તેમ નથી...તો પછી શું કરું ? હા...એ જ ઉત્તમ માર્ગ છે. એના સમાચાર પૂછાવી લઉં...!

તરત જ મહાદેવી યશોમતીએ પોતાની વિશ્વાસુ દાસીઓને બોલાવી અને કહ્યું : 'જુઓ, અત્યારે રાત્રીકાળ છે એટલે તમે સુભટોને લઈને રાજભવને જાઓ. ત્યાં સુનંદાને કેમ છે ? એનું આરોગ્ય કેમ છે ? વગેરે તપાસ કરી આવો. બીજું, મારા ખંડમાં એક ગોખલામાં પૂજાની પેટિકા પડી છે તે અહીં લેતા આવજો... જેમ બને તેમ જલ્દી પાછા ફરીને મને સમાચાર આપો...'

'જેવી આપની આજ્ઞા...મહાદેવી...!' મહાદેવીની વિશ્વાસુ દાસીઓએ કહ્યું.

તરત જ મહાદેવી યશોમતીની પાંચ વિશ્વાસુ દાસીઓ સુભટો સાથે રાજભવન તરફ જવા વિદાય થઈ.

મહાદેવીની પાંચ દાસીઓ રાજભવનમાં સુભટો સાથે દાખલ થઈ તેનો અણસાર મેઘનાને આવી ગયો. સુભટો નીચે ઊભા રહ્યા. દાસીઓ ઉપર આવી.

મેઘના રાજકુમારી સુનંદાના ખંડમાં આવી અને બોલી : 'અરે...આ તો ગજબ થઈ ગયો...હવે શું કરવું ? રાજકુમારીના પ્રિયતમ હજુ હમણાં જ આવ્યા અને આ તરફ મહાદેવીની દાસીઓએ રાજભવનમાં પગ મૂકયો.'

ચિત્રા અને મેઘનાએ રાજકુમારી સુનંદાના ખંડમાં રહેલા બધા દીપકો ઓલવી નાખ્યા. ખંડમાં અંધકાર છવાઈ ગયો.

અને આ અંધકારમાં જ બન્ને સખીઓએ મહાબલને રાજકુમારીની શૈયા ઉપર એની બાજુમાં સૂવડાવી દીધો. બન્નેએ રાજકુમારીને શાંત રહેવા જણાવ્યું. ખંડમાં મૌન છવાઈ ગયું.

મેઘનાએ દ્વાર અંદરથી બંધ કર્યું હતું.

ત્યાં જ મહાદેવીની દાસીઓએ રાજકુમારીના ખંડના દ્વાર ખખડાવ્યા અને એક દાસી બહારથી જ બોલી ઊઠી : ' અરે... રાજકુમારીબા ક્યાં છે ? રાજકુમારીજીના ખંડમાં આટલો અંધકાર કેમ છે ? અમે મહાદેવીની આજ્ઞાથી રાજકુમારી સુનંદાના સ્વાસ્થ્ય અંગે પૃચ્છા કરવા આવ્યા છીએ. રાજકુમારીબાને કેમ છે ? '

રાજકુમારી સુનંદાને ઘડીભર તો ભય પેસી ગયો અને થયું કે શું મહાદેવીની દાસીઓએ કુમારને રાંઢવા પર ચડતા જોઈ લીધો હશે...! ના...એવું તો નહિ જ થયું હોય...!

ચાલાક ચિત્રાએ ઉત્તર આપ્યો : ' અરે...મેનાવતી, જરા ધીમેથી બોલો...રાજકુમારીબા નિદ્રા કરી રહ્યાં છે. આજે રાજકુમારીએ ભારે વેદના સહન કરી છે. અત્યારે એમને સારું છે. મહાદેવીને કહેજો કે એમનું સ્વાસ્થ્ય સારું છે અને નિદ્રા કરે છે. એમને દીપકોનો પ્રકાશ સહન થતો નહોતો એટલે દીપકો ઓલવી નાખ્યા છે. તમે લોકો અવાજ કરશો તો રાજકુમારીને માંડમાંડ આવેલી નિદ્રામાં ખલેલ પહોંચશે. માટે તેઓ જાગૃત થાય ત્યારે તમારે જે કંઈ પણ પૂછવું હોય તે પૂછજો...'

મહાદેવી યશોમતીની મુખ્ય દાસી મેનાવતીએ કહ્યું : ' ભલે... અમે મહાદેવીના મહેલમાં પૂજાની પેટિકા લેવા માટે જઈએ છીએ. લગભગ અર્ધઘટિકા બાદ આવીશું ત્યારે અહીં થઈને જઈશું. રાજકુમારીબાની પૃચ્છા કરતાં જઈશું...'

આમ કહીને મહાદેવીની દાસીઓએ વિદાય લીધી.

ચિત્રા અને મેઘના બન્ને રાજકુમારીના ખંડનું દ્વાર ખોલીને બહાર જતાં રહ્યાં. ચિત્રાએ દ્વાર બંધ કર્યું.

રાજકુમારી સુનંદાના ખંડમાં રાજકુમારી અને મહાબલ જ રહ્યાં.

મહાબલ તસ્કર રાજકુમારી સુનંદાની બાજુમાં જ સૂતેલો હતો.

રાજકુમારી સુનંદાને એમ જ હતું કે મારી બાજુમાં સૂતેલો યુવાન રૂપસેન જ છે. તેનું ચિત્ત અપાર સુખ અનુભવી રહ્યું હતું.

યૌવનના આંદોલનમાં સપડાયેલી સુનંદા સારાસારનો વિચાર કરવાની ક્ષમતા વીસરી ગઈ હતી.

સુનંદાએ તો મહાબલને રૂપસેન સમજીને એના અંગને સ્પર્શ કર્યો. સુનંદાએ મીઠા સ્પંદનો અનુભવ્યા. સુનંદાના અંતરમાં કેટલાય દિવસોથી રમતાં મીઠાં મધુર સોણલાંઓને આજ વાચા મળી હતી.

રાજકુમારી સુનંદાએ મહાબલને રૂપસેન માનીને તેનો હસ્ત પકડયો અને કહ્યું : ' કુમાર, તમારી સાથે ગોષ્ઠિ કરવા મારું મન કેટલું અધીરું બન્યું હતું...! આજે મારી તૃષા શાંત થઈ...'

મહાબલે કશો ઉત્તર આપ્યો નહિ. મહાબલે વિચાર્યું કે જો ઉત્તર આપીશ તો મારો અવાજ પરખાઈ જશે અને નાહકની ઉપાધિ આવી પડશે આથી મૌન રહેવામાં જ સાર છે. આથી તે નિરૂત્તર રહ્યો.

ચાલાક મહાબલે ઉત્તરમાં રાજકુમારી સુનંદાના ઓષ્ઠ પર તસતસતું ચુંબન ચોડી દીધું.

અને...

રાજકુમારી સુનંદાના અંગેઅંગમાં મીઠી મુંઝવણ ઉત્પન્ન થઈ. એનું સમગ્ર ચિત્તતંત્ર મહાબલના સ્પર્શ માત્રથી પરવશ બની ગયું.

ચાલાક મહાબલ તસ્કરે વિચાર્યું કે આજે તો ભાગ્યમાં બેવડો લાભ લખાયો છે. આવો લાભ જન્મારામાં પણ ન મળે. એક તો

પદ્મિની સ્ત્રી સાથેનું સહચર્ય અને બીજું રાજકુમારીના અલંકારોની પેટિકા મળશે. વાહ...આનું નામ નસીબ...!

રાજકુમારી સુનંદાના યૌવનનો આવેગ ચરમસીમાએ પહોંચ્યો હતો અને એણે પોતાનું સર્વસ્વ મહાબલને અર્પણ કરી દીધું.

સુનંદાએ પોતાની જાત મહાબલના હવાલે કરી દીધી.

મહાબલે રાજકુમારીના અનિદ્ય રૂપનો બરાબર ઉપભોગ કર્યો.

રાજકુમારી સુનંદાના તૃષાતુર ચિત્તને પરમ શાંતિ પ્રાપ્ત થઈ.

રાજકુમારી સુનંદા અને મહાબલ વચ્ચે વાર્તાલાપ ન થયો. સુનંદાએ વિચાર્યું કે અત્યારે વાત કરવામાં સમય વ્યતિત કરવો યોગ્ય નથી. હમણાં મહાદેવીની દાસીઓ આવી જશે...આથી બન્ને ક્રિડામાં મગ્ન રહ્યાં હતાં.

અર્ધ ઘટિકા બાદ બહાર ઊભેલી મેઘનાએ રાજકુમારીને સંદેશો આપ્યો : 'રાજકુમારીબા, હવે જલદી રૂપસેનકુમારને રવાના કરો. મહાદેવીની દાસીઓ આપની ખબર કાઢવા અર્થે આવી રહી છે.'

રાજકુમારી સુનંદાએ તરત જ મહાબલને કહ્યું : 'પ્રિયતમ, આજ ભાગ્યનો સથવારો નથી. પ્રેમગોષ્ઠિ કરવા માટે સમય જ ન મળ્યો. હમણા તમે અહીંથી જે રીતે આવ્યા એ રીતે ચાલ્યા જાઓ...ફરી મળીશું ત્યારે વાતો કરીશું...'

તસ્કર મહાબલને એટલું જ જોઈતું હતું અને હવે અહીં રહેવું ખતરારૂપ છે તે વાત પણ સમજતો હતો. મહાબલે મૌનવ્રત જ ધારણ કરી રાખેલું.

મહાબલ તરત જ રાજકુમારી સુનંદાના શરીર પર શોભતાં તમામ કીમતી અલંકારોને લઈને જે રીતે આવ્યો હતો એ રીતે ચાલ્યો ગયો.

રાજભવનની દીવાલ ઠેકીને રાજમાર્ગ પર આવતાં મહાબલ વિચાર કરવા લાગ્યો : 'આજે તો ખૂબ જ સારા શુકન થયા છે.

આજ મારા ભાગ્યનું ચક્ર ફરી ગયું. એક તો અતિ મૂલ્યવાન અને કીમતી અલંકારો પ્રાપ્ત થયા અને પદ્મિની કન્યા રાજકુમારી સાથે ક્રિડા કરી. રાજકુમારીના અલંકારોની કિંમત ખૂબ જ થશે. રાજકુમારીના અલંકારો માટે શંકા ઉત્પન્ન થશે નહિ કારણ કે રાજકુમારી અલંકારો ચોરાયાની ફરિયાદ કરે તો શંકા ઉપજે ને...! રાજકુમારી તો એમ જ માનશે કે મારો પ્રિયતમ લઈ ગયો છે...જે હોય તે...! મને શાંતિ થઈ ગઈ...મારું તમામ દેવું ઊતરી જશે. દેવાના બોજથી મુક્ત થઈ જઈશ અને મન ભરીને પાનાગારમાં રમી શકીશ...!'

આવા વિચારો કરતો કરતો મહાબલ તસ્કર પોતાના સ્થાને ખુશ થતો જવા લાગ્યો.

જ્યારે આ બાજુ રાજકુમારી સુનંદાનું ચિત્ત પ્રસન્ન બની ગયું હતું. એને થયું કે મારો મનના માણીગર વચન પ્રમાણે આવ્યો. મારા ઘણા દિવસોની ઇચ્છા પૂરી થઈ...તૃષાતુર મન શાંત થયું. રૂપસેન કશું બોલ્યો નહોતો છતાં તેનો સંપ અને સહચર્ય પ્રાપ્ત થતાં મારું જીવન પુલકિત બની ઊઠ્યું.

સુનંદા વિચારતી હતી કે મારું આ કાર્ય, મારી આ યોજનાને સાકાર રૂપ આપવામાં મારી સખી ચિત્રા, તરલિકા અને મેઘનાનો મહત્તમ ફાળો છે. જો એમનો સાથસહકાર ન મળત તો આજના જેવી ધન્ય ઘડી પ્રાપ્ત ન થઈ હોત. મહાદેવીની દાસીઓને મારી સખીઓએ જ બહારથી જ ઉત્તર પાઠવીને રવાના કરી દીધી. મહાદેવીની દાસીઓને લગીરે સંશય ઉત્પન્ન ન થયો.

સુનંદા ત્રણેય સખીઓને ધન્યવાદ આપવા ઇચ્છતી હતી ત્યાં જ મહાદેવીની દાસીઓએ રાજકુમારી સુનંદાના ખંડમાં પ્રવેશ કર્યો.

મહાદેવીની મુખ્ય અને વિશ્વાસુ દાસી મેનાવતી રાજકુમારી સુનંદાની શૈયા પાસે આવી અને વિનમ્ર સ્વરે કહ્યું : 'રાજકુમારીબા, આપને કેમ છે ? આપનું સ્વાસ્થ્ય તો સારું છે ને...!'

'હા...મેનાવતી, તું માતાજીને કહેજે કે રાજકુમારીને મસ્તક-શૂળની પીડામાં ઘણી જ રાહત છે. ચિત્રાએ ઔષધપેટીમાંથી ઔષધ આપ્યું હતું એનાથી ઘણી રાહત થઈ છે અત્યારે ક્યાંય જવાની ઇચ્છા નથી એટલે હું વસંતોત્સવમાં આવતી નથી. આ વાત તું મહાદેવીને કરજે...'

મેનાવતી તરત જ રાજકુમારી સુનંદાને નમન કરીને જતી રહી. તેની સાથે આવેલી દાસીઓ પણ મેનાવતી સાથે રાજભવનની બહાર નીકળી અને સુભદ્રો સાથે વસંતોત્સવના સ્થળે જવા વિદાય થઈ.

મેનાવતીની વિદાય પછી રાજકુમારી સુનંદાએ નિરાંતનો શ્વાસ લીધો. ચિત્રા, તરલિકા અને મેઘના રાજકુમારી પાસે આવીને બેઠી.

ચિત્રા બોલી : 'રાજકુમારીબા, આજે માંડ બચ્યા છીએ. જો જરા પણ ગફલતમાં રહ્યાં હોત તો ઉપાધિનો ડુંગર ઊભો થઈ જાત...'

'હા...ચિત્રા, મને પણ ભય હતો અને એમ થતું હતું કે બધો ભાંડો ફૂટી જશે અને ઉપાધિ આવી પડશે...પણ તારી ચતુરાઈથી સમગ્ર પ્રશ્ન હલ થઈ ગયો...તું, તરલિકા અને મેઘનાએ સમય પારખીને વિપત્તિને ટાળી બતાવી છે. તમને ત્રણેયને ધન્યવાદ ઘટે છે. અરે...!'

'શું થયું રાજકુમારીબા...?' ચિત્રાએ પ્રશ્ન કર્યો.

'અરે...મારા બધા અલંકારો ક્યાં ગયા...? શય્યા પર નથી... અલંકારોની પેટિકા પણ દેખાતી નથી.' રાજકુમારીને ચિંતા થઈ.

'શું રૂપસેન તો લઈ ગયો નહીં હોય ને...!' ચિત્રાએ શંકા વ્યક્ત કરી.

'હા...મને એવું લાગે છે કે મારા અલંકારો મારો પ્રિયતમ સમારકામ અર્થે લઈ ગયો હશે. આમેય અલંકારો સમારવાના જ હતા. મારો પ્રિયતમ મારા પર કેટલો સ્નેહ રાખે છે...! આવા પ્રેમાળ પ્રિયતમને પામીને મારું જીવન ધન્ય બની ગયું.

'રાજકુમારીબા, આપની વાત સાચી છે. જો રૂપસેન આપના હૈયામાં વસી ગયો હોય તો આપે માતાને વાત કરવી જોઈએ.' ચિત્રાએ જણાવ્યું.

'ચિત્રા, તેં મારા મનની જ વાત કરી હું પણ એમ જ વિચારતી હતી કે માતા રાજભવનમાં પાછાં ફરે પછી વાત કરીશ. માતાજી જરૂર મારી પસંદગી પર સહમતિની મ્હોર મારશે...'

' ચિત્રા બોલી : 'રાજકુમારીબા, મહાદેવીને રૂપસેનકુમાર જરૂર પસંદ પડી જશે. મહાદેવી આપની મનોકામના જરૂર પૂરી કરશે.'

'હા...ચિત્રા, મારી માતાનો મારા પર અપાર સ્નેહ છે. રાજકુમારી બોલી.

ચતુર ગણાતી રાજકુમારી સુનંદાને લેશમાત્ર શંકા જન્મી નહોતી કે આવનાર યુવાન રૂપસેન નહોતો પણ કોઈ અન્ય હતો. પોતે જેની સાથે ક્રિડા કરી એ શ્રેષ્ઠીપુત્ર રૂપસેન નહિ પરંતુ નગરીનો તસ્કર મહાબલ હતો...

ત્યારે રૂપસેન ક્યાં હતો ? એ શું કરતો હતો ? એ પણ આ અવસરની ઝંખના કરી રહ્યો હતો. એનું શું થયું ?

વિધિએ ખરેખરી રમત જમાવી હતી.

## ૫ : : કર્મની સત્તા

માનવીના જીવનમાં ઘણી વાર અકલ્પિત ઘટનાઓનું સર્જન થતું હોય છે. ક્યારેક ઘટના સુખદ હોય તો ક્યારેક દુઃખદ.

રાજકુમારી સુનંદાના ચિત્તમાં યૌવનના ગીતનું ગુંજન થતાં અજાણપણામાં એણે નગરીના સામાન્ય અને ક્ષુદ્ર એવા તસ્કર મહાબલના ચરણે પોતાનું સર્વસ્થ અર્પણ કરી દીધું. રાજકુમારી સુનંદા તો એમજ માનતી હતી કે પોતે રૂપસેન સાથે જ મધુર પળો વીતાવી છે પરંતુ સત્ય તો કંઈક બીજું જ હતું. વિધિની રમતને કોઈ જાણી શક્યું છે ખરું...!

વસુદત્ત શ્રેષ્ઠીનો સૌથી નાનો પુત્ર રૂપસેન રાજકુમારીની સખીના કથન અનુસાર પોતાનું સ્વાસ્થ્ય બરાબર નથી એ બહાના હેઠળ પોતાના ભવનમાં જ રહી ગયો હતો.

રૂપસેનના માતાપિતા તથા ભાઈઓ વગેરે બધા વસંતોત્સવ માણવા જતા રહ્યા હતા.

રાત્રીનો પ્રથમ પ્રહર પૂરો થયો ત્યારે રૂપસેન સુંદર વસ્ત્રો અને અલંકારો ધારણ કરીને પોતાના ભવનની બહાર રાજકુમારી પાસે જવા નીકળ્યો હતો.

રૂપસેનના ચિત્તમાં મિલનની ઝંખના વ્યાકુળ બનાવી રહી હતી.

રૂપસેન મનમાં ઘણુંઘણું વિચારતો હતો. તેને થયું કે આજની રાત્રી મારા જીવતરની યાદગાર રાત્રી બની જશે. આજે મારી પ્રિયતમા સાથે મિલન થશે. આજની રાત મારા જીવનની મંગલમય રાત બની જશે. અત્યાર સુધી દૃષ્ટિમિલનથી સંતોષ અનુભવતા હતા પણ આજે તો મધુર પળોમાં રાત્રી ક્યાં પસાર થઈ જશે તેનો ખ્યાલ જ નહિ રહે. આટલા દિવસોથી અમે બન્ને એકબીજાના વિરહથી વ્યથિત થતાં હતાં. આજ મારે રાજકુમારી સાથે સુભગ મિલન થશે...હું રાજકુમારીના ચિત્તને પ્રસન્ન કરીશ. મનોરંજન પ્રાપ્ત થાય તેવી વાતો કરીશ...

આવા વિચારોનું વૃંદાવન મનમાં રાચતો રાચતો રૂપસેન આગળ વધતો હતો...એના ચિત્તમાં પ્રિયાને પામવાની અદમ્ય ઝંખના જાગૃત થઈ હતી. તે કોઈ પણ ભોગે આવેલી સોનેરી તકને ગુમાવવા ઇચ્છતો નહોતો.

પણ વિધિએ લેખ કંઈક જુદા લખ્યા હતા એ વાતની રૂપસેનને ક્યાંથી જાણ હોય...!

રૂપસેન જે રાત્રીને યાદગાર અને મંગલમય બનાવવા ઇચ્છતો હતો. એ જ રાત્રી એના જીવનની અંતિમ રાત બની જવાની હતી એની ખબર રૂપસેનને ક્યાંથી હોય...?

વિચારોના વર્તુળમાં ભ્રમણ કરતો રૂપસેન રાજકુમારીને મળવા માટે ઝડપથી આગળ વધી રહ્યો હતો.

રૂપસેન રાજમાર્ગ પકડે તે પહેલાં ખૂણા પર આવેલા એક જર્જરિત મકાનની દીવાલ ધસી આવી. વિશાળ દીવાલ પાસેથી રૂપસેન પસાર થતો હતો અને એ વિશાળ જર્જરિત દીવાલ રૂપસેન પર ધસી પડી. દીવાલના પથ્થરો એકી સાથે રૂપસેન પર ધસી પડતાં તે તરત જ મૃત્યુને શરણે થયો. મૃત્યુની સાથે એની આશાઓ અને ઊર્મિઓ પર પાણી ફરી વળ્યું.

અંતિમ સમયે રૂપસેન રાજકુમારી સુનંદાના ધ્યાનમાં મગ્ન હતો આથી તે મૃત્યુ પામીને સીધો સુનંદાના જ ઉદરમાં ગર્ભ તરીકે ગોઠવાઈ ગયો.

કર્મનો પ્રભાવ સર્વ પ્રાણીમાત્રને ભોગવવો પડે છે. કર્મની સત્તા પાસે કોઈનું કશું ચાલતું નથી.

જે રૂપસેન આજે સુંદર વસ્ત્રો અને આભૂષણો ધારણ કરીને માર્ગમાં રાજકુમારી સુનંદા સાથે મધુર પળો વીતાવવાના સ્વપ્નામાં રાચીને રાજભવન ભણી જઈ રહ્યો હતો ત્યારે કર્મસત્તાએ રાજકુમારી સુનંદા સાથે રૂપસેનનું મિલન તો કરાવ્યું પણ કેવી પરિસ્થિતિમાં...' કેવા સંજોગોમાં...! જો માનવીના અંતરમાં થોડીઘણી વાસના રહી જાય તો તેનું પરિણામ સુખદ આવતું નથી.

આ સંસારમાં જીવ માત્ર સુખની ઝંખના કરે છે. માયા મરિચિકાથી ભર્યું સુખ, વૈભવવિલાસથી યુક્ત વિપુલ સુખને માનવી પૂર્ણ સુખ મળ્યાનું અંતરથી માનતો હોય છે પરંતુ એ સુખ નથી, માત્ર સુખની ભ્રમણા છે. આત્મસુખનો આનંદ અપૂર્વ છે. અનંત સુખ પ્રાપ્ત કરવા માટે સંસારના ભૌતિક સુખોને ત્યાગ્યા વગર બીજો કોઈ માર્ગ નથી. રત્નત્રયીની આરાધના કરવા માટે ત્યાગ જ મહામંત્ર બને છે. આત્મા અનાદિકાળથી કર્મના કારણે જુદીજુદી ગતિઓમાં ભટક્યા કરે છે. પરંતુ જ્યારે આધ્યાત્મિક વિકાસ કરીને સર્વત્યાગના માર્ગને અજવાળીને, તપઆરાધનામાં મગ્ન બનીને પરમપદ મોક્ષને પામે ત્યારે આ આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ જશે અને પરિભ્રમણ નહિ કરે. આ માટે માનવીએ પ્રયત્નશીલ થવું આવશ્યક છે.

રૂપસેનને મૃત્યુ સમયે સુનંદાના સ્વપ્ન હતા અને એનું પરિણામ એ આવ્યું કે તે સુનંદા રાજકુમારીના ઉદરમાં ગર્ભ રૂપે ગોઠવાઈ ગયો અને રૂપસેનનું ભવોભવનું ભ્રમણ શરૂ થઈ ગયું.

એ રાત્રી પસાર થઈ ગઈ.

એક તરફ સુનંદા અને મહાબલ માટે તે રાત્રી યાદગાર બની ગઈ.

જ્યારે રૂપસેન માટે ભવોભવના ભ્રમણની રાત્રી બની ગઈ.

વસંતોત્સવની રાત્રીનો આનંદ માણીને પ્રાતઃકાળે મહારાજા કનકધ્વજ, મહાદેવી યશોમતી, રાજપરિવારના સભ્યો, રાજભવનની દાસીઓ, સેવકો વગેરે પાછાં ફર્યાં.

નગરીના નગરજનોએ આખી રાતનો આનંદ લૂંટીને પ્રાતઃકાળે નગરીમાં પાછા ફર્યાં.

સૌના મુખ પર વસંતોત્સવનો આનંદ રમતો હતો.

મહાદેવી યશોમતી રાજભવનમાં આવતાં સીધાં રાજકુમારી પાસે ગયાં.

રાજકુમારી સુનંદા હજુ શય્યામાં જ હતી. ચિત્રાએ રાજકુમારીને મહાદેવી પધારી રહ્યાંના સમાચાર કહ્યા.

રાજકુમારી તરત જ શય્યામાં બેઠી થઈ ગઈ.

મહાદેવીએ કહ્યું : 'પુત્રી, તું સૂતી રહે... અત્યારે તારું સ્વાસ્થ્ય કેમ છે?'

'માતાજી, મને ગઈકાલ સાંજથી મસ્તકશૂળ ઉપડયું હતું પણ ઔષધો લીધા પછી શાંતિ મળી હતી...'

'પુત્રી, રાજવૈદ્યને બોલાવવા જોઈએ ને...!'

'માતાજી, ઔષધ પેટિકામાંથી ઔષધ લઈ લીધું અને ઔષધ શરીરમાં ગયા બાદ ધીરેધીરે સાતા વળવા માંડી...'

'સુનંદા, સ્વાસ્થ્યની બાબતમાં જરા પણ ગાફેલ ન રહેવું જોઈએ. દર્દ નાનું હોય કે મોટું પરંતુ તેનો ઉપચાર સાચા ઢંગથી થવો જોઈએ. હું રાજવૈદ્યને સંદેશો મોકલીને તેડાવું છું...એક વાર તારી નાડીપરીક્ષા કરી લે અને બીજું કંઈ નથીને તે તપાસી

લે...ઔષધોની જરૂર હોય તો થોડા દિવસો ઔષધો પણ લેવા પડશે.'

'માતાજી, આપ ચિંતા કરશો નહિ. મને એવું જણાશે ત્યારે રાજવૈદ્યને સામેથી જ અહીં બોલાવી લઈશ...' સુનંદાએ કહ્યું.

મહાદેવી યશોમતીએ પુત્રીની ઇચ્છા અનુસાર રાજવૈદ્યને બોલાવવાનું મુલ્તવી રાખ્યું.

મહાદેવીએ પુત્રીને સ્વાસ્થ્ય પ્રત્યે જરા પણ દુર્લભ ન સેવવાની સૂચના આપીને વિદાય લીધી.

જ્યારે વસુદત્ત શ્રેષ્ઠી અને તેનો પરિવાર પ્રાતઃકાળે પોતાના ભવન પર પાછો ફર્યો ત્યારે ભવનનું મુખ્ય દ્વાર બંધ હતું. દ્વાર ખખડાવ્યાં, પણ અંદર કોઈ હોય તો ઉત્તર મળે ને?

વસુદત્ત શ્રેષ્ઠીએ કહ્યું: 'રૂપસેન હજુ નિદ્રા માણી રહ્યો લાગે છે.'

વસુદત્ત શ્રેષ્ઠીના મોટા પુત્ર ધર્મદત્તે કહ્યું: 'પિતાજી, હું પાછલા ભાગેથી જઉં છું અને અહીંનુ દ્વાર ખોલું છું...'

'ભલે...એમ કર...!' વસુદત્ત શ્રેષ્ઠીએ કહ્યું.

ધર્મદત્ત અને જયસેન તરત જ ભવનના પાછલા ભાગ તરફ ગયા. ત્યાં પણ ભવનમાં દાખલ થવા માટે એક દ્વાર હતું.

ધર્મદત્તે જોયું તો પાછલા ભાગનું દ્વાર ધક્કો મારતાં ખુલી ગયું. એને આશ્ચર્ય થયું કે શું રૂપસેન આ દ્વાર ખુલ્લું રાખીને સૂતો હશે...! ચાલો પિતાજીને વાત કરીશું...'

ધર્મદત્ત અને જયસેન પાછલા દરવાજેથી ભવનમાં આવીને ભવનનું મુખ્ય દ્વાર ખોલ્યું.

ધર્મદત્તે કહ્યું: 'પિતાજી, પાછલા ભાગે આવેલું દ્વાર અમસ્તું અટકાવેલું જ હતું.'

'ઓહ...! ત્યારે અંદર રૂપસેન છે કે નહિ?' વસુદત્ત શ્રેષ્ઠીએ ચિંતા વ્યક્ત કરી.

'પિતાજી, હું સીધો દ્વાર ખોલવા જ આવ્યો હતો. અંદર તપાસ કરી નથી...' ધર્મદત્તે કહ્યું.

તરત જ વસુદત્ત શ્રેષ્ઠી, એની પત્ની, ધર્મદત્ત, દેવદત્ત અને જયસેન અંદર ગયા. બધાય રૂપસેનની તપાસ અર્થે ભવનમાં ફરી વળ્યા પણ રૂપસેનનો પત્તો ન લાગ્યો. ભવનમાં બધી સામગ્રી સહીસલામત છે પણ રૂપસેન ક્યાં ચાલ્યો ગયો? એ ચિંતા વસુદત્ત શ્રેષ્ઠીના પરિવારને કોરી ખાતી હતી.

દિવસનો પ્રથમ પ્રહર પૂરો થયો, છતાંય રૂપસેનના કોઈ વાવડ ન મળ્યા.

વસુદત્ત શ્રેષ્ઠીએ કહ્યું: 'ધર્મદત્ત, તું એના મિત્રોને ત્યાં તપાસ કરી આવ. દેવદત્ત આપણા સ્નેહી, સંબંધીઓને ત્યાં જઈ આવે અને જયસેન બધા ઉદ્યાનોમાં તપાસ કરી આવે. તે હજુ પાછો કેમ ફર્યો નથી?'

પિતાની આજ્ઞા મસ્તકે ચડાવીને ત્રણેય ભાઈઓ રૂપસેનની ભાળ મેળવવા નીકળી પડ્યા.

ત્રણેય ભાઈઓ બે ઘટિકા બાદ પાછા ફર્યા ત્યારે ત્રણેય ભાઈઓના મુખ પર નિરાશા છવાયેલી હતી.

વસુદત્ત શ્રેષ્ઠી પુત્રની ભાળ ન મળતાં અત્યંત દુઃખી થયા.

રૂપસેનની માતા આક્રંદભર્યા સ્વરે રૂપસેનના નામનો પોકાર કરી રહી હતી અને ભલભલાના પથ્થર દિલને પણ પિગળાવી મૂકે તેવું રૂદન હતું.

રૂપસેનની માતાએ આંસુ સારતાં કહ્યું: 'કોઈ તો મારા લાડકા પુત્રને લઈ આવો...હજુ તો તે ખૂબ નાનો છે...એને સંસારના સુખદુઃખની કંઈ જ ખબર નથી.'

'પ્રિયે, તું શાંત થા. રૂપસેનની તપાસ કરવામાં જરા પણ ખામી રાખવામાં આવશે નહિ. તું આ રીતે આક્રંદ કરીશ તો આપણા ત્રણેય પુત્રો રૂદન કરવા લાગશે...'

પરંતુ રૂપસેનની માતા શાંત થતી નથી. રૂપસેનના નામનો પોકાર ચાલુ જ રાખ્યો.

વસુદત્ત શ્રેષ્ઠી તરત જ રાજસભામાં ગયા.

રાજસભાની કાર્યવાહી ચાલુ હતી.

વસુદત્ત શ્રેષ્ઠી રાજસભાની મધ્યમાં આવીને આંસુ સારતા મહારાજાને કહેવા લાગ્યા : 'મહારાજ, મહારાજ...'

'અરે શ્રેષ્ઠીવર્ય શું વાત છે? શું તમારા પર કોઈ ભયંકર આફત આવી પડી છે...! તમારી આંખમાં આંસુની ધારા...! શું વાત છે...! તમે તો મારી નગરીના રામ છો. તમારી આ સ્થિતિ જોતાં મારું હૈયું પણ વ્યથિત બન્યું છે. જે કંઈ ઘટના બનવા પામી હોય તે નિઃસંકોચપણે જણાવો. મારાથી શક્ય હશે તેટલી મદદ કરીશ...આમ આંસુ સારવાથી પ્રશ્નનો હલ ન નીકળે...!'

વસુદત્ત શ્રેષ્ઠીએ ત્રુટક ત્રુટક શબ્દોમાં પોતાનો લાડકો પુત્ર રૂપસેન ગુમ થયાની વાત જણાવી.

વસુદત્ત શ્રેષ્ઠીએ કહ્યું : 'મહારાજ, આપ શક્ય તેટલા ઉપાયો અજમાવીને મને મારો રૂપસેન મેળવી આપો...'

મહારાજા કનકધ્વજે કહ્યું : 'શ્રેષ્ઠીવર્ય, આપ ચિંતા કરશો નહિ. હું તત્કાળ સમગ્ર નગરમાં, પાદરમાં અને વન્ય પ્રદેશમાં ચારે તરફ તપાસ કરાવું છું. એ કંઈ દૂર તો જઈ શક્યો નહિ હોય...! તમે શાંતિથી ઈષ્ટદેવનું નામ લો...બધા સારા વાના થઈ જશે.'

તરત જ મહારાજા કનકધ્વજે મહાસેનાપતિને આજ્ઞા કરી કે તત્કાલ રાજસૈનિકોની ટુકડી ચારે તરફ રવાના કરો અને વસુદત્ત શ્રેષ્ઠીના પુત્રનો પત્તો મેળવો.

મહાસેનાપતિએ તરત જ મહારાજાની આજ્ઞાનું પાલન કર્યું અને પોતાની કચેરીમાં જઈને સૈનિકોની ટુકડીને ચારે તરફ રવાના કરી દીધી. નગરમાં, બજારોમાં, કૂવા, તળાવો, ધર્મશાળાઓ, ગણિકા-વાસમાં ચારે તરફ ખૂબ તપાસ કરાવી. નગરની બહાર સૈનિકોની બે ટુકડીઓને મોકલી હતી. વન્યપ્રદેશ તરફ એક ટુકડી રવાના કરવામાં આવી હતી.

આમ મહાસેનાપતિએ ચારેય દિશામાં સૈનિકોની જાળ રૂપસેનની ભાળ મેળવવા માટે પાથરી દીધી.

સંધ્યા પડી ગઈ પણ સૈનિકોની બધી ટુકડી નિરાશા સાથે પાછી ફરી. રૂપસેનનો ક્યાંય પત્તો જ ન લાગ્યો.

મહારાજા કનકધ્વજે સતત ચાર દિવસ સુધી સૈનિકોની ટુકડીઓને ચારે દિશામાં મોકલી પરંતુ રૂપસેનનો કોઈ પત્તો ન લાગ્યો.

પાંચમે દિવસે નગરમાં ઢંઢેરો પીટાવવામાં આવ્યો કે જે કોઈ રૂપસેનનો પત્તો મેળવી આપશે એને મહારાજા તથા વસુદત્ત શ્રેષ્ઠી મોંમાગ્યું ઈનામ આપશે.'

નગરમાં રોજ ઢંઢેરો પીટાવવામાં આવતો રહ્યો પણ કોઈ આશા બંધાય તેવા સમાચાર પ્રાપ્ત ન થયા.

મહારાજા કનકધ્વજને ભારે આશ્ચર્ય થયું અને મનમાં વિચાર્યું કે શું રૂપસેન અદૃશ્ય થઈ ગયો છે? શું ધરતીમાં સમાઈ ગયો છે? રૂપસેનનો પત્તો મેળવવા શું કરવું? મહારાજાને કંઈ સમજ પડતી નહોતી.

મહારાજા કનકધ્વજને ખેદનો કોઈ પાર નથી.

વસુદત્ત શ્રેષ્ઠીને ભારે આઘાત લાગ્યો હતો. રૂપસેનની માતાનાં આંસુ પણ હજુ સૂકાયાં નહોતાં.

દિવસો પર દિવસો પસાર થવા લાગ્યા.

પરંતુ રૂપસેનનો પત્તો ક્યાંયથી ન મળ્યો.

આ તરફ રાજકુમારી સુનંદાના કાને બીજે જ દિવસે સમાચાર પ્રાપ્ત થયા હતા કે રૂપસેન કયાંય દેખાતો નથી.

સુનંદાએ ચિત્રાને આ અંગે પૂછ્યું ત્યારે ચિત્રાએ કહ્યું: 'રાજકુમારીબા, રૂપસેન અહીંથી ગયા બાદ એનું શું થયું હશે તે કેમ ખબર પડે?'

'ચિત્રા, મને તો લાગે છે કે નક્કી એને ચોર-લૂંટારાનો ભેટો થયો હોવો જોઈએ. એની પાસે મારાં તમામ અલંકારો હતાં. ચોરોએ એની પાસેથી અલંકારોની ઉઠાંતરી કરી હશે અને પછી એની હત્યા કરી હશે...શું થયું હશે કંઈ ખબર પડતી નથી...!'

ચિત્રાએ કહ્યું: 'રાજકુમારીબા, આપણે આપણી રીતે તપાસ કરાવીએ તો...!'

'હા...તારી વાત બરાબર છે. તું એ અંગે વ્યવસ્થા કર..'

એમ જ થયું.

ચિત્રાએ કેટલાક માણસોને રોકીને તપાસ શરૂ કરાવી પણ પરિણામ શૂન્ય આવ્યું.

ત્રણ મહિના પસાર થઈ ગયા. ન તો રૂપસેનનો કોઈ પત્તો મળ્યો કે ન તો તેના બાબતની કોઈ માહિતી...

એક દિવસ રાજકુમારી સુનંદાને વમન થયું. ગર્ભનાં ચિહ્નો જણાવા લાગ્યાં. સુનંદાના અંતરમાં ભય વ્યાપી ગયો. મનોમન ખૂબ મુંઝારો અનુભવવા લાગી. એને થયું કે માતાપિતાને આ વાતની જાણ થશે તો ઉપાધિ આવી પડશે...શું કરવું?

જીવને પાપનો ડર નથી પરંતુ પાપનું આચરણ કરતાં પકડાઈ જવાનો એને વધુ ભય હોય છે. માનવી એક પાપને છૂપાવવા માટે બીજા અનેક પાપો કરતો જાય છે અને પછી સર્જાય છે પાપોની પરંપરા...

સુનંદાએ તરત જ ચિત્રાને એકાંતમાં બોલાવી પોતાની મનોવ્યથા જણાવી. ચિત્રા પણ આ વાત સાંભળીને ભયભીત બની.

ચિત્રાએ રાજકુમારીને કહ્યું : 'રાજકુમારીબા, આ તો વિકટ પ્રશ્ન ઊભો થયો...મને કંઈક વિચારવા દો...'

ચિત્રા વિચારવા લાગી. એ ભયના કારણે થરથર ધ્રુજતી હતી. ચિત્રાને થયું કે આ વાતની જાણ મહારાજાના કાને પડે તો મહા-મુશ્કેલી સર્જાય. રાજકુમારીને તો માત્ર ઠપકો આપશે પણ હું તો પાપમાં બધી રીતે સહાયક બની હતી. તો તો મહારાજ મારી શી અવદશા કરે ? મને સખ્ત દંડની સજા કરે...ઓહ...! એના કરતાં કોઈ એવો ઉપાય શોધું કે જેથી રાજકુમારીજીને અડચણ ન થાય અને હું પણ નિરાંત અનુભવું...

થોડી વાર સુધી ચિત્રા વિચારમાં તલ્લીન બની ગઈ અને એક ઉપાય સુઝી આવ્યો.

ચિત્રાએ રાજકુમારીને કહ્યું : 'રાજકુમારીબા, મને એક ઉપાય સૂઝયો છે. આપ ચિંતા કરશો નહિ. બધાં સારાં વાનાં થઈ જશે...'

'ચિત્રા, તેં ઉપાય શું વિચાર્યો છે...? એ તો જણાવ...!' રાજકુમારીએ પૂછ્યું.

ચિત્રાએ રાજકુમારીના કાન પાસે જઈને કહ્યું : 'રાજકુમારીબા, ઔષધિનો પ્રયોગ કરવાનો રહેશે. ઔષધિના સેવનથી ગર્ભનો નિકાલ થઈ જશે અને કોઈને જાણ પણ થશે નહિ. !'

ચિત્રાની વાત સાંભળીને રાજકુમારી સુનંદા આનંદિત બની ગઈ. રાજકુમારીએ કહ્યું : 'વાહ...મારી પ્રિય સખી...તું મારી હિતચિંતક છે...'

રાજકુમારી સુનંદાના પાપમાં સહાયક બનેલી ચિત્રાએ સૂચવેલા ઉપાયથી સુનંદા આનંદ પામી.

સ્વાર્થ, મોહ, માયા, માનમાં અંધ બનેલો આ સંસાર ખરેખર

વિચિત્ર છે. સ્વાર્થમાં રાચતા જીવો સારાસારનો વિચાર કરતા નથી. હજુ જે જીવે આ સંસારમાં શ્વાસ પણ લીધો નથી એ જીવની હત્યા કરવા એની સગી જનેતા તૈયાર થઈ જાય ! આનું નામ સંસાર છે.

ચિત્રાએ રાજકુમારી પાસેથી વિદાય લેતાં કહ્યું : 'રાજકુમારીબા, હું આપણા કાર્ય માટે જઉં છું. થોડી વારમાં પાછી ફરીશ...'

આમ કહીને ચિત્રા નગરીની કુશળ દાયણ પાસે ગઈ અને રાજકુમારીનું નામ છૂપાવીને ગર્ભ નિકાલના દ્રવ્યો લીધા. રાજકુમારી સુનંદાએ એ જ દિવસથી ઔષધપ્રયોગ શરૂ કર્યો અને ઔષધોની અસર થવા માંડી. સુનંદાનો ગર્ભ ગળી ગયો.

રૂપસેન...! જે સુનંદાના વિચારોમાં મૃત્યુ પામીને સુનંદાના જ ઉદરમાં ગર્ભરૂપે આવ્યો હતો...! જે સુનંદાને પોતાની પ્રાણવલ્લભા માનતો હતો એ જ સુનંદાએ એને પોતાના ઉદરમાંથી સીધો નાગણના પેટમાં મોકલી આપ્યો.

ભવોની પરંપરા આરંભાઈ ગઈ.

પહેલાં રૂપસેન, પછી સુનંદાના ઉદરમાં અને ત્યાંથી નાગણના પેટમાં...

તૃષ્ણા, ઇચ્છા, કામના, વાસના જો મૃત્યુ સમયે રહી જાય તો ભવોની પરંપરા સર્જાય છે.

સુનંદાએ હાશકારો બોલાવ્યો. એના ચિત્તમાં શાંતિ સ્થપાઈ. ચિત્રાને ધન્યવાદ આપવા લાગી.

સુનંદા વિચારતી હતી કે એમ તો હું ભાગ્યશાળી છું...

પણ સુનંદાને એ વાતની જાણ નહોતી કે કદાચ તે આચરેલા દુષ્કર્મો દબાઈ જશે પરંતુ કરેલાં કર્મો તો ભોગવવાં જ પડશે. કર્મની સત્તા સામે કોઈનું ચાલતું નથી.

એક દિવસ રાજકુમારીએ ચિત્રાને કહ્યું : 'ચિત્રા, હવે તું માતાજીને કહે કે આપને યોગ્ય લાગે એવા પાત્ર સાથે મારા વિવાહ સંપન્ન કરો...'

ચિત્રા રાજકુમારીના મુખે આ વાત સાંભળીને પ્રસન્ન થઈ.

ચિત્રા તરત જ મહાદેવી પાસે ગઈ અને રાજકુમારીની મનોભાવના વ્યક્ત કરી.

મહાદેવી ચિત્રાની વાત સાંભળીને ખૂબ પ્રસન્ન થયા. પુરુષદ્વેષ સુનંદાના અંતરમાંથી ભૂંસાઈ ગયો છે એ વાત મહારાજાને કાને પડતાં તેઓ પણ પ્રસન્ન થયા.

રાજકુમારી સુનંદાના માતાપિતા આજ અવસરની પ્રતીક્ષા કરતાં હતાં.

અને તરત જ રાજકુમારી સુનંદા માટે સુયોગ્ય મુરતિયાની શોધ આરંભાઈ. મહારાજાએ મહામંત્રીને સુનંદા માટે યોગ્ય મુરતિયાની તપાસ કરવાની કામગીરી સોંપી.

મહામંત્રીએ અનેક રાજ્યના રાજકુમારોના ચિત્રા અને માહિતી એકઠી કરી તેમાં ક્ષિતપ્રતિષ્ઠિત નગરનો રાજવી સૌને પસંદ પડ્યો.

રાજકુમારી સુનંદાનું વેવિશાળ ક્ષિતપ્રતિષ્ઠિત નગરના યુવાન રાજવી સાથે થયું અને શુભ દિવસે સુનંદાના વિવાહ થયાં.

મહારાજા કનકધ્વજે પુત્રીનો વિવાહ ધામધૂમપૂર્વક કર્યો. નગરજનોએ ઉત્સાહભેર ભાગ લીધો.

પૃથ્વીભૂષણ નગરીની રાજકુંવરી સુનંદાના વિવાહ ક્ષિતપ્રતિષ્ઠિત નરેશ સાથે ધામધૂમપૂર્વક સંપન્ન થયાં.

ક્ષિતપ્રતિષ્ઠિત નગરીનો રાજવી નરવાહન સુનંદાને લઈને પોતાના નગરે આવ્યો. મહારાજા કનકધ્વજે પુષ્કળ દ્રવ્ય, હાથી, અશ્વો તથા અન્ય કલાત્મક સામગ્રીઓ તથા અનેક દાસ-દાસીઓ આપ્યા હતા. રાજકુમારી સુનંદાની સાથે તેની ત્રણેય સખીઓ ચિત્રા, તરલિકા તથા મેધના પણ હતી.

ક્ષિતપ્રતિષ્ઠિત નરેશ પ્રિયા સુનંદાને લઈને દસ દિવસે પોતાના નગરમાં પહોંચ્યો.

અગાઉ સંદેશવાહકો દ્વારા સમાચાર પાઠવ્યા હોવાથી જાનના સામૈયાની અદ્‌ભુત વ્યવસ્થા કરવામાં આવી હતી.

નગરીના લોકો મહારાજા તથા મહાદેવી સુનંદાનું સ્વાગત કરવા હર્ષભેર ઊમટી પડયાં હતાં.

રાજપરિવારના સભ્યોએ વર-વધૂનું સ્વાગત કર્યું. વાજતેગાજતે સામૈયું થયું.

ક્ષિતપ્રતિષ્ઠિત નગરીના યુવાન રાજવી અને સુનંદાને રાજભવનમાં લઈ આવવામાં આવ્યાં. રાજભવનમાં ઉમળકાભેર સ્વાગત થયું.

વધાઈ અને પોંખણાનો પ્રાથમિક વિધિ પૂરો થયા પછી બંનેને

કુળદેવીના ગોખલા પાસે લાવવામાં આવ્યાં.

બન્નેએ કુળદેવીને વંદન કર્યાં.

બન્નેની છેડાછેડી છોડવામાં આવી અને બંનેના મિંઢળ કુળદેવી સમક્ષ મૂકવામાં આવ્યાં.

રાત્રીનો બીજો પ્રહર હમણાં જ પૂરો થયો હતો.

ક્ષિતપ્રતિષ્ઠત નગરનો યુવાન રાજવી નરવાહન તેના મિત્રો સાથે બેઠો હતો. નગરીના કેટલાક અગ્રણીઓ મહારાજા નરવાહનને અભિનંદન આપવા માટે આવ્યા હતા. સૌ વાતો કરતાં બેઠાં હતાં.

જ્યારે આ તરફ સુનંદા તેની સખીઓ ચિત્રા, તરલિકા તથા મેઘના સાથે બેઠી હતી. રાજપરિવારની સ્ત્રીઓ પણ ખંડમાં બેઠી હતી. સુનંદાને જાતજાતના પ્રશ્નો પૂછીને મુંઝવી નાખતા હતા.

રાત્રીનો બીજો પ્રહર પૂર્ણ થવાથી સુનંદા માંડમાંડ તેની સખીઓ જોડે ઉપરની ભૂમિ પર આવી. ઉપરની ભૂમિ પર શણગારેલા શયનખંડ તરફ પગલા માંડયાં. ફૂલોની મહેંકથી ખીલી ઊઠેલો શયનખંડ! એક સુવર્ણજડિત પર્યંક પર મસૃણશય્યા શોભતી હતી. શય્યા પર પચરંગી કૌશેય ચાદર ઝળકી રહી હતી. પર્યંક ફરતી ફૂલોની માળાઓ કલાત્મક રીતે ઝુલી રહી હતી. જાણે એમ જ લાગતું હતું કે ફૂલોનો એક પડદો ન હોય! જાણે ફૂલોથી શોભતી સ્નેહશય્યા...!

ખંડમાં દીપમાલિકાઓનો તેજસ્વી પ્રકાશ બે આત્માઓના મિલનને અજવાળવા થનગની રહ્યો હતો. પર્યંકથી થોડેક દૂર એક ત્રિપદી પર ફૂલના હારથી શોભતો સુવર્ણનો થાળ પડયો હતો. દ્વારની નજદીક એક ધૂપદાની રાખવામાં આવી હતી. જેની ધૂમ્રસેરે સારાય ખંડમાં પોતાનું અજબ વર્ચસ્વ જમાવ્યું હતું.

ખંડની સામેના ભાગમાં ઝરૂખો ખુલ્લો હોવાથી વહેતો મંદ મંદ વાયુ ત્યાં લટકતા કૌશેયપટ્ટકને કંપાવતો હતો.

રાજકુમારી સુનંદા હવે ક્ષિતપ્રતિષ્ઠિત નગરની મહારાણી બની

હતી તે સખીઓ જોડે શયનકક્ષમાં દાખલ થઈ.

ચિત્રા, તરલિકા તથા મેઘનાએ ખંડમાં સુનંદા સાથે હળવી મજાકનો દોર શરૂ કર્યો. રાત્રીનો ત્રીજો પ્રહર શરૂ થઈ ચૂક્યો હતો.

મહારાજા નરવાહન હજુ નીચે જ બેઠો હતો. નગરીના અગ્રણીઓ અને મિત્રો વચ્ચે આબાદ સપડાઈ ગયો હતો. ત્યાં નરવાહન રાજાના એક અંગત મિત્રે હાથ જોડીને સૌની સમક્ષ જોઈને નમ્ર સ્વરે કહ્યું: 'પ્રિયજનો, અત્યારે ઘણો સમય વ્યતીત થઈ ગયો છે. મહારાજ પણ આજના કાર્યક્રમથી શ્રમિત થયા છે. તો આપ સૌ...!'

મહારાજાના અંગત મિત્રને વિશેષ કહેવાની જરૂર ન રહી. સૌ સમજી ગયા. એક પછી એક સૌ મહારાજ નરવાહનને નમન કરીને વિદાય થવા લાગ્યા.

અંગત મિત્રે મહારાજાને ઉપરના ભાગે મોકલ્યા. ત્યારે સુનંદા શયનખંડમાં એકલી બેસીને પ્રિયતમની વાટ જોતી હતી.

સુનંદાના અંતરમાં રૂપસેન વિસરાઈ ગયો હતો. એ મધુરી પળને પણ ભૂલી ગઈ હતી. સમગ્ર ઘટના ભૂલી ગઈ હતી.

એના અંતરમાં મિલનની અપૂર્વ ઝંખના જાગૃત થઈ હતી.

શયનકક્ષનું દ્વાર અર્ધખુલ્લું હતું.

મહારાજા નરવાહન શયનખંડમાં દાખલ થયો.

સુનંદાની ત્રણેય સખીઓ ચિત્રા, તરલિકા અને મેઘના મહારાજને ખંડમાં આવતાં જોઈને ઊભી થઈ ગઈ અને મધુર હાસ્ય બિછાવતી ખંડ બહાર નીકળી ગઈ.

મહારાજા નરવાહને હળવેકથી ખંડનું દ્વાર બંધ કર્યું.

સુનંદાનો ચહેરો લજ્જાયુક્ત બની ગયો. હૈયામાં મિલનની ઝંખના રમતી હતી. તેની આંખો ધરતી સાથે જાણે જડાઈ ગઈ હોય તેમ લાગતું હતું. આંખોમાં જાણે પૃથ્વીનો સમગ્ર ભાર લદાયેલો ન હોય તેવું લાગતું હતું!

નરવાહન રાજા સુનંદા પાસે આવ્યો. સુનંદાનું અપૂર્વ તેજ મારતું ગૌરમુખ જોયા કર્યું.

થોડી વાર તો શયનખંડમાં મૌન છવાઈ ગયું.

કોઈક સમયનું મૌન અતિ મૃદુ અને મીઠું હોવા છતાંય હૈયાના ભાવને છૂપાવી શકતું નથી. ઉરના અબોલ ભાવ કદી છૂપા રહ્યા જાણ્યા છે...!

નવપરિણીત હૈયા પર પસાર થતી મધુયામિની શું જીવનભરના સ્મરણ તરીકે નહિ ગણાતી હોય...?

સુનંદાને થયું કે ઓહ...મારું મોઢું કેમ સિવાઈ ગયું...! સ્વામી શયનખંડમાં પધારે ત્યારે ઘણીઘણી વાતો કરવી હતી પણ અત્યારે જીભ ઉપડતી નથી...

'પ્રિયે...' નરવાહન આજ પોતાની પ્રિયાને પ્રથમ વાર ધરાઈને જોતાં બોલ્યો.

પરંતુ સુનંદાનો જાણે ઉત્તર આપવાના શબ્દો જ ભૂલી ગઈ હતી...! તેણે કશો ઉત્તર ન આપ્યો કે કોઈ પ્રકારનો પ્રતિભાવ ન દર્શાવ્યો. તે એમને એમ બેસી રહી.

ખંડમાં દીપમાલિકાઓનો પ્રકાશ બંનેની મિલન ઝંખનાનો મૂક સાક્ષી બનીને જોઈ રહ્યો હતો.

ફરીવાર નરવાહને કહ્યું : 'પ્રિયે...'

અરે...આ...શું ? કોઈ શબ્દો ઉત્તર આપવા માટે જડતો નથી. જ્યારે સ્વામી પધાર્યા નહોતા ત્યારે તો અંતરમાં અનંત વાતો ભરી હતી. હૈયાને આ શું થઈ ગયું ? સુનંદાના ચહેરા પર જ નહિ પરંતુ સમગ્ર શરીર લજ્જાયુક્ત બની ગયું હોય તેમ લાગતું હતું.

નરવાહને પ્રસન્ન સ્વરે પ્રિયાનો હસ્ત પકડીને કહ્યું : 'પ્રિયે, આજનો દિવસ મારા માટે, મારા જીવન માટે અપૂર્વ છે. મારા કોઈ પુણ્યોદયના કારણે જ સંસારનું આવું સુંદર શ્રેષ્ઠ નારીરત્ન મેળ-

વવામાં ભાગ્યશાળી બન્યો છું...'

છતાંય સુનંદાએ ઉત્તર ન આપ્યો પણ તેના અંગોમાં હલન-ચલન થયું. તે તીરછી નજરે સ્વામીના રૂપને જોઈ રહી.

નરવાહન એ પળ પોતાની પ્રિયતમાને જોઈ રહ્યો. તેણે તરત જ સુવર્ણના થાળમાં પડેલી બે માળાઓમાંથી એક ઉઠાવીને સુનંદાના કંઠમાં આરોપી દીધી.

સુનંદા ચમકી...તે વિચારવા લાગી કે જે કાર્ય મારે પ્રથમ કરવું જોઈતું હતું તે સ્વામીએ કરી નાખ્યું.

મહારાજા નરવાહન શય્યા પર બેસી ગયો. સુનંદાએ બીજી માળા લઈને ભાવભર્યા હૈયે, થડકતા હાથે સ્વામીના કંઠમાં આરોપી દીધી.

અત્યાર સુધી મૌન સેવી રહેલી પ્રિયાની સામે જોઈને નરવાહને કહ્યું : ' પ્રિય, શું આજ મૌનવ્રત ધારણ કર્યું છે ? '

' અહં...' સુનંદાએ મધુર સ્વરે ધીમે રહીને કહ્યું

' તો પછી...? ' કહીને નરવાહને પ્રિયાના વાંસા પર હાથ મૂક્યો. સુનંદા જરા સંકોચાઈ. ગુલાબી અંગ જાણે ખીલી ઊઠયું.

સુનંદાએ કહ્યું : ' સ્વામી, આજ આપની મધુર વાણી સાંભળવાનો સુયોગ પ્રાપ્ત થયો છે.' કહીને સુનંદા ઊભી થઈ અને સ્વામીના ચરણમાં મસ્તક મૂકી દીધું.

ઉત્તરમાં મહારાજા નરવાહને સુનંદાને હૈયાસરસી લીધી અને એક મધુર છતાં દીર્ઘ ચુંબન આપ્યું.

નવજવાન હૈયા...!

ઉષ્માભર્યું યૌવન...! છતાં યૌવનમાં ઘેલછા નહોતી.

સુંદર, સોહામણી રાત હતી...!

અને...

રસકવિઓ જણાવે છે કે પતિ-પત્નીઓની વાતોનો ક્યારેય અંત આવતો નથી...તેઓની વાતો રસભરી અને નૂતન સ્વરૂપની

હોય છે. બંનેને એ વાતોમાં અપૂર્વ આનંદ, અનોખી ઉષ્મા મળતી હોય છે.

મિલન યામિની...

પ્રિયા અને પ્રિયતમ...!

જાણે સંસારમાં બીજી કોઈ વાતો જ નથી. એ રીતે પતિ-પત્ની એકબીજામાં લીન થઈ ગયાં. બંનેના હૈયાના સ્પંદનો તેજ બન્યા.

સ્નેહના બંધનમાં ઝકડાયા પછી સમય ક્યાં ચાલ્યો જાય છે તેની કલ્પના રહેતી નથી.

બન્નેમાંથી કોઈને ખ્યાલ ન રહ્યો કે પ્રાતઃ કાળની ઝાલરી રણુકી ચૂકી છે...! બહારના ઉપવનમાં પંખીઓનો કલરવ શરૂ થઈ ચૂક્યો હતો.

ખુલ્લા વાતાયન તરફ જોતાં સુનંદાએ સ્વામી સામે જોઈને કહ્યું : 'સ્વામી...'

નરવાહને મધુર સ્વરે કહ્યું : 'કેમ પ્રિયે...? શું થયું...?'

સુનંદાએ આછા હાસ્ય સાથે કહ્યું : 'સ્વામી, સામે ગવાક્ષ તરફ દૃષ્ટિ કરો...'

'પણ આપણી વાતો તો હજુ અધુરી છે...'

'સ્વામી, વાતોનો અંત ક્યારેય આવવાનો જ નથી. હમણાં સૂર્યદેવના સોનેરી કિરણો પૃથ્વીપટને ભીંજવશે.'

'પણ...!'

'પણ શું...? નવપરિણીત સ્ત્રીપુરુષની પ્રથમ રાતે અનંત વાતો ભેગી થતી હોય છે. હૈયાની વાતો અધુરી રહે તેમાં જ આનંદ હોય છે...' સુનંદાએ કહ્યું.

નરવાહન રાજાએ પ્રિયાનો હાથ પકડી લીધો. એણે પ્રિયાને ફરીથી હૈયાસરસી લીધી અને અધર પર દીર્ઘ ચુંબન ચોડ્યું.

'હવે સામે જો...સૂર્યદેવ પણ આપણા નૂતન સહજીવનને અભિનંદવા આવી રહ્યા છે.' નરવાહને કહ્યું.

'સ્વામી, હવે આપ શય્યાત્યાગ કરીને પ્રાતઃકાર્યની વિધિ આટોપવા લાગો...' સુનંદાએ સ્વામીની બાહોમાંથી પોતાની અનુપમ સૌંદર્ય વેરતી કાયાને મુક્ત કરતાં કહ્યું.

નરવાહન તરત જ પ્રિયાની વાતને આજ્ઞારૂપ માનીને ઊભો થયો અને શય્યાત્યાગ કર્યો.

થોડી વાર રહીને સુનંદા પણ પોતાનાં વસ્ત્રો વ્યવસ્થિત કરીને ખંડ બહાર નીકળી ગઈ

સુનંદા પોતાને સર્વશ્રેષ્ઠ સ્વામી મળ્યા બદ્દલ પોતાના ભાગ્યને અભિનંદી રહી હતી.

આમ સુખમાં દિવસો પસાર થવા લાગ્યા.

આ તરફ રૂપસેનનો જીવ નાગણના પેટમાં પ્રવેશ્યો હતો અને તેનો જન્મ પણ થયો હતો. જન્મ થયા પછી તે મોટા થવા લાગ્યો.

દિવસો પસાર થવા લાગ્યા.

ગ્રીષ્મ ઋતુ...! કાળઝાળ ગરમીના દિવસો...

એક દિવસ સુનંદાએ સ્વામીને કહ્યું : 'સ્વામી, શીતળતા પ્રાપ્ત કરવા માટે નગર બહારના ઉદ્યાનમાં જઈએ તો...!'

'દેવી, તું આજ્ઞા કરે એ મને સ્વીકાર્ય જ હોય...આજે જવું છે. ?' નરવાહને પૂછ્યું.

'પણ આપને રાજસભામાં જવાનું હશે...!'

'ના, આજે રાજસભા નથી...આપણે નગર બહારના ઉદ્યાનમાં જઈએ ત્યાં આખો દિવસ રહીશું...' નરવાહને કહ્યું.

'ભલે...હું તૈયારી કરું છું...'

'હા...હું મંત્રીને બોલાવીને સમગ્ર વ્યવસ્થા ગોઠવી દેવાની સૂચના આપું છું.'

'ભલે...' સુનંદા તરત જ પોતાના ખંડ તરફ ગઈ.

અને એક ઘટિકા બાદ મહારાજ, મહાદેવી સુનંદા તથા થોડા

દાસ-દાસીઓ અને રક્ષકો નગર બહારના ઉદ્યાનમાં પહોંચ્યા.

મહારાજા નરવાહને પોતાના મંત્રીને ઉદ્યાનમાં બધા પ્રકારની વ્યવસ્થા ગોઠવવાનો ભાર સોંપ્યો હતો. મંત્રીએ ઉદ્યાનમાં પાકશાસ્ત્રીઓને ભોજન બનાવવા અર્થે મોકલી દીધા હતા.

દિવસનો બીજો પ્રહર ચાલી રહ્યો હતો.

ઉદ્યાનની વાટિકામાં ગોઠવાયેલા એક હિંચકા પર રાજા નરવાહન અને રાણી સુનંદા અલકમલકની વાતો કરી રહ્યાં હતાં.

સુનંદા અત્યંત પ્રસન્ન હતી. સુનંદાએ કહ્યું : 'સ્વામી, ગ્રીષ્મ-ઋતુ આ ઉદ્યાનમાં જ પસાર કરવું જોઈએ...'

'પ્રિયે, તું કહેતો આપણે અહીં જ એ પ્રકારની બધી વ્યવસ્થા ગોઠવીએ...'

'પરંતુ રાજકાર્યની જવાબદારી આપના મસ્તકે છે એટલે એ સંભવિત નથી...'

'નહિ પ્રિયે, એવું નથી...તારી દરેક ઇચ્છાઓને સાકાર કરવી તે મારું કર્તવ્ય છે...'

'સ્વામી, કર્તવ્યની સાથે ફરજ પણ હોય છે. આપ મારા સ્વામી છો એ રીતે નગરીના રાજવી છો. આપને એ જવાબદારી પણ નિભાવવાની હોય છે. મારા ખાતર આપને એ ફરજમાંથી ચલિત ન કરી શકું...!'

'પ્રિયે, તારી વાતો ખરેખર સુંદર અને સમજદારીપૂર્વકની હોય છે. તારી સાથે વિવાહ કરીને હું ધન્ય બની ગયો છું...' રાજા નરવાહને કહ્યું.

ત્યાં બાજુના વૃક્ષમાંથી એક ભયંકર ફૂંફાડા મારતો સર્પ બહાર નીકળ્યો.

સર્પની દૃષ્ટિ સુનંદા પર પડતાં જ તે સર્પ ત્યાં જ સ્થિર થઈ ગયો.

સુનંદાના અંગમાં ધ્રુજારી છૂટી ગઈ. તે સ્વામીને વળગી પડી...

ઝેરી સર્પ સ્થિર બનીને માત્ર સુનંદા તરફ જ દષ્ટિ કરી રહ્યો હતો.

સુનંદાએ સ્વામીને કહ્યું : 'સ્વામી, ચાલો...આ ઝેરી સર્પ લાગે છે...મારું અંગ ધ્રુજે છે...'

નરવાહન રાજવી કંઈ ઉત્તર આપે તે પહેલાં સુનંદા ભયના કારણે ત્યાંથી ખસીને ભાગવા લાગી.

પણ આ શું...! ઝેરી સર્પ સુનંદાની પાછળ પડયો.

સુનંદાએ જોયું કે ઝેરી સર્પ પોતાની પાછળ જ છે અને પોતાનો જીવ મુશ્કેલીમાં છે ત્યારે એણે મોટે મોટેથી બૂમો પાડી બચાવો...બચાવો...'

મહાદેવી સુનંદાનો અવાજ સાંભળતાં રક્ષકો ખુલ્લી તલવાર સાથે ત્યાં આવી પહોંચ્યા અને જોયું કે સર્પ તીવ્ર ગતિથી મહાદેવી સુનંદાની પાછળ પાછળ જાય છે.

રક્ષકોએ આગળ જઈને સર્પ પર તલવારનો ઘા વીંઝયો અને ઝેરી સર્પ મૃત્યુને આધીન થયો.

સુનંદાને જીવમાં જીવ આવ્યો.

જ્યારે સર્પ રૂપી રૂપસેન મૃત્યુ પામીને કાગડાના અવતારમાં ગોઠવાઈ ગયો. એના અંતરમાં સુનંદા પ્રત્યેની કામના જરા પણ ઓછી નહોતી થઈ.

તીવ્રતમ રાગનો કેવો કારૂણ્યથી સભર અંત...!

રૂપસેનના ભવમાં સુનંદાના દર્શન કરવાની મનોકામના સેવી હતી અને એ કામના એમને એમ જીવંત રહેવા પામી હતી.

સુનંદાએ સ્વામીને કહ્યું : 'સ્વામી, હવે અહીં મારું મન લાગશે નહિ...ચાલો રાજભવનમાં...'

એમજ થયું.

રસાલો રાજભવન ભણી ઊપડયો.

## ૭ : અજ્ઞાનનું આવરણ

સાયંકાળનો સમય હતો.

મહાદેવી સુનંદા એક આસન પર બેસીને વિચારમગ્ન દશામાં બિરાજી હતી. વાતાવરણ આહ્‌લાદક અને પ્રસન્ન હતું. વાતાયનમાંથી મંદ ગતિએ વહેતો વાયુ મહાદેવી સુનંદાના મુખને સ્પર્શી રહ્યો હતો. મહાદેવી સુનંદાના મુખ પરના ભાવ એવા ને એવા જ હતા. વાળું કરવા જવા માટેનું કહેણ હજુ આવ્યું નહોતું.

ભવનની એક દાસી મહાદેવીના ખંડમાં આંટો મારીને ચાલી ગઈ અને મહાદેવીને વિચારમગ્ન જોઈને તરત જ તે મહાદેવીની સખી ચિત્રા, તરલિકા અને મેઘનાને સમાચાર આપવા દોડી.

જ્યારે ભવનની દાસીએ ચિત્રા, તરલિકા અને મેઘનાને સમાચાર કહ્યા ત્યારે પળવારનો વિલંબ કર્યા વગર તે ત્રણેય મહાદેવી સુનંદાના વિશાળ ખંડમાં તરફ દોડી.

મહાદેવી સુનંદા હજુ વિચારતંદ્રામાં જ હતાં.

ચિત્રાને થયું કે મહાદેવી સુનંદા ક્યારેય નહિ ને આજે શેના વિચારોમાં ગુંથાઈ ગયા છે? શું મહારાજા નરવાહન પ્રવાસેથી પાછા ફર્યા નથી તેની ચિંતા છે? શું માતા-પિતા અને બંધુઓની યાદ તાજી થઈ છે?

ત્રણેય સખીઓએ નક્કી કર્યું કે મહાદેવીનું ચિત્ત પ્રસન્ન થાય

તેવા પ્રયત્નો આદરવા.

ચિત્રાએ મહાદેવી સુનંદાની નજીક આવીને હળવેકથી હાથ મૂકયો કે તરત જ સુનંદા વિચારમુક્ત બની ગઈ. ચિત્રાને જોતાં આશ્ચર્ય પામતાં સુનંદા બોલી : 'અરે ચિત્રા, તું ક્યારે આવી? તરલિકા અને મેઘના પણ આવ્યા છે?'

'હા...મહાદેવી, અમે આપના ખંડમાં ક્યારનાં આવીને બેઠાં છીએ. પરંતુ આપનું ધ્યાન કયાં છે? આપ ગંભીર મુખમુદ્રા ધારણ કરીને કોઈ ગહન વિચારસૃષ્ટિમાં ખોવાઈ ગયાં હતાં...! આજે આપને શું થઈ ગયું છે? શેના વિચારો કરો છો?'

'ચિત્રા, કંઈ નથી. અમસ્તી...એમ જ બેઠી હતી...' સુનંદાએ આછા હાસ્ય સાથે કહ્યું.

'ના...આપની વાત મને રૂચિકર લાગતી નથી. શું માતા-પિતાની યાદ આવી ગઈ...?'

'ના...ના...'

'ત્યારે મહારાજ પ્રવાસે ગયા છે તેથી એકલતા અનુભવો છો...એનું દુઃખ છે?' તરલિકા બોલી.

'એવું કંઈક ખરું...! સુનંદાએ જણાવ્યું'.

'મહાદેવી, મહારાજ પરમ દિવસે તો પ્રવાસેથી પાછા આવી જવાના છે...આપ ચિંતા કરીને મનને બાળશો નહિ...!' ચિત્રાએ કહ્યું.

'ચિત્રા, એવી વાત નથી. પણ એટલું ખરું કે મહારાજ વિના આ ભવનમાં ગમતું નથી...'

સુનંદાની વાત સાંભળીને ત્રણેય સખીઓ જોરજોરથી હસી પડી. ચિત્રાએ હસતાં હસતાં કહ્યું : 'વાહ...મહાદેવી...વાહ...! અમે આ અંગે કશો પ્રતિભાવ આપવા માગતા નથી...'

'એટલે...?'

'મહાદેવી, જવા દો આ વાત...આપણે કોઈ બીજી જ રસભરી વાતો કરીએ...'

'ના...મારે તમારો ઉત્તર જોઈએ છે...!' સુનંદાએ હઠ પકડી.

'મહાદેવી, અમને હસવું એટલા માટે આવ્યું કે અમે ત્રણેય સખીઓ આપની સાથે બાલપણથી છીએ અને અમે આપને ખાતર રાજ્ય છોડયું છતાં અમારામાં કશી ઊણપ હશે અથવા તો આપને અમારું વર્તન ખૂંચ્યું હોય...!'

'ના...ચિત્રા, એવું નથી, મહારાજ પ્રવાસે ગયા છે. એના વિના ગમતું નથી ..'

'સાચી વાત છે મનનો માણીગર હોય અથવા એમના મુખચંદ્રનું દર્શન ન થાય તો અંતરમન અશાંત બની ઊઠે છે...' તરલિકા બોલી.

અને ત્રણેય સખીઓ સાથે છેડાયેલી ચર્ચા સુનંદાએ ત્યાં જ સમાપ્ત કરી દીધી.

સુનંદાએ કહ્યું: 'તરલિકા, તું થોડા દિવસો પૃથ્વીભૂષણ નગરે જઈ આવ...'

'ના...હું તો આપને છોડીને ક્યાંય જવા ઇચ્છતી નથી.'

સુનંદાએ ચિત્રા અને મેઘનાને કહ્યું, ત્યારે તે બન્નેએ પણ હસીને ના પાડી દીધી.

સુનંદા ત્રણેય સખીઓ જોડે આનંદભરી વાતો કરવા લાગી. બે દિવસ પસાર થઈ ગયા.

મહારાજા નરવાહન પ્રવાસેથી પાછા ફર્યા.

નરવાહનના આગમનના સમાચાર જાણીને સુનંદાને અત્યંત આનંદ થયો. સુનંદા સ્વામી સામે મીઠો રોષ વ્યક્ત કરવા લાગી અને ભવનમાં ક્યાંય ગમતું નહોતું તેવી ફરિયાદ કરવા લાગી.

નરવાહને સુનંદા પર સ્નેહ વરસાવ્યો અને પ્રવાસે જવાનું કારણ બતાવ્યું.

આઠ દિવસ પસાર થઈ ગયા.

એક દિવસ નરવાહન રાજાએ સુનંદાને કહ્યું : ' પ્રિયે, આપણી નગરીમાં બંગદેશનો કલાકાર શ્રીદામ આવેલો છે. આજે તે રાજસભામાં આવ્યો હતો. એનો બંસરીવાદનેનો કાર્યક્રમ આવતી કાલે રાજભવનના ઉપવનમાં ગોઠવેલ છે.'

' સ્વામી, કલાકારનો કાર્યક્રમ સવારના ભાગે રાખજો...' સુનંદાએ સૂચન કર્યું.

' પ્રિયે, બંગ કલાકાર આવતી કાલે સવારે આવીને પોતાની કલા પીરસે તે અંગેની સૂચના મંત્રીને આપું છું...'

એમ જ થયું.

બીજે દિવસે દિવસના પ્રથમ પ્રહર બાદ રાજભવનના ઉપવનમાં બંગદેશના કલાકાર શ્રી દામના બંસરીવાદનનો કાર્યક્રમ ગોઠવાયો.

રાજભવનના ઉપવનમાં મહારાજા નરવાહન, મહાદેવી સુનંદા અને તેમની પ્રિય ત્રણેય સખીઓ, મંત્રીઓ તથા અન્ય અગ્રણી નાગરિકોની ઉપસ્થિતિમાં શ્રી દામના બંસરીવાદનનો કાર્યક્રમ શરૂ થયો.

સૌએ બેઠક ગ્રહણ કરી લીધી. મહારાજાએ કલાકારને પોતાની કલા રજૂ કરવા માટે સંમતિ આપી.

શ્રીદામે મહારાજા નરવાહનને નમન કરીને અત્યંત મૃદુ અને મધુર સ્વરે કહ્યુ : ' મહારાજ, રાગ ' મનમોહિની ' નો આછો પરિચય આપ સૌને આપી દઉં. રાગ ' મનમોહિની ' મનને મોહનારો શૃંગાર પ્રધાન રાગ છે. રાગના સ્વરો આપ સૌના ચિત્ત ચોરી જશે તેવું મારું માનવું છે. આ રાગની રચના પ્રાચીન છે. હવે આપ સૌની સમક્ષ ' રાગ મનમોહિની ' પ્રસ્તુત કરું છું..'

આમ કહીને કલાકાર શ્રીદામે બંસરી હોઠ પર ધારણ કરી અને બંસરી પર રાગ 'મનમોહિની'ના સ્વરો વાતાવરણમાં ગુંજતા કર્યાં.

શ્રોતાજનો શાંત ચિત્તે બંસરીમાંથી પ્રસારિત થતા સ્વરોને માણવા મગ્ન બન્યા. થોડી વારમાં તો ' મનમોહિની ' રાગનું સામ્રાજ્ય

શ્રોતાઓના હૈયા પર સ્થપાઈ ગયું.

શરૂઆતમાં કલાકારે રાગનો આલાપ રજૂ કર્યો.

શ્રૃંગારપ્રધાન રાગ...!

મનમોહિની...

કર્ણપ્રિય સ્વરોની સરિતા અસ્ખલિતપણે બંસરીમાંથી વહેતી થઈ હતી.

સૌના હૈયા નાચી ઊઠે તેવો મધુરો, મન મોહી લે તેવો રાગ હતો.

શ્રોતાઓ આનંદમાં આવી જઈને હર્ષ વ્યક્ત કરવા લાગ્યા.

અર્ધ ઘટિકા ક્યાં પસાર થઈ ગઈ તેની કલ્પના કોઈને ન રહી. શ્રોતાઓ કંઈ પણ વિચારે તે પહેલાં કલાકારે રાગને વિલંબીત લયમાં પેશ કર્યો. મૃદંગવાદકે મૃદંગ પર તાલ આપવો શરૂ કર્યો.

મૃદંગવાદકને મૃદંગ બજાવવા કરતાં બંસરીના મધુર સ્વરો સાંભળવામાં વધારે રસ હતો.

શ્રોતાઓ ધન્ય ધન્ય પોકારી ઊઠયા.

સંગીત માનવીની ભાવનાઓ, સંવેદનાઓને વ્યકત કરવાનું શ્રેષ્ઠત્તમ માધ્યમ છે. સંગીતકલા શુષ્કતમ જીવનને સુશોભિત બનાવે છે. સંગીતના સૂરોમાં અદ્ભૂત શક્તિ ભરી છે. સંગીત ઈશ્વર પ્રાપ્તિનું શ્રેષ્ઠત્તમ સાધન છે.

રાજભવનના ઉપવનમાં બંગદેશના કલાકારે સંગીતનું માધુર્ય જમાવ્યું હતું. મહારાજા મહાદેવી સુનંદા, રાજપરિવારના સભ્યો સંગીતના માધુર્યમાં તલ્લીન બન્યા હતા.

વાસનાના વંટોળમાં એક પછી એક ભવમાં ચક્કર લગાવતો રૂપસેનના જીવે કાગડાનો અવતાર ધારણ કર્યો હતો. રૂપસેન ચોથો ભવ કાગડાના અવતાર તરીકેનો હતો.

પૃથ્વીભૂષણ નગરના શ્રેષ્ઠી વસુદત્તનો સૌથી નાનો પુત્ર રૂપસેન... આજે કાગડાના અવતારમાં ક્ષિતપ્રતિષ્ઠત નગરીમાં આમતેમ ઊડી રહ્યો હતો.

કાગડાનો અવતાર પામેલો રૂપસેનનો જીવ ઊડતો ઊડતો રાજભવનના ઉપવનમાં આવી પહોંચ્યો અને વૃક્ષની ડાળી પર બેઠો. ત્યાં કાગડાની દૃષ્ટિ મહારાણી સુનંદા પર પડી અને તે અતિ આનંદિત થઈ ગયો. વાસના જાગૃત થઈ...! પોતાનો હર્ષ વ્યકત કરવા માટે તે જોર જોરથી કા...કા...કા... કરવા લાગ્યો.

એક તરફ બંગદેશના કલાકારનું બંસરીવાદન ચાલુ હતું. સ્વરોનું સામ્રાજ્ય સ્થપાયું હતું ત્યાં કાગડાનો કર્કશ સ્વર વાતાવરણને દુષિત કરતો હતો. રૂપસેન રૂપી કાગડો સુનંદાને જોઈને હર્ષ વ્યક્ત કરવા એકધારી રીતે કા...કા...કા...કરતો હતો.

કાગડાના કર્કશ અવાજથી સંગીતના કાર્યક્રમમાં વિક્ષેપ પડતો હતો.

કાગડાને દુઃસ્વર નામ કર્મનો ઉદય થયો.

મહારાજા નરવાહન કાગડાના કર્કશ અવાજથી ક્રોધિત થઈ ગયા અને રાજસેવકો સામે જોઈને કહ્યું : 'અરે...આ કાગડો ક્યારનો કર્કશ અવાજ કરે છે અને સંગીત સભામાં વિક્ષેપ પાડે છે એને અહીંથી ઉડાડી મૂકો...'

અને તરત જ સેવકો કાગડાને ઉડાડવા આમતેમ દોડવા લાગ્યા.

પરંતુ પેલો કાગડો એક ડાળાથી બીજી ડાળી પર બેસી જવા લાગ્યો પણ ખસ્યો નહિ. તે તો સુનંદાની સામે કા...કા...કા...નો નાદ ચાલુ જ રાખ્યો અને પોતાની લાગણી દર્શાવતો રહ્યો.

રાજસેવકોને સફળતા મળી નહિ. કાગડાએ રાજસેવકોને થકાવી દીધા.

મહારાજા નરવાહનના ક્રોધનો પાર ન રહ્યો. ક્રોધના કારણે એમનો ચહેરો લાલઘુમ થઇ ગયો હતો.

રાજા નરવાહન ધાર્યું નિશાન સાધવામાં કાબેલ હતો. રાજાએ બાજુમાં રહેલી ગોફણ ઊઠાવી.

આ તરફ કાગડો સુનંદાની સામે જોઈને કા...કા...કા...કરી જ રહ્યો હતો. એ સુનંદાના દર્શનમાં મગ્ન હતો. આથી તે અસાવધ હતો. એની દૃષ્ટિ સુનંદામાં જ સ્થિર બની હતી. આજુબાજુ શું થાય છે તેની દરકાર પણ તે કરતો નહોતો.

કાગડો જેની ગણતરી ચાલાકમાં થતી હોય છે પણ રૂપસેનના જીવરૂપી કાગડો સુનંદાના દર્શનમાં જ સ્થિર હતો. મહારાજા નરવાહને ગોફણ ઉઠાવી એ બાબત પર પણ કાગડાનું લક્ષ્ય ગયું નહિ.

અને...

ધાર્યું નિશાન લઈને રાજા નરવાહને મારેલી ગોફણ વડે કાગડો ધબ દઈને નીચે પડ્યો.

તરફડિયા ખાતો કાગડો થોડી વારમાં મરણને શરણ થયો અને મૃત્યુ પામીને એ જ નગરમાં હંસ તરીકે ઉત્પન્ન થયો.

વાસના અને કામનાના વર્તુળમાં સપડાયેલા રૂપસેનના જીવે કાગડાના અવતારમાં પણ સુનંદા પ્રત્યેનો અનુરાગ જરા પણ ઓછો ન થયો. જ્યારે રૂપસેનના ભવમાં એને સુનંદાનું દર્શન આનંદદાયક લાગતું હતું અને એના જ દર્શને વારંવાર મોતને આધીન થઈને ભવભ્રમણ શરૂ થયું હતું.

રૂપસેનના જીવે પાંચમો અવતાર હંસનો ધારણ કર્યો હતો.

સંગીતનો કાર્યક્રમ એક ઘટિકા બાદ પૂર્ણ થયો. કાગડો તરફડીને મૃત્યુ પામ્યો તેની કોઈએ પરવા ન કરી. સૌ પોતપોતાના સ્થાને જવા વિદાય થયા.

જ્યારે આ તરફ રૂપસેનનો જીવ હંસના ખોળિયામાં દાખલ થઈને સરોવરમાં ભમી રહ્યો હતો. કોઈ વાર બહાર પણ વિહરતો હતો. ક્યારેક વૃક્ષ પર બેસતો.

સમયની ગતિ અવિરતપણે આગળ વધતી હતી.

ઋતુઓનું ચક્ર બદલાયું.

એક વાર ગ્રીષ્મઋતુમાં મહારાજા નરવાહન, મહાદેવી સુનંદા, દાસ, દાસીઓ વગેરે નગર બહારના ઉદ્યાનમાં આવ્યાં. આ ઉદ્યાનના સરોવરમાં હંસરૂપી રૂપસેનનો જીવ વિહરતો હતો.

મહારાજા નરવાહન, મહાદેવી સુનંદા નગરી બહારના ઉદ્યાનમાં એક વૃક્ષ નીચે પ્રેમગોષ્ઠિ કરવા લાગ્યાં. મંદ મંદ વાયુ વહેતો હતો.

જે વૃક્ષ નીચે મહારાજા નરવાહન અને મહાદેવી સુનંદા બેઠાં હતાં તે જ વૃક્ષ પર હંસ બેઠો હતો.

હંસની દૃષ્ટિ મહાદેવી સુનંદા પર પડતાં જ એ સ્થિર બની ગયો.

હંસને પૂર્વના રાગના સંસ્કારો ઝંકૃત થઈ ગયા. એ મધુર સ્વરે ગાવા લાગ્યો. હંસનો અવાજ સૌને ખૂબ જ પસંદ પડ્યો. જ્યારે હંસની દૃષ્ટિ તો સુનંદા પર જ સ્થિર બની હતી. તે મન ભરીને સુનંદાના દર્શન કરતો હતો. સુનંદા પ્રત્યેનો અનુરાગ હજુ એને અકળાવતો હતો. હંસ દર્શન માત્રથી આનંદની અનુભૂતિ પ્રાપ્ત કરતો હતો.

મહારાજા અને મહારાણી પણ હંસના મધુર અવાજથી પ્રસન્ન બન્યાં હતાં.

પરંતુ વિધિના લેખ કંઇક જુદા જ લખાયા હતા.

હંસની સ્થિર દૃષ્ટિ સુનંદા પર જ હતી. હંસને આજુબાજુ કોણ આવ્યું કે કોણ ગયું તેની ચિંતા નહોતી. હંસ મનભરીને સુનંદાના દર્શન કરવાની અભિલાષા સેવતો વૃક્ષ પર સ્થિર થઇને બેઠો હતો. ત્યાં હંસની બાજુમાં એક કાગડો આવીને બેસી ગયો. અને કાગડાએ મહારાજા નરવાહનના ઉજ્જવલ વસ્ત્રો પર વિષ્ટા કરી.

મહારાજાએ તરત જ વૃક્ષ તરફ જોયું અને એમની નજરમાં દુષ્ટ કાગડો ઝડપાયો. મહારાજા નરવાહન ક્રોધિત બન્યા. મહારાજાએ

તરત જ ધનુષ્ય ઉઠાવીને સન...સન...ન કરતું તીર કાગડાનું નિશાન લઈને છોડ્યું. પરંતુ પેલો ચાલાક કાગડો તરત જ ઊડી ગયો અને રાજાએ છોડેલું તીર સુનંદાના મુખદર્શનમાં મત્ત બનેલા હંસને વાગ્યું અને સોંસરવું પેસી ગયું. હંસ તરફડિયા મારતો નીચે પડ્યો અને થોડી વારમાં હંસે પ્રાણ છોડી દીધા.

મહારાજા નરવાહન અને મહાદેવી સુનંદાની પાસે હંસનું અચેતન શરીર પડ્યું હતું.

સુનંદાએ મહારાજાની સામે જોઈને કહ્યું : 'સ્વામી, કાગડાની ભૂલનો ભોગ હંસ બન્યો. ખરેખર આ દુઃખદ થયું.'

મહારાજા નરવાહને કહ્યું : 'પ્રિયે, આમાં મારો દોષ નથી. મેં કાગડા પર જ તીર ચલાવ્યું હતું. પરંતુ ચાલાક કાગડો ઊડી ગયો અને તીર હંસને વાગ્યું. સુનંદા, મને દુઃખ થાય છે પણ હવે શું થાય...! જે બનવાકાળ હતું તે બની ગયું...'

સુનંદાએ કહ્યું : 'સ્વામી, હંસ મધુર અવાજે ગાઈને આપણને પ્રસન્ન કરી મૂક્યાં હતાં...'

'હા...પ્રિયે, હંસના કર્ણપ્રિય અવાજથી પ્રસન્નતા છવાઈ ગઈ હતી.

રાજા-રાણી બન્ને હંસના મૃત્યુ અંગે શોક પ્રદર્શિત કરતાં હતાં.

હંસ તેની વિવેકદષ્ટિ માટે સુપ્રચલિત ગણાય છે પરંતુ રાગની વિષમ જાળમાં મત્ત બનેલો હંસ વિવેકદષ્ટિ ખોઈ બેઠો અને પ્રાણ ગુમાવી દીધા.

રાગના બંધનો જીવને ક્યાંનો ક્યાં દોરી જાય તેની કલ્પના થઈ શકતી નથી.

એક જ સુનંદા પરના રાગના કારણે વસુદત્ત શ્રેષ્ઠીનો લાડકો પુત્ર રૂપસેન ભવભ્રમણની જાળમાં સપડાયો હતો. રૂપસેને પાંચ ભવના ચક્કર પૂર્ણ કર્યા.

રૂપસેન, ત્યારબાદ સુનંદાના ગર્ભરૂપે, સર્પનો અવતાર, કાગડો અને હંસ રૂપે દેહ ધારણ કરીને પાંચ ભવો પૂરા કરીને છઠ્ઠા ભવમાં વન્યપ્રદેશમાં હરિણીના પેટમાં હરણ તરીકે એનો જીવ ગોઠવાઈ ગયો.

એક જ વસ્તુ પ્રત્યેનો રાગ...! વાસનાથી યુક્ત દૃષ્ટિ, મોહ અને રાગમાં સપડાયેલો રૂપસેનનો જીવ સુનંદા પ્રત્યેનો અનુરાગ જરાપણ ઓછો કરી ન શક્યો. અજ્ઞાનનું આવરણ હજુ દૂર થયું નહોતું.

રૂપસેનને મૃત્યુ સમયે રાજકુમારી સુનંદાને મળવાની ઉત્કંઠા, અભિલાષા જન્મી હતી. અનુરાગનું આવરણ છવાયું હતું. સુનંદાના અનુરાગમાં પીડાતો રૂપસેનનો જીવ પાંચ ભવ પૂરા કરીને હરિણીના પેટમાં હરણ તરીકે ગોઠવાયો છતાંય એના આ જ્ઞાનના ઓછાયા નષ્ટ થયા નહિ.

પ્રતિષ્ઠિત નગરના રાજવી નરવાહન શિકારે જવાનો કાર્યક્રમ અવારનવાર કરતા હતા. નિર્દોષ પ્રાણીઓનો શિકાર કરીને આનંદ અનુભવતા હતા. નરવાહન અને મહાદેવી સુનંદાને ધર્મનું જ્ઞાન લાગ્યું નહોતું. અજ્ઞાન દશામાં મત્ત થયેલો જીવ પોતે શું કરી રહ્યો છે તેની ખબર પડતી નથી. એ તો ક્ષણિક આનંદની તૃપ્તિ માટે ગમે તેવું પાપ આચરવા તૈયાર થઈ જાય છે.

મહારાજા નરવાહન વન્ય પ્રદેશમાં શિકાર ખેલીને આવતા ત્યારે એમના મુખ પર આનંદની રેખા ઊપસી આવતી હતી. જાણે પૂર્ણ સુખ પ્રાપ્ત થયું હોય તેવા ભાવ એમના ચહેરા પર જોવા મળતા હતા.

સુખ...

ભૌતિક સુખ, ક્ષણિક આનંદની પાછળ દોડતો માનવી સારા-નરસાનો વિચાર કરી શકતો નથી. જેને સુખ માનીએ છીએ તે સુખ નથી પણ બંધન છે. આ બંધન માત્ર દુઃખ છે. બંધનો તોડ્યા વગર આત્મસુખની મસ્તી પ્રાપ્ત થતી નથી. બંધનો એટલે કર્મના બંધનો. કર્મના બંધનો ન તૂટે ત્યાં સુધી ભવભ્રમણમાંથી મુક્તિ મળતી નથી. આત્મચેતનાને જાગૃત કરવા માટે બંધનોને નષ્ટ કરવા અત્યંત આવશ્યક છે. તપ, ત્યાગ, જ્ઞાન, દર્શન વગર

બંધનોમાંથી મુક્તિ મળતી નથી.

માનવીને નષ્ટ અને નિર્બળ કરનારા શત્રુઓ બહારના કોઈ નથી પરંતુ માનવીના અંતરમાં જ છૂપાયેલા છે. કામ, ક્રોધ, લોભ અને માન એ અંતરના શત્રુઓ છે. પરંતુ જેની આંખોમાં અજ્ઞાનનું અંજન ભર્યું છે તે પોતાના સાચા શત્રુને જોઈ શકતો નથી.'

મહારાજા નરવાહનની આંખોમાં અજ્ઞાનનું અંજનભર્યું હતું. તે ભૌતિક સુખને પરમ સુખ માનીને પોતાનું જીવન પસાર કરતો હતો. મહારાજા નરવાહન અને મહાદેવી સુનંદા ભૌતિક સુખની માયાજાળમાં લપેટાઈને દિવસો પસાર કરી રહ્યાં હતાં.

એક દિવસ મહારાણી સુનંદાએ મહારાજા નરવાહનને કહ્યું : 'સ્વામી, મને એક વાત સમજાતી નથી...!'

'કઈ વાત પ્રિયે...?'

'સ્વામી, આપ જ્યારે વન્યપ્રદેશમાં શિકાર અર્થે જાઓ છો ત્યારે ચપળ હરણાઓનો શિકાર શી રીતે કરી શકો છો. સામાન્ય રીતે હરણાંનો શિકાર કરવો દુષ્કર મનાય છે ત્યારે આપને સફળતા મળે છે...'

'પ્રિયે, તારી વાત સાચી છે. હરણાઓનો શિકાર કરવો દુષ્કર છે. તે જલ્દી હાથમાં આવતાં નથી તેમજ એની દોડવાની ગતિ પણ તેજીલી હોય છે. પણ એની એક નબળી કડી છે...'

સુનંદાએ આશ્ચર્યભર્યા ચહેરે સ્વામી સામે જોયું.

'પ્રિયે, સંગીતના સુમધુર અને માદક સ્વરો એ હરણાંની નબળાઈ છે.'

'એટલે...?' સુનંદાએ પ્રશ્ન કર્યો.

'પ્રિયે, હરણાને કર્ણપ્રિય સંગીતના સ્વરો સાંભળવા મળે ત્યારે તે સઘળું ભૂલી જઈને સંગીતના સૂરોમાં લીન બની જાય છે. સુમધુર સ્વરોના સગીતમાં હરણાં પોતાનું સાનભાન ગુમાવી દે છે.

ત્યારે શિકારી માટે શિકાર કરવા માટે આનાથી વધારે સુવર્ણ તક કઇ હોઇ શકે ? '

' ઓહ...! હરણાંઓને સંગીતના સૂરોમાં બાંધી રાખીને શિકાર કરવાનો...! વાહ...! આ તો ઘણું સરસ કહેવાય...! '

રાજા નરવાહને જણાવ્યું : ' પ્રિયે, અમે જ્યારે જ્યારે શિકાર કરવા જઈએ ત્યારે રાજ્યની વાદ્યમંડળીને સાથે લઈ જઈ એ. વન્ય-પ્રદેશમાં વડલાની નીચે બેસીને વાદ્યમંડળી સંગીતની સુમધુર સુરાવલીઓ વાતાવરણમાં પ્રયરાવે અને મધુર સુરાવલીથી આકર્ષાઈ ને હરણિયાઓ દોડતાં દોડતાં આવી ચડે અને સૂરની સરિતામાં એવા લીન બની જાય કે આસપાસનું સઘળું વિસ્મરી જાય. હરણિયા આવી પરિસ્થિતિમાં આવે ત્યારે અમે અમારું કાર્ય શરૂ કરીએ...! '

' એટલે શું ? આપ કયું કાર્ય શરૂ કરો ? '

' પ્રિયે, મારી સાથે આવેલા અન્ય માણસો દૂર જઈ ને ચારે તરફના વૃક્ષોને ફરતી જાડી રજ્જુની વાડ બાંધી દે. જેવું વાડ બાંધવાનું કાર્ય પૂર્ણ થાય એટલે તરત જ વાદ્યમંડળીને સંકેત કરવામાં આવે. સંકેત મળતાં જ વાદ્યમંડળી સંગીતના સૂરો રેલાવાનું બંધ કરી દે. વાદ્યો બંધ પડતાં હરણિયા ભયના માર્યા ભાગવા માંડે પણ હરણિયા ભાગીને જાય ક્યાં ? ચારે તરફ જાડી રજ્જૂની વાડ...! ભયથી થરથરતાં હરણિયાઓ કાંપવા લાગે. અમે તીર ચલાવીએ એટલે કાર્ય પૂરું થાય. કેટલાક હરણિયાને જીવતાં પણ પકડી લઈએ.'

મહારાજા નરવાહનના મુખ પર અટ્ટહાસ્ય ફેલાયું જાણે આ કાર્યમાં પોતે ખૂબ બહાદુરી બતાવી ન હોય...! નિર્દોષ પ્રાણીઓની આ પ્રકારે હત્યા કરવાથી મહારાજાને મનમાં કોઈ રંજ વરતાતો નહોતો...'

' સ્વામી, વન્યપ્રદેશમાં વિહરતા નિર્દોષ એવા હરણિયાઓની

આપ આ રીતે હત્યા કરો એથી શું લાભ પ્રાપ્ત થાય છે?

'પ્રિયે, શિકાર ખેલવા જવું એ અમારો પરંપરાગત ધર્મ છે. હરણો આપણા રાજ્યની ભૂમિ પર વિહરે છે અને ખાઈપીએ છે પણ કર આપતા નથી. કર લેવો તે ફરજિયાત છે. અમે કરના બદલામાં તેની હત્યા કરીએ છીએ.' રાજા નરવાહને ગર્વ સાથે કહ્યું.

સત્તાના નશામાં અંધ બની ગયેલો માનવી સારાસારનો વિચાર કરી શકતો નથી.

સુનંદા થોડીવાર માટે વિચારમગ્ન બની પછી કહ્યું: 'સ્વામી, હવે શિકારે જાઓ ત્યારે મને પણ સાથે લેતા જજો. મારે પણ શિકાર કેમ ખેલાય છે તે જોવાની ઇચ્છા છે.'

મહારાજા નરવાહને કહ્યું: 'પ્રિયે, તારી ઇચ્છા જરૂર પૂરી કરીશ...'

અને...

એક દિવસ મહારાજા નરવાહન અને મહારાણી સુનંદા મોટા રસાલા સાથે વન્યપ્રદેશ તરફ જવા માટે ઉપડયા.

વન્ય પ્રદેશના મધ્ય ભાગમાં મહારાજાનો રસાલો આવી પહોંચ્યો. રાવટીઓ તાણવામાં આવી. વનમાં બધા પ્રકારની ગોઠવણ થયા પછી મહારાજાએ વાદ્યમંડળીને સંગીતના સૂરો વહેવડાવવાની આજ્ઞા કરી.

અને વાદ્યમંડળીએ સૌના મન મોહી લે તેવો રાગ વાદ્યોના માધ્યમથી પ્રસારિત કર્યો.

લગભગ અર્ધ ઘટિકામાં તો ચારે તરફથી હરણિયાઓનાં ટોળાં આવવા લાગ્યાં. હરણિયાને જોઈ ને સુનંદા અત્યંત ખુશ થઈ ગઈ. કેટલાક તો બાળહરણો હતા. સંગીતના સુમધુર સૂરો સાંભળીને હરણિયા અતિ આનંદ પામત હતા. હરણિયાઓને કોણ સમજાવે કે આ આનંદ મોતને નોતરનાર બનશે.

આ બધા હરણિયાઓમાં પેલા રૂપસેનનો જીવ કે જે હંસમાંથી

હરણ તરીકે ઉત્પન્ન થયો હતો તે સૌથી આગળ આવીને ઊભો રહ્યો.

રૂપસેનના જીવરૂપી હરણની દૃષ્ટિ એકાએક મહાદેવી સુનંદા ઉપર પડી...! તરત જ હરણને જનમોજનમનો રાગ જાગૃત થયો. મહારાજાના માણસોએ ચારે તરફ રજ્જૂ વડે વાડ બાંધી લીધી હતી અને યોજના મુજબ વાદ્યમંડળીએ સંગીતના સૂરો રેલાવા બંધ કર્યા.

સંગીતના સૂરો એકાએક બંધ થતા હરણિયાઓ જીવ બચાવવા દોડાદોડી કરીને ભાગવા લાગ્યા. પરંતુ પેલું હરણ...! એ તો ત્યાંનું ત્યાં જ ઊભુ રહ્યું.

તે હરણ સુનંદા સામે દૃષ્ટિ કરતું નાચવા લાગ્યું.

મહારાજા નરવાહન અને મહારાણી સુનંદા નૃત્ય કરતું હરણને જોઈને આનંદિત થયાં.

મહારાજા નરવાહને કહ્યું : 'પ્રિયે, નૃત્ય કરતું હરણ હૃષ્ટપુષ્ટ છે આજે એની હત્યા કરીને ઉજાણી કરીએ...'

અને તરત જ રાજાએ રૂપસેનના જીવરૂપી હરણ પર તીર છોડયું.

સુનંદાના રાગમાં તલ્લીન એવું અસાવધ રહેલું હરણ તરત જ મરણને શરણ થયું. તે મૃત્યુ પામીને વિંધ્યાચલ પર્વત પર હાથણીની કુક્ષિમાં પહોંચી ગયું.

આનું નામ સંસાર છે. વિષય પરત્વેની કામાંધતા જીવને ભવભ્રમણની જાળમાં ફસાવે છે. રાગના બંધનમાં સપડાયેલો રૂપસેનનો જીવ કેટલા ભવોમાં ફર્યો, પહેલો ભવ રૂપસેન, બીજો ભવ ગર્ભ ત્રીજો સાપ, ચોથો કાગડો, પાંચમો હંસ, છઠ્ઠો હરણ અને સાતમો ભવ હાથી.

જ્યારે સુનંદાનો એક જ ભવ હતો.

સુનંદાના રૂપદર્શનમાં મોહાંધ બનેલો રૂપસેનનો જીવ ભવભ્રમણ આચરી રહ્યો હતો. માત્ર મનથી જ પાપ આચરનારની આવી

સ્થિતિ થતી હોય તો જે જીવ, મન, વચન અને કાયાથી પાપાચાર કરતો હોય ત્યારે તેની સ્થિતિ કેવી બને?

મહારાજા નરવાહનના પાકશાસ્ત્રીઓ નિશ્ચેતન થયેલા હરણના શરીરને પાકઘરમાં લઈ ગયા. ભોજન અર્થે હરણનો ઉપયોગ કરવા લાગ્યા.

મધ્યાહ્ન પછી મહારાજા અને મહાદેવી સુનંદા ભોજન અર્થે બેઠાં ત્યારે રસપૂર્વક મારેલા હરણના માંસનો રસાસ્વાદ લઈ રહ્યાં હતાં.

ત્યાં જ એ સમયે બે જ્ઞાની મુનિ ભગવંતો એ જ વન્ય-પ્રદેશમાંથી જ્યાં મહારાજા અને સુનંદા મહારાણી ભોજન કરતાં હતાં ત્યાંથી પસાર થયા. બન્ને મુનિવરોની દૃષ્ટિ મહારાજા અને મહાદેવી પર પડી.

રાજા અને રાણી માંસ ભક્ષણ કરી રહ્યાં હતાં અને ભોજનની પ્રશંસા કરી રહ્યાં હતાં.

બે મુનિરાજોમાંથી એક મુનિરાજે જ્ઞાનનો પ્રયોગ કરીને સુનંદાનો ભૂતકાળ અને વર્તમાન જાણ્યો. તે મુનિએ બીજા મુનિવરને કહ્યું. આ રૂપસેનનો જીવ...! માત્ર મનમાં જ કલ્પનાઓ રચીને પાપો બાંધે છે અને તેનું ફળ કેવું ભોગવે છે? માત્ર દર્શન મોહના કારણે અનેક વાર મરણ પામે છે. જેના માટે જે જીવ અકથ્ય વેદના ભોગવે છે.

બન્ને મુનિવરો મહારાજા નરવાહન અને મહાદેવી સુનંદા પાસે આવ્યા.

મહારાજા નરવાહને તરત જ બન્ને મુનિવરોને આસન ગ્રહણ કરવા જણાવ્યું.

મુનિવરો એમને એમ ઊભા રહ્યા.

ત્યારે મહારાજા નરવાહને મુનિ ભગવંતો સામે જોઈને પ્રશ્ન કર્યો: 'ભગવન્, એક પ્રશ્ન કરું...?'

'રાજન, તું શું પૂછવા માગે છે.'

'મુનિ ભગવંત, અમે જ્યારે ભોજન કરી રહ્યાં હતાં ત્યારે માંસ ભક્ષણ કરતાં હતાં ત્યારે આપે મસ્તક ધુણાવ્યું હતું. પરંતુ માંસભક્ષણ તો અમારી કુળપરંપરામાં થતું આવે છે. એ વાતથી આપ અજ્ઞાત ન હો તો પછી આપના મસ્તક ધુણાવ્યા પાછળ કોઈ ગર્ભિત રહસ્ય છુપાયેલું છે. આપ અમને એ રહસ્ય કહેશો...?' મહારાજા નરવાહને પૂછ્યું.

ત્યારે મુનિ ભગવંતે કહ્યું: 'રાજન, તારા કુળમાં માંસભક્ષણ થતું રહ્યું છે એ વાત મારાથી અજાણ નથી. મારા ધ્યાનમાં જ છે. જે જીવો જિનવચનના રહસ્યને જાણી કે પામી શક્યા નથી તે જીવો અજ્ઞાન દશામાં પોતે કેવું આચરણ કરે છે. તેનો ખ્યાલ આવતો નથી.'

મહારાજા નરવાહન તથા મહાદેવી સુનંદા મુનિ ભગવંતની વાણી ધ્યાનથી સાંભળી રહ્યા હતા.

મુનિવરે કહ્યું: 'રાજન, રંગ, રાગ, માયા, મરિચિકામાં જે જીવ સુખની કલ્પના કરતો હોય તે આત્મિક સુખને કઈ રીતે જાણી શકે? કર્મની સત્તા વિશાળ છે. જે જીવ જેવું કરે તેવું તેને ફળ મળે છે માત્રા મનથી પણ પાપ આચરનાર આત્માની કઈ સ્થિતિ થાય છે એ બિચારો જીવ કેટલો પરિતાપ ભોગવે છે એ જાણીને મેં મારું મસ્તક ધુણાવ્યું હતું.

'ભગવંત, આપ અમને વિસ્તારથી એ હકીકત જણાવો. આપ તો જ્ઞાની મુનિવર છો. અમારા પર કૃપા વરસાવીને એ વાત કરો જેથી અમારા જેવા અજ્ઞાનીને કંઈક લાભ થાય...'

મુનિ ભગવંતને થયું કે રાજાને અત્યારે પ્રતિબોધવો જોઈએ. અત્યારે સાનુકુળ સમય છે.

આમ વિચારીને મુનિરાજે કહ્યું: 'ભલે પાપનું આચરણ ન કર્યું હોય પણ એના ચિંતન માત્રથી અનંતકાળ સુધી અનેક દુ:ખોને તે ભોગવે છે.'

આમ કહીને મુનિરાજે કર્મબંધ, અઢાર પાપસ્થાનકોની વિસ્તૃત રીતે છણાવટ કરી.

મુનિ ભગવંતની વાણી સાંભળીને મહારાજા નરવાહન અને મહાદેવી સુનંદાને ભારે પશ્ચાત્તાપ થયો.

મહારાજાએ કહ્યું : ' ભગવંત, મેં મારા જીવનમાં મન, વચન અને કાયાથી અનેક પાપો હર્ષપૂર્વક આચર્યા છે. આપ મારા પર ઉપકાર કરીને મને એમાંથી ઉગરવાનો ઉપાય બતાવો.'

મુનિરાજે કહ્યું : ' રાજન્, આત્મકલ્યાણ માર્ગે પ્રવૃત્ત બનો... એજ સાચો ઉપાય છે.'

રાજાએ કહ્યું : ' મુનિવર, આપે અમારા પર મહાઉપકાર કર્યો છે. પરંતુ આપે જે નિમિત્તને જાણીને ઉપદેશ આપ્યો એ અંગે તો કશું જણાવ્યું નહિ. એ વાત કહો તો અમારો વૈરાગ્ય દૃઢ બને...'

મુનિરાજને થયું કે જો સત્ય હકીકત જણાવીશ તો સુનંદાની સાથે તેનો સ્વામી છે અને કદાચ એના પર દુર્ભાવ થાય, અને પરિણામ વિપરીત આવે આથી મુનિવરે કહ્યું : ' રાજન્, સંસારના કોઈ પણ જીવને કર્મને આધીન જીવવું પડે છે. ચક્રવર્તી હોય કે સમ્રાટ પણ કર્મના ઉદય સામે તેનું કશું ચાલતું નથી...તું એ વાતનો આગ્રહ ન કરીશ. એ વાત ન જણાવવામાં જ સાર છે...'

મહારાજા મુનિવરની વાત સાંભળીને મૌન થઈ ગયો.

સુનંદાએ તરત જ જ્ઞાની મુનિભગવંતની સામે જોઈને કહ્યું : ' ભગવંત, આપની વાણીથી અમારા ચિત્તમાં સ્થિરતા સ્થપાઈ ગઈ છે. કર્મને ભોગવ્યા વિના ચાલશે નહિ એ વાત સમજાઈ ગઈ છે. આપ અપ્રકાશિત વાતને પ્રગટ કરો એમાં અમને લાભ જ થવાનો છે.'

' કદાચ એ રહસ્યભરી વાત તમને અનુલક્ષીને હોય તો સાંભળીને દુ:ખ થશે નહિ ને...! ' મુનિભગવંતે કહ્યું.

'ભગવંત, મારાથી અજ્ઞાનપણામાં જો પાપકર્મ બંધાયાં હશે તો આપની વાણી થકી જ જાણી શકાશે અને દુષ્કર્મના નાશનો ઉપાય પણ આપના તરફથી જાણવા મળશે...આપ નચિંત બનીને કહો...'

મુનિવરે થોડી વાર રહીને કહ્યું : 'સુનંદા, ચિત્તમાં સ્થિરતા ધારણ કરીને સાંભળજે. તું યાદ કર તારી બાલ્યઅવસ્થા... એક વાર કોઈ નિમિત્તના કારણે તને પુરુષ જાતિ પ્રત્યે દ્વેષ જન્મ્યો હતો અને બીજા પ્રસંગ પછી તને વિષયસુખ મેળવવા માટેની જન્મેલી ઝંખના. રૂપસેન સાથેનું દૃષ્ટિમિલન. વસંતોત્સવનો પ્રથમ દિવસ... તમે બન્ને તે દિવસે યોજના પ્રમાણે વસંતોત્સવમાં ગયા નહોતા. રૂપસેન તને મળવા માટે નીકળ્યો. તે માર્ગમાં તારા જ વિચારોમાં ખોવાયેલો હતો. એવામાં માર્ગ પરની દીવાલ તેના પર ધસી પડતાં એનું ત્યાં ને ત્યાં મરણ થયું.'

'ઓહ...! આપ આ શું કહો છો ? મુનિવર...! રૂપસેન મારી પાસે આવ્યો જ નહોતો...ના...ના...ના...તો પછી એ સમયે મારા ખંડમાં કોણ આવ્યું હતું ?'

મુનિવરે કહ્યું : 'સુનંદા, એ સમયે તારે ત્યાં ચોરી કરવા અર્થે નીકળેલો નગરીનો કુખ્યાત જુગારી અને ચોર મહાબલ હતો અને એની સાથે તારી ક્રીડા...અને હવે બરાબર સાંભળજે...એ ક્રીડાનું પરિણામ એ આવ્યું કે તારો પ્રાણપ્રિય રૂપસેન મૃત્યુ પામીને તારા જ પેટમાં ગર્ભ રૂપે આવ્યો પણ તે ગર્ભ પડાવી નાખ્યો. ત્યારબાદ રૂપસેનનો જીવ સર્પ થયો. આ નગરીના ઉદ્યાનમાં તારી સાથે તે જીવનું મિલન થયું પણ તારા કારણે એનો વધ થયો. સાપમાંથી તે કાગડો, હંસ અને હવે એ જ જીવ આ હરણ તરીકે થયેલો. દરેક ભવોમાં એ જીવના મૃત્યુનું કારણ પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે તું જ બની. જે જીવ છ-છ ભવો સુધી રાગના બંધનોમાં

ઝકડાઈને મરણ પામે છે. એના રાગનું કારણ તું છે અને એ જ જીવના માંસનું ભક્ષણ તું આનંદથી કરે, આ જોઈને અમે માથું ધૂણાવ્યું હતું...'

મુનિ ભગવંતની વાણી સાંભળીને સુનંદા સ્તબ્ધ થઈ ગઈ. તેની પાસે કોઈ શબ્દો નહોતા. એની આંખોમાંથી અશ્રુઓની ધારા વહેવા લાગી. સુનંદા પશ્ચાત્તાપ કરવા લાગી.

મહારાજા નરવાહન પણ હતપ્રભ બની ગયો.

મુનિ ભગવંતે મધુર સ્વરે રાજા અને રાણીને સંસારનું સ્વરૂપ સમજાવ્યું અને કહ્યું : ' સંસારના ભૌતિક સુખોમાં મગ્ન બનીને વિચરતાં પ્રાણીઓ સંતોષ પામી શકતા નથી. જે સુખ અને શાંતિ મેળવવા ઇચ્છતાં જીવો સુખના ભાગી બની શકયા છે! જે સુખ નથી માત્ર સુખનો ભ્રમ છે. આત્મસુખની અનુભૂતિ તો સર્વત્યાગ વગર મળવી મુશ્કેલ છે. મોહ, માયા, મમતાના બંધનો, સ્નેહની ગાંઠો, રાગના બંધનોને તોડીને જે જીવ કલ્યાણ માર્ગે પગ ઉપાડે છે તે અનંત સુખનો સ્વામી થવાની ક્ષમતા ધરાવે છે.'

રાજા અને રાણીને પશ્ચાત્તાપનો પાર નથી. બન્ને મુનિ ભગવંતને વંદન કરીને પાપોની આલોચના કરી રહ્યાં હતાં. બન્નેની આંખોમાં આંસુ હતાં.

મુનિરાજે બન્નેને સર્વત્યાગનો પંથ ગ્રહણ કરવા જણાવ્યું.

ત્યાં સુનંદાએ મુનિવરને પૂછ્યું : ' મુનિશ્રેષ્ઠ, મારા કારણે જે જીવ સાત સાત ભવો સુધી અકથ્ય વેદના, પરિતાપ ભોગવી રહ્યો છે. એ રૂપસેનનો જીવ અત્યારે કયાં છે?'

' સુનંદા, રૂપસેનનો જીવ વિંધ્યાચલ પર્વતની નજીકમાં સુગ્રામ નામનું ગામ આવેલું છે તે ગામના પાદરમાં તે હાથી તરીકે ઉત્પન્ન થયો છે.'

સુનંદા બોલી : ' મુનિવર, મારાથી અનેક પાપકૃત્યો થયા છે. મારા કોઈ પુણ્યો જાગૃત થયા હશે કે આપ મને મળી ગયા. ભવસાગર

પાર કરવાનું વહાણુ મળી ગયું. મુનિવર, એ જીવનો ઉદ્ધાર ક્યારે થશે? રૂપસેનનો જીવ ધર્મને પામશે?'

'ભદ્રે, એ કાર્ય તારા હસ્તે જ થવાનું છે. એ જીવનો ઉદ્ધાર આ જ ભવમાં તારા થકી થશે...'

'મારાથી...? ભગવંત...?' સુનંદા આશ્ચર્ય પામી.

'હા...તને પોતાને એમ લાગી રહ્યું છે કે એ જીવ મારા કારણે વધારે ડૂબે છે. પરંતુ એ હાથી આજ ભવમાં તારા મુખેથી પોતાના સાત ભવની કથની સાંભળશે ત્યારે એને જાતિસ્મરણ જ્ઞાન થશે. ત્યાર પછી રૂપસેનનો જીવ મહાકષ્ટદાયક તપ, આરાધના કરીને આઠમા દેવલોકમાં જશે અને ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈને મુક્તિ પામશે.

મુનિરાજના મુખે આ વાત સાંભળીને અત્યંત આનંદ પામી અને એણે પોતાના સ્વામીને કહ્યું: 'સ્વામી, આપ મને આજ્ઞા આપો. આત્મકલ્યાણના પંથે જવાની અનુમતિ આપો...'

મહારાજા નરવાહનના અંતરમાં પશ્ચાત્તાપ થતો હતો. એનું મન સંસારના રાગ પરત્વે ઉદ્વેગ પામ્યું હતું. રાજાના અંતરમાં પણ સર્વત્યાગ ધારણ કરવાની ભાવના જાગૃત બની હતી.

મહારાજાએ કહ્યું: 'પ્રિયે, તારા અંતરમાં આત્મકલ્યાણની જે ભાવના જાગૃત થઈ છે તે સાર્થક કર...તું અપરાધી છો તે રીતે હું પણ નિર્દોષ નથી. રૂપસેનનો જીવ ભલે તારા રાગના કારણે વારંવાર મૃત્યુને આધીન થાય છે. એમાં તો તું માત્ર નિમિત્ત બની છે પણ એના કાગડો, હંસ અને હરણના ભવમાં એ જીવની હત્યા તો મારા હાથે જ થઈ હતી. મારે પણ એ પાપના બોજમાંથી મુક્તિ મેળવવી પડશે, તું સર્વત્યાગનો પંથ સ્વીકારી લે...હું પણ પ્રવજ્યા અંગીકાર કરું છું.

અને મહારાજા તથા મહાદેવીની સાથે આવેલા માણસોના મન

પણ સંસારનું સ્વરૂપ જાણ્યા પછી વિરક્ત બનાં ગયા હતા. તેઓ પણ મહારાજા તથા મહાદેવી સાથે પ્રવ્રજ્યા અંગીકાર કરવા તૈયાર થઈ ગયા હતા.

મુનિવરોએ મહારાજાને કહ્યું : 'રાજન, અમારા ગુરૂદેવ બાજુની પલ્લીમાં બિરાજમાન છે. આપ ત્યાં આવીને પ્રવ્રજ્યા અંગીકાર કરજો.'

એમ જ થયું.

મહારાજા નરવાહને પોતાના પુત્રને રાજગાદી પર સ્થાપિત કરીને મહાદેવી સુનંદાને સાથે લઈને સંયમ ગ્રહણ કરવા મુનિવરો પાસે જવા વિદાય થયા. મહારાજા તથા મહાદેવી સાથે પ્રવ્રજ્યા અંગીકાર કરવા અનેક માણસો તૈયાર થઈ ગયા હતા. સૌ મુનિવરોએ જણાવેલા સ્થળ પર ગયા.

ગુરૂદેવ બંને મુનિવરો પાસેથી મહારાજા તથા મહારાણીની હકીકત જાણી લીધી હતી.

ગુરૂદેવે મહારાજા નરવાહન તથા મહાદેવી સુનંદાને પ્રવ્રજ્યા આપી. તેમજ અન્ય અનેક લોકોએ સંયમ ધારણ કર્યો.

મહારાજા નરવાહને કેવળ બાર વર્ષના સંયમ પર્યાયમાં કઠોર તપશ્ચર્યા અને કઠિન સાધના કરીને પોતાનું લક્ષ્ય સાધી લીધું. સઘળાયે કર્મોનો ક્ષય કરીને કેવળ જ્ઞાન પામ્યા અને પરમપદની પ્રાપ્તિ કરી.

આ સંસાર અસાર છે. જે સુખ નથી તેને સુખ માનીને સંસારના બંધનોમાં ઝકડાઈ જવું તેમાં આત્માની ઉન્નતિ થતી નથી. અનંત સુખ પ્રાપ્ત કરવા માટે સર્વત્યાગનો માર્ગ જ સર્વશ્રેષ્ઠ અને આત્મા માટે શ્રેયકર છે એ વાતની પ્રતીતિ મહારાજા નરવાહને કરાવી.

# ૯ : : પાગલ હાથી

પ્રવજ્યા ગ્રહણ કર્યા પછી સાધ્વી સુનંદા મહત્તરા પ્રવર્તિની સાધ્વીજીના સાંનિધ્યમાં રહીને ઉગ્ર તપશ્ચર્યા આરંભી. સાધ્વી સુનંદાએ જૈનદર્શનનું ઊંડું જ્ઞાન મેળવ્યું. સાધ્વી સુનંદાને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું.

ગુરૂણીની નિશ્રામાં રહીને અવધિજ્ઞાની સાધ્વી સુનંદા વિવિધ સ્થળોએ વિચરીને અનેક આત્માઓને ધર્મનો બોધ આપી રહ્યાં હતાં.

એક દિવસ વિહાર કરતાં કરતાં ગુરૂણીજી સાથે પૃથ્વીભૂષણ નગરના પાદરે આવ્યા.

મહારાજા કનકધ્વજ અને મહાદેવી યશોમતીને સમાચાર મળ્યા કે તરત જ રાજપરિવાર ગુરૂણી તથા સાધ્વી સુનંદાને વંદન કરવા આવી ચડયો. નગરજનો પણ સાધ્વી સુનંદાના દર્શનાર્થે ઉમટી પડયા.

ગુરૂણીજીની આજ્ઞાથી સાધ્વી સુનંદાએ પૃથ્વીભૂષણ નગરના લોકો તથા રાજપરિવારના સભ્યોને સરળ ભાષામાં ધર્મ વિષે સમજાવતાં કહ્યું : 'ધર્મ એક નિર્મળ અને આનંદપ્રદ અમૃત છે. ધર્મને શરણે જનારાઓ કર્માનુસાર પડતી વિપત્તિઓને પણ પચાવી જાય છે. કારણ કે ધર્મ પોતે જ તેનું રક્ષણ કરે છે. ધર્મની તાકાત

સંસારના કોઈ પણ તત્ત્વ કરતાં અપરિમિત છે, અનંત છે, અચિંત્ય છે. ધર્મના શરણથી સંસારના ભવભ્રમણની જાળ તોડી મુક્તાત્મા બની શકાય છે.'

'જેમ જન્મ પાછળ શુભાશુભ કર્મના ફળ પડ્યા છે તેમ મૃત્યુ પાછળ પોતાના આત્માનો પુરુષાર્થ પડ્યો છે. મૃત્યુને સ્વચ્છ રાખવું, શુભગામી રાખવું કે અજન્મા બનાવવું તે અન્ય કોઈના હાથની વાત નથી. પરંતુ મરનારની પોતાની જ ભાવધારા પર એનો સંપૂર્ણ આધાર છે. જન્મનો અને ગર્ભાવાસનો પીડાકારક કાળ માનવી વિસરી જતો હોય છે. કારણ કે આત્માની પોતાની સ્મૃતિ વિપાકના વાદળ દળ વચ્ચે અટવાઈ જતી હોય છે. ચાર ગતિમાં સર્વશ્રેષ્ઠ ગતિ માનવની ગણાય છે. દેવગતિને પણ શ્રેષ્ઠ કહેવામાં આવી નથી. કારણ કે ત્યાં એટલાબધા સુખો વચ્ચે આત્માને રહેવાનું હોય છે કે તે જન્મ, જરા અને મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ આચારવા તૈયાર થતો નથી. જો ભાવના શુભ હોય તો તે માનવભવ અવશ્ય પ્રાપ્ત કરે છે અને માનવભવમાં જ કર્મનિર્જરાના પંથે પુરુષાર્થ ખેડતો ખેડતો અજન્મા બની શકે છે.

પરંતુ આ પુરુષાર્થ જરાય સહેલો નથી. અષ્ટકર્મની નિર્જરા કરવાની હોય છે અને શુભાશુભ સર્વકર્મથી નિવૃત્ત થઈને ઈષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરવાની છે. આ સરળ નથી. વૃતિઓ સામે, મનના તરંગો સામે સતત માનસિક સંગ્રામ ખેલીને આત્માએ પોતાનું જ્ઞાનસ્વરૂપ નિહાળવાનું છે. તત્ત્વચિંતન વગર અને રત્નત્રયીની આરાધના વગર જ્ઞાનસ્વરૂપની અનુભૂતિ પ્રાપ્ત કરવી તે લગભગ અશક્ય છે.

મોહનીય કર્મના આક્રમણથી બચવા માટે જેમ ચારિત્ર્યની જરૂર છે. તેમ અન્ય કર્મોના ઉત્તાપથી ઉગરવા માટે તપરૂપી અગ્નિ વડે વિશુદ્ધ બનવાનું રહે છે. વિશુદ્ધિ વગર સ્વની પરખ થવી સહજ નથી.

મૃત્યુને સ્વચ્છ, નિર્મળ અને સમાધિયુક્ત રાખવા ખાતર ધર્મશ્રદ્ધાના તેજ સાથે ભાવધારાને ઉત્તરોત્તર વિશુદ્ધ બનાવવી જોઈએ. જો એમ ન કરવામાં આવે તો માત્ર મૃત્યુ બગડતું નથી પણ ભવભ્રમણ પણ બગડતું રહે છે. છૂટકારો મેળવીને મુક્તિનો સાચો આનંદ પ્રાપ્ત કરી શકાતો નથી...'

સાધ્વી સુનંદાના પ્રેરક ધર્મબોધથી અનેક નગરજનોના અંતરમાં ધર્મ પ્રત્યેની શ્રદ્ધા વધી. રાજપરિવારના સભ્યોમાં પણ ધર્મ પ્રત્યે અનુરાગ પ્રગટ્યો. સૌએ ગુરૂણીજી તથા સાધ્વી સુનંદાને વંદન કરીને વિદાય લીધી.

સાધ્વી સુનંદાએ ગુરૂણીને પૂછ્યું : 'ગુરૂણી મહારાજ, આપને એક વિનંતી કરવી છે...'

ગુરૂણીએ પ્રશ્નભરી નજરે સાધ્વી સુનંદા સામે જોયું.

'આપ તો મારા ભૂતકાળથી પરિચિત છો. મારા કારણે સાત-સાત ભવો સુધી રખડી રહેલ રૂપસેનનો જીવ અત્યારે વિંધ્યાચલના વન્યપ્રદેશમાં હાથી બનીને ભમી રહ્યો છે. તે અનેક દુઃખોનો પરિતાપ સહન કરી રહ્યો છે. જો આપની અનુજ્ઞા હોય તો એ જીવને બોધ પમાડવાની ઇચ્છા છે...'

ત્યારે ગુરુણીએ પ્રસન્ન સ્વરે કહ્યુ : 'વત્સે, તું જ્ઞાની છે. જ્ઞાનના માધ્યમથી બધું જાણી શકે છે. જો તને લાભ દેખાતો હોય તો તું ત્યાં સુખેથી જા...અને સાત-સાત ભવોથી રખડતા રૂપસેનના જીવને પ્રતિબોધ પમાડ. એ જીવનો ઉદ્ધાર કર...તું નચિંત બનીને ત્યાં જા. મારા આશીર્વાદ તારી સાથે જ રહેશે.'

ગુરૂમાતાની અનુજ્ઞા પામીને ચાર સાધ્વીજીઓ સાથે સુનંદા સાધ્વીજીએ ત્યાંથી વિહાર કર્યો. ગુરૂમાતા તથા અન્ય સાધ્વીજીઓ અન્યત્ર વિહાર કરી ગયા.

સાધ્વી સુનંદા વિહાર કરતાં કરતાં વિંધ્યાચલ પર્વતની નજીક આવેલા

સુગ્રામ નામના ગામમાં પધાર્યાં અને ત્યાં જ ચાતુર્માસ અર્થે રહ્યાં.

સુગ્રામ ગામના લોકો સાધ્વી સુનંદા તથા અન્ય ચાર સાધ્વીઓ ચાતુર્માસ અર્થે પધારેલા હોવાથી અત્યંત હર્ષ પામ્યા.

સાધ્વી સુનંદા સુગ્રામના લોકોને ધર્મ તરફ વાળ્યા. લોકોમાં ધર્મ પ્રત્યે અનુરાગ જન્મ્યો. સુગ્રામના લોકોએ ધર્મ આરાધનામાં ચિત્તને સ્થિર કર્યું.

ચાતુર્માસના દિવસો ધીરે ધીરે પસાર થઈ રહ્યા હતા.

સાધ્વી સુનંદા સાત સાત ભવથી રઝળતા રૂપસેનના જીવરૂપી હાથીને પ્રતિબોધવા અર્થે સુગ્રામ નામના ગામમાં આવી હતી.

રાગના વર્તુળમાં ભ્રમણ કરતો રૂપસેનનો જીવ રૂપી હાથી વિંધ્યાચળ પર્વતમાં આમથી તેમ રઝળતો હતો. રૂપસેનના જીવે સાત સાત ભવ કર્યા છતાં એનામાં સુનંદા પ્રતિનો અનુરાગ લેશમાત્ર ઓછો થયો નહોતો.

છેલ્લા કેટલાક દિવસોથી રૂપસેનના જીવરૂપી હાથીએ ગ્રામ્યજનો પર ત્રાસ વરતાવો શરૂ કર્યો હતો. હાથી પાગલ બની ગયો હતો. પાગલપણામાં તે હાથી ગામના સીમાડા સુધી ધસી આવતો અને લોકોને ભારે પરેશાન કરી મૂકતો. ઘણીવાર તો હાથીને એવું ઝનૂન ચડતું કે જો કોઈ સામે આવે તો પોતાની સુંઢ વડે પકડીને તેને ધરતી પર પછાડતો અને યમસદનનો માર્ગ બતાવી દેતો.

દિવસે દિવસે હાથીનો ત્રાસ વધવા લાગ્યો હતો. લોકો હાથીના કૃત્યથી પરેશાની ભોગવી રહ્યા હતા. હાથીએ ગામના અનેક લોકોને યમસદને પહોંચાડી દીધા હતા. ગણ્યાંગાંઠ્યા ગામલોકોએ બહાર નીકળવાનું જ બંધ કરી દીધું. ગામલોકોમાં હાથીના પાગલપણાના કારણે ભય વ્યાપી ગયો હતો. હાથી જે દિશામાં ઘૂમતો હતો તે દિશામાં લોકોએ જવાનું જ માંડી વાળ્યું. કદાચ કોઈ એ દિશામાં જઈ ચડે તો હાથી એને અવશ્ય યમસદનના દ્વારે પહોંચાડી દેતો.

સુગ્રામ ગામમાં ચાતુર્માસ ગાળવા આવેલા સાધ્વી સુનંદા તથા અન્ય સાધ્વીજીઓએ હાથીના પાગલપણાની વાત સાંભળી હતી. સાધ્વી સુનંદા તો હાથીના બારામાં બધું જાણતા હતા.

એક દિવસ સાધ્વી સુનંદા અન્ય બે સાધ્વીજીઓને લઈને જે દિશામાં હાથી વિચરતો હતો તે દિશા તરફ ગયા.

ગામના લોકોએ જોયું કે સાધ્વીજી સુનંદા જયાં હાથી ઉત્પાત મચાવે છે એ દિશા તરફ ગયા છે ત્યારે ગામલોકો સાધ્વીજીને ન જવાનું કહેવા માટે દોડતા પાછળ આવ્યા.

ગામલોકોએ સુનંદા સાધ્વીજીને કહ્યું : 'આપ એ દિશા તરફ ભૂલેચૂકે પણ જવાનો યત્ન કરતા નહિ. ત્યાં તો સાક્ષાત યમરાજ બિરાજે છે. યમરાજ સમાન હાથી એ વિસ્તારમાં આમથી તેમ ભટકે છે તે માણસને જોઈને વિફરે છે. તેના માર્ગમાં જે કોઈ માણસ આવે તેને યમસદનના દ્વાર દેખાડી દે છે માટે આપ કૃપા કરીને એ દિશા તરફ જવાનું મુલત્વી રાખો...'

લોકોની આ વાત સાંભળીને સુનંદા સાધ્વીએ પોતાની સાથે આવેલ બન્ને સાધ્વીજીઓને ઉદ્દેશીને કહ્યું : 'તમે બન્ને અહીં જ રહેજો.'

'જેવી આપની આજ્ઞા પણ ..! ગામલોકો તે તરફ જવાની ના પાડે છે. આપ ત્યાં શામાટે જાઓ છો ?'

'હું એ હાથીને પ્રતિબોધ પમાડવા માટે જઈ રહી છું. ચિંતાની કોઈ વાત નથી. હાથી બોધ પામશે તો એક જીવનો ઉદ્ધાર થશે. અને ગ્રામજનોના અંતરમાં વ્યાપેલો ભય નષ્ટ થશે. માટે ભય સેવશો નહિ. જે કંઈ થાય છે તે સારા માટે જ થાય છે.' આટલુ કહીને સુનંદા સાધ્વીએ પોતાના પગ ઉપાડયા.

ગામલોકો અને બન્ને સાધ્વીજીઓ સુનંદા સાધ્વીને જતા જોઈ રહ્યાં.

ગામના લોકો અંદરોઅંદર વાતો કરતાં હતાં.

કોઈ કહે : 'સુનંદા સાધ્વીજી ખોટું સાહસ કરી રહ્યાં છે. એ પાગલ હાથી જરૂર સાધ્વીજી ઉપર હુમલો કરતાં ખચકાશે નહિ..'

બીજો કહે : 'સાધ્વી સુનંદાજીને ખબર છે કે હાથી પાગલ થયો છે તો પછી ત્યાં શા માટે જવું જોઈએ ?'

ત્રીજો કહે : 'સુનંદા સાધ્વીજીએ જણાવ્યું કે હાથીને પ્રતિબોધ પમાડવા જઈ રહી છું. પણ પાગલ હાથી કોઈની વાત ગણકારે તેવો નથી...'

ત્યાં એક સજ્જને કહ્યું : 'તમે સૌ વ્યર્થ ચર્ચા કરીને પાપ-કર્મ બાંધી રહ્યાં છો. સુનંદા સાધ્વીજી તો જ્ઞાની અને ધ્યાની છે. એમણે અનેક જીવોને તાર્યા છે. એ જે કંઈ કરી રહ્યાં છે તે શુભ જ હોય. અમંગલ તો હોઈ શકે જ નહિ. આપણે સૌ શાંતિ જાળવીને શું થાય છે તે જોયા કરીએ...'

સજ્જન માણસની વાતા સાંભળીને બધા શાંત થઈ ગયા.

ત્યાં તો થોડીવારમાં પાગલ હાથી દેખાયો. સાધ્વી સુનંદા સ્વસ્થ ચિત્તે આગળ વધતા હતા. ગામલોકોમાં ભય વ્યાપી ગયો હતો કે હમણાં જ સાધ્વીજીને ઉપાડીને ધરતી પર ફંગોળશે...! સૌના જીવ ઉચક થઈ ગયા હતા.

ગામલોકો મનમાં વિચારતા હતા કે હાથીને સદ્બુદ્ધિ પ્રાપ્ત થાય તો સારું...સાધ્વીજીની રક્ષા થાય તો ઉત્તમ...ઈષ્ટદેવ, હાથીને સદ્બુદ્ધિ આપ જેથી સાધ્વીજી બચી જવા પામે...'

ઘણા દિવસોથી હાથીને માનવીના દર્શન થયા નહોતા આથી તે રઘવાયો થયો હતો. દરેક માણસને પોતાનો જીવ વહાલો લાગતો હતો. આથી કોણ હાથીની દિશામાં જવાનો વિચાર કરે ? સામે ચડીને કોઈ પોતાનું મોત તો ન માંગી લે..!

સુનંદા સાધ્વીજી...!

સ્વસ્થ ચિત્ત ધારણ કરીને હાથી જે તરફથી આવી રહ્યો હતો તે દિશા તરફ આગળ વધતા હતા. ત્યારે હાથીને થયું કે આજે મારી સામે આવવાની હિંમત કોણે કરી? હું હમણાં જ સુંઢમાં લઈને ઉપાડું અને ધરતી પર પછાડું.

હાથીના રોમેરોમમાં ક્રોધનો દાવાનળ ચગ્યો હતો.

હાથી બમણા વેગથી ધસી આવ્યો. ગામલોકોના શ્વાસ અદ્ધર થઈ ગયા.

ગામલોકોમાંથી કેટલાક અદ્ધર શ્વાસે બોલતા હતા, 'એ હમણાં સાધ્વીજીને પાગલ હાથી પોતાની સુંઢમાં ઊપાડશે અને ધરતી પર પટકાવશે...'

ગામલોકો શું થશે એ જોવા ભારે ઉત્કંઠા સેવતા હતા.

પણ આ શું?

આશ્ચર્ય કે ચમત્કાર...!

ન માની શકાય એવી ઘટના બનવા પામી.

હાથી જ્યારે એકદમ સુનંદા સાધ્વીજીની નજદીક આવ્યો ત્યારે એની દૃષ્ટિ સાધ્વીજીના મુખ પર પડી.

અને...હાથી બધું ભૂલી ગયો...

હાથીના રોમેરોમમાં વ્યાપેલો ક્રોધ આપોઆપ શાંત થઈ ગયો. સાત–સાત ભવોનો ચકરાવો લેતો મોહ ફરીને જાગૃત થઈ ગયો.

પાગલ હાથી સુનંદાને જોતાં જ હર્ષ અનુભવવા લાગ્યો અને અંતરમાં ઉદ્‌ભવેલો હર્ષ ચેષ્ટાઓ દ્વારા વ્યક્ત કરવા લાગ્યો.

દૂરથી આ દૃશ્ય નિહાળતાં ગામલોકોને ભારે આશ્ચર્ય થયું.

સૌને થયું કે સુનંદા સાધ્વીજીએ કોઈ ચમત્કાર કર્યો .જણાય છે. પાગલ હાથી સાધ્વીજી સામે પાળેલા શ્વાનની જેમ ઊભો છે. ચાલો...ત્યાં જઈને જોઈએ...

જ્યાં સાધ્વી સુનંદા અને હાથી ઊભા હતા ત્યાં ગામના લોકો

તથા એ સાધ્વીજીઓ આવી પહોંચ્યાં.

એ સમયે સાધ્વી સુનંદા હાથીને કહી રહ્યાં હતાં : ' રૂપસેન, તું તારા આત્માને જાગૃત કર...તું બોધ પામ...રૂપસેન...! '

સુનંદા સાધ્વીજીના મુખેથી આવાં વચનો સાંભળીને હાથીને ભારે આશ્ચર્ય થયું તે શાંત બનીને ઊભો રહ્યો.

સુનંદા સાધ્વીએ આગળ કહ્યું : ' રૂપસેન, તું વિચાર તો કર...મારા પ્રત્યેના મોહમાં તું કેટલો દુ:ખી થયો ! તારે કેટલો પરિતાપ સેવવો પડ્યો ! રાગના બંધનમાં ઝકડાઈને તારે છ–છ ભવ કરવા પડ્યા અને બધા ભવોમાં મારા નિમિત્તે જ તું મોતને વર્યો છે. તારા આત્માને ઢંઢોળ...! તારા આત્માને જાગૃત કર...! રૂપસેન, તું તારા ભૂતકાળને યાદ કર...! રૂપસેનનો ભવ...! વસંતોત્સવ રાત્રીના સમયે મારી પાસે આવતાં માર્ગમાં જ તારું મૃત્યુ...! ત્યાંથી મારા ઉદરમાં, પછી સર્પ, કાગડો, હંસ, હરણ વગેરે ભવોને યાદ કર...રૂપસેન...! વૈરાગ્યને ધારણ કર, રાગમાથી મુક્તિ મેળવ...'

હાથીનું ચિત્ત તંત્ર ખળભળી ઊઠ્યું. થોડી વારમાં હાથીને જાતિસ્મરણ જ્ઞાન થયું. રૂપસેનથી માંડીને હાથી સુધીના દરેક ભવો એની આંખ સામે તરવરવા લાગ્યા. દરેક ભવોમાં અનુભવેલા પરિતાપો નજર સામે આવી ચડ્યા.

દરેક ભવોમાં અનુભવેલી વેદના અને પરિતાપથી યુક્ત દશ્યો નિહાળીને હાથીનું ચિત્તતંત્ર ખળભળી ઊઠ્યું...

થોડી વારમાં હાથી મૂર્ચ્છા ખાઈને ધરતી પર પટકાયો. ગામ-લોકોએ તરત જ જળના પાત્રો મંગાવીને હાથી પર જળછંટકાવ કર્યો.

હાથીની મૂર્ચ્છા વળી. એનું ચિત્ત વિચારોના વૃંદાવનમાં ઘૂમવા લાગ્યું.

ઓહ...! હું ક્યાં હતો...! અને ક્યાં પહોંચી ગયો...! રાગમાં અંધ બનીને મેં મારી કેવી અવદશા કરી? મહામૂલ્યવાન

માનવભવ માત્ર દષ્ટિરાગ કેળવીને કેવી અધોગતિ નોતરી છે! મેં અનેક પાપો કર્યાં છે. ચિત્તમાં સ્થિરતા શી રીતે પ્રાપ્ત થશે? હું શું કરું? આ કારાગારમાંથી મુક્ત કોણ કરાવશે? મારી ગતિ શી થશે? અનેક નિર્દોષોને મેં આ ભવમાં વિનાકારણે રહેંસી નાખ્યા છે. આ ભવમાં પાપ આચરવામાં જરા પણ બાકી રાખ્યું નથી... ઓહ...! હું ક્યારે છૂટીશ? સાધ્વીજી ભગવંતને ધન્ય છે. એમણે અજ્ઞાનદશામાં કર્મનો બંધ કર્યો પણ જ્ઞાનદશામાં આવીને કર્મોને નષ્ટ કરવા શક્તિમાન બન્યા છે.

હાથી પારાવાર દુઃખ અનુભવી રહ્યો હતો.

અવધિજ્ઞાની સાધ્વીજી સુનંદા હાથીની મનોવેદનાને સમજી ગયાં હતાં.

હાથી જાણે સુનંદા સાધ્વીજી પાસે શરણું માગી રહ્યો હોય તેવું લાગતું હતું.

સાધ્વી સુનંદાએ હાથીના અંતરની વાત જાણીને મધુર સ્વરે કહ્યું : 'હસ્તિરાજ તું ચિંતા કરીશ નહિ. ભલે તું તિર્યંચગતિમાં વિચરે છે પણ પર્યાપ્ત અવસ્થામાં છે. પંચેદ્રિયપણાને પામેલો છે. તું દેવતાઓને દુષ્કર એવા પાંચમા ગુણસ્થાનકને પામવા યોગ્યતા ધરાવે છે. તું જિનાજ્ઞામાં દઢ બનીને તપધર્મની આરાધનામાં મગ્ન બની જા...તપ વગર વિકારો પર કાબૂ મેળવી શકાતો નથી. મનને મારવામાં તપ મહત્ત્વનો ભાગ ભજવે છે. તપના પ્રભાવથી તિર્યંચ-ગતિમાં ગયેલા અનેક જીવો તરી ગયા છે માટે આરાધનામાં તારા ચિત્તને જોડી દે...'

સાધ્વી સુનંદાની વાણી સાંભળીને હાથીએ હર્ષ વ્યક્ત કર્યો. વારંવાર સૂંઢ નમાવીને વંદના કરવા લાગ્યો.

ગામના લોકોને કુતૂહલ થતું હતું. સૌના મુખ પર આશ્ચર્ય ફેલાયું હતું.

ત્યાં તો કોઈ મહારાજાને આ અંગેના સમાચાર પહોંચાડી આવ્યું.

મહારાજા પણ રાજપરિવાર સાથે આવ્યો.

મહારાજાને પોતાના ગામ ઉપરનો ભય સદાને માટે નષ્ટ થયેલો હોવાથી અત્યંત આનંદિત દેખાતો હતો.

મહારાજાએ સાધ્વી સુનંદા સામે આશ્ચર્ય વ્યક્ત કરતાં આમ કેમ બનવા પામ્યું તે જાણવા ઇચ્છયું.

ત્યારે સાધ્વી સુનંદાએ મધુર સ્વરે કહ્યું : 'રાજન્, આ કોઈ ચમત્કાર નથી કે નથી કોઈ વશીકરણ...આ તો જન્મ-જન્માંતરના સંસ્કાર જાગૃત થયા તેનું ફળ છે.'

આમ કહીને સાધ્વી સુનંદાએ હજારો ગામલોકોની સમક્ષ, મહારાજાની સન્મુખ રૂપસેનના સાત ભવની વાત અને પોતાની વાત કહી સંભળાવી.

સાધ્વી સુનંદાજી પાસેથી હૃદયદ્રાવક વર્ણન સાંભળીને સૌની આંખોમાં અશ્રુઓ છલકાયાં. સંસારના સાચા સ્વરૂપનો પરિચય થયો. અનેક આત્માઓના અંતરમાં ધર્મ પ્રત્યેની શ્રદ્ધા બળવત્તર થઈ.

સાધ્વી સુનંદાએ મહારાજાની સામે જોઈને કહ્યું : 'રાજન્, આપને એક જવાબદારી સોંપવી છે...!'

'સાધ્વીજી ભગવંત, આપ સહર્ષ જણાવો...'

'આ હસ્તિરાજ અલ્પ ભવમાં જ મુક્તિના માર્ગે જશે. આ હાથી જેને ત્યાં રહેશે અને ત્યાં સુખસમૃદ્ધિ એના ચરણોમાં આળોટશે. આ હસ્તિને આપની હસ્તિશાળામાં લઈ જાઓ. એનું બરાબર ધ્યાન રાખજો. એ તપશ્ચર્યા દ્વારા પોતાનું આત્મકલ્યાણ સાધવાનો છે.'

'સાધ્વીજી ભગવંત, આપે મારા પર અસીમ કૃપા વરસાવી. આજે મારું જીવન ધન્ય બની ગયું. હસ્તિરાજને હું મારી હસ્તિ-

શાળામાં લઈ જઈશ અને એને જીવનપર્યંત સાચવવાની જવાબદારી લઉં છું. આપે જે પ્રમાણે કહ્યું એ રીતે હું એની દેખભાળ કરીશ...'

એમ જ થયું.

મહારાજા હાથીને પોતાની હસ્તિશાળામાં લઈ ગયો.

બીજા જ દિવસથી હાથીએ છઠ્ઠના પારણે છઠ્ઠના ઉત્કૃષ્ટ તપની આરાધના આરંભી દીધી.

મહારાજા દર ત્રીજા દિવસે હાથીને પારણું કરાવતાં રહ્યાં.

હાથી દરરોજ નવકાર મંત્રનું સ્મરણ, સાધ્વીજી ભગવંતને વંદન મનોમન કરતો રહ્યો.

અને અંતે હાથીને સમાધિ મૃત્યુ લાધ્યું.

રૂપસેનનો જીવ આઠમા સહસ્રાર દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવન પામીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ પામી ધર્મનું આરાધન કરીને અંતે જન્મમરણની ઘટમાળમાંથી છૂટકારો મેળવીને સિદ્ધિપદને પામશે.

જ્યારે સાધ્વી સુનંદાએ અનેક જીવોને પ્રતિબોધ પમાડતાં પમાડતાં, સંયમ જીવનનું ચુસ્ત રીતે પાલન કરતાં કરતાં, શુકલ ધ્યાનમાં આરૂઢ થઈને સઘળા કર્મોનો ક્ષય સિદ્ધિપદના અધિકારી બન્યા.

જ્ઞાન, દર્શન, તપ અને ચારિત્રની આરાધનાથી જીવન જીતી શકાય છે. જ્ઞાનની આરાધના દ્વારા અજ્ઞાનરૂપી અન્ધકારને ઉલેચવાનો હોય છે.

દર્શનની આરાધનામાં આત્માને એના મૂળ સ્વરૂપમાં નિહાળવાની આરાધના અને મોક્ષ પ્રાપ્તિના પંથ તરફ વળવાનો અનેરો ઉલ્હાસ.

જ્યારે તપશ્ચર્યા દ્વારા કાયા અને મનના મેલ સ્વચ્છ અને નિર્મળ કરવાના હોય છે.

ચારિત્રથી સંયમનું પાલન, રસના પર કાબૂ, જન્મ, જરા, મૃત્યુ અને વ્યાધિ પર વિજય મેળવવાની સાધના, પરિગ્રહનો ત્યાગ, મનને નાથવાનો પ્રયત્ન કરવો જોઈએ. આમ ચારિત્રની આરાધના દ્વારા પુરુષાર્થ પ્રગટાવવાનો હોય છે.

મુક્તિની ઝાંખી અને પ્રાપ્તિ ત્યાગ વગર સંભવી ન શકે. આત્માની સમગ્ર શક્તિઓને વિકસાવનારું કોઈ પણ ચિરંજીવ, અનુપમ અને દિવ્ય ઔષધ હોય તો તે ત્યાગ છે. ત્યાગ એ આત્મદર્શનનું દર્પણ છે. ત્યાગ વગર મુક્તિ નથી. સુખનું સાચું દર્શન ત્યાગમાં છે.

[ સમાપ્ત ]

# સુલસ-સુભદ્રા

•

# [ ૧ ]

ભરતક્ષેત્રમાં અમરપુર નામનું એક નગર આવેલું હતું. આ નગર પર મહારાજા અમરસેનનું આધિપત્ય હતું. મહારાજા અમરસેન ધર્મનિષ્ઠ, પ્રજાવત્સલ અને ન્યાયપ્રિય રાજવી હતો. સમ્યક વૃતિ ધરાવતા રાજા અમરસેનને જૈન ધર્મ પ્રત્યે વિશેષ અનુરાગ હતો. તેના જીવનનો ક્રમ જૈન–ચર્યા વિધિથી જ ચાલતો હતો.

અમરપુર નગરી દર્શનીય અને મનોરમ્ય હતી. નગરીની એક બાજુ સપ્તભૂમિથી શોભતો ભવ્ય રાજપ્રસાદ નયનરમ્ય અને કલાત્મક હતો. નગરીમાં નાનામોટા અનેક ઉદ્યાનો આવેલા હતા. રાજભવનમાં પણ ઉદ્યાનની રચના કરવામાં આવી હતી. જ્યારે ગ્રીષ્મગૃહની રચના ઉપવનમાં કરવામાં આવી હતી. ઉપવનમાં કૃત્રિમ જળધરાનું પણ આયોજન કરવામાં આવેલ હતું. જેથી ઉપવનની શોભામાં અનેકગણો વધારો થયો હતો. નાનાં-મોટાં વૃક્ષો-લત્તાઓથી ઉદ્યાન શોભી રહ્યું હતું. રાજભવનમાં એક નાનું છતાં મનમોહક જિનાલય પણ હતું.

અમરપુર નગરીમાં અનેક વૈભવશાળી શ્રેષ્ઠીઓ, સાર્થવાહો વસવાટ કરતા હતા. નગરીની મધ્યમાં શોભી રહેલું શ્રી જિનેશ્વર ભગવંતનું જિનાલય કલાત્મક અને ભવ્ય ભાસતું હતું. જિનાલયના

દ્વારો સુવર્ણના હતા તેમજ ફરતી અટારી પણ સુવર્ણથી અંકિત હતી. શિખર પર સુંદરતા બક્ષતો સુવર્ણકળશ પ્રભાતના આછાં કિરણોમાં દૈદિપ્યમાન ભાસતો હતો. નગરીના અનેક જૈન પરિવારો આ શ્રીજિન મંદિરમાં પ્રભુની સેવા-પૂજા અર્થે આવતા અને ભાવભરી ભક્તિ કરતા હતા.

અમરપુર નગરની એક તરફ ભગવાન નટેશ્વરનું પ્રાચીન તથા અતિ ભવ્ય મંદિર આવેલું હતું. તે પણ સુંદર, મનોરમ્ય અને દર્શનીય હતું. શૈવધર્મીઓ હંમેશા ત્યાં દર્શનાર્થે જતાં અને ભાવભરી ભક્તિ કરતાં હતાં.

એ સિવાય નાના-મોટા ત્રણચાર મંદિરો આ નગરીને શોભાવી રહ્યાં હતાં.

અમરપુર નગરની બજારો પણ વ્યવસ્થિત રીતે રચવામાં આવી હતી. ઝવેરી બજાર, વસ્ત્ર બજાર, અન્ન બજાર, જેવી નાનીમોટી બજારો ધમધોકાર રીતે ચાલતી હતી. આસપાસના અનેક ગામના લોકો, વેપારીઓ હટાણું કરવા અત્રે આવતા અને જોઈતી સામગ્રી ખરીદીને લઈ જતા.

આ સિવાય આ નગરીમાં અનેક પાંથસાળાઓ, ગણિકાભવન, નાટયગૃહ, પાનાગાર, મનોરંજનના સ્થાનો આવેલા હોવાથી લોકોને વિવિધ પ્રકારનું મનોરંજન પ્રાપ્ત થઈ જતું. પાંથશાળાઓમાં લોકોની અવરજવર અવિરત ચાલુ જ રહેતી હતી.

આમ અમરપુર નગરની સુખ-સમૃદ્ધિ અપાર હતી.

આ નગરીમાં વૃષભદત્ત નામના શ્રેષ્ઠીવર્ય રહેતા હતા. વૃષભદત્ત શેઠ વિશિષ્ટ પ્રકારના શ્રમણોપાસક તથા સમ્યકત્વની ઉજ્જવળતાનું ધ્યાન રાખનારા હતા.

શેઠ વૃષભદત્તની ધર્મપત્ની જિનદેવી પતિપરાયણ અને પરમ શ્રાવિકા હતી.

વૃષભદત્ત શેઠની ગણના કોટ્યાધિપતિમાં થતી હતી. એમનો વેપાર-રોજગાર ધમધોકાર ચાલતો હતો. અનેક નગરોમાં એમની પેઢીઓ ચાલી રહી હતી. સુખ, વૈભવ અને સમૃદ્ધિ વૃષભદત્ત શેઠના આંગણે સ્થિર બનીને રમતી હતી.

વૃષભદત્ત શેઠ અને જિનદેવી અપાર સુખ વચ્ચે જીવન વ્યતીત કરતાં હતાં...અઢળક ધનસંપત્તિ હતી. ભવનમાં દાસ-દાસીઓનો પાર નહોતો. દોમ દોમ સાહ્યબી હોવા છતાં શેઠ-શેઠાણીના મનમાં ઉદ્વેગ હતો.

વૃષભદત્ત શેઠ તથા જિનદેવીને થતું કે અપાર લક્ષ્મીનું સુખ છે પણ શું કામનું ?

માનવીની દરેક આશાઓ, ઇચ્છાઓ કે કામનાઓ પરિપૂર્ણ થતી નથી.

અપાર સમૃદ્ધિની છોળો ઊડતી હોય છતાં આંગણે નાનું બાળ રમતું ન હોય તો એ સમૃદ્ધિ શી કામની ?

આમ્રફળથી લચી પડેલું ઉદ્યાન કોકિલના મીઠા કલરવ વિના મનને મોહી શકતું નથી.

જળ વિનાનું સૂકું તળાવ ભલે ગમે તેટલા કીમતી સ્ફટિક પથ્થરોનું બનેલું હોય પણ એ કોને સારું લાગે ?

એ રીતે વૃષભદત્ત શેઠનું મણિ-માણિક્યથી ભરપૂર આંગણું પણ શા કામનું, તેમાં કિલકારીઓ કરનાર બાળક ન હોય...!

શેઠ-શેઠાણી અંતરની પીડા મનમાં રાખીને જ જીવન પસાર કરી રહ્યાં હતાં.

વૃષભદત્ત શેઠને અનેક લોકો સલાહ આપતાં કે આની બાધા રાખો તો આપને ત્યાં સંતાન થશે. કોઈ વળી કંઈક જુદો જ માર્ગ બતાવતું.

પરંતુ વૃષભદત્ત શેઠ અને જિનદેવી સમજતાં હતાં કે આ બધું કર્મને આધીન છે.

વૃષભદત્ત શેઠ પત્ની જિનદેવીને ધૈર્ય આપીને કહેતા : 'પ્રિયે, લોકોની વાતો પર વધુ ધ્યાન આપવું નહિ. લોકો તો જુદી જુદી વાતો કરતા રહેતા હોય છે. જે કંઈ બને છે તે કર્મને આધીન છે. માણસનું એમાં કશું ચાલતું નથી...'

જિનદેવીએ વિનમ્ર સ્વરે કહ્યું : 'સ્વામી, ઘણા દિવસોથી હું આપને એક વાત કરવા ઇચ્છતી હતી...?'

'પ્રિયે, જરા પણ સંકોચ રાખ્યા વગર તારા મનમાં રમતી વાત જણાવી દે...' વૃષભદત્ત શેઠ પત્નીના મુખ સામે જોઈને કહ્યું.

'સ્વામી, આપ મારી વાત સાંભળીને જરા પણ દુઃખ લગાડશો નહિ...'

'પરંતુ પહેલાં તું શું કહેવા ઇચ્છે છે એ તો મને જણાવ.' વૃષભદત્ત શેઠે કહ્યું.

'સ્વામી, આપ બીજા વિવાહ કરી લો...!' આટલું કહીને જિનદેવી નીચું જોઈ ગઈ.

વૃષભદત્ત શેઠ આછું હસ્યા અને કહ્યું : 'પ્રિયે, આ તું શું કહે છે?'

'સ્વામી, હું સત્ય કહું છું. આ સમૃદ્ધિ, વૈભવનો વિચાર કરતાં હું આપને મારા અંતરની વાત જણાવું છું.'

'પ્રિયે, હું તારી વાતને જરાયે અનુમોદન આપતો નથી. ફરી વાર આવી વાત કરીશ નહિ. બીજા વિવાહ કરવાનો વિચાર હું ક્યારેય કરીશ નહિ કારણ કે મારા ભાગ્યમાં સંતાન સુખ હશે તો તે તારા થકી જ હશે...' વૃષભદત્ત શેઠે કહ્યું.

જિનદેવી કશું બોલી નહિ. તે સ્વામીના મુખ સામે એકીટશે નિરખવા લાગી.

દિવસો વિત્તવા લાગ્યા.

મહિનાઓ પસાર થવા લાગ્યા.

જિનદેવીએ ફરી કયારેય સ્વામીને બીજા લગ્ન કરવાની સલાહ આપી નહોતી.

પરંતુ એક દિવસ એવું બન્યું કે વૃષભદત્ત શેઠના ભવનમાં આનંદની છોળો ઊડવા લાગી. વર્ષો પછીની શેઠ–શેઠાણીની મનો-કામના સાકાર થઈ રહી હતી.

વૃષદત્તશેઠના ભવનમાં મંગલ સૂરનો ધ્વનિ રેલાવા લાગ્યો. શેઠ–શેઠાણીના હર્ષનો પાર ન રહ્યો.

જિનદેવી વર્ષો પછી સગર્ભા થઇ. ગર્ભના યોગથી એ સુંદર રમણીની શારિરીક અને માનસિક સ્થિતિમાં મોટો ફેરફાર થવા લાગ્યો. જિનદેવીની કાયામાં જાણે! ઓજસ પથરાયું હોય તેમ જણાતું હતું.

જ્યારે સ્ત્રી માતૃત્વ ધારણ કરે છે ત્યારે તેના અંતરમાં આનંદનો આવેગ અપૂર્વ હોય છે.

જિનદેવીના મુખ પર અનુપમ સૌંદર્ય ખીલી ઊઠયું હતું. જિનદેવીની કૂખમાં ગર્ભ વિકાસ પામતો હતો.

જિનદેવીના અંગેઅંગમાં માતૃત્વની લાગણી રમી રહી હતી. વૃષભદત્ત શેઠ પ્રિયાની પૂરી સંભાળ લેતો હતો. તેના હૈયાને કોઈ પણ પ્રકારનું દુઃખ ન પહોંચે તેની કાળજી રાખતો હતો.

અમરપુરનગરના રાજવૈદ્ય બે–ચાર દિવસે એકવાર વૃષભદત્ત શેઠના ભવન પર આવી જઈને જિનદેવીની નાડીપરીક્ષા કરી જતા અને પથ્યાપથ્યનું સૂચન કરતા.

જિનદેવીના શરીરમાં કૃશતાની સાથે તેજની વૃદ્ધિ થવા લાગી. સુંદર અંગ પર પાંડુતાની પ્રભા પ્રગટવા લાગી. લલાટ અષ્ટમીના ચંદ્રની જેમ ચળકવા લાગ્યું. નિતંબ અને કટી પ્રદેશનો ભાગ

ગુરુતાને ધારણ કરવા લાગ્યો. અનેકવિધ દોહદ ઉત્પન્ન થવા લાગ્યા.

જિનદેવીના હૈયામાં માતૃત્વ ધારણ કરવાનો અનહદ હર્ષ ઊભરાતો હતો.

જ્યારે સ્ત્રીના હૈયામાં માતૃત્વની આશા નજદિક આવતી જાય તેમ સ્ત્રીની કાયામાં એક પ્રકારનું અપૂર્વ તેજ પ્રસરવા લાગે છે. એ તેજ પાછળ ગર્ભમાં રહેલા આત્માનું પણ સ્વરૂપ હોય છે. એ સ્વરૂપ વિધાતા જ પારખી શકે છે.

જ્યારે જિનદેવીને પાંચમો માસ બેઠો ત્યારે રાજવૈદ્ય નાડી પરીક્ષા કરીને પોતાનો નિર્ણય સ્પષ્ટ રીતે જણાવી દીધો કે શેઠાણીને પુત્રરત્ન પરિપક્વ થઈ રહ્યું છે.

પરંતુ માતાને પુત્ર આવે કે પુત્રી...એના હર્ષમાં, આનંદમાં કશો ફરક પડતો નથી. ભવનમાં દાસ-દાસીઓએ રાજવૈદ્યની વાત સાંભળી એટલે સૌ આનંદિત બની ઊઠ્યા.

જિનદેવીની કાયામાં જે રીતે એક નવું તેજ પ્રસર્યું હતું તે રીતે સ્વભાવમાં પણ ભારે પરિવર્તન જણાતું હતું. જિનદેવીના સ્વભાવમાં ધૈર્ય, ઉદારતા અને ગંભીરતા વરતાતી હતી.

વૃષભદત્ત શેઠ પેઢીએથી ચાર-પાંચ વાર ભવન પર આવીને પ્રિયાની ભાળ કાઢી જતા.

દિવસો પસાર થવા લાગ્યા.

સાતમો માસ બેઠા પછી જે હંમેશ એકવાર વમન થતું હતું તે આપોઆપ બંધ થઈ ગયું અને જિનદેવીનું આરોગ્ય જાણે ખીલી ઊઠ્યું.

નવ મહિના પૂરા થયા.

હવે તો દિવસો જ ગણવાના હતા.

વૃષભદત્ત શેઠ પ્રિયાની ખાસ કાળજી દાખવતો હતો.

રાજવૈદ્યની સૂચના પ્રમાણે પ્રસુતિગૃહની વ્યવસ્થા શેઠના ભવ-

નમાં જ કરવામાં આવી હતી.

વર્ષો પછી વૃષભદત્ત શેઠના ભવનમાં માંગલિક પ્રસંગ ઊભો થતો હોવાથી અને પ્રસુતિ સમયે કોઈપણ જાતની મુશ્કેલી ન પડે તે હેતુથી જે જે દ્રવ્યો, સાધનોની જરૂર પડે તે તે દ્રવ્યો દાયણે એકઠાં કરી રાખ્યાં હતાં.

અને નવ માસ ને દસ દિવસે રાત્રીના પ્રથમ પ્રહરે કોઈ પણ પ્રકારની વધુ પડતી મુશ્કેલી વગર જિનદેવીએ પુત્રરત્નને જન્મ આપ્યો.

વૃષભદત્ત શેઠના ભવનમાં પ્રસન્નતાનું માધુર્ય વ્યાપી ગયું.

વૃષભદત્ત શેઠે પુત્રજન્મની વધાઈ આપનાર દાસીને કંઠમાંથી અતિ મૂલ્યવાન માળા ઊતારીને ભેટમાં આપી.

બીજે દિવસે નગરીના જાણીતા લોકોને આ સમાચાર સાંભળવા મળતા સૌ કોઈ વૃષભદત્ત શેઠને ત્યાં વધાઈ આપવા આવવા લાગ્યા.

નગરીના રાજા અમરસેને પણ વૃષભદત્ત શેઠને વધાઈ મોકલી.

વૃષભદત્ત શેઠે પુત્રજન્મની ખુશાલીમાં દાનનો પ્રવાહ વહેતો મૂકયો.

નવજાત તથા કુમળા ગુલાબના ફૂલ જેવા શિશુને પોતાના પડખામાં પડેલું જોઈને જિનદેવીનું હૃદય માતૃત્વની તૃપ્તિથી જાણે છલકી ઊઠયું હતું.

દિવસો પસાર થવા લાગ્યા.

ચાલીસ દિવસ બાદ જિનદેવી શેઠાણીએ સૂતિકાગૃહનો ત્યાગ કર્યો અને રાજ જ્યોતિષીએ આપેલા શુભ દિવસે બાળકનું નામ સુલસ રાખવામાં આવ્યું.

નામકરણવિધિનો પ્રસંગ ભવ્ય રીતે ઊજવવામાં આવ્યો.

પાંચમા વર્ષે સુલસકુમારને પાઠશાળામાં બેસાડવામાં આવ્યો. એ પ્રસંગે વૃષભદત્ત શેઠે પાઠશાળાના તમામ બાળકોને જમાડ્યા અને મિઠાઈઓ આપી.

સુલસકુમારનો અભ્યાસ શરૂ થઈ ગયો.

સુલસકુમારે અભ્યાસમાં ચિત્તને બરાબર પરોવ્યું.

દિવસો ક્યાં પસાર થાય છે તે જાણી શકાતું નથી. પલકારો મારતાં વર્ષોના વહાણા વીતી જાય છે.

સુલસકુમારે ધર્મશાસ્ત્રનો અભ્યાસ પૂરી શ્રદ્ધા સાથે કર્યો હતો.

સુલસનો ધર્મ પ્રત્યેનો અનુરાગ વિશેષ હતો.

વૃષભદત્ત શેઠ અને જિનદેવી સુલસ જેવા પુત્રરત્નને પામીને પોતાના ભાગ્યને વખાણતા હતા.

કિશોર વયમાં જ સુલસે એક ધર્માચાર્ય પાસે શ્રાવકના અગિયાર વ્રત ગ્રહણ કરી લીધા હતા. પૂર્વ સંસ્કારોના કારણે તે એક ધનવાન કુટુંબમાં જન્મ્યો હતો. વેપારીનો પુત્ર હોવાથી એના મનમાં ધનની લાલચ હતી. એટલા માટે શ્રાવકના બારવ્રતમાંથી પાંચમું વ્રતપરિગ્રહ મર્યાદા'ને તે ગ્રહણ કરી શક્યો નહોતો.

આમ સુલસકુમારે પરિગ્રહ મર્યાદા વ્રત બાદ કરતાં અગિયાર વ્રત ધારણ કર્યા હતા. સુલસમાં વૈરાગ્યવૃત્તિનું પ્રાધાન્ય હતું. સંસારમાં રહેવા છતાં તે સંસારમાં નહોતો. એના અંતરમાં વૈરાગ્યની ભાવના રમતી હતી. જીવનમાં રાગના બંધનો હોવા છતાં સુલસ નિર્મોહી બનીને દિવસો વ્યતીત કરતો હતો.

સુલસની આ વૈરાગ્યવૃત્તિ જોઈને વૃષભદત્ત શેઠ તથા જિનદેવીના અંતરમાં ચિંતા પેઠી કે ક્યાંક પુત્ર હાથથી જતો ન રહે.

એક રાતે જિનદેવીએ સ્વામીને પ્રશ્ન કર્યો : ' નાથ, આપે મારી વાત પર લક્ષ્ય આપ્યું જણાતું નથી...'

' પ્રિયે, મને તારી વાત સમજાણી નહિ. મેં કઈ વાત પર લક્ષ્ય ન આપ્યું ? ' વૃષભદત્તે પ્રશ્ન કર્યો.

' સ્વામી, આપણો પુત્ર સુલસ હવે પરણવાને લાયક થયો છે. હમણાં હમણાં તે ખૂબ જ વિચારમગ્ન રહે છે. ભવનમાં હોવા છતાં ભવનમાં તેનો અણસાર આવતો નથી. આથી મેં આપને તેને માટે સુંદર કન્યા ગોતવાનું કહ્યું હતું.'

'પ્રિયે, હજુ સુલસની ઉંમર પણ શું છે? જો તેના સંસ્કાર બળવાન હોય તો લગ્ન પછી પણ તે સંસાર છોડી દે' સમય આવ્યે બધાં સારાં વાંના થઈ જશે. હું અત્યારથી તેના પર ગૃહસ્થીનો ભાર નાખવા માગતો નથી.'

જિનદેવીએ સ્વામીને અન્ય પ્રશ્ન ન કર્યો.

સુલસકુમાર હંમેશની જેમ ઉદ્યાનમાં બિરાજમાન મુનિવરોના દર્શનાર્થે ગયો. સંજોગશાત્ તે જ વખતે અમરપુરના જ શ્રેષ્ઠી જિનદાસની પુત્રી સુભદ્રા પણ પોતાની સખીઓ સાથે ગુરૂને વંદન કરવા માટે આવી હતી.

સુભદ્રાની દૃષ્ટિ એકાએક સુલસકુમાર પર પડી અને તરત જ એના પ્રત્યે ન સમજાય તેવો ભાવ જાગૃત થયો.

સુભદ્રા યૌવનના ઉંબરે પ્રવેશી હતી. એના અંતરમાં આશા, ભાવના અને આકાંક્ષાઓ રમતી હતી. સુભદ્રા અનિંદ્ય રૂપ ધરાવતી કન્યા હતી.

માનવીના જીવનમાં યૌવનનો કાળ મહત્ત્વનો ગણાય છે જો આ કાળમાં લપસી પડ્યા તો અંધકારમાં સપડાઈ જવાનો ભય રહે છે. જો યૌવનને પચાવી જાણ્યા તો જીવતરનો સાચો આનંદ માણવા મળે છે.

યૌવનના અજવાળા સૌ કોઈને પ્રિય હોય છે. યૌવનનો મદમાતો રંગ રસવિહીન હોય છે તેમ કોઈ કહી શકતું નથી. યૌવનના થનગનાટમાં રમતી આશાઓ, ઇચ્છાઓ અને ઊર્મિઓ અણગમતી લાગતી નથી.

યૌવનકાળના આંદોલનો ભલે આકરાં કહ્યાં હોય, પરંતુ આકર્ષક તો રહ્યાં જ છે. સંસારમાં પ્રત્યેક જીવ યૌવનને ઝંખે છે. યૌવન ચીરકાળ પર્યંત જીવંત રહે તેવી ઝંખના કરતાં રહ્યાં છે. આમેય ખુમારી ભરેલા યૌવનનો અનાદર શી રીતે થઈ શકે?

યૌવન એ જીવનની પ્રગતિનું પ્રથમ પગથીયું છે. યૌવનના વેગ-

વંત પ્રવાહને હૈયામાં સાચવી લેવો એમાં જ જીવનની મહત્તા છે. યૌવન તો પ્રકૃતિનું અમૃત છે. જીવનવિકાસનો પાયો છે.

વૃષભદત્ત શેઠના પુત્ર સુલસકુમારના સૌંદર્યથી મોહિત થયેલી સુભદ્રાએ મનોમન કંઈ કલ્પના કરવા લાગી. કલ્પનાવિહારમાં રાચવા લાગી.

સુભદ્રાની સખીઓ તરત જ સુભદ્રાની લાગણીને પારખી ગઈ. સુભદ્રાની સખીઓને થયું કે સુભદ્રાનું મન સુલસકુમારમાં સ્થિર થયું છે. સખીઓ સુભદ્રા સાથે વિનોદ વાર્તાલાપ કરવા લાગી.

સુભદ્રાની સખીઓએ સુભદ્રાની માતાને આજે બનેલો પ્રસંગ અક્ષરસઃ કરી સંભાળાવ્યો.

સુભદ્રાની માતા આ વાત સાંભળીને પ્રસન્ન થઈ. તે તરત જ તેના પતિ જિનદાસ શેઠ પાસે આવી અને કહ્યું: 'સ્વામી, આપણી પુત્રી ઉંમરલાયક થઈ ગઈ છે. એના વિવાહ માટે હવે વિચારવું જોઈએ.'

'પરંતુ કોઈ સારો મૂરતિયો મળવો જોઈએને ?'

'આપણી પુત્રી સુભદ્રાએ જ શોધી કાઢ્યો છે અને તે મૂરતિયો એને પસંદ પણ છે.'

'કોણ છે ?' જિનદાસે પ્રશ્ન કર્યો.

શેઠાણી બોલ્યાં : 'આપણા જ નગરના શ્રેષ્ઠી વૃષભદત્ત શેઠનો પુત્ર સુલસકુમાર. શેઠનો પુત્ર ધર્માનુરાગી છે અને આપણી પુત્રી પણ પરમ શ્રાવિકા છે. બન્નેની જોડી શોભી ઊઠશે.'

'ભલે, તો તો હું આજે જ લગ્નનો પ્રસ્તાવ લઈને વૃષભદત્ત શેઠ પાસે જઈશ.' જિનદાસના મુખ પર હર્ષ છવાઈ ગયો.

*

જ્યારે વૃષભદત્ત શેઠના ભવનમાં સુલસ પોતાનો સમય ધર્મ આરાધનામાં જ પસાર કરતો હતો, આથી જિનદેવીને પુત્રની ખૂબ ચિંતા થવા લાગી હતી. જિનદેવીએ વારંવાર આ બાબત અંગે શેઠ વૃષભદત્તનું ધ્યાન ખેંચવાનો પ્રયત્ન કર્યો, પણ શેઠ કંઈ ગણ-

કારતા નહોતા.

પરંતુ એક દિવસ જિનદેવીએ મક્કમતાથી પુત્રના લગ્ન વિષેનો પ્રશ્ન છેડ્યો.

શેઠ-શેઠાણી વચ્ચે ચર્ચા શરૂ થઈ.

બન્ને સુલસના લગ્ન અંગેની ચર્ચા કરી રહ્યા હતા ત્યાં એક સેવક આવ્યો અને મધુર સ્વરે કહ્યું : 'શેઠજી, આપને શેઠ જિનદાસ મળવા માટે આવ્યા છે.'

'એમને આદર સહિત અહીં લઈ આવ...' વૃષભદત્તે કહ્યું.

થોડી વારમાં જિનદાસ શેઠ આવી પહોંચ્યા.

સૌ પ્રથમ તો કુશળ-મંગળની વાતો થઈ. જિનદાસ શેઠે એક આસન પર બેઠક ગ્રહણ કરી.

વૃષભદત્ત શેઠે આંગણે આવેલા જિનદાસ શેઠની સરભરા કરી.

થોડી વાર રહીને જિનદાસ શેઠે પોતાના આગમનનો હેતુ જણાવતાં કહ્યું : 'શેઠજી, મારી પુત્રી સુભદ્રાં, સુશીલ ગુણી, સંસ્કારી તેમજ ધર્મ પ્રત્યે અણુશ્રદ્ધા દાખવનારી છે. એટલું જ નહિ પરંતુ તે રૂપવતી છે. હું મારી પુત્રીના લગ્ન માટેનો પ્રસ્તાવ આપના પુત્ર માટે મૂકું છું.'

વૃષભદત્ત શેઠે કશી આનાકાની કર્યા વગર પ્રસ્તાવ આનંદથી સ્વીકારી લીધો.

વૃષભદત્ત તથા જિનદેવીને એ વાત જાણીને ખૂબ જ આનંદ થયો કે સુભદ્રા પણ ધર્મના રંગે રંગાયેલી છે અને શ્રમણોપાસિકા છે. સુલસ અને સુભદ્રાની જોડી અત્યંત શોભી ઊઠશે.

શેઠાણી જિનદેવીની ઇચ્છા પૂરી થઈ.

અને શુભ દિવસે અને શુભ મુહૂર્તે સુલસ સુભદ્રાના વિવાહ સંપન્ન થયો.

જિનદાસ શેઠની પુત્રી સુભદ્રા સુલસની પત્નીને બનીને શ્વસુર-ગૃહે આવી.

વૃષભદત્ત શેઠનું ભવન સંબંધીઓ, સ્નેહીઓથી ભરેલું હતું. રાત ક્યાં પડી ગઈ તેની કોઈને જાણ પણ ન થઈ.

રાત્રીકાળ શરૂ થઈ ચૂક્યો હતો.

રાત્રીનો બીજો પ્રહર પૂર્ણ થવામાં હતો.

સુલસ અને સુભદ્રાનું મિલન...

આજ મિલનની રાત હતી.

લગ્ન પછીની પ્રથમ રાત...!

રસકવિઓએ લગ્ન પછીની પ્રથમ રાતને જે મહત્ત્વ આપ્યું છે તે ખરેખર યોગ્ય છે. પ્રિયાના અંતરમાં નવી આશા, ઊર્મિના મીઠા રસભાવ ખીલી ઊઠે છે. પ્રિયા પોતાના પ્રાણપ્રિય પ્રિયત્તમને સર્વસ્વ સોંપીને સમર્પણની ભાવના રજૂ કરે છે.

સુલસનો શયનકક્ષ ભવ્ય રીતે સજાવવામાં આવ્યો હતો.

સુભદ્રાએ સર્વોત્તમ શુભ વસ્ત્રો ધારણ કર્યાં હતાં, અને શયન-કક્ષમાં બેસીને પ્રિયત્તમની વાટ જોતી બેઠી હતી.

સમગ્ર ખંડમાં સુગંધિત દ્રવ્યોની મહેક પ્રસરી ઊઠી હતી.

રાત્રીનો બીજો પ્રહર પૂરો થયાની ઝાલરી રણકી. ભવનમાં ગુંજતા સંગીતના મધુર સ્વરો મિલનની પળને આવકારી રહ્યા હતા. બહાર આરસની જાળીમાંથી ચંદ્રના શીતળ કિરણો વરસી રહ્યાં હતા. જાણે પિયુમિલનની મધુરી પળને આશીર્વાદ વરસાવવા તલસી ન રહ્યાં હોય...!

સુભદ્રાના સુંદર વદન પર યૌવનની ગુલાબી માધુરી ચમકી રહી હતી, એના નયનોમાં મિલન ઝંખનાના મધુરા ગીતો જાણે છલકી રહ્યાં હતાં. સારાય અંગમાં ઉત્સાહ, આનંદ અને ઉમંગની ઊર્મિ નૃત્ય કરી રહી હતી.

શયનકક્ષમાં એક ત્રિપદી પર દીપમાલિકાઓનો આછો પ્રકાશ નવજીવનની આશાને સત્કારી રહ્યો હતો.

સુભદ્રાનું સ્નેહથી નિતરતું હૈયું પ્રિયત્તમની પ્રતીક્ષામાં આતુર

બન્યું હતું...

પરંતુ સુભદ્રાના હૈયામાં રમતી આશા જીવંત ન બની. રાત્રીનો ત્રીજો પ્રહર પૂરો થયો છતાં પ્રિયત્તમના આગમનનો કોઈ અણુસાર નહોતો.

'સ્વામી કેમ આવ્યા નહિ હોય...! શું થયું હશે ?' વગેરે પ્રશ્નો સુભદ્રાના ચિત્તને સ્પર્શી રહ્યા હતા. એના અંતરમાં ચિંતા પેઠી...

અને મિલનયામિનીની એ રાત્રી પીયુના મિલન વગરની રાત સુભદ્રા માટે બની ગઈ.

આમ પંદર દિવસ પસાર થઈ ગયા છતાં સુલસે સુભદ્રાને મળવાનો કોઈ પ્રયત્ન કર્યો નહિ અથવા તો એને એવી કોઈ લાગણી પણ ન જન્મી. સુલસની વૈરાગ્યવૃત્તિ ઘટવાને બદલે વધી ગઈ.

સુલસ રાત્રે ધર્મજાગરણ કરતો અને સુભદ્રા પ્રિયત્તમની પ્રતીક્ષામાં રાતો પસાર કરતી.

સુભદ્રાને સ્વામીની વર્તણૂંક પ્રત્યે અણગમો નહોતો. કોઈ પ્રકારનો રંજ નહોતો.

સુભદ્રા પતિવ્રતા અને ધર્મપરાયણ નારી હતી. સ્વામીની વૃત્તિને તે પોતાના કર્મોદય અને કર્મોનું પરિણામ જ માનતી હતી. સ્વામીના આનંદમાં તેણા પ્રસન્ન હતી. સુભદ્રાનું મન એટલું વિશાળ હતું કે સુલસ પરસ્ત્રીના બંધનમાં ઝકડાય તો પણ એ કર્મોનું પરિણામ માનીને શાંત બેસી રહે.

પરંતુ સુભદ્રાનો સ્વામી સુલસ તો આત્મકલ્યાણના માર્ગનો પથિક હતો. જીવનમાં શ્રેષ્ઠ માર્ગે ચાલનારો માનવી નારીમાં આસક્ત ન થાય તો એમાં દુ:ખ લગાડવાની જરૂર શી છે ? આવા વિચારો સુભદ્રાને આવ્યા કરતા હતા.

સુભદ્રાને થતું મને કે પરમ સૌભાગ્ય પ્રાપ્ત થયું છે કે વિવાહ પછી અખંડ બ્રહ્મચર્ય પાલનની અમોલી તક મારા સ્વામીએ મને

અર્પી છે. મારા સ્વામી પોતાનું કલ્યાણ કરે એમાં જ મારું કલ્યાણ છે. એમાં જ મારું સુખ સમાયેલું છે.

સુભદ્રા નવયૌવના નારી હતી. એના અંતરમાં પણ સ્વામીનું સાંનિધ્ય પ્રાપ્ત કરવાની મહેચ્છા હતી પરંતુ સ્વામીનો ભાવ ધર્મ પ્રત્યે વિશેષ જોતાં તેણીએ પોતાના મનને એ તરફ વાળી લીધું અને સ્વામીને અનુકૂળ રહેવા લાગી.

જિનદેવી જાણતી હતી કે પોતાનો પુત્ર સુલસ તેની પત્નીના ખંડમાં લગ્ન પછી ગયો જ નથી. આથી જિનદેવી પણ ચિંતિત હતી.

એક દિવસ જિનદેવીએ ગંભીર બનીને વૃષભદત્ત શેઠને કહ્યું : 'સ્વામી, ખૂબ જ ચિંતા ઉત્પન્ન કરે તેવી વાત છે. આપણા પુત્રનું મન તેની પત્નીમાં જરા પણ ચોંટતું જ નથી એના લગ્ન કર્યા, પણ એકેય રાત તે તેના ખંડમાં ગયો જ નથી. કંઈક ઉપાય વિચારવો પડશે.'

વૃષભદત્ત શેઠે કહ્યું : 'દેવી, આપણે એમાં બીજું શું કરી શકીએ ? સુલસમાં વૈરાગ્યવૃત્તિ તો નાનપણથી જ જોતા આવ્યા છીએ આપણે એને વિવાહ કરવાનું જણાવ્યું તો એને તારા અને મારા સંતોષ ખાતર લગ્ન કર્યા. વૈરાગ્ય ભાવનામાં ઓતપ્રોત થયેલા પુત્રના વિચારોને હું કઈ રીતે બદલાવી શકું ? આ સંસારમાં એવા જીવ છે કે જે મોહ, માયા અને સંસારની માયાજાળમાં જ ફસાયેલા રહે છે. ધર્મની તેમના પર કોઈ અસર પડતી નથી. રંગ, રાગ, માયા મરિચિકા તથા આનંદપ્રમોદ, વૈભવવિલાસ એજ એમના જીવનનું ધ્યેય હોય છે. આવા લોકોને આપણે કશું કહી શકતા નથી, ત્યારે સુલસને ધર્મના માર્ગથી પાછો કેમ વાળી શકાય ? અને ધર્મના માર્ગથી કોઈને પાછો વાળવો એ પણ અધર્મ છે અને તું મને અધર્મનું આચરણ કરવા જણાવે છે.'

જિનદેવી મનોમન કંઈક નિશ્ચય કરીને જ સ્વામી પાસે આવી હતી. જિનદેવીએ મક્કમ સ્વરે કહ્યું : 'સ્વામી, આપ મને મારા એક પ્રશ્નનો ઉત્તર આપો. પોતાનો વંશ ચાલુ રાખવો એ શું અધર્મ છે ?

સ્વામી, આપણા પુત્ર સુલસ પછી આપણું વંશ-વૃક્ષ આમ જ કરમાઈ જશે? આપને મારી નમ્ર પ્રાર્થના છે કે આપ એટલું કરો કે આપણી વંશ-પરંપરાને આંચ ન આવે...'

'પ્રિયે, વંશની ચિંતા મારા મનમાં પણ છે. પરંતુ સંતાનો સારાં ન પાકે તો ગમે તેટલો ઉજ્જવળ વંશ પણ ડૂબી જાય છે. સુલસની રહેણીકહેણી, તેની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા, આરાધના વગેરે જોતાં આપણો વંશ ઘણા દિવસો સુધી ચાલુ રહી શકે છે. એવું જરૂરી નથી કે વંશવૃદ્ધિની પરંપરા જે મારા સુધી ચાલુ રહી તે આગળ પણ ચાલે!'

થોડીવાર સુધી જિનદેવી શેઠાણી મૌન બનીને બેસી રહ્યાં. પછી કહ્યું: 'સ્વામી, હું આપના કથન સાથે સહમત છું. સુલસની ધર્મ પ્રત્યેની આસ્થાથી આપણું કુળ ઉજ્જવળ બનશે પરંતુ જે કોડભરી કન્યા સુલસ સાથે વિવાહ કરીને આપણા ભવનમાં આવી છે એનું શું? સુભદ્રાના અંતરમાં રમતી આશા, ઊર્મિનું શું? આપણા પુત્રની સાથે એને પણ વિયોગી જીવન પસાર કરવું પડે છે એનું શું? સુભદ્રાને આવું જીવન પસાર કરવા માટે લાચાર બનાવવી તે ક્યાં સુધી ન્યાયયુક્ત છે?'

'પ્રિયે, તો પછી શું કરવું? તારી પાસે કોઈ આ પ્રશ્નનો ઉકેલ હોય તો જણાવ.'

જિનદેવીએ સહજભાવે જણાવ્યું: 'સ્વામી, આ પ્રશ્નનો ઉકેલ એક માત્ર છે.'

'શું?'

'આપણે આપણા પુત્રને એવા લોકોની વચ્ચે રાખવો જોઈએ કે જ્યાં રંગ-રાગની ચર્ચા થતી હોય, વૈભવ, વિલાસ, ભોગ-ઉપભોગની વાતો થતી હોય, થોડા દિવસો તે સાધુ-સંતોની પાસે ન જાય. ધર્મ આરાધના અને ધર્મક્રિયા થોડા દિવસો માટે સદંતર બંધ કરે. જો આવું પગલું લેવામાં આવે તો આપણા પુત્ર સુલસની

વિચારધારા જરૂર બદલાઈ જશે.'

'પ્રિયે, તારી વાત પરથી એવું લાગે છે કે પુત્રને ગણિકા ભવનમાં મોકલવો. ના...ના...ત્યાં પુત્રને મોકલીશું તો આપણે પુત્રને ખોઈ બેસીશું...'

'સ્વામી, આપણે હંમેશ માટે સુલસને ત્યાં મોકલવાનો નથી. માત્ર તેની વિચારધારા બદલાય ત્યાં સુધી જ ત્યાં રાખવાનો છે. થોડા દિવસો ત્યાં રહેશે તો તેનું મન સંસારમાં લાગી જશે. સુલસ મારો પણ પુત્ર છે. હું પણ તેને સ્નેહ કરું છું. મેં જે કંઈ ઉપાય બતાવ્યો તેનો ઉપયોગ તો માત્ર ઔષધ તરીકે જ કરવાનો છે.'

'શેઠાણી, આ ઉપાય દેખાવમાં જેટલો સરળ લાગે છે તેટલો જ ભયંકર છે. તું હાથે કરીને પુત્રને કૂપમાં ધકેલવા માગે છે. લોકો સંસારના મોહભર્યા બંધનોમાંથી મુક્ત થવા વૈરાગ્ય પામવા ઇચ્છે છે જ્યારે તું તારા ધર્મી પુત્રને મોહની માયાજાળમાં ધકેલવા માગે છે. હું મારા ધર્માત્મા પુત્રને આપણા સ્વાર્થ માટે જાણીજોઈને ખરાબ સંગતમાં ધકેલી દઉં? ના...ના...ના...આવું પગલું તો મારાથી ક્યારેય ભરાશે નહિ...'

શેઠાણી જિનદેવીને આજે તો કોઈ પણ નિર્ણય કરવો જ હતો અને તે મક્કમતાથી બોલી : 'સ્વામી, તો પછી આપ આપના ધર્માત્મા પુત્રને લઈને બેસી રહેજો. હું સુભદ્રાને લઈને કોઈ કૂપમાં પડીને ડૂબી મરીશ. વિવાહિત અને સૌભાગ્યવતી પુત્રવધૂનું વૈધવ્ય મારાથી જોઈ શકાતું નથી...'

વૃષભદત્ત શેઠ-શેઠાણીના શબ્દોથી ગંભીર બની ગયા અને શું કરવું તે પ્રશ્ન એમના અંતરમાં રમવા લાગ્યો.

શેઠાણી જિનદેવી ફેંકેલું શસ્ત્ર સફળ થશે ખરું? વૃષભદત્ત શેઠ તેની પત્નીની વાતને માનશે ખરા?

એ તો સમય જ કહેશે.

# [ ૨ ]

માનવીનો સ્વભાવ ક્યારે બદલાશે અને તેના જીવનમાં ક્યારે પલટો આવશે, તે કહી શકાતું નથી. માનવી ક્યારે વિલાસમય બનશે કે ક્યારે ત્યાગવૃત્તિ ધારણ કરશે તે સમજવું ખરેખર મુશ્કેલ છે.

વૈરાગ્ય મનનો ધર્મપ્રિય આત્મા સુલસ અચાનક બદલાઈ ગયો. પિતા વૃષભદત્તે રચેલી યુક્તિ સફળ થઈ. વૃષભદત્ત શેઠ મનથી તો ઇચ્છતા નહોતા કે પોતાનો પુત્ર પાપના માર્ગે જાય પરંતુ શેઠાણીના અતિ આગ્રહને વશ થઈને આ કાર્ય કરવું પડયું અને એમણે રચેલી જાળમાં પુત્ર સુલસ બરાબર ફસાયો જે પોતાના દિવસો ધર્મક્રિયા, મુનિ ભગવંતોના દર્શન તથા આત્મકલ્યાણની પ્રવૃતિમાં ગાળતો હતો તે સુલસ આજ વૈભવ-વિલાસની મોહજાળમાં સપડાઈ ગયો. સંસારના બંધનો તેને ગમવા લાગ્યાં. કુસંગનું પરિણામ ધાર્યું આવેલું જોઈને શેઠાણી જિનદેવીને અપાર આનંદ થયો.

એક દિવસ સુલસ પોતાના કુસંગી મિત્રો સાથે નગરીની ગણિકા કામપતાકાના ભવન પર ગયો. ગણિકા કામપતાકાએ સુલસ પર કામણ કર્યાં.

સુલસના વિચારોમાં પાપના અંકુરો ફૂટયા. નિખાલસ મનનો

અને ધર્મ પ્રત્યે અપૂર્વ આસ્થા રાખતા સુલસના સ્વભાવમાં અણધાર્યો પલટો આવ્યો.

ગણિકા કામપતાકાના ભવનેથી સુલસના મિત્રો ચાલ્યા ગયા પરંતુ સુલસ કામપતાકાની માયાજાળમાં સપડાઈ ગયો. સુલસે ગણિકાના ભવનમાં જ રાત પસાર કરી અને કામપતાકાનું સાંનિધ્ય એના સમગ્ર ચિત્તતંત્રને અપૂર્વ આનંદ બક્ષતું હતું.

દિવસો પસાર થવા લાગ્યા.

સુલસ કામપતાકાના ભવનમાં જ રહેવા લાગ્યો. ગણિકા કામપતાકા સમજતી હતી કે સુલસ ધનાઢ્ય માતાપિતાનો પુત્ર છે એટલે ધનની સરિતા અહીં વહેવા માંડશે.

અને એમજ થયું.

સુલસ તેના પિતા પાસેથી જેટલું ધન મંગાવે એટલું ધન ગણિકા કામપતાકાના ભવન પર આવી જતું. આમ ગણિકા કામપતાકાને ત્યાં ધનની સરિતા વહેવા માંડી. સુલસના ઈશારે ધન આવવા લાગ્યું. કામપતાકા બન્ને હાથે તે ધન લૂંટવા લાગી.

જ્યારે આ તરફ ધર્માનુરાગી સુભદ્રા પોતાના પતિ સુલસને પોતાના બંધનમાં બાંધી ન શકી અને સુલસ એક ગણિકાના કામણમાં લપેટાઈ ગયો.

વિષય લોલુપતાને જીવનમાં સ્થાન નહિ આપવાના, પાપમય વાતાવરણમાંથી અલગ રહેવાના. મોહ, માયા મરિચિકા તરફ દૃષ્ટિ-પાત ન કરવાના તથા નીતિમય જીવન જીવવાના તેના કોડ-તેની આંકાક્ષાઓ જાણ્યે લય પામી ગયા.

સુલસ ધર્મના માર્ગેથી ગબડી પડ્યો હતો.

તેને ક્ષણભંગુર સુખ પ્રત્યે અનુરાગ જાગૃત થયો હતો.

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર દુશ્મનોનો પરાજય કરવો ઘણો કપરો છે. એ ચારેય દુશ્મનોને જીતનાર માનવી જીવન જીતી જાય છે. સંસાર પાર કરી જાય છે. જન્મ, જરા અને મૃત્યુના

બંધનોમાંથી મુક્તિ મેળવે છે.

હા, એવો વિજેતા માનવી કરોડોમાંથી એકાદ મળી આવે છે. અનેક વર્ષો પછી એકાદ જ જડી આવે છે.

જગત તેને વંદના કરે છે, નમન કરે છે અને તેના યશોગાન ગાય છે. તેનું જીવન પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરે છે.

અને તે પ્રયત્નો કયારેક જ યશ પ્રાપ્ત કરાવે છે.

તેમાં પણ ઉદયની ક્ષણોની આવશ્યકતા રહેલી છે. જેને કર્મો ભોગવવાનાં બાકી છે, તેની ઉન્નતિની ક્ષણો પણ દૂર હોય છે.

કદાચ સુલસ માટે તે કારણ આવી પડયું હોય...!

સુલસકુમાર સમજુ, સંસ્કારી અને અભ્યાસી હતો. તે ઉન્નતિના માર્ગે જઈ રહ્યો હતો છતાં તેને ભોગવવાનાં કર્મો કંઈ બાકી હોય તેમ તેના પતનની ક્ષણો આવી લાગી.

સુલસને દેવી કામપતાકા પ્રત્યે મોહ જાગૃત થયો હતો અને તે કામપતાકાનો કહ્યાગરો દાસ બની ગયો હતો.

એક સત્વશીલ યુવાન કામજ્વરમાં સપડાઈ ચૂકયો હતો. એણે પોતાના આદર્શો નેવે મૂકી દીધા હતા.

સુલસના મન પર ક્ષુલ્લક વિચારોએ પોતાનું અજબ પ્રભુત્વ જમાવી દીધું હતું.

એક સત્વશીલ શ્રેષ્ઠી પુત્ર સુલસને શું થઈ ગયું ?

એક વિરાગી આત્માના અંતરમાં કેવા વિચારોએ આસન જમાવ્યું ?

કર્મોએ તેને કયાં મૂકી દીધો ?

વિધિએ સુલસના કેવા ગણિત લખ્યા હતા ?

પોતાનાં માતાપિતા અને કોડભરી પત્ની પોતાના માટે કેવાં તડપી રહ્યાં હશે તેની જરાય દરકાર સુલસ ન કરી.

સંસાર ખરેખર વિચિત્ર છે.

સંસારમાં જ્યારે ન બનવાનાં કાર્યો બનતાં હોય છે ત્યારે

આશ્ચર્યની અવધિ રહેતી નથી.

એક દિવસ એવો હતો કે જ્યારે સુલસ જ્ઞાનસભર વાતોથી સૌ કોઈનાં હૈયાં હચમચાવી નાખતો.

સુલસ હંમેશા કહેતો : જીવમાત્ર સુખની ઝંખના કરે છે. માયા મરિચિકાથી ભર્યું સુખ, વૈભવ–વિલાસથી યુકત વિપુલ સુખને માનવી પૂર્ણ સુખ પામ્યાનું અંતરથી માને છે. પરંતુ તે સુખ નથી, માત્ર સુખની ભ્રમણા છે. આત્મસુખનો આનંદ અપૂર્વ છે. અનંત સુખ પ્રાપ્ત કરવા માટે સંસારના ભૌતિક સુખોને ત્યાગ્યા વગર બીજો કોઈ ઉપાય નથી. રત્નત્રયીની આરાધના માટે ત્યાગ જ મહામંત્ર બને છે. આત્મા અનાદિકાળથી કર્મના કારણે જુદી જુદી ગતિઓમાં ભટકયા કરે છે. પરંતુ જ્યારે આધ્યાત્મિક વિકાસ કરીને, સર્વત્યાગના માર્ગને અજવાળીને, તપ આરાધનામાં મગ્ન બનીને પરમપદ મોક્ષને પામે ત્યારે આ આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ જશે. અને પરિભ્રમણ નહિ કરે. આ માટે માનવીએ પ્રયત્નશીલ થવું આવશ્યક છે. આથી આ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે સહેલો સરળ માર્ગ પ્રવજ્યા અંગીકાર કરવાનો છે. તપ અને આરાધનાનો પુરુષાર્થ કરવાનો છે.

આવા ઉત્તમ વિચારો અને આદર્શો સુલસના જાણે અત્યારે વિલીન થઈ ગયા હતા.

ઓહ...! વિધિએ કેવી પરીક્ષા આદરી છે !

વિધિએ કેવી રમત શરૂ કરી છે !

સુલસ...!

તેના ઉત્તમ વિચારો ભસ્મીભૂત થઈ ગયા.

તેના આદર્શો સમીરમાં ઓગળી ગયા.

તેના અતંરમાં કામલાલસાનું પડળ લાગી ગયું. વિષય લોલુપતામાં મગ્ન બનેલા સુલસે પોતાનાં માતા-પિતા તથા સુંદર પત્નીનો ત્યાગ કર્યો એ બધાનો ત્યાગ કરવામાં તેનું હૈયું જરા પણ થડકયું નહિ.

આથી જ સંસાર વિચિત્ર કહ્યો છે.

સમય પાણીના રેલાની જેમ જઈ રહ્યો હતો. સમયની ગતિ વણથંભિત છે. દિવસો જવા લાગ્યા. મહિનાઓ વીતવા લાગ્યા. વર્ષ પર વર્ષ પસાર થવા લાગ્યાં.

આમને આમ સોળ વર્ષ પસાર થઈ ગયાં. સોળ વર્ષ દરમ્યાન સુલસ એકવાર માટે પણ પિતાના ભવન પર ગયો જ નહોતો. સુલસને ગણિકા કામપતાકા જ સર્વસ્વ હતી.

જ્યારે સુભદ્રા પતિના નામની માળા જપીને વિયોગના દિવસો પસાર કરતી હતી. ધૈર્ય અને ધર્મ જ તેના સંગાથી હતા. સ્વામીની પ્રતીક્ષામાં રાતોની રાતો તે જાગરણ કરતી.

વૃષભદત્ત શેઠ અને જિનદેવીએ પોતાના કૃત્યો પર પસ્તાવો કરતાં સોળ વર્ષ પૂરાં કર્યાં.

વૃષભદત્ત શેઠ પથારીવશ થયા હતા. એમને જિનદેવીને કહ્યું : ‘શેઠાણી, તેં સૂચવેલા ઉપાયનું પરિણામ જોયું ને? સોળ વર્ષથી તે પાછો ફર્યો નથી. ગણિકા કામપતાકાની માયાજાળમાં બધું વિસ્મરી ગયો છે. એ પાછો ફરે તેવી આશા રાખવી વ્યર્થ છે.’

‘સ્વામી...’ જિનદેવી વિશેષ કંઈ ન બોલી શકી.

‘પ્રિયે, આપણે હાથે કરીને પુત્રને નર્કાગારમાં ધકેલ્યો છે. આ કેવો અનર્થ થયો, સુભદ્રાનો પતિ છિનવાઈ ગયો. આપણો પુત્ર ગયો. પુત્રનું જીવન નષ્ટ થયું અને આપણું કુળ ડૂબી ગયું. ધનનો નાશ થયો તે તો જુદો જ...’

વૃષભદત્ત શેઠે વધુમાં કહ્યું : ‘દેવી, આ ભવમાં તો આપણને પુત્રના દર્શન થવા અલભ્ય છે. સોળ વર્ષમાં એને બોલાવવા માટે અનેક પ્રયત્નો કર્યા પણ સફળતા ન મળી. હવે એ આવે એવું લાગતું નથી. મારા જીવનનો કોઈ ભરોસો નથી...’

જિનદેવીની આંખમાં આંસુ આવી ગયાં.

જિનદેવીએ સ્વામી સામે જોઈને કહ્યું : ‘સ્વામી, મને વધારે લજ્જિત ન કરશો. મેં જ તેને નર્કાગાર તરફ ધકેલ્યો છે. એવું

પારાવાર દુઃખ છે હવે તો કર્મમાં જે લખ્યું છે તે ભોગવવું જ રહ્યું.'

વૃષભદત્ત શેઠ કશું ન બોલ્યા. જાણે અવાચક બની ગયા.

સુલસ જ્યારથી ભવન છોડીને ગણિકાને ત્યાં રહેવા ચાલ્યો ગયો ત્યારથી આ ભવનમાં વેદનાનાં વાદળ ઊમટી પડયાં હતાં. ભવનમાં ત્રણ હૈયા દુઃખના પરિતાપમાં સેકાતા હતા. તેમના હૈયાને હચમચાવી મૂકતી વેદનાનો કોઈ અંત નહોતો. કોઈ ઉપાય નહોતો.

એક તરફ દુઃખનો પરિતાપ, જ્યારે બીજી તરફ સુલસ ગણિકા કામપતાકાના ભવનમાં સુખ, ભોગવિલાસમાં પરિતૃપ્તિની અનુભૂતિ કરી રહ્યો હતો. ભોગવિલાસની મસ્તીમાં તે પોતાની જાતને પણ વિસરી ચૂકયો હતો.

આનું નામ જ સંસાર...!

વૃષભદત્ત શેઠનો વેપાર તૂટી ગયો હતો. પહેલાં જેવી સાહ્યબી પણ નહોતી રહી. પહેલાં જેટલાં સુખસામગ્રીનાં સાધનો પણ નહોતાં રહ્યાં.

અને એક દિવસ વૃષભદત્ત શેઠનો પ્રાણ દેહને ત્યાગીને અનંત યાત્રાએ વિદાય થયો. વાતાવરણમાં ગંભીરતા છવાઈ ગઈ.

જિનદેવીને સ્વામીના મૃત્યુનો વજ્રઘાત ન ખમાયો. તે પણ ગંભીર માંદગીમાં પટકાયાં. પરોઢિયું થતાં વૃષભદત્તશેઠના નશ્વરદેહને ઉપાડીને પુરુષવર્ગ સ્મશાનભૂમિ તરફ ચાલ્યો.

જ્યારે બધા પુરુષો સ્મશાનેથી પાછા ફર્યા ત્યારે જિનદેવી શેઠાણીનો દેહ પ્રાણ વિનાનો થઈને પડયો હતો.

જાજરમાન સ્ત્રીનો આત્મા સદાય માટે વિદાય લઈ ચૂકયો હતો.

જિનદેવી પણ સ્વામીની પાછળ ચાલી નીકળી.

વાતાવરણમાં ગમગીની છવાઈ ગઈ. સૌના મુખ શોકભર્યા બની ગયા.

બિચારી સુભદ્રા મોઢું ઢાંકીને ધ્રૂસકે ધ્રૂસકે રડી રહી હતી

આંસુ અને શ્વસુર એક સાથે વિદાય લીધી હતી અને જાણે એમ જ થયું કે પોતાની દુનિયા છિનવાઈ ગઈ.

અને...

ફરીથી દેહદહન માટે સ્મશાને જવાની તૈયારી થઈ.

જિનદેવીના નશ્વર દેહને સ્મશાન લઈ જવામાં આવ્યો. દેહદહનની ક્રિયા પૂર્ણ થઈ ત્યારે લોકો વિખરાયા.

બે મહિના પસાર થઈ ગયા.

સુભદ્રા મનથી મક્કમ બનીને એકલા જીવન પસાર કરવાનો નિર્ધાર કર્યો હોય તે રીતે રહેવા લાગી.

આ તરફ સુલસને જાણ સુધ્ધાં પણ ન થઈ કે તેના માતાપિતાએ આ સંસારમાંથી વિદાય લીધી છે. ગણિકા કામપતાકાને ધનની આવશ્યકતા હોય ત્યારે સુલસના ભવન પર સંદેશો મોકલવામાં આવતો અને ધન મેળવાતું હતું.

ગણિકા કામપતાકાએ એક દિવસ એક દાસીને સુલસના પિતાને ત્યાં મોકલી.

ગણિકાની દાસી નીરવ લાગતી હવેલીમાં સુભદ્રાને મળી. હવેલી સાવ સુનકાર ભાસતી હતી.

કામપતાકાની દાસી મેનકાએ સુભદ્રાને કહ્યું : 'દેવી, સુલસ શેઠે ધન મંગાવ્યું છે.'

'ઓહ...! ભવનમાં તો હવે કશું રહ્યું નથી.' સુભદ્રા બોલી. તે સ્વામીની ઇચ્છાની અવગણના કરવા માંગતી નહોતી. આથી તેણીએ હાથની બંગડીઓ, મંગલસૂત્ર અને પગના ઝાંઝરા વગેરે અલંકારો કાઢીને દાસીને આપી દીધાં.

દાસી સુભદ્રાના અલંકારો લઇને ગણિકાભવને આવી અને ગણિકા કામપતાકાની ફોઈએ સુલસની સ્ત્રીના અલંકારો જોયાં, તો તેની અનુભવી આંખોમાં આંસુ આવી ગયાં. તેની સમજમાં બધું આવી ગયું. વૃદ્ધ ફોઈએ કામપતકાને બોલાવીને કહ્યું : 'દીકરી, સુલસની

પત્નીએ તેના અંગ પરના અલંકારો મોકલ્યા છે. આનો અર્થ એવો થયો કે હવે તેના ઘરમાં ધન રહ્યું નથી. ધન લેવાનો તો ગણિકાનો પોતાનો ધર્મ છે. પણ કોઈ સોહાગણના અલંકારો લેવા તે માનવતા વિરુદ્ધ છે. હવે તું આ પુરુષનો ત્યાગ કરી દે. હવે તો તે બરબાદ થઈ ગયો છે.'

કામપતાકાએ ફોઇની વાતનો કોઈ ઉત્તર ન આપ્યો અને તે ચાલી ગઈ. વૃદ્ધ ફોઈએ સુભદ્રાના અલંકારોમાં એક હજાર સુવર્ણ મુદ્રાઓ ઉમેરીને એક પોટકી દાસી દ્વારા મોકલી દીધી.

પરંતુ કામપતાકાની ફોઈને હવે સુલસ કાંટાની જેમ ખટકવા લાગ્યો. ફોઈએ કામપતાકાને ખૂબ સમજાવી પણ કામપતાકા સુલસનો ત્યાગ કરવા માગતી નહોતી.

અને એક દિવસ વૃદ્ધ ફોઈએ સુલસનું હળાહળતું અપમાન કરીને કાઢી મૂક્યો.

સુલસે સોળ સોળ વર્ષના વહાણા વીત્યા પછી ભવનની બહાર પગ મૂક્યો.

રાતનો અંધકાર હતો.

સુલસે પોતાના ભવન તરફ જવા પગ ઉપાડ્યા. તે પોતાના ભવનનો માર્ગ પણ ભૂલી ગયો હતો. માર્ગમાં ચાલતાં એક-બે રાહગીરને પૂછીને તે ચાલતો હતો. પૂછતાં પૂછતાં તે પોતાના ભવનના દ્વાર પાસે આવી પહોંચ્યો. એને ભવન કેમ કહેવાય ? વીતેલા વૈભવની વાતો કહેતું એક ખંડેર હતું. દ્વાર અને દીવાલોમાં તરડ પડી ગઈ હતી. નીરવ શાંતિ ભાસતી હતી.

સુલસે ત્યાંથી પસાર થતા એક માણસને પૂછ્યું : 'ભાઈ, શેઠ વૃષભદત્તનું ભવન આજ છે ને ?'

તે માણસ સુલસની સામે તાકીને જોઈ રહ્યો અને પછી કહ્યું : 'ભાઈ, તમે પરગામના લાગો છો. આ ભવન વૃષભદત્ત શેઠનું જ છે. પણ શેઠ અને શેઠાણી હવે આ દુનિયામાં રહ્યાં નથી. કેવળ પુત્રવધૂ

સુભદ્રા આ ભવનમાં રહે છે.'

આટલું જણાવીને તે માણસ ચાલ્યો ગયો.

પોતાનાં માતાપિતાનો દેહાંત થયો છે તે જાણીને સુલસને ભારે આઘાત લાગ્યો. એને થયું કે નર્કાગારમાં ગળાડૂબ થયેલાં મેં માતા-પિતા ગુમાવ્યાની પણ ખબર રાખી નહિ. ધન ગયું. માતાપિતા ચાલ્યાં ગયાં. કામપતાકાએ મને નિર્ધન થયેલો જાણીને કાઢી મૂક્યો. વેપારીનો પુત્ર છું. પિતાની સંપત્તિ નષ્ટ થઈ છે. અત્યાર સુધી હું તો કંઈ કમાયો જ નથી. હવે તો અઢળક ધન કમાઈશ અને ધન લઈ ને જ સુભદ્રાને મળીશ.'

સુલસ એક પળ પણ ત્યાં ન રોકાયો. તે ઉદ્યાનમાં જઇને એક તાડપત્ર લીધું અને છરી વડે પત્નીને સંબોધીને એક સંદેશો લખ્યો :

'પ્રિય સુભદ્રા, સોળ સોળ વર્ષનાં વહાણાં નર્કાગારમાં પસાર થઈ ગયાં અને હું વિષયલોલુપતામાં સુખ મેળવતો ગયો. માતાપિતાના મૃત્યુના સમાચાર પણ મને પ્રાપ્ત થયા નહિ. ઘરના ધનનો નાશ થયો. હવે હું હંમેશ માટે ગણિકાથી મુક્ત થયો છું. હવે હું સન્માર્ગે વળ્યો છું. આટલા દિવસો સુધી તેં મારી પ્રતીક્ષા કરી હવે થોડા દિવસો મારી પ્રતિક્ષા કરજે. થોડા મહિનાઓમાં વિદેશથી ધન કમાઈને પાછો આવી જઈશ.

—સુલસ.

તાડપત્રમાં સંદેશો અંકિત કરીને સુલસ પિતાના ભવન તરફ ગયો અને દ્વારની તિરાડમાં નાખીને ચાલ્યો ગયો.

*

આ તરફ ગણિકા કામપતાકાને જાણવા મળ્યું કે સુલસ નગરી છોડીને ચાલ્યો ગયો છે. આ સમાચાર એના માટે આઘાત સમા હતા. તે સુલસના વિયોગમાં સાચી પ્રેમિકાની જેમ તડપવા લાગી.

ગણિકા કામપતાકાએ નૃત્ય તથા ગાયન બંધ કરી દીધું. એણે ગણિકાનો વ્યવસાય સદા માટે ત્યાગી દીધો. એક વિવાહિત પત્નીની

જેમ તે સુલસની પ્રતીક્ષા કરવા લાગી.

જ્યારે આ તરફ સુલસે અમરપુર નગરીનો ત્યાગ કરીને આગળ વધ્યો. બીજા દિવસે પણ એણે પ્રવાસ અવિરત ચાલુ જ રાખ્યો. જ્યારે રાત પડી ત્યારે તે એક ઉદ્યાનમાં રાતવાસો કરવા રોકાયો. એક વૃક્ષ નીચે તે આડે પડખે થયો અને વિચારોમાં ગુંથાયો ત્યાં ગઈકાલ સુધી હજુ વૈભવવિલાસમાં આળોટતો આજ ઉદ્યાનના એક વૃક્ષ નીચે એમને એમ સૂઈ રહ્યો છે. સુલસને અનેક વિચારો સતાવતા હતા.

સવાર પડયું.

સુલસની નજર એક તરફ સ્થિર થઈ જતાં તે આશ્ચર્ય પામ્યો. એક ખાખરાના વૃક્ષના મૂળમાં કેટલાક અંકુર ફૂટયા છે.

સુલસને થયું કે ખાખરા અને બીલીના વૃક્ષના મૂળમાં અંકુર ફૂટવા એથી નક્કી થાય છે કે અહીં ધન દાટેલું છે. અંકુર નાના છે એટલે ધન અલ્પમાત્રામાં જ હોવું જોઈએ પરંતુ અહીં ચોક્કસ સુવર્ણ હોવું જોઈએ કારણ કે અંકુરના દૂધનો રંગ સોનેરી છે.

સુલસે શાસ્ત્રોક્ત વિધિથી 'ૐ નમો ધરણેન્દ્રાય' તથા 'ૐ નમો ધનરાય'નો જાપ કરતાં ખોદવાનું શરૂ કર્યું. સુલસે થોડું ખોદ્યું તો તેને એક હજાર સુવર્ણમુદ્રાઓ મળી.

સુલસે તે સુવર્ણમુદ્રાઓ એક વસ્ત્રમાં બાંધી લીધી અને નજીકના નગરમાં ચાલ્યો ગયો. નગરમાં જઈને તે એક વેપારીની હાટડી પર બેસી ગયો. વેપારીની દુકાન પર ગ્રાહકોની મોટી ભીર હતી. સુલસ વેપારીના કામમાં મદદરૂપ થયો. બન્ને વચ્ચે આત્મીયતા બંધાઈ. ભીડ ઓછી થઈ એટલે વેપારીએ સુલસને પૂછયું : 'ભાઈ, તમે ક્યાંથી આવ્યા છો ? કોને ત્યાં જવાનું છે ?'

સુલસે કહ્યું : 'શેઠજી, હું અમરપુરથી આવ્યો છું. આ નગરીમાં તો આપના સિવાય મારું કોઈ પરિચિત નથી...'

સુલસના શબ્દોથી પ્રભાવિત થઈને તે વેપારી એને પોતાના

ઘેર લઈ ગયો. સુલસની આગતાસ્વાગતા કરીને ભોજનાદિથી તૃપ્ત કર્યો.

વેપારીએ સુલસને પૂછયું : 'હવે કહો, અમરપુરથી અહીં શા માટે આવ્યા છો ? હું તમારી શી સેવા કરું ?'

સુલસે કહ્યું : 'શેઠજી, અમરપુરથી હું અહીં વેપાર અર્થે આવ્યો છું. આપ કોઈ સારી દુકાન અપાવી દો, જેથી હું અહીં રહીને વેપાર કરી શકું...'

એમ જ થયું.

બીજા દિવસે વેપારીએ બજારમાં સુલસને એક દુકાન અપાવી દીધી. સુલસે વેપાર શરૂ કર્યો. છ મહિનામાં તેનું ધન બમણું થઈ ગયું.

સુલસનો ઉત્સાહ વધ્યો. તે આ નગરીની દુકાન પાછી સોંપી દઈને સમુદ્રના કિનારે આવેલા તિલકપુર નગરમાં આવીને વેપાર કરવા લાગ્યો.

સુલસ તિલકપુરમાં પણ સારું એવું ધન કમાયો.

સુલસે 'પરિગ્રહ-પરિમાણ'નું વ્રત ધારણ કર્યું નહોતું. તેથી ધન તો અનેકગણું વધી જવા પામ્યું હતું.

સુલસે એકઠા થયેલા ધનમાંથી કરિયાણું ખરીદ્યું અને વહાણ ભર્યું. તે સમુદ્રના માર્ગે રત્નદ્વીપ પહોંચ્યો. ત્યાંના રાજાને કીમતી ભેટ-સોગાદો આપીને તેનું મન જીતી લીધું. સુલસ ત્યાં અઢળક ધન કમાયો. કીમતી રત્નોનો સંગ્રહ કર્યો.

એકાદ મહિનો રત્નદ્વીપમાં રહીને સુલસે પાછા જવાની તૈયારી આદરી. સમુદ્રમાર્ગે તે અમરપુર જવા નીકળી પડચો.

અને...

સુલસે સમુદ્રયાત્રા શરૂ કરી. એનું વહાણ સમુદ્રના ભયંકર મોજાને કાંપતું આગળ વધી રહ્યું હતું. વહાણના તૂતક પર બેસીને સુલસ વિચારવા લાગ્યો કે સાગરના અગાધ જળ ભંડારમાં શું નથી ભર્યું ? સમુદ્રને રત્નાકર કહેવામાં આવે છે. સમુદ્રમાં અસંખ્ય રત્નો ભરેલાં છે. રત્નોની સાથે કાદવ પ્રાણીઓ જેવી વસ્તુઓ પણ છે.

માણસનું હૈયું પણ સાગર જેવું જ છે. માનવના મનમાં લોભ, ક્રોધ જેવા દુર્ગુણો ભરેલા છે. સાથોસાથ દયા, અહિંસા અને ક્ષમા જેવાં રત્નો પણ છે...

સુલસની વિચારધારા ચાલુ હતી, ત્યાં એજ વખતે એનું વહાણ એક અદશ્ય પર્વત સાથે જોરપૂર્વક ટકરાયું. વહાણના ટુકડેટુકડા થઈ ગયા.

સુલસનું ધન અને રત્નો સાગરમાં સમાઈ ગયા. સૌને પોતપોતાના જીવ બચાવવાની પડી હતી. આ તરફ સુલસના હાથમાં એક કાષ્ઠનું પાટિયું આવી ગયું. સુલસ પાટિયાના સહારે કિનારા પર આવી ગયો. કિનારા પર આવતાં જોયું કે સામે જ કેળનું વન છે. તે તરત જ ત્યાં જઈને કેળાં ખાઈને ક્ષુધા શાંત કરી, ઝરણાનું મીઠું પાણી પીધું.

સુલસ આમતેમ ચક્કર લગાવતો હતો ત્યાં એણે કંઈક ચમકતું જોયું. તે નજીક જઈને જોવા લાગ્યો તો પાંચ અતિ મૂલ્યવાન રત્નો હતાં. સુલસે તે પાંચ રત્નો લઈ લીધાં અને સમુદ્રના કિનારે ચાલતાં ચાલતાં તે બેલાકુલ નામના બંદરે આવ્યો.

બેલાકુલ નગરમાં આવીને સુલસે નગરીના ધનાઢય શ્રેષ્ઠી શ્રીસારને મળ્યો. સુલસે શ્રીસાર શ્રેષ્ઠીને બે અમૂલ્ય રત્નો વેચ્યા. સુલસને બે ક્રોટિ સુવર્ણમુદ્રાઓ પ્રાપ્ત થઈ. એમાંથી એણે કરિયાણું ખરીદ્યું. મોટા કાફલા સાથે સુલસ જમીનમાર્ગે અમરપુર જવા નીકળી પડ્યો.

સુલસનો સાર્થ એક ગાઢ વનમાંથી પસાર થઈ રહ્યો હતો. એક નીરાપદ સ્થળ આવતા સુલસનો સાર્થ વિરામ અર્થે રોકાઈ ગયો. ત્યાં એજ વખતે એક લૂંટારા ટોળીએ અચાનક સુલસના સાર્થ પર હુમલો કર્યો. સુલસના સાથીદારો મરાયા. લૂંટારાના સરદારે સુલસને કેદ પકડીને એક લોભી માણસને વેચી દીધો.

સુલસ આવા અણધાર્યા બનાવથી વિચલિત બની ઊઠયો હતો. લોભી માણસે સુલસના વધુ દામ ઉપજે એથી એક લોહીના વેપારીને

ઊંચી કિંમતે વેચી દીધો.

લોહીનો વેપારી માણસનું રક્ત એકત્રિત કરીને તેમાં કિડા ઉત્પન્ન કરતો હતો. એ કિડામાંથી વિશેષ પ્રકારનો રંગ બનતો હતો. જે વસ્ત્રોને રંગવામાં કામ આવતો હતો. તે વેપારી સુલસને પોતાના ઘેર લઈ આવ્યો. તેનું લોહી કાઢીને એક કુંડામાં ભરી લીધું. રક્તવિહીન સુલસને બહાર ઉકરડામાં ફેંકી દીધો. નિર્જીવની જેમ પડેલા સુલસને આકાશમાંથી વિહરતું ભારંડ પક્ષી લઈને ઊડી ગયું.

ભારંડ પક્ષીએ સુલસના દેહને એક પર્વત પર મૂક્યો અને ખાવાની ચેષ્ટા કરવા ગયો ત્યાં બીજું ભારંડ પક્ષી ત્યાં આવી પહોંચ્યું.

બન્ને ભારંડ પક્ષી સુલસના દેહ માટે અરસપરસ લડવા લાગ્યા. એ દરમ્યાન સુલસમાં ચેતના આવી. બન્ને ભારંડ પક્ષીઓને લડતાં જોઈને સુલસ હળવેકથી આગળ સરકી ગયો. આમ માનવ-ભક્ષી ભારંડથી તેનો જીવ બચી જવા પામ્યો.

સુલસ પર્વત પરથી નીચે ઊતર્યો. ત્યાં એક જળાશયમાં પોતાનો દેહ સ્વચ્છ કર્યો. જંગલમાંથી સંરોહિણી નામની ઔષધિ શોધી કાઢી. અને તેણે પોતાના ઘા પર લગાવી.

સુલસ વન્યપ્રદેશ પાર કરીને આગળ વધ્યો. ત્યાં પર્વતની તળેટીમાં કેટલાક માણસો હાથમાં કોદાળી લઈને ખોદી રહ્યા હતા.

સુલસ ત્યાં કામ કરતા માણસો પાસે ગયો અને એકી સાથે ચાર પ્રશ્નો કર્યા.

'આ પર્વતનુ નામ શું છે?'

'નજીકનું ગામ કયું છે?'

'અહીંના રાજવીનું નામ શું છે?'

'કર ઉઘરાવનાર અધિકારી અહીં શું કરે છે?'

સુલસના પ્રશ્નો સાંભળીને લોકો તેની સામે આશ્ચર્યથી જોવા

લાગ્યા. જાણે સુલસ માણસ જ ન હોય. સૌને સુલસના પ્રશ્નોથી નવાઇ લાગી.

કામ કરતાં એક માણસે કહ્યું : 'ભાઈ, તમે જે પ્રશ્નો પૂછ્યા, એ અંગેની જાણકારી મેળવ્યા વિના અહીં સુધી આવ્યા શી રીતે ? કોઈપણ માણસ રાજા અને ગામની જાણકારી મેળવ્યા પછી જ આગળ વધે છે. તમે તો પ્રશ્ન એવી રીતે કરી રહ્યા છો કે જાણે આકાશમાંથી ટપકી પડયા હો...'

ત્યારે સુલસે આછા હાસ્ય સાથે કહ્યું : 'ભાઈ, તમારી વાત સાચી છે. ખરેખર હું આકાશમાંથી ટપકી પડયો છું. વાત જાણે એમ બની કે, હું મારા વિદ્યાધર મિત્રની સાથે વિમાનમાં બેસીને સુમેરું પર્વત જોવા માટે નીકળ્યો હતો. હું અને મારો મિત્ર આકાશ-માર્ગે જઈ રહ્યા હતા. તે વખતે અચાનક વિદ્યાધરના કોઈ દુશ્મને તેના પર હૂમલો કર્યો. બંને એકબીજા સાથે લડવા લાગ્યા. તેમાં હું નીચે પડયો. ઉપરથી પડવાના કારણે મારા શરીર પર ઘા પણ પડયા છે. હવે તો તમે મને મારા પ્રશ્નોના ઉત્તરો આપશોને ?'

કામ કરતાં તે માણસે સુલસના પ્રશ્નોનો ઉત્તર આપતાં કહ્યું : 'ભાઈ, આ દેશનું નામ રોહણ છે. રોહણાચલ પર્વતના કારણે જ આ દેશનું નામ રોહણ પડયું છે અહીં નજીકમાં રત્નપુંજ નામની નગરી આવેલી છે. જે આ દેશની રાજધાની છે. અહીં વજ્રસાર નામનો રાજા રાજ કરે છે. રાજાએ અહીં કર ઉઘરાવનારો અધિકારી રોકયો છે. અમે લોકો કોદાળી વડે પર્વતની તળેટીમાંથી રત્નો કાઢીએ છીએ અને રાજાને કર આપીએ છીએ. મહારાજા વજ્રસારના કરાધિકારી અમારી પાસેથી કર વસુલ કરે છે.'

સુલસે દેશ, નગર અને રાજાની જાણકારી મેળવીને રત્નપુંજ નગરમાં ગયો. રત્નપુંજ નગરમાં તે એક વૃદ્ધ વણિકને ત્યાં રહ્યો. વણિકે તેનો સત્કાર કર્યો, ભાવથી ભોજન કરાવ્યું. સુલસે વૃદ્ધ વણિક પાસેથી અત્યંત ઉપયોગી માહિતી પણ મેળવી લીધી.

સુલસે નકકી કર્યું કે હવે પોતે પણ તળેટીએ ખોદકામ કરવા

જશે. એણે આ વાત વૃદ્ધ વણિકને કરી. વૃદ્ધ વણિકે એને ઓજાર આપ્યું.

આમ સુલસ દરરોજ રોહણાચલની રત્નોથી ભરેલી તળેટીમાં જવા લાગ્યો. સંધ્યા સુધી ખોદકામ કરીને રત્નો એકત્રિત કરતો. કરાધિકારીને કર આપીને બાકીના રત્નો લઈને નગરમાં આવી જતો.

એક દિવસ સુલસનું ભાગ્ય ચમકી ઊઠયું.

સુલસને ખોદકામ કરતા એક અતિમૂલ્યવાન રત્ન મળ્યું. સુલસે તે રત્ન પોતાના વસ્ત્રોમાં સંતાડી દીધું અને બાકીના રત્નોમાંથી રાજાનો ભાગ આપીને તે પોતાના સ્થાને આવ્યો. સુલસને થયું કે હવે અહીં રહેવાની જરૂર નથી. આથી એણે પોતાના આશ્રયદાતા વૃદ્ધ વણિકની આજ્ઞા મેળવીને તે રત્નપુંજથી પૂર્વ દિશા તરફ ચાલવા લાગ્યો. અવિરત પ્રવાસ કરતાં સુલસ શ્રીમત્પત્તન નામના નગરમાં આવી પહોંચ્યો.

સુલસે શ્રીમત્પત્તનમાં એક રત્ન વેચ્યું. એમાં જે ધન પ્રાપ્ત થયું. એનું કરિયાણું લીધું. ગાડામાં કરિયાણું ભરીને તે પોતાની નગરી તરફ જવા નીકળી પડયો. એની પાસે અન્ય રત્નો હતા જે સાચવીને પોતાની પાસે જ રાખ્યા હતા.

સુલસનો સાર્થ વન્યપ્રદેશમાંથી પસાર થઈ રહ્યો હતો. તે વખતે અચાનક દાવાનળમાં ઘેરાઈ ગયા. અગ્નિની મહાજ્વાળામાં સુલસનું ધન તથા અન્ય સામગ્રીઓ બળીને ખાખ થઈ ગઈ. ગમેતેમ કરીને સુલસ ત્યાંથી ભાગી છૂટયો અને પોતાન પ્રાણ બચાવી લીધા.

સુલસ એક ગામમાં આવ્યો.

વિધિએ સુલસની પરીક્ષા કરવામાં જરાય કચાશ કરી નહોતી. સુલસને હજુ કેટલી વિપત્તિઓનો સામનો કરવાનો હતો તેની પોતાને પણ જાણ નહોતી.

# [ ૩ ]

વિપત્તિનાં વાદળોમાં ઘેરાયેલો સુલસ એક પછી એક વિપત્તિનો સામનો કરતો હતો. વન્યપ્રદેશમાં દાવાનળ લાગતાં તેની વસ્તુસામગ્રી અને ધન નષ્ટ થઈ ગયું. તે પોતાનો જીવ બચાવીને માંડમાંડ જંગલમાંથી નીકળી શક્યો.

સુલસ એક ગામમાં આવ્યો. ગામમાં તેને એક પરિવ્રાજકનો ભેટો થયો.

સુલસે પરિવ્રાજકને પ્રણામ કર્યા અને ધરતી પર બેસી ગયો. પરિવ્રાજકે આશ્વાસન આપતાં કહ્યું : 'વત્સ, તમે અત્યંત દુઃખી અને ચિંતિત જણાઓ છો. શું થયું છે ?'

જાણે કોઈ આપ્તજન પૂછી રહ્યું હોય તેમ સુલસને લાગ્યું. સુલસને પરિવ્રાજકના શબ્દોથી માનસિક શાંતિ પ્રાપ્ત થઈ. તે પોતાના મનની વાત પરિવ્રાજકને જણાવવાના હેતુથી કહ્યું : 'ભગવંત, હું ઘણો કમભાગી છું. સફળતા અને નિષ્ફળતા મારા જીવનનાં બે પાસાં બની ગયાં છે. પુરુષાર્થ, ભાગ્ય અને બુદ્ધિથી ધન કમાઉં છું અને તે અણધારી આપત્તિ આવી પડતાં ચાલ્યું જાય છે. આવું વારંવાર બન્યું છે. હું અમરપુર રહેવાશી છું. મારું નામ સુલસ છે. વણિક પુત્ર છું. વારંવાર મળતી અસફળતાથી હું મુંઝાયો છું...હું ધન માટે જ ભટકી રહ્યો છું...'

પરિવ્રાજકે સુલસને ધૈર્ય આપ્યું પછી મધુર સ્વરે કહ્યું : 'વત્સ, ચિંતા ન કરીશ હવે તારા કષ્ટના દિવસો પૂરા થવાની તૈયારીમાં જ છે. હું તને એટલુંબધું ધન આપીશ કે તેની બરોબરી કોઈ કરી શકશે નહિ...'

સુલસ પરિવ્રાજકની સામે આશાભરી દૃષ્ટિથી જોઈ રહ્યો.

સુલસે કહ્યું : 'ભગવન્ મારે બીજું કશું જોઈતું નથી. જેના પર આપની કૃપાદૃષ્ટિ પડે એને શું પ્રાપ્ત થતું નથી ? આપની કૃપા પાસે બધી વસ્તુ તુચ્છ છે.'

ત્યારપછી સુલસ પરિવ્રાજકની સેવામાં વ્યસ્ત થઈ ગયો. પરિવ્રાજકની સેવા કરતાં અનેક દિવસો પસાર થઈ ગયા.

સુલસને વારંવાર મનમાં થતું કે આ તદ્દન ગરીબ પરિવ્રાજક મને ક્યાંથી ધન આપવાનો હતો ?

એક દિવસ પરિવ્રાજકે સુલસને કોઈ ગૃહસ્થાને ત્યાં ભોજન અર્થે મોકલ્યો. સુલસ ભોજન કરીને પાછો ફર્યો અને પરિવ્રાજકની સામે બેસી ગયો. સુલસે પ્રશ્ન કર્યો : 'ભગવન્ મને ધનિક ક્યારે બનાવશો ? કેવી રીતે બનાવશો ? હું આપની કૃપા વરસે તેની આતુરતાથી પ્રતીક્ષા કરી રહ્યો છું.'

પરિવ્રાજક આછું હસ્યો અને કહ્યું : 'વત્સ, તું ચિંતા ન કરીશ. મારી પાસે રસકલ્પનો કૂપ છે. રસકલ્પના એક જ ટીપાથી ઘણું બધું લોઢું સોનું બની જાય છે.'

સુલસ પરિવ્રાજક સામે જોઈ જ રહ્યો.

પરિવ્રાજકે કહ્યું : 'તું મૃત્યુ પામેલી ભેંસની પૂંછડી લઈ આવ. જે દિવસે તું પૂછડી લઈ આવીશ તેના છ મહિના પછી હું તને તુંબડી ભરીને રસકલ્પ આપીશ. બસ, પછી તો તું આ દુનિયાનો સૌથી મોટો ધનિક બની જઈશ.'

સુલસ પરિવ્રાજકની આજ્ઞા મેળવીને તરત જ નીકળી પડચો. અને ભારે પરિશ્રમ કરીને તે મૃત્યુ પામેલી ભેંસની પૂંછડી લઈ આવ્યો. પરિવ્રાજકે છ માસ સુધી તે પૂંછડીને તેલમાં ડૂબાડી રાખી. છ મહિના પછી પરિવ્રાજકે એક હાથમાં કલ્પ પુસ્તક લીધું અને બીજા હાથમાં ભેંસની પૂંછડી લીધી.

પરિવ્રાજકે પોતાની સાથે સુલસને પણ લીધો. સુલસના મસ્તક

પર નાનો ખાટલો, રસ્સી, બે તુંબડી, બલિદાન પાત્ર અને અગ્નિ પાત્ર મૂકયા એ સિવાય અન્ય સામગ્રી સુલસના હાથમાં પકડાવી.

આમ પરિવ્રાજકા અને સુલસ રસકૂપ તરફ ચાલી નીકળ્યા. રસકૂપ તરફ જવાનો માર્ગ એક પર્વતની વચ્ચેથી પસાર થતો હતો. આ માર્ગ બિહામણો હતો. ભલભલાની છાતી ફાટી જાય તેવા ચિત્કારો આ માર્ગે સાંભળવા મળતા. ભૂત, વ્યંતરોનો ભય તો ઝબુકતો જ રહેતો.

પરિવ્રાજક અને સુલસ એક પર્વતની વચ્ચેથી નીકળીને એક ગુફાના દ્વાર પાસે આવી પહોંચ્યા.

ગુફામાં યક્ષરાજની પ્રતિમા હતી.

બન્નેએ યક્ષરાજની પૂજા કરી. પછી બન્ને વનમાં આગળ વધવા લાગ્યા. માર્ગમાં વ્યંતરોનો ભેટો થતો ત્યારે સુલસ તે બધાને બલિપાત્રમાંથી બલિ આપતો. બલિ પ્રાપ્ત થઈ જાય એટલે વ્યંતરો એક બાજુ ખસી જતા.

સુલસની હિંમત જોઈને પરિવ્રાજકને આનંદ થયો. બન્ને ખૂબ ચાલ્યા પછી એક ગુફા દ્વાર જોવામાં આવ્યું. બન્ને તેમાં પ્રવેશ્યા. પરિવ્રાજકે ભેંસની પૂંછડી સળગાવી. અંધકાર ગાઢ હતો, પરંતુ પૂંછડીના પ્રકાશથી બન્ને આગળ વધતા હતા.

આમ બન્ને રસકૂપ પાસે આવી પહોંચ્યા.

પરિવ્રાજકે કહ્યું : 'વત્સ, આપણે નિયમસ્થળે આવી પહોંચ્યા છીએ.'

આટલું કહીને પરિવ્રાજકે ખાટલાના ચાર ખૂણે દોરડું બાંધ્યું. તુંબડી આપીને સુલસને ખાટલા પર બેસાડયો.

પરિવ્રાજકે સુલસને કહ્યું : 'વત્સ, હવે હું આ ખાટલાને રસકૂપમાં ઉતારું છું. નીચે જઈને તુંબડીઓ ભરી લેજે. તુંબડી ભરીને જ્યારે ખાટલા પર બેસી જાય ત્યારે નીચેથી દોરડું હલાવજે હું તને ઉપર ખેંચી લઈશ.'

સુલસ નવકાર મંત્રનો જાપ કરતો રસકૂપમાં નીચે સુધી પહોંચી ગયો. તુંબડી હાથમાં લઈને તે જેવો રસ ભરવા જતો હતો ત્યાં એક અવાજ આવ્યો.

'સબૂર...ઊભા રહેજો...'

આશ્ચર્યમાં ગરકાવ થઈને સુલસ અટકી ગયો.

ફરીને અવાજ આવ્યો : 'સહધર્મીભાઈ, તું જરા પણ ઉતાવળ ના કરીશ પહેલાં મારી વાત શાંતિથી સાંભળી લે. આ રસને હાથ અડાડતો નહિ. આ રસના સ્પર્શથી માણસ કોઢિયો બની જાય છે. મારી જેમ તું પણ જૈનધર્મનો પૂજક છે. તેથી સહધર્મી ભાઈ છો. તું મને તારી તુંબડી આપી દે હું તને ભરી આપું છું...'

સુલસને આનંદ સાથે આશ્ચર્ય પણ થયું. એક તો સહધર્મીએ પોતાને કોઢિયો થતાં બચાવ્યો પણ આશ્ચર્ય તો એ છે કે આ ભાઈ કૂવામાં કેવી રીતે આવ્યા હશે ! સુલસે અદૃશ્ય માણસનો આભાર માન્યો પછી કહ્યું : 'સહધર્મી ભાઈ, હું તને પ્રણામ કરું છું. હું તને જોઈ શકતો નથી. તું કોઈ પણ હોય. મારા પર ઉપકાર કરનાર ભાઈ, જો તું મને તારો પરિચય આપીશ તો મને આનંદ થશે.'

વળી પાછો અવાજ આવ્યો.

'ભાઈ, મારું નામ જિનશેખર છે. હું વિશાલા નગરીનો વણિક છું. વિદેશમાં રહીને હું પુષ્કળ ધન કમાયો. માલથી ભરેલું વહાણ લઈ ને હું સમુદ્રમાર્ગે મારા દેશ તરફ પાછો ફરી રહ્યો હતો. અચાનક સમુદ્રમાં તોફાન થવાના કારણે મારું વહાણ તૂટી ગયું અને એક પાટિયાના સહારે હું કિનારા પર આવ્યો. પર્વતો અને વનોમાં ફરતાં ફરતાં મને આ પરિવ્રાજકનો ભેટો થયો. એ લુચ્ચા પરિવ્રાજકે મને રસકલ્પની લાલચ આપીને મને આ કૂપમાં ઉતાર્યો. તુંબડી ભરીને હું જ્યારે ઉપર કૂવાના મથાળે આવ્યો ત્યારે એણે બન્ને તુંબડી લઈ લીધી અને મને કૂવામાં નાખી દીધો. મારી ધારણા છે કે તે સ્વભાવે અસાધુ છે અને દેખાવે સાધુ છે.'

ત્યાર પછી જિનશેખરના આગ્રહને કારણે સુલસે પોતાનો પરિચય ટૂંકમાં જણાવ્યો.

જિનશેખરે સુલસ પાસેથી બન્ને તુંબડીઓ લીધી અને રસ ભરીને પાછી આપી.

સુલસે અગમચેતી વાપરીને બંને તુંબડીઓ ખાટલાની નીચે બાંધી. પછી ખાટલા પર બેસીને રસ્સી હલાવી. પરિવ્રાજક તરત જ સમજી ગયો કે તુંબડીઓ ભરાઈ ગઈ છે. આથી એણે ખાટલાની રસ્સીઓ ખેંચવા માંડી.

પરિવ્રાજકે કૂવાના મુખ પાસે ખાટલો થંભાવી દીધો અને સુલસ પાસે તંબુડીઓ માગી.

સુલસે તરત જ કહ્યું : ' ભગવન્, તુંબડીઓ તો ખાટલાની નીચે બાંધી છે. પહેલાં તમે મને ઉપર ખેંચી લો પછી આપણે બંને તુંબડી કાઢીશું.'

પરિવ્રાજકના અંતરમાં શંકાનો કીડો ઉત્પન્ન થયો. આથી તેણે પ્રથમ તુંબડી આપવાનો આગ્રહ કર્યો પણ સુલસે ચોખ્ખી ના ભણી દીધી. આથી પરિવાજક ક્રોધે ભરાયો અને સુલસને નીચે ધક્કો માર્યો. પરંતુ સુલસનું ભાગ્ય સારું હતું કે તે નીચે ન પડતાં કૂવાની ફાટમાં ભરાઈ રહ્યો.

સુલસ નવી પરિસ્થિતિનું સર્જન થતાં મુંઝાઈ ગયો એણે તરત જ નવકાર મંત્રના જાપ શરૂ કર્યા. સુલસને પસ્તાવો થયો કે ધનની લાલચમાં હું ક્યાં ફસાઈ પડયો ?

સુલસ ખરા હૃદયથી નવકારના જાપ કરવા લાગ્યો. જાપ કરતાં કરતાં તેનું ચિત્ત સ્થિર બની ગયું.

ત્યાં એને અંતરમાંથી અવાજ સંભળાયો : ' સુલસ, તે શ્રાવકના અગિયાર વ્રત તો ધારણ કર્યા પરંતુ પાંચમું વ્રત પરિગ્રહ પરિમાણનું મહત્ત્વ સમજ્યો નથી. અસ્તમિત પરિગ્રહથી તે વિરક્તિ ન લીધી તેનું આ પરિણામ છે. જો પરિગ્રહમાં મર્યાદા રાખી હોત તો આવી

વિપત્તિઓ ન આવત. સંકટો ન આવતા. હવે તો જે થયું તે બધું ભૂલી જા અને ભાવિનો વિચાર કર...તું ઉપવાસ કરીને પ્રાણનો ત્યાગ કર...કારણ કે હવે તું મોતના મુખમાં છો. મૃત્યુ ઉજ્જવળ બને તેવો પ્રયત્ન કર...'

સુલસે અંતરના અવાજ પ્રમાણે આચરણ કરવા તૈયાર થયો ત્યાં જિનશેખર તેને રોક્યો. સુલસે પોતાના અંતરની વાત જણાવી.

જિનશેખરે મધુર સ્વરે કહ્યું : ' મિત્ર, હમણાં થોભી જાઓ. ચરિત્ર ધારણ કરવાની ઉતાવળ ન કરશો. હજુ તો તમે ઘણું જીવવાના છો. હું તમને કૂવામાંથી બહાર નીકળવાનો ઉપાય બતાવું છું. ક્યારેક ક્યારેક અહીં એક મોટી ગરોળી આ કૂવામાં રસ પીવા માટે આવે છે. તે ગરોળી રસ પીને જેવી પાછી વળે તે વખતે તેની પૂંછડી પકડીને તમે બહાર નીકળી જજો...'

સુલસે જિનશેખરની વાત બરાબર સાંભળી લીધી.

ત્યાં થોડી વાર રહીને જિનશેખરે કહ્યું : ' ભાઈ સુલસ, હવે મારું મૃત્યુ નજીક છે. તેથી તમે મને આરાધના કરાવો...'

જિનશેખરની ધાર્મિક ભાવના જોઈને સુલસ અત્યંત આનંદિત થયો. પોતાનું પરમ કર્તવ્ય સમજીને સુલસે તેને સદ્દગતિ કરાવવાના હેતુથી જિનશેખરને ધર્મારાધના કરાવી.

સુલસે તરત જ ત્રણ વાર નવકાર બોલીને ચાર ચરણ જિનશેખરને સંભળાવ્યા. પાંચ પદની વ્યાખ્યા કરીને તેનું સ્મરણ કરાવ્યું. સુલસે ચોર્યાસી લાખ જીવ યોનિની ક્ષમાયાચના કરાવી તથા વ્રતનો ત્યાગ કરવાથી લાગેલા દોષો માટે ' મિચ્છામિ દુકકડં કરાવ્યું.

જિનશેખરના અંતરમાં ધર્મનું ગીત જ ગુંજતું હતું.

જિનશેખરે આત્માને નિર્મળ બનાવ્યો. દરેક જીવ પ્રત્યે સમતાભાવ કેળવ્યો અને પંચ પરમેષ્ઠિનું ધ્યાન ધર્યું. જિનશેખરે સમાધિભાવ ધારણ કર્યા. તરત જ ઉપવાસનું વ્રત લઈને નવકારમંત્રના

જાપ આરંભી દીધા. શુભ ધ્યાનમાં પ્રાણનો ત્યાગ કરીને જિનશેખર આઠમા દેવલોકમાં દેવ બન્યો.

જિનશેખરના મૃત્યુથી સુલસને આઘાત લાગ્યો. અલ્પ પરિચયનો સાથી ચાલ્યા જવાનો રંજ વિશેષ લાગ્યો. સુલસની આંખોમાંથી આંસુ સરવા લાગ્યા.

એ જ વખતે ત્યાં ગરોળી રસ પીવા માટે આવી. ગરોળી રસ પીને જેવી પાછી વળી કે સુલસે તેની પૂંછડી કચકચાવીને પકડી લીધી અને સુલસ કૂવાના મથાળે આવી ગયો. ઉપર આવતાં તેના હાથ-પગ, ગોઠણ છોલાઈ ગયા હતા. પરંતુ એણે એની પરવા ન કીધી. તે અનિશ્ચિત દિશામાં આગળ વધવા લાગ્યો.

માણસ પોતાના પુરુષાર્થ અને યુક્તિથી એક વિપત્તિમાંથી મુક્તિ મેળવે છે ત્યાં બીજું સંકટ તેની પ્રતીક્ષા કરતું સામે આવીને ઊભું રહે છે.

સુલસના જીવનમાં વિપત્તિઓની જાણે હારમાળા સર્જાઈ હતી.

સુલસ કોઈ પણ જાતના હેતુ વિના આગળ વધી રહ્યો હતો. પોતે ક્યાં જશે? હવે શું કરશે? કોઈ પણ જાતના વિચારો કર્યા વગર તે આગળ વધી રહ્યો હતો.

ત્યાં જ એના માથે સંકટ આવી પડ્યું. એક ભયંકર અને પાગલ બનેલો હાથી તેની પાછળ પડ્યો. સુલસ જીવ બચાવવા આમતેમ નાસવા લાગ્યો. પણ શ્રમિત થયેલો સુલસ હાથીની પક્કડમાં આવી ગયો. ભયંકર લાગતાં હાથીએ સુલસને સુંઢમાં પકડીને ઉપર ફેંક્યો. જો નીચે પડ્યો હોત તો તેનાં બધાં વર્ષો પૂરાં થઈ જાત પણ હજુ તેનું જીવન બાકી હતું તેથી તે એક વૃક્ષની ડાળીમાં ભરાઈ ગયો. હાથી એટલો ક્રોધી થયો હતો કે તે વૃક્ષની નીચે બેસીને સુલસના નીચે ઉતારવાની પ્રતીક્ષા કરવા લાગ્યો.

સંજોગોવશાત તે જ વખતે ત્યાં એક સિંહ આવી ચડ્યો. સિંહની દૃષ્ટિ હાથી પર પડી અને સિંહે હાથી પર આક્રમણ કર્યું.

સિંહ તથા હાથી વચ્ચેની લડાઈમાં હાથી મૃત્યુને શરણ થયો. ત્યાં વાઘ એકાએક ધસી આવ્યો. હાથીને આરોગવા માટે સિંહ અને વાઘ વચ્ચે ભારે લડાઈ જામી પડી. એટલામાં રાત પડી ત્યાં વૃક્ષ પર એક મણિનો પ્રકાશ ઝગમગવા લાગ્યો. મણિના પ્રકાશથી ભયભીત થઈને સિંહ અને વાઘ બંને જંગલમાં ભાગી ગયા.

સુલસ પ્રકાશ તરફ આકર્ષિત થયો. સુલસે જોયું કે વૃક્ષની એક ડાળી પર મણિ ચમકતો હતો. ત્યાં નજીકમાં જ સાપની કાંચળી પડી હતી. સુલસ ખૂબ જ સાવધાનીથી વૃક્ષની ડાળી તરફ આગળ વધ્યો અને મણિ લઈ લીધો. તેને થયું કે આ મણિ ઝેરી સાપનો છે. સુલસ મણિના દિવ્ય તેજમાં જંગલ પસાર કરવા લાગ્યો.

સાત દિવસના અવિરત પ્રવાસ બાદ સુલસે વન્યપ્રદેશ પસાર કર્યું. ગાઢ જંગલ પૂરું થતાં જ તેને એક પર્વત પર પ્રકાશ દેખાયો.

સુલસે પર્વત સામે જોયું તો તેજોમય પ્રકાશ દેખાયો. મનમાં આશ્ચર્ય દાબીને સુલસે પર્વત ચડવા લાગ્યો. ત્રણ ઘટિકા બાદ તે પર્વત પર પહોંચી ગયો.

સુલસે જોયું તો કેટલાક ધાતુશાસ્ત્રીઓ સુવર્ણ બનાવવા માટે રાસાયણિક પ્રયોગ કરતાં હતા.

સુલસને જોઈને રસાયણ પ્રયોગ કરતાં ધાતુશાસ્ત્રીઓને નવાઈ લાગી અને તેનો પરિચય પૂછ્યો. સુલસે પોતાનો સત્ય પરિચય અને થોડા દિવસો અહીં મુકામ કરવાની ઇચ્છા પણ પ્રગટ કરી. ધાતુશાસ્ત્રીઓએ એ અંગે જરા પણ આનાકાની ન કરી.

આમ સુલસ ધાતુશાસ્ત્રીઓ સાથે રહેવા લાગ્યો. સુલસને મનમાં હતું કે ધાતુશાસ્ત્રીઓ સુવર્ણ બનાવવાનો રાસાયણિક પ્રયોગ શિખવશે પરંતુ તેમ બન્યું નહિ.

સુલસે મનમાં સુવર્ણ બનાવવાની રીત શીખવાની જે કામના સેવી હતી તેના પર પાણી ફરી વળ્યું. સુલસ નિરાશ થયો.

એમાંય ધાતુશાસ્ત્રીઓએ બીજુ દુષ્ટ કૃત્ય એવું કર્યું કે જ્યારે સુલસ નિદ્રાધીન થયો ત્યારે તેના વસ્ત્રના છેડામાંથી ઝેર ચુસી લેનારો સર્પમણિ પણ લઈ લીધો અને તેની જગ્યાએ એક પથ્થર બાંધી દીધો. સુલસને આ બાબતની જરા સરખી ગંધ પણ ન આવી.

થોડા દિવસોના વ્યવહાર બાદ સુલસને થયું કે ધાતુશાસ્ત્રીઓ સાથે રહેવાથી કશું વળે તેમ નથી. એ લોકો કશું શીખવાડે તેમ નથી એમ માનીને તે ત્યાંથી ચાલી નીકળ્યો.

સુલસ ચાલતાં ચાલતાં અટવશીર્ષ નામના નગરમાં આવી પહોંચ્યો.

અટવશીર્ષ નગરમાં ફરતાં ફરતાં સુલસને મનમાં થયું કે વિષહર સર્પમણિ વેચીને કંઈક અનાજ મેળવું. આથી તેણે પોતાના વસ્ત્રનો છેડો છોડયો તો તેમાંથી પથ્થરનો ટૂકડો મળ્યો.

સુલસ પોતાના ભાગ્યને દોષ દેતો મસ્તક પકડીને બેસી ગયો.

વિધિએ ખરેખર ગજબની રમત આદરી હતી.

હવે સુલસ પૂરેપૂરો નિરાશ થઇ ગયો.

સુલસ અત્યાર સુધી આશાના સહારે જ વિપત્તિઓનો સામનો સહન કરતો આવ્યો હતો પણ હવે જ્યારે આશા જ ઠગારી નીવડી હતી ત્યાં એને જીવવામાં કઈ રીતે રસ ઉત્પન્ન થાય ? સુલસને હવે જીવન દોઝખ જેવું થઈ પડ્યું હતું.

સુલસે વિચાર્યું કે ડગલે ને પગલે નિરાશા અને વિપત્તિ જ મને મળ્યા કરે છે. પુરુષાર્થ કરવા છતાં નિષ્ફળતા જ મળે છે. જ્યાં જાઉં ત્યાં મારા માટે વિપત્તિ તૈયાર જ હોય...! આ બધા મારા પૂર્વજન્મના કર્મોના દોષ છે.

મારા ભાગ્યમાં હવે સુખ અને સફળતા નથી. આવુ જીવન જીવીને શું કરવું ?

મૃત્યુ. હા, મૃત્યુ જ અપૂર્વ શાંતિ આપશે.

હા, કાળીચૌદશના દિવસે હું મારો નાશવંત દેહ ભૂત-પ્રેતને ભેટ ધરી દઈશ અને હંમેશ માટે મૃત્યુના ખોળે પોઢી જઈશ.

થોડા દિવસો બાદ કાળીચૌદશનો દિવસ આવ્યો.

રાત પડી.

સુલસ તેના ભાગ્યને કોસતો સ્મશાનમાં આવ્યો. એની આંખોમાં આંસુની ધારા હતી.

સ્મશાનમાં એક વૃક્ષ નીચે બેસીને સુલસ નવકાર મંત્રનું આરાધન કરવા લાગ્યો.

રાત્રીનો બીજો પ્રહર શરૂ થયો.

સુલસ ધ્યાનમાંથી જાગૃત થયો અને મોટેથી બૂમ પાડી : 'સ્મશાનમાં સ્થિત વ્યંતરો,ભૂત–પ્રેત આદિ બધાં મારી વાત સાંભળો... હું મારો દેહ તમને સોંપવા માગું છું, તમે લોકો મારા શરીરનું ભક્ષણ કરીને તૃપ્ત થાઓ અને મને આ જીવનમાંથી મુક્ત કરવા માટે મારા પર કૃપા વરસાવો...'

સુલસની વાત સાંભળીને ભૂત–પ્રેત તથા વ્યંતરો આદિ તેની સામે આવ્યા. ભૂત–પ્રેતોએ ભયાનક અટ્ટહાસ્ય કર્યું. તેઓ બોલ્યા :

'હે મહા ભાગ્યશાળી, તમે આનંદથી અને વિરક્ત ભાવથી તમારો દેહ અમને સોંપવા માગતા હો તો સૂઈ જાઓ. અમે તમારા શરીરનું ભક્ષણ કરીશું.'

ભૂત-પ્રેતોની વાત સાંભળીને સુલસ તરત જ ખુલ્લી જમીન પર સૂઈ ગયો.

ભૂત–પ્રેત વગેરે સુલસના દેહ તરફ આગળ વધ્યા કે તરત જ ત્યાં એક દેવ પ્રગટ થયો.

દેવને જોતાં જ ભૂત–પ્રેત ડરના માર્યા ભાગી ગયા.

દેવે સુલસને બેઠો કર્યો.

પ્રગટ થયેલા દેવે કહ્યું : 'ભાઇ સુલસ, હું તમારો મિત્ર જિનેશ્વર દેવ છું. તમે મારા ગુરૂ છો. તમે મારા મૃત્યુ સમયે ધર્મ આરાધના કરાવી હતી. જેના ફળ સ્વરૂપે હું આઠમા દેવલોકમાં દેવ થયો. મારા ગુરૂ અને મારા મિત્ર ! જિનધર્મી હોવા છતાં તમે

આત્મહત્યાનો માર્ગ લીધો. તેનું મને અપાર દુઃખ છે.'

સુલસે દેવને પ્રણામ કર્યા.

બન્ને એકબીજાને મળીને અત્યંત ખુશ થયા.

જિનશેખર દેવે કહ્યું : 'મિત્ર સુલસ, મને કહો, હું તમારી કંઈ મનોકામના પૂર્ણ કરું ?'

પરંતુ સુલસ સ્વમાની હતો. કોઈની સામે હાથ ફેલાવવાનું પસંદ નહોતું.

સુલસે જિનશેખર દેવને કહ્યું : 'હે દેવ, તમારા દર્શનથી મારા તમામ દુઃખો દૂર થઈ ગયા. તમે મને એટલું જણાવો કે મારા માર્ગમાં અંતરાય બનતાં કર્મોનો નાશ થયો કે નહિ. જો મારા અંતરાય કર્મો નાશ પામ્યા હોય તો હું હવે પ્રવજ્યા ગ્રહણ કરવા ઇચ્છું છું...'

જિનશેખરદેવે પોતાના અવધિ જ્ઞાનથી જાણીને કહ્યું : 'મિત્ર સુલસ, તમારા મોટાભાગના અંતરાય કર્મો નષ્ટ થયા છે. છતાં પણ તેનો અંશ બાકી છે. તમે હમણા પ્રવજ્યા અંગીકાર કરશો નહિ. યોગ્ય સમયે દીક્ષા લેજો...'

સુલસની નિસ્પૃહવૃત્તિ જોઈને જિનશેખર દેવે પોતાના તરફથી સુવર્ણ, મણિ, મોતી, વસ્ત્રો વગેરે અનેક મૂલ્યવાન સામગ્રીઓ સુલસને આપી.

સુલસે મિત્રભાવે દરેક વસ્તુઓનો સ્વીકાર કર્યો.

સુલસે જિનશેખર દેવની સામે જોઈને કહ્યું : 'મિત્ર, હવે મારા પર એક બીજી કૃપા વરસાવો...આ બધા સામાન સાથે મને અમરાપુર પહોંચાડી દો...મારું મન સુભદ્રાને મળવા માટે ખૂબ જ ઉત્સુક બન્યું છે. હું મારી રીતે ત્યાં પહોંચી શકું તેવું લાગતું નથી અને તાકાત પણ રહી નથી...'

જિનશેખરદેવે પલકવારમાં સુલસને તેની સામગ્રીઓ સાથે અમરપુર પહોંચાડી દીધો.

*

આ તરફ જ્યારથી સુલસે અમરપુરનગરનો ત્યાગ કર્યો ત્યારથી રાજા અમરસેન પણ સુલસ અંગે ચિંતાતુર રહેતા હતા. એનું કારણ એ હતું કે રાજા અમરસેન સમ્યકત્વી, શ્રાવકના બાર વ્રતને ધારણ કરનાર તથા જૈનધર્મના ચુસ્ત અનુયાયી હતો.

મહારાજા અમરસેન સુલસના પિતા વૃષભદત્તશેઠ પ્રત્યે માનભરી દૃષ્ટિથી જોતા હતા. મહારાજા અમરસેનને સુલસ પર અપૂર્વ સ્નેહ હતો.

સુલસે જ્યારે ગણિકા કામપતાકાનું ભવન છોડયું ત્યારે ભદ્રાને સુલસના દર્શન થયા નહિ. માત્ર સ્વામીનો સંદેશો જ મળ્યો હતો. સોળ સોળ વર્ષ સુધી સુલસના સાંનિધ્યમાં રહેલી કામપતાકાએ નૃત્ય, ગાયન બંધ કરીને પતિવ્રતા સ્ત્રીની જેમ જીવન વિતાવવું શરૂ કર્યું. કામપતાકા સુલસને પોતાનું જીવન સમર્પી ચૂકી હતી. તે શ્વેત વસ્ત્રો ધારણ કરીને સુલસની પ્રતીક્ષામાં દિવસો પસાર કરતી હતી. છેલ્લા ઘણા દિવસોથી તે સુભદ્રા સાથે મિત્રભાવે રહેતી હતી. બન્નેનું દુઃખ સરખું જ હતું.

ત્યાં અચાનક સુલસના આગમનના સમાચાર અમરપુરમાં પ્રસરી ગયા.

રાજા અમરસેને સુલસનું ભવ્ય રીતે સ્વાગત થાય તે માટેની તૈયારી આરંભી.

અમરપુરનગરીમાં વાયુવેગે વૃષભદત્ત શેઠના પુત્રના આગમનના સમાચાર પ્રસરી ગયા અને મહારાજા પોતે તેનું સ્વાગત કરવા જઈ રહ્યા છે એ જાણીને નગરજનો નગરીના પાદરમાં ઊમટી પડયા. લોકોના હૈયામાં સુલસને જોવાની ઉત્કંઠા બળવત્તર બની હતી.

મહારાજા અમરસેન, રાજપરિવાર, મંત્રીગણ તથા રાજ્યના કર્મચારીઓ નગર બહારના ઉદ્યાનમાં પહોંચી ગયા.

મહારાજા અમરસેન સુલસને ભાવથી ભેટી પડયા.

સુલસ મહારાજ અમરસેનનો પ્રેમ જોઈને ભાવવિભોર બની ઊઠયો. સુભદ્રા અને કામપતાકા આવી નહોતી.

મહામંત્રીએ તત્કાળ શોભાયાત્રાનો બંદોબસ્ત કર્યો.

સૌથી અગ્રસ્થાને રાજ્યની વાદ્યમંડળી ગોઠવાઈ. વાદ્યમંડળીઓ માંગલિક સૂરો વાતાવરણમાં રેલાવા શરૂ કર્યાં.

ત્યારબાદ નગરજનોનો સમુદાય ગોઠવવામાં આવ્યો. એ પછી મહારાજા અમરસેનનો રથ મૂકવામાં આવ્યો. સુલસ મહારાજાની સાથે જ રથમાં બેસી ગયો.

શોભાયાત્રા શરૂ થઈ.

નગર વચ્ચેથી શોભાયાત્રા પસાર થઈ ને વૃષભદત્ત શેઠના ભવન પાસે શોભાયાત્રા પૂરી થઈ.

વૃષભદત્ત શેઠના ભવનના દ્વાર પાસે સુભદ્રા અને કામપતાકા સાદા વસ્ત્રોમાં ઊભાં હતા. દૂરથી સ્વામીને જોઈ ને બન્નેના હૈયા આનંદથી પ્રસન્ન બન્યાં.

સતી સુભદ્રાનું તપ આજ સફળ થયું.

જ્યારે કામપતાકાનો ઉત્કૃષ્ટ પ્રેમ આજ સફળ થયો.

બન્ને સ્ત્રીઓએ સ્વામીનું પ્રસન્ન મનથી સ્વાગત કર્યું. મહારાજા અમરસેન પોતે સુલસને તેના ભવનમાં મૂકી ગયા. ત્યાર પછી મહારાજા અમરસેન અને રાજપરિવાર પોતાના ભવન તરફ વિદાય થયો. શોભાયાત્રા પૂર્ણ થયે સૌ પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

એ દિવસે સુલસને મળવા આવનારાઓની સંખ્યા ખૂબ જ રહી આથી સુલસ સુભદ્રા અને કામપતાકાની સાથે બે પળ માટે પણ વાત કરી શક્યો નહોતો. મુલાકાતીઓનો દોર મોડી રાત સુધી અવિરતપણે ચાલુ રહ્યો હતો.

એ રાતે એક ખંડમાં સુલસ, સુભદ્રા અને કામપતાકા આસન પર બેસીને વાતો કરી. આખી રાત ક્યાં પસાર થઈ ગઈ તેની ત્રણેય-માંથી કોઈને ખબર ન રહી.

સુલસે બન્ને પત્નીઓને પોતાનો અનુભવ જણાવ્યો. માથે આવેલી વિપત્તિઓ અને તેનો સામનો શી રીતે કર્યો તેની વાત કરી.

આમ દિવસો પસાર થવા લાગ્યા.

સુલસ, સુભદ્રા અને કામપતાકા સાથે આનંદથી દિવસો પસાર કરવા લાગ્યો.

સુલસ પુનઃ ધર્માનુરાગી થઈ ગયો. તે સાદાઈથી જીવન વ્યતીત કરવા લાગ્યો.

સુલસે શ્રાવકનું પાંચમું વ્રત 'પરિગ્રહ પરિણામ' પણ ધારણ કરી લીધું. આથી હવે તે ગૃહસ્થ ધર્મના બાર વ્રતોને ધારણ કરનાર શ્રમણોપાસક શ્રાવક હતો.

જિનશેખર દેવ દ્વારા આપેલા ધનથી સુલસના દિવસો આનંદથી પસાર થતા હતા. પરંતુ આવકનું કોઈ સાધન નહોતું. સુલસે વેપાર પણ શરૂ કર્યો નહોતો. આથી એક દિવસ દેવે આપેલું ધન પણ પૂરું થઈ ગયું.

અને ધનના અભાવે સુલસના દિવસો ફરીને દુઃખમાં પરિવર્તિત થયા.

અવધિ જ્ઞાનથી જિનશેખરદેવે સુલસની મુશ્કેલી જાણી લીધી આથી જિનશેખરદેવ તરત જ સુલસના ભવન પર સુવર્ણની વર્ષા કરી અને કહ્યું : 'ભાઈ સુલસ, હવે કદાચ તમને ધનની ખોટ પડશે નહિ...'

પરંતુ સુલસે પરિગ્રહ પરિમાણનું વ્રત ધારણ કર્યું હતું તેથી તેણે નિસ્પૃહ બનીને કહ્યું : 'દેવ, તમે આ માયાને સમેટી લો... આટલાબધા ધનને શું કરું ? એક દિવસ એવો હતો કે જ્યારે મારે કોઈ મર્યાદા નહોતી. ત્યારે અનંત ધન મેળવવાની લાલસા પણ હતી. હવે જરૂર જેટલું જ જોઈએ બાકીનું લઈ લો...'

સુલસની આ નિસ્પૃહતા જોઈને જિનશેખર દેવ અત્યંત ખુશ થયા અને સુલસની ભાવનાને પ્રોત્સાહિત કરતાં કહ્યું : 'સુલસ, ધન્ય છે તમને, તમારા વિચારોને, પરિગ્રહની મર્યાદા બાંધીને તમે શ્રેષ્ઠ કાર્ય કર્યું છે. જેમ જેમ માનવીનો લોભ ઘટવા લાગે છે તેમ તેમ ક્રિયા પણ ઘટે છે. ક્રિયાની અલ્પતામાં જ પરમ સુખ અને ધર્મમાં વધારો થાય છે.'

આટલું કહીને જિનશેખરદેવ અદૃશ્ય થઈ ગયા.

સુલસ પહેલાંની જેમ જ સુખમાં પણ ધર્મનું પાલન કરતાં કરતાં દિવસો પસાર કરવા લાગ્યો.

એક દિવસ એવું બન્યું કે સંધ્યા સમયે સુલસ નગરના ઉદ્યાનમાં ગયો અને બગીચામાં રહેલા છૂપા ખજાનાની તેને જાણ થઈ. તે ખજાનાનું રહસ્ય રાજના કર્મચારીઓ જાણતા હતા સુલસ નિસ્પૃહ ભાવથી ખજાનાને જોયો ના જોયો કરીને આગળ વધ્યો.

આથી રાજકર્મચારીઓને થયું કે અમારી ઉપસ્થિતિના કારણે જ આ માણસ ખજાના તરફ દૃષ્ટિપાત કર્યા વિના આગળ ચાલ્યો જાય છે. આપણે જતા રહેશું પછી તે જરૂર ખજાનો મેળવવા આવશે. તેથી આપણે છૂપાઈ ને તેની પ્રવૃત્તિ નિહાળવી પડશે.

રાજના કર્મચારીઓ ત્યાં આજુબાજુમાં જ છૂપાઈ ગયા. બીજા દિવસે દરરોજની જેમ સુલસ ઉદ્યાનમાં ટહેલવા માટે આવ્યો અને ખજાના પ્રતિ બેદરકાર રહીને આગળ વધ્યો.

રાજકર્મચારીઓ આ બધી ખબર બરાબર રીતે રાખતા હતા.

પરંતુ સુલસ દરરોજ ખજાના પાસેથી પસાર થતો પણ કશી દરકાર કરતો નહિ અને થોડા દિવસો પછી તો સુલસે તે ઉદ્યાનમાં આવવાનું જ બંધ કર્યું. ખજાના તરફ તો તે જતો જ નહિ.

રાજના માણસોએ સમગ્ર હકીકત મહારાજા અમરસેનને કહી સંભળાવી અને કહ્યું પણ ખરું કે તે માણસ અન્ય કોઈ નહિ પરંતુ વૃષભદત્ત શેઠનો પુત્ર સુલસ છે.

મહારાજા અમરસેનને સુલસના આવા વર્તનથી ભારે આશ્ચર્ય થયું.

તરત જ એક સેવકને સુલસના ભવન પર મોકલીને તત્કાળ આવી જવાનો સંદેશો મોકલ્યો.

સુલસ તરત જ સેવકની સાથે મહારાજા અમરસેન સમક્ષ ઉપસ્થિત થઈ ગયો.

મહારાજા અમરસેને સુલસને સીધું જ પૂછ્યું : 'સુલસ, તું

નગરના ઉદ્યાનમાં જાય છે પણ થોડા દિવસોથી તે તારો માર્ગ બદલાવી કેમ દીધો ?'

'બસ... એમ જ...'

'નગરના ઉદ્યાનમાં ખજાનો છે એ તું જાણતો હોવા છતાં તેને જોયો ના જોયો કેમ કરી દીધો ? તું તો વણિકપુત્ર છે. ધનથી મુખ કેમ ફેરવી લીધું ?'

સુલસે મહારાજા સામે જોઈ ને વિનયપૂર્વક કહ્યું : 'મહારાજ, શ્રાવકના પાંચમા વ્રત પરિગ્રહ પરિમાણને ધારણ ન કરનારની લાલસા અનંતગણી હોય છે. મેં તો શ્રાવકના બાર વ્રત ધારણ કર્યા છે. પાંચમા વ્રત પ્રમાણે હવે મને ધનની આવશ્યકતા નથી. મારી પાસે મારા ખપપૂરતું ધન છે. તો પછી વ્રતનો ભંગ કરીને એ ખજાનાને હાથ શા માટે લગાડું ? આથી મેં એ રસ્તેથી જવાનું જ બંધ કર્યું.'

ધર્મના આરાધક રાજા અમરસેન સુલસનો ઉત્તર સાંભળીને અત્યંત પ્રભાવિત થયા તેમજ સુલસની ધર્મનિષ્ઠા, નિયમપાલનની ચુસ્તતા અને નિસ્પૃહતા જોઈને રાજાએ તેને અતિ આગ્રહ કરીને પોતાના કોષાગારનો અધ્યક્ષ બનાવી દીધો. મહારાજા અમરસેનની ઇચ્છાને વશ થઈ ને સુલસ કોષાધ્યક્ષ થયો.

રાજદરબારમાં સુલસના માનપાન વધી ગયા. મહારાજા અમરસેન અને સુલસ વચ્ચે સંબંધો ગાઢ બન્યા.

દિવસો પસાર થવા લાગ્યા.

એક વાર અમરપુરનગરી બહારના ઉદ્યાનમાં ચાર ગુણોના ધારક ત્રિકાળદર્શી મુનિ અમરચંદ્ર પધાર્યા.

ઉદ્યાનના માળીએ તત્કાળ આ સમાચાર મહારાજાને આપ્યા. રાજાએ તરત જ પોતાના કંઠમાંથી મૂલ્યવાન માળા કાઢીને માળીને સહર્ષ આપી.

અમરપુરનગરમાં વાયુ વેગે સમાચાર પ્રસરી ગયા કે મુનિરાજ શ્રી અમરચંદ્ર નગર બહારના ઉદ્યાનમાં બિરાજ્યા છે. નગરજનો

પણ દર્શન અર્થે જવા લાગ્યા.

મુનિવર ભગવંત દરરોજ એકત્રિત નગરજનોને ધર્મોપદેશ આપતાં અને સંસારની અસારતા સમજાવતા.

સુલસ પણ દરરોજ મુનિવરની વાણી સાંભળવા માટે અને વંદન કરવા માટે આવતો.

એક દિવસ સુલસે મુનિ ભગવંત સમક્ષ પોતાની જિજ્ઞાસા પ્રગટ કરી.

'ભગવંત, હું આ નગરી છોડીને ધન કમાવવા અર્થે નીકળી પડ્યો ત્યારે બુદ્ધિ, ભાગ્ય અને પુરુષાર્થની મદદથી મેં અપાર ધન મેળવ્યું પણ ધન જેવું હાથમાં આવે એવું તરત જ હાથમાંથી ચાલ્યું જતું. અનેકવાર ધન પ્રાપ્ત કર્યું અને દરેક વખતે લક્ષ્મી મારા હાથમાં આવતા ચાલી જતી. પ્રભુ, પૂર્વ જન્મમાં મેં એવાં કેવાં ખરાબ કૃત્યો કર્યાં છે કે અધિકારથી મેળવેલું ધન ગુમાવવું પડતું હતું ?'

મુનિ ભગવંત અમરચંદ્રે આછા હાસ્ય સાથે કહ્યું : 'વત્સ સુલસ, તું તારા જન્મનો વૃતાંત સાંભળીશ એટલે તારી જિજ્ઞાસા શાંત થઈ જશે. દરેકે પોતે કરેલા કર્મોનું ફળ ભોગવવું જ પડે છે.'

આમ કહીને મુનિરાજે સુલસના પૂર્વજન્મનો વૃતાંત સંભળાવવાનું શરૂ કર્યું :–

'વત્સ સુલસ, તામ્રાકાર નામના નગરમાં તારાચંદ નામનો એક કૃષિકાર રહેતો હતો. તારાચંદ દાનેશ્વરી હતો. તે સાધુ–સંતો તથા યાચકોને છુટ્ટા હાથે દાન આપતો હતો. સાધુ–સંતો તો નિંદા અને પ્રશંસાથી દૂર રહીને પોતાની સાધનામાં જ મગ્ન રહેતા હતા.

સાધુ મહાત્માઓ પોતાની થતી નિંદાથી ક્રોધી થતા નથી તેમજ પ્રશંસાથી પીગળી જતા નથી. તેઓ સમતા ભાવમાં રહીને ધર્મધ્યાન કરતા હોય છે. આમ તેઓ દાન આપનારની પ્રશંસા કે નિંદા કરતા નથી.

તારાચંદ જ્યારે દીન યાચકોને દાન આપતા ત્યારે તે લોકો તેમની પ્રશંસા કરતા. ગુણગાન ગાતા. ત્યારે સાધુ લોકો ચૂપચાપ ચાલ્યા જતા.

આથી તારાચંદના મનમાં પ્રશ્ન ઊભો થયો કે સાધુઓને દાન આપવાથી શું લાભ? તેઓ તો દાન લેવાનો પોતાનો માત્ર અધિકાર સમજે છે પણ દીન યાચકો તો મારી પ્રશંસા કરે છે. મારા ગુણગાન ગાય છે. હવેથી હું માત્ર ગરીબ યાચકોને જ દાન આપીશ. સાધુ-સંતોને નહિ...

આમ તારાચંદે સાધુ–સંતોને દાન આપવાનું બંધ કર્યું. પોતાના આ આચરણના કારણે તે અંતરાય કર્મના બંધનમાં પડ્યો.

એક વાર એક સાધુ મહાત્મા તારાચંદના ઘેર પધાર્યા. સાધુ-મહાત્માનું તેજસ્વી મુખ જોઈને તારાચંદને તેના પર એકદમ શ્રદ્ધા વધી ગઈ, આથી તેણે ઘણા જ ભાવ સાથે દાન આપ્યું. પોતાના પૂર્વ જન્મમાં ધર્માદા અને જન-ધનનું અપહરણ પણ કર્યું હતું એ કર્મના કારણે તે કૃષિકાર થયો.

તારાચંદ વચ્ચે વચ્ચેશ્રદ્ધાપૂર્વક દાન તો કર્યા કરતો પણ કલુષિત બુદ્ધિના કારણે ક્યારેક ક્યારેક તેની નિંદા પણ કરી લેતો.

એક દિવસ તારાચંદે સમાધિપૂર્વક પોતાના દેહનો ત્યાગ કર્યો, તેથી તે સૌધર્મ દેવલોકમાં દેવ થયો. દેવલોકથી પતન થયા પછી તારાચંદ એટલે કે દેવે સુલસના રૂપમાં વૃષભદત્ત શ્રેષ્ઠીને ત્યાં જન્મ લીધો.'

સુલસને પૂર્વજન્મ સંભળાવ્યા પછી મુનિ અમરચંદે કહ્યું: 'સુલસ, મેં તને તારા પૂર્વજન્મની હકીકત કહી સંભળાવી, પૂર્વ-જન્મમાં જે કર્મ તેં કર્યાં તેના પ્રભાવના કારણે તારા હાથમાંથી લક્ષ્મી જતી રહેતી હતી. તું સાધુઓ અને યાચકોને દાન આપતો હતો. માટે તને લક્ષ્મી મળતી હતી. વત્સ, તેં દાનવ્રતની નિંદા કરી તેથી મેળવેલું ધન વારંવાર તારા હાથમાંથી ચાલ્યું જતું

હતું આથી દરેક પ્રાણીએ વિવેકપૂર્વક શુદ્ધ ભાવથી કીર્તિ, જશ અને પ્રશંસાની ભાવનાથી અલિપ્ત રહીને દાન કરવું જોઈએ તથા ધર્મકાર્ય કરવું જોઈએ.'

જ્ઞાની ભગવંત મુનિવર શ્રી અમરચંદ્રના મુખેથી પોતાના ભવનો વૃતાંત સાંભળીને સુલસની વૈરાગ્ય ભાવના વધી ગઈ. સુલસને સંસાર અસાર જણાવા લાગ્યો. પ્રવજ્યા ગ્રહણ કરવા માટે તેનું મન તલપાપડ બની ગયું.

સુલસે તરત જ મહારાજા અમરસેનને કહ્યું : 'કૃપાનાથ, આ મને પ્રવજ્યા અંગીકાર કરવા આજ્ઞા આપો...'

ત્યારે રાજા બોલ્યા : 'સુલસ, તું મને આ સંસારમાં એ રાખીને જઈશ ? મને પણ જ્ઞાન થઈ ગયું છે. હું પણ તારી પ્રવજ્યા અંગીકાર કરીશ...'

એમ જ થયું.

રાજા અમરસેને પોતાના પુત્રને રાજગાદી સોંપી અને સુલસ સાથે એમણે પણ પ્રવજ્યા અંગીકાર કરી.

મુનિ અમરસેન તથા મુનિ સુલસ ધર્મસાધનામાં મગ્ન થ ગયા. ઉગ્ર તપ, શાસ્ત્રાભ્યાસ વગેરે દ્વારા બન્ને ઊંચા સોપાન ચડતા ગયા.

ઉગ્ર તપ અને નિર્વિકલ્પ ધ્યાન દ્વારા પૂર્વજન્મના કર્મો નાશ કરવા માટે બન્ને મુનિવરો તૈયાર થયા.

સુલસ મુનિ કઠીન તપશ્ચર્યા કરી સર્વ કર્મોને તોડીને પદ પામ્યા.

મુક્તિની મંગલ ઝાંખી અને પ્રાપ્તિ ત્યાગ સિવાય અન્યક. અસંભવિત છે. આત્માની સમગ્ર શક્તિઓને વિકસાવનારું કોઈ ચિરંજીવ, અનુપમ દિવ્ય ઔષધ હોય તો તે ત્યાગ છે... કેવળ ત્યા

[સમાપ્ત]

પ્રવીણ પુસ્તક ભંડાર

રાજકોટ

ટાઈટલ : શ્રી સર્વોદય પ્રિન્ટરી રાજકોટ.